With this change of position his principles underwent no change. He did not relinquish his ideas of reform as some pretenders of worldly wisdom do when they become administrators of revenue or justice, or are appointed to political posts. Karsandas Mulji was still an ardent reformer. The remarriage of a young and respectable widow named Dhunkore with Mr. Madhavdas Raghunathdas, a man of respectability and position among the Kapol Vanias of Bombay, was effected by him in 1871. As the lady belonged to the highest and most influential Vania family in Bombay, the affair was as dangerous as it was important, and had to be conducted with great precaution and tact. Mr. Karsandas went to Bombay for the purpose, and had the gratification of aiding the worthy couple, and seeing them happily united in matrimony.

In August 1871, he was, while still in the prime of life, overtaken by a fatal malady. The remedies applied by his medical adviser at Limri proving ineffectual, and finding his health sinking fast, he called for medical assistance from Bombay. We insert below an affecting letter he wrote in pencil to his friend the Honourable Sorabji Shapurji Bengally.

Limree, 19th August 1871,

My dear Sorabjee,

I pen these in a delicate state of health. In fact I have been indisposed since 2nd Instant, but last four or five days I have been very ill. Mr. Pestonji in charge of our dispensary treats me and on former occasions I have experienced benefit

under his treatment. But he has passed only his First Examination in Medicine, therefore better advice is desirable. If I feel little better I shall go to Rajkote where I shall be under able treatment. But I am not able to stand upon legs without support and in such a state a journey of 40 kos will do harm than good. I therefore asked Pestonjee to write a full statement of my case and to send the same to our friend Dr. Atmaram with full account of his treatment. He had promised to show before forwarding it but he tells me that he did not think it necessary. From this I conclude that he avoids to increase or rather create fear. The ailment is not thought by me as well as others dangerous. But the extreme pain and weakness caused by most imperfect diet (for which I have lost all relish) are enough to dishearten one. My first object in addressing you is that you will oblige me by conferring with Dr. Atmaram. If in his opinion the case demands serious attention then pray request him, urge him to come over here. I shall make every arrangement to escort him from Ahmedabad to Limree on receiving your telegram which should first state that he is ready, then if there be need I shall telegraph to say that arrangement (to escort) is made. But should you find that he has some important calling, you are at liberty to engage another graduate to whom I shall be prepared to pay five hundred Rupees in lump for his trouble. This is only a hint but you can use your discretion in the matter and first send a telegram about whatever arrangement you make.

I have also to make you another request. When I was in Bombay last Madhavadas expressed his fear to say that if Mr. Mungaldas and others, who had deposit account with him were to withdraw their money from his firm without due notice, it would be hard to maintain his credit. I thereupon advanced him Rs. 4000 (four thousand) on a note of demand. In this transaction Mrs. K. is yet in the dark and probably thinks that

our money is in the National Bank. Since then you very good naturedly and without any solicitation on my part expressed your willingness to deposit 3 or 4000 with Madhavadas to whom I duly intimated. The same feeling of sympathy which prompted you to befriend, came to my heart when he represented his position. The money is quite safe but if any thing goes wrong with me on account of my present illness, my wife will say that I have played false with her. For all her social sufferings I have promised her that all my savings and income were for her and children. If she were to know at this moment that the money is with Madhavadas she will make herself and me most unhappy, and I wish to avoid this for the sake of us both. You will kindly therefore call Madhavadas and explain to him the object of my asking back the money. As I have a note "on demand" it is not necessary in one sense to offer any explanation. But as I feel a deep sympathy for the bold and noble step he has recently taken I would avoid to hurt his feelings. Let him pay the amount in the National Bank on my account and send a receipt from the Manager. I have every hope of recovery from illness, and you need not feel anxious about it. But should it please God to call me in His presence I have no doubt that you will take care of my family. The solution of their social difficulty I leave in your hands and God will help you in it. You will consider me very weak in mind for thus addressing you, but you will make every allowance for these childlike but natural feelings. Your ever sincerely

KARSANDAS MULJI.

P. S.

I herewith enclose Madhavadas's receipt which you can return when he pays you or in the Bank the amount due.

I have been holding as a sort of trust documents of a house of a nephew Kesavdas since last 12 years or so and when I was

in Bombay last I gave those documents to Mr. Mooljee Thakarsey to be made over to him and take receipt from him and his father; or to keep the same in the Bombay Bank. But he has not as yet attended to my request. Will you call Mooljee and arrange about it. Pray tell him that I am ill. Madhavadas knows about these papers."

Help was sent immediately from Bombay, but before it could arrive, the disease had nearly done its work as will be seen from the following letter written by the medical gentleman who went to save him :—

Bombay, 7th May 1877.

My dear Mr. Mahipatram,

Your favor of the 30th reached me duly, but pressure of several engagements kept me from replying to it earlier.

I have now however the pleasure of placing before you such information as I could cursorily call to mind regarding the last moments of the late and much lamented Mr. Karsandas Mooljee to whom I was despatched to render medical aid by the now Honourable Sorabjee Shapurjee Bengally.

Before relating to you the circumstances connected with Mr. Karsandas's death,I need scarcely state that his friends (including Dr. Atmaram Pandurang who asked me to proceed to Kattywar) wished to rescue him from untimely death, and although the malady from which Mr. Karsandas suffered gave him timely warning that he should secure the best advice available, his numerous engagements and a thorough devotion to his duties as a Political Assistant, added to his constant cares to ameliorate the condition of his fellowmen, did not leave him much leisure to pay such attention to his own bodily health as the subsequent breakdown experienced by him, might have otherwise roused. Mr. K. had for a long while been subject to irritation from internal piles from which he more or less suffered for a considerable period of years, and his naturally feeble frame

must have become appreciably enervated before he fell a pray to the last inroad of a disease which I will presently describe.

Although Mr. Kursandas had improved in health and general appearance by his residence in England, his return to India was followed by a return of previous symptoms,and I was informed that he occasionally complained of his sickness during his tenure of office at Limree. About the month of August, however, in 1870 he suffered from frequent attacks of bleeding and its attendant exhaustion and had therefore applied for advice and treatment to the medical man in charge of Limree Dispensary. This may have given him partial relief, but it did not seem to me that any effectual cure of the disease was ever attempted.

The last attack of bleeding was unfortunately accompanied by severe inflammation and this confined Mr. K. to bed. Local applications and such internal treatment as the judgment of the medical man could devise,were resorted to, but were of no avail, and as the inflammation became more diffuse, it prostrated his powers. The medical attendant therefore perceived the necessity of calling in superior aid and sent particulars of his illness, to Mr. Karsandas's friend, the present Honorable Sorabjee Shapoorjee Bengalee. Mr. Sorabjee thereupon asked me to proceed at once to Limree but I unfortunately reached there too late to be of any use. I reached Limree fully 3 days after the receipt of the letter to Mr. Sorabjee, and as it must have taken 2 days in the least for the letter to have reached Bombay, it would be seen how dangerous the delay was. When I reached, I found Mr. Kursondas in the last pangs of exhaustion, but with all that, it surprised me to observe his placid and hopeful countenance. He was literally bathed in perspiration, his pulse too feeble to be counted, and his skin generally had assumed a yellowish tinge. Mr. K. was, as I could perceive, too eager to see me, and as soon as we met, his face suddenly lighted up,

and, as if ready to be assured of a hope of recovery, it looked somewhat cheerful. It would scarcely be less difficult to forget the bearing of that countenance which asked me what I thought of him and of his malady, than to forget the sad feeling which was raised in me, when I endeavoured to assure him that he was merely exhausted and that suitable remedies would bring back his strength. Unfortunately his exhaustion was not of a passing character; it was brought about by the inward and insidious discharge of pus from an abscess of the rectum in the tissues of his buttocks and left thigh. This untoward occurrence was of too grave a nature to be left unnoticed, and as it was 4 days before I discovered it, the infiltration of a large quantity of pus in the tissues had reached too great an extent to be controlled at that moment.

The exhaustion in which Mr. Karsandas lay, was so great that he could with considerable difficulty relate the history of his symptoms, and although he was eager to give me his account personally, I dissuaded him from doing so for obvious reasons.

Towards the evening of the same day, he found himself growing worse and thereupon called me to listen to certain directions he was about to give. He said he had prepared a will and duly assigned his property; the only earthly wish, he had, therefore, was that I should convey his last respects to his friends. He believed he had done his duty towards his less enlightened fellowmen, and if he had made any enemies, he had perhaps unconsciously done so in a good and beneficent cause, for which he prayed for God's light and mercy. He desired for His Grace on his friends and foes alike. He then called his wife and casting an anxious look around her, bade her a lasting farewell. This closed the scene of his mental existence and he became delirious. The delirium lapsed into perfect unconsciousness towards midnight, and altho' his ebb-

ing strength was kept up by means of stimulants, he breathed his last on the morning of the next day. This closes my role of observations. Yours very truly

PANDURANG GOPAL.

As the deceased gentleman was a favourite with all parties, viz., the Political Agent, the Limri Durbar, and the people of the state, his death was universally lamented. On learning the melancholy news, the Political Agent issued a notification inserted by us further on.

The sad news, when it reached Bombay, distressed his numerous friends who loved and esteemed him for his patriotism and virtues. The Press announced his death with regret, and recounted the important services done by him to his countrymen.

Many of his admirers thinking it desirable to preserve his name among them formed themselves into a Committee for raising a fund for the purpose. The following advertisement was published in the English newspapers :—

KURSONDAS MOOLJEE MEMORIAL FUND.

It is proposed to raise a FUND TO PERPETUATE THE MEMORY OF THE LATE MR. KURSONDAS MOOLJEE. Recognition of his disinterested and persevering services in the cause of moral and social reform among the Native Community of Western India and the remembrance of the sufferings which he endured in the prosecution of his great purpose, present an undoubted claim to the support of the enlightened portion of the community—a claim which it is thought will be cheerfully responded to.

The following official Notification, announcing the death of Mr. Kursondas, contains an estimate of his character and worth which the Committee refer to as their justification—if any were needed—of the object they have in view:—

NOTIFICATION.

It is with deep regret the Political Agent has received telegraphic announcement of the death, this morning, at 9 a. m., of Mr. Kursondas Moolji, Special Assistant in charge, Limree.

The able and conscientious manner in which this excellent Officer discharged the duties with which he has been entrusted since his arrival in this province, had gained for him the approval of his superiors. His amiable qualities in private life, and the esteem and regard in which he was held by all classes of the Native community in Kattywar, will long endear his memory amongst them.

His work as a Reformer is well-known. The Government has lost in him a zealous officer, and the Political Agent, in common with his numerous friends, laments his untimely loss.

As a token of respect to his memory, the Political Agent directs all offices be closed this day.

W. W. ANDERSON,
Political Agent.

Political Agency, Rajkote, August 29, 1871.

The form of Memorial will be decided hereafter, as the Committee will necessarily have to be guided in their decision by the amount of Subscriptions raised.

The following gentlemen constitute a Committee for the above object. Subscriptions are invited from the friends and admirers of the deceased gentleman, and from the general public.

COMMITTEE.

LUKHMIDASS KHIMJI, Esq., *Chairman.*

Col. W. W. Anderson.	Thakersey Narronjee, Esq.
T. C. Anstey, Esq.	Hormusjee Dadabhoy, Esq.
M. Mull, Esq.	Dr. Byramjee Nowrojee.
Dwarkadas Vussonjee Esq.	Dr. Pandoorang Gopal,

Premabhoy Hemabhoy, Esq.
Dr. Bhau Daji.
Cursetjee Nusserwanjee Cama, Esq.
Nowrozjee Furdoonjee, Esq.
Dosabhoy Framjee, Esq.
Jairaz Peerbhoy, Esq.
Revd. Dhanjeebhai Navrojee.
Dr. Atmaram Pandoorang.
Mooljee Thakersey, Esq.
Gungadas Kesoredas, Esq.
Ramdass Bhanjee, Esq.
Mooljee Bhawanydas, Esq.
Thakurdas Atmaram, Esq., B. A.
Veerchund Deepchund, Esq.
Canjee Dwarkadas, Esq.
Pranjeevandas Wagjee, Esq.
Muthooradas Lowjee, Esq., *Hon. Treasurer.*
Sorabjee Shapoorjee Bengalee, Esq. *Hon. Secretary.*

Subscriptions may be paid into the New Bank of Bombay, or to the Honorary Treasurer, at his Office in Apollo Street, opposite the Secretariat.

Bombay, 11th September 1871. S. SHAPOORJEE,
Honorary Secretary."

In the Bombay Government Gazette of 14th September 1871 was published within a black border the following notification :—

POLITICAL DEPARTMENT.

His Excellency the Governor in Council has received with much regret the news of the death, on the 28th ultimo, of Mr. Kursondas Mooljee, Special Assistant to the Political Agent in Kattywar, in charge of the Limree State.

As a public servant, Mr. Kursondas Mooljee has always merited the approval of Government; and in his private capacity he has earnestly striven to promote liberal and enlightened views among his countrymen.

By order of the Right Honourable the Governor in Council,
W. WEDDERBURN,
Acting Secretary to Government.

Bombay Castle, 7th September 1871."

This was "an honour," says the Honorary Secretary of the Karsandas Mulji Memorial Fund, "I have not seen bestowed by Government on the memory of any other deceased native gentleman—whatever his rank."

The Committee succeeded in collecting more than three thousand rupees. The following correspondence shows the use to which the money was applied :—

"At the annual meeting of the Senate of the Bombay University held on the 20th of the last month, the following letter was read from Mr. Sorabjee Shapoorjee Bengalee, Honorary Secretary to the Kursondas Mooljee Memorial Fund :—

Bombay, 11th November 1873.

To James Taylor, Esq.,

Registrar of the University of Bombay.

Sir,—I have the honour, on behalf of a Committee formed for instituting a memorial of the late Kursondas Mooljee, to solicit the acceptance by the University of Bombay, of Government four per cent. loan paper for Rs. 3,000 (three thousand), for the purpose of founding in his name an annual prize of Rs. 100 (one hundred) to be awarded to the writer of the best essay in English on any moral or social subject, selected from time to time by the Syndicate of the University, and the competition for which should be open to all graduates and undergraduates of the University under such regulations as may be made by the Senate. The deceased gentleman was a Fellow of the University, a Justice of the Peace for Bombay, and at the time of his death Special Assistant in charge of the Limri State, in Kathiawad. But his name as a practical social reformer and the author of numerous Gujarati works, and his labours and sufferings in the promotion of the good of his countrymen which he had greatly at heart, will, it is hoped, be considered sufficient to justify his friends and admirers in de-

siring to perpetuate his memory in the manner now solicited.

I have the honour, &c.
S. SHAPURJEE,
Honorary Secretary, Kursondas Mooljee Memorial Fund.

The Chairman, Dr. Wilson, having briefly referred to the great services rendered by the late Mr. Kursondas Mooljee to the cause of morality and social reform, it was proposed by the Rev. Mr. Robertson, and seconded by Mr. Ardeseer Framjee Moos, that the offer made in the letter just read by the Registrar be accepted with the best thanks of the Senate."

Though the Jain and Vaishnava Vanias of Rajkot and Limree and the Jain Vanias of Ahmedabad led on by their headman Nagar Sheth Premabhai Heemabhai, freely dined with Karsandas Mulji and his family, the foolish Vaishnava Vanias of Bombay refused to follow their good example. His own caste headed by men who ought to have known better obstinately opposed him. Personally Karsandas felt little discomfort without their society, but it was not so with his wife. Her anxiety to rejoin the caste was a constant source of disturbance in his house. Though her enlightened husband rightly considered it a glory to be forced by ignorant men to remain out of caste for having visited England, she felt herself miserable, and always complained of it. When death was approaching, Karsandas wrote regarding her readmission into caste to his friend Mr. Sorabjee Shapurjee Bengally who says as follows in a letter to the author of these pages:—

"Three letters of Mr. Kursondas are also handed herein written to myself. The last of them in pencil, the poor man wrote on his death-bed, and may be worth your attention. In one part of this letter he says "should it please God to call me in His presence, I have no doubt that you will take care of my family. The solution of their social difficulties I leave in

your hands, and God will help you in it." Well, this dying wish of his has been gratified by his widow and children having been duly readmitted into their caste, and I attribute the success of my exertions in this matter to the manly and truthful character of Mr. Gopaldas Madhuvdas, the Seth of Kursondas's caste. As an orthodox Hindoo, Seth Gopaldas opposed Kursondas bitterly when the latter was living, but after his death when I called upon Mr. Gopaldas, he gave me a promise that the family would be readmitted into caste, and he kept that promise faithfully, at great risk to his influence and position among his caste-men. I found on this occasion that Seth Gopaldas with all his old fashioned ways was a man more to be respected, than some of the men with so-called reforming tendencies who played a contemptible part on this occasion and who really do not know uprightness and honesty. I should have also said that Mr. Dossabhoy Framjee Karaka acted with me very heartily in getting Kursondas's family readmitted into caste."

We also think that sheth Gopaldas Madhavdas deserves praise in this matter. We wish all heads of castes and influential men would use the power and influence they possess in doing good, and removing the obstacles that hinder the amelioration of their brethren.

We all know that the Parsees in general are a generous people, and they take interest in the improvement of the Hindus as well as their own caste people. Some of them have very liberally encouraged and patronized the cause of reform among the Hindus, and greatly helped Hindu reformers. Such liberality is doubly praise-worthy. Mr. Karsandas Mulji had influential admirers among them who assisted him in time of need. We insert below two letters in which he acknowledges their obligations, and gives us a little insight into his private and public affairs:—

Limree, 29th March, 1871.

My dear Mr. Sorabji,

I am in receipt of your favor for which please accept my best thanks. The information respecting the good opinion of H. E. the Governor is indeed most encouraging and I look upon it as the result of true sympathy of few sincere friends who have known my difficulties and given me every possible help to keep me on the right path. May I request you to communicate to Mr. Dosabhai my hearty thanks for speaking so favorably of me to His Excellency. It is an obligation that I shall never forget.

In regard to the collection of rent, you are quite at liberty to make whatever arrangement you choose. Pranjiwandas writes me to say that he will pay you all that he has collected. There is a clause in the Deed which empowers Mrs. K. to receive rent during her life and I thought if she passed a receipt to the Trustees there was no harm in granting a temporary loan to Pranjiwandas. But I admit that it is an irregular way of doing things and I would rather give him a loan from my own funds. With regard to the collections received last year and amounting to Rs. 700 or thereabouts, allow me to inform you that it was given to Mrs. K. for buying a ઓઘાન for her use. I may either get a receipt from her in the name of the Trustees or remit the amount to you from my savings. Please let me know what course you would prefer.

Mrs. K. is little better and the children are doing well. Kindly remember us all to all your family.

Yours ever truly
KARSANDAS MULJI.

P. S.

I enclose a printed copy of addresses given me last year by the Durbar lady and Mahjans of Rajkote for your information.

Though I do not deserve all that has been said, it would be a satisfaction to my friends to know that I have earned good opinion also of the people through God's blessings.

KARSANDAS MULJI.

Limree, 3rd July, 1871.

My dear Mr. Sorabji,

Thanks for your letter of the 28th ultimo. I am indeed glad to notice the settlement of the case. It is quite clear that Madhavdas was misled and the party who was at the bottom of it has played falsely to serve his own purpose. I have however advised Madhavdass to think no more either of the case or of the social sentence of excommunication. He should now devote himself to his business and study the comfort of his good wife. I have also given him a hint with regard to your desire to assist him by giving a short loan in case of need.

Mrs. K. is little better both in temper and in health; and all the children are doing well. Kindly remember us all to your family.

I leave for Rajkote to-day to attend at a general meeting of the representatives of Talookdars called by the P. Agent, and shall return within a week,

Yours ever truly
KARSANDAS MULJI.

Here we close this brief history of the good man who loved his country, and under dangers and difficulties exerted himself boldly to enlighten and benefit his countrymen and to check immorality. When sent to rule over states by an appreciating Government, he distinguished himself by his love for the people he ruled, and his anxiety for their welfare. He proved that

mere experience and natural ability were insufficient qualifications for a proper administration of native states. Without enlightened education, liberal views, sympathy for the people, and strict honesty, no administrator can do good to those whom he rules. The Editor of the Satya Prakash, the Hero of the Maharaj Libel Case, and the Author of the excellent "Travels in England" and other admirable books, cannot be forgotten by his countrymen for generations to come, even if no annual prize had been founded in the Bombay University to perpetuate his memory. Those who subscribed money for the prize did their duty to their country by recognizing the worth of public spirit and virtuous conduct. Let future generations, and the educated youths of the present day in this country, learn the lessons taught by Karsandas Mulji, and imitate his good deeds.

उत्तम कपोळ करसनदास मुळजी.

प्रकरण १ लुं.

જન્મ. બાલ્યાવસ્થા. જ્ઞાનપ્રસારક સભા. પુનર્વિવાહ પ્રબંધ. બુદ્ધિવર્ધક હિંદુસભા. દેશાટણ વિષે નિબંધ.

સને ૧૮૩૨ના જુલાઇ માસની ૨૫મી તારીખે મુંબાઇ મધે કરસનદાસનો જન્મ થયો. કપોળ વાણીઆમાં એનું કુળ ઊંચું ગણાય છે. મુંબાઇની કપોળ જાતિનો મૂળ વાસ કાઠીયાવાડ હતો. ત્યાંથી જેઓ પ્રથમ આવ્યા ને વેપાર રોજગારથી આબાદ થયા તેઓને પછીથી આવનારાઓ કુળવાન માન્યા. કરસનદાસ મુળજીના પૂર્વજો પોતાનું વતન છોડી મુંબાઇમાં ક્યારે આવી વસ્યા તે જાણવામાં નથી; પરંતુ એમ કહેવાય છે કે તેઓ અસલ મવુઆ બંદરની પાસેના વડાળ ગામના રહીશ હતા. કપોળમાં પંકાયલા નવલખી નામે ખાનદાનમાં નાગરદાસ હીરજી મોદીનું આબરૂદાર ઘર છે તે કરસનદાસનું મોસાળ થાય. એને ઉછેરવાનું માન એ મોસાળીઆંને છે. આનું કારણ શું? બાપે એની સંભાળ શા વાસ્તે ન લીધી તે મારા જાણવામાં નથી. બચપણમાં માનું મરણ થયું અને બાપે પુનર્લગ્ન કર્યું તેથી તેનું રહેવું મોસાળમાં થયું, કે મા જીવતાં બાપ જોડે બનાવ નહોતો? કરસનદાસની માની મા અને માનો બાપ પણ તેની બાલ્યાવસ્થામાં મૃત્યુ પામેલાં જણાય છે, કેમકે માની કાકીએ તેનું રક્ષણ કર્યું હતું.

ગામઠી અને પછી સરકારી નિશાળમાં ભણવા સંબંધી વિગત માલૂમ પડી નથી. ૨૧ વરસની ઉમરે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુશનમાં ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ કરતા હતા તેવામાં એક બનાવ બન્યો. એથી કરસનદાસને આપદા પડી; પરંતુ તે તેના મનની હાલત દર્શાવે છે. એ બુદ્ધિવાન અને ચંચળ હતા, અને પોતાની ઉગતી જુવાનીના વરસ આળસમાં કે રમતમાં ગાળ્યાં ન હતાં એવું અનુમાન તે પરથી કરી શકાય.

મુંબાઇમાં કેળવણીનો આરંભ થયાને હજી લાંબી મુદત થઇ ન હતી તેટલામાં કેળવણી લેનારાઓ તેના લાભ દેખાડવા માંડ્યા. એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિ-

ટ્યુશનના હોંસીલા વિદ્યા ગુરૂ જાણતા હતા કે નિશાળમાં ભણવાનો આરંભ માત્ર થાયછે,ભણવાનુ પૂરૂં થતું નથી.કેળવણી અને જ્ઞાન સંપાદન કરવાની શરૂઆત શાળામાં થાયછે, તેને વધારવાને નિશાળની બહાર અને નિશાળેથી ઉઠ્યા પછી, ધંધામાં પડ્યા પછી, પ્રયત્ન જરી રાખવો જોઇએ. એ અર્થે તેમણે પોતાની પાસે શિખેલા જુવાનોને મંડળીઓ સ્થાપવાનો માર્ગ દેખાડ્યો હતો. એમ કરવું એ બધા શિક્ષકોનો ધર્મ છે. ઇંગ્રેજી અને દેશી ભાષાઓમાં નિબંધો લખી સભામાં વાંચવા, તથા ભાષણ કરવાં, અને તેઓ વિષે ચરચા કરવી એ પોતાની કેળવણી અને વિદ્યામાં ઉમેરો કરવાનો સારો રસ્તો છે. આ કામમાં પ્રોફેસર રીડનો ઉપકાર આપણા ઉપર મોટો છે. સ્ટ્યુડંટસ સોસાઇટીને અને તેની શાખાઓને ઉત્તેજન આપવામાં તેણે ઘણી મહેનત કરી હતી. એ સોસાઇટીની એક શાખાનું નામ "ગૂજરાતી જ્ઞાન પ્રસારક મંડળી" હતું. એ મંડળીમાં નિબંધો વંચાતા, તે સાંભળવાને માસ્તરો, વિદ્યાર્થીઓ, અને સદ્‌ગૃહસ્થો ભેગા થતા. જ્ઞાન મેળવવાને લોભી મનના કરસનદાસને આ મંડળીએ આકર્ષણ કર્યું. કેટલાકનાં મન મંદ, કઠણ, અને બીકણ હોય છે. ખરૂં ખોટું તેમનાથી ઝટ પરખાતું નથી, સુબોધની અસર તેમના પર ઉતાવળે થતી નથી, અને થયા પછી સુધારો કરવાને ડરે છે. કરસનદાસનું મન એથી ઉલટી પ્રકૃતિનું હતું. પુસ્તકો વાંચવાથી અને પ્રોફેસર દાદાભાઇ નવરોજજી, દાકતર ભાઉ દાજી, વગેરે નવા વિદ્વાનોના ભાષણો સાંભળી તેનું મન જાગ્રત થયું. બ્રાહ્મણ વાણીઆમાં નિર્દોષ બાળ વિધવા ઉપર અન્યાય, જુલમ, અને ક્રૂરતાથી થતી પીડા દૂર કરવાને સૂરતમાં બહાદૂર કુરગારામ મેહેતાજીએ યત્ન કરવા માંડ્યો. ગૂજરાતી જ્ઞાન પ્રસારક મંડળીમાં એ બાબત ચરચા ચાલી. આ વિષે નિબંધ લખનારને ૩૧૫૦) ઇનામ આપવાનું કોઇ દયાળુ પારસી *ગૃહસ્થે માથે લીધું. તે પરથી મંડળીના સેક્રેટેરી એદલજી પ્રશીઆએ સને ૧૮૫૩માં જાહેર ખબર છપાવી.એ ઇનામ મેળવવાની ઉમેદ કરી કરસનદાસે નિબંધ લખવા

*એ પરોપકારી ગૃહસ્થ કોણ તે મારા જાણવામાં નથી. એ ઇનામ કવિ દલપતરામ ડાહ્યાભાઇને મળ્યું.એમનો નિબંધ સારોછે. એ વખતે ભય એટલો હતો કે નિબંધ લખનારનું નામ તેની ઇછાથી છુપાવ્યું હતું. પ્રબંધ છપાવવાનો ખરચ પણ ઇનામ આપનારે આપ્યો. એ છપાયો તેવારે વિધવાનાં પુનર્લગ્ન કાયદાસરછે એવું સરકારે ઠરાવ્યું હતું. એ કાયદાસર જે વિધવા પરણે તેને નાત બહાર મૂકનાર ગુનેગાર થાય કે નહિ તે બાબત બારિસ્ટરનો અભિપ્રાય લેવાને મેં ૩૬૭) એક વકીલને આપ્યા પણ તે કોઈ ખાઈ ગયું ને અભિપ્રાય લખાયો નહિ.

માંડ્યો. જૂના વિચારના ઘરડા માણસ એ કામનો વિરૂદ્ધ હોય તેમાં નવાઇ નથી. પણ કરસનદાસની માની કાકી તો એ કામની મોટી શત્રુ હતી એમ જણાય છે. નિબંધ તેનાથી છાનો લખવા માંડ્યો. કરસનદાસ કહેતા કે ઘરના કોઇ આદમીએ તેની ટેબલમાંથી લખેલા કાગળ ચોરીને કાકીને આપ્યા. કાકીનો ગુસ્સો બેહદ હતો. તુરત તેણીએ કરસનદાસને ઘરમાંથી જવાને ફરમાવ્યું. મુદ્દા સાથે ચોર પકડાયો એટલે સજા કરવાને વાર લગાડવાનું કારણ નથી. વિધવાને ફરી પરણાવવાનો તેનો અભિપ્રાય લખેલો પકડાયો. પછી સજા કરવામાં ઢીલ કરી નહિ. પણ બેશક એટલી બધી શિક્ષાને તે યોગ્ય ન હતો. જરી જુગારી કે ચોરી કરી નહતી, કે જાતીનો કે નીતિશાસ્ત્રનો કોઇ નિયમ ભંગ કર્યો ન હતો. માત્ર મત ભેદ હતો. આ વેહેમી કપોળ બાઇએ મત ભેદને અપરાધ ગણ્યો તે શું માફ થાય તેવો નહતો ? ઘરને ખૂણે શિક્ષામણ દઇને માંડી કેમ ન વાળ્યું! માસી હોય તો ભાણેજને એમ રઝળાવે નહિ. માસીને કાકીમાં ફેર તે ફેર. આટલાં વરસ પાળી ઉપકાર કર્યો તો હવે તે જરી રાખવો હતો. બાપની તરફથી કાંઈ મદદ મળતી નહિ અને આમ મોસાળનો આધાર ગયો તેથી બીચારા કરસનદાસને વિદ્યાભ્યાસ પૂરો થયા પહેલાં રોજગાર શોધવાની જરૂર પડી ને ભણવામાં હરકત પડી; પરંતુ હિમ્મત ન છોડતાં સુધારાના પક્ષને તે વળગી રહ્યા. કાલેજમાં સ્કોલરશિપ મળવાથી થોડા વખત સુધી જેમ તેમ ઘર ખરચ ચલાવી તંગીમાં છતાં વિદ્યાભ્યાસ કર્યો; પણ તેને કાલેજ છોડવાની ઉતાવળે જરૂર પડી.

ગૂજરાતી જ્ઞાન પ્રસારક મંડળીમાં કેટલાક હિંદુ જુવાનીઆ સામિલ હતા; પરંતુ એ મંડળીનો મોટો ભાગ અને તેના આગેવાનો પારસી હતા. એ પારસી મિત્રો સારા ઉદ્દાર માણસ હોઇ સ્વદેશી હિંદુઓની હાલત સુધારવાને મદદ કરતા, અને તેમના સંબંધી ભાષણો હોંસથી સાંભળતા. તથાપિ હિંદુ કોમની જૂદી સભા હોય તો વધારે હિંદુઓ તે સભામાં આવે, ભાષણો સાંભળે, અને તેથી ફાયદા વધારે થાય એવું સંભવવાથી " બુદ્ધિવર્ધક હિંદુ સભા " નામે ત્રીજી શાખા સ્ટ્યુડંટસ સોસાઇટીને થઈ. મુંબાઇની પાંજરાપોળની પાસેના બંગલામાં થોડાક જુવાનીઆ અરસપરસ સુધારવાને મળતા. તેઓ નાના નાના નિબંધ વાંચતા અને વાદ વિવાદ કરતા. જ્ઞાન પ્રસારક મંડળીથી થતો લાભ જોઇ તેમણે હિંદુઓની સભા સ્થાપવાની ધારણા કરી. એ ધારણા પાર

પડી. સને ૧૮૫૧ના માર્ચ માસમાં આ રૂડું કામ તેમણે *કર્યું. એજ વરસની આખરે એ મંડળીએ "બુદ્ધિવર્ધક ગ્રંથ અંક ૧લો પ્રગટ કર્યો. એમાં એ સભાની ઉત્પત્તિનો હેવાલ આપ્યો છે. કારભાર ચલાવવાને કારોબાર મંડળીમાં આઠ નામ છે તેમાં કરસનદાસ મુળજીનું નથી, પણ સભાસદોની ટીપમાં ૫૦મું નામ એનું છે. એ વેળા તે સુધારાની ફોજના પાછલા ભાગમાં હતા. મોખરે આવવાને ઘણીવાર લાગી નહિ.

સને ૧૮૫૩ માં કરસનદાસે બુ. હિં. સભામાં દેશાટણ વિષે નિબંધ વાંચ્યો. નિબંધની ખૂબી અને તે વાંચવાની છટાથી તેની મન શક્તિ અને હોંસ જણાઇ. સભાસદોમાં તેનું માન વધ્યું. એજ વરસમાં સભાએ તે નિબંધ કેટલાક ગૃહસ્થોની મદદવડે છપાવ્યો. એ ગૃહસ્થોનાં નામ પ્રગટ કર્યા હોત તો ઉપયોગી થાત. જે નાનકડા નિબંધને પ્રસિદ્ધ કરવામાં તેમણે આશરો આપ્યો તેમાંથી શું નિકળવાનું છે તેનો ખ્યાલ તેમના લક્ષમાં હશે નહિ. બુદ્ધિવર્ધક ગ્રંથનો ૧લો અંક સ્ત્રી કેળવણીના લાભ વિષે છે. તેના જેવોજ આ બીજો ઉપયોગી છે. ૧લા અંકની આખરે સભાનો હેવાલ આપ્યો છે તેમ બીજાને અંતે પણ લખ્યો હોત તો હાલ તે મનોરંજક લાગત. નિબંધની ભાષા મુંબાઇની ગૂજરાતી છતાં લખનારાના જુસ્સાએ કરીને અસરકારક હતી. શ્રોતાઓમાં કેટલાકનાં મન ઉસકેરાયાં, અને લાગ આવે તો દેશાટણ કરવાની ઉત્કંઠા કોઇકને થઈ. નિબંધ નાનો છે પણ તે રચનારનો ઉમંગ, સ્વદેશ પ્રીતિ, જ્ઞાન, અને વિષય ગોઠવવાની શક્તિ દેખાડે છે. બુદ્ધિવર્ધક સભાની દરેક બેઠકમાં તો ઘણુંકરીને સભાસદો તથા કેટલાક બીજા તરણો આવતા; પરંતુ કોઇ કોઇ પ્રસંગે મુંબાઇના શેઠ શાહુકારોને ચીઠીઓવડે આમંત્રણ કરી તથા બાનગી મળી બોલાવતા. કરસનદાસ મુળજીનો દેશાટણ વિષેનો રસાલો વાંચવાને દિવસે એમ કર્યું હતું, તેથી શેઠીઆ વગેરે નાના મોટા ઘણા માણસ સાંભળવા આવ્યા હતા.

નિબંધ વાંચનાર અને બુ.વ.હિં. સભાના મેમ્બરો પોતાના દેશના હિતેચ્છુ છે, અને સભાની વિરુદ્ધ લોક બોલે છે તે ખોટું છે એમ બતાવી નુકસાનકારક જૂના ચાલ કહાડી નાખી સારે રસ્તે જવાની જરૂર ઉપર ભાષણ કર્તા ઉતરી પડે છે. સ્ત્રીઓને અભણ રાખવી, બચ્ચાંને ઘરેણાં પહેરાવવાં, અને બાળલ-

* બુદ્ધિ વર્ધક સભા હવે છે કે નહિ? જ્ઞાન પ્રસારક સભા હજી ધમધોકાર ચાલે છે! સાબાશ છે પારસીઓને! મુંબાઈના હિંદુ જુવાનીઆ ને મોટા જાગો, ને આબરૂ સંભાળો!

ન એ ત્રણ ખોટી રસમો વિરૂદ્ધ સભામાં ચરચા થઇ ચૂકી હતી, માટે પરદેશોમાં નહિ જવા સંબંધી જૂઠા વહેમ અને મોટી ભૂલ દેખાડી આપવાનું કામ કરસનદાસે માથે લીધું. આ સંબંધી જે દલીલો બતાવી છે તેમાંની એક જબરી જે હાલ બહુ ડોહોળાઇ રહી છે, તે એ છે કે પરદેશોમાં હુન્નરનો સુધારો થવાથી અને સંચાની મારફતે સસ્તો માલ બનવાથી આ દેશના લાખો કારીગરોનો રોજગાર બંધ પડી ગયો છે, અને લોકને ધંધો ન હોવાથી દેશ નિર્ધન થઇ જવા આવ્યો છે, માટે પરદેશમાં હુન્નરો શિખવા જવું જોઇએ. નિબંધને ટેકો આપવાને સભાની કારભારી મંડળીએ તેની જોડે પૂરવણી પ્રગટ કરી છે. એથી નિબંધને ભલો આધાર મળ્યો અને તેનું વજન વધ્યું. કરસનદાસના આ પેહેલા અને બાળ પ્રયત્નને કુમકની જરૂર હતી. જંગબાર, મુખ્બા, બસરા, સીંગાપુર, જવા, કાબુલ, સમરકંધાદિ મ્લેચ્છ શહેરોમાં શાવક વાણીઆ, વૈષ્ણવભાટીઆ, અને લુહાણા, અને નાનકપંથી મુલતાનીઓ, તથા સારસ્વત બ્રાહ્મણો વેપાર કરવાને જાયછે અને ઘરબાર માંડી વસે છે, એવું તે પૂરવણીમાં જણાવ્યું છે. નડીઆદના ખરેખરા બહાદૂર દેસાઇ સામળદાસ દેસાઇભાઇનો દાખલો પણ આપ્યો છે.

"નડીઆદ ગામની નવ ભાગોળો, નયણા ભરીનેનરખો;
સો પેડીઓ શોધીજુઓ, પણ નહીં સામળદાસસરખો."

અર્વાચીન કાળમાં એ દેશાઇ વિલાયત જઇ આવ્યા અને સ્વકુટુંબીઓથી તથા સ્વદેશીઓથી માન પામ્યા, તથા મુસલમાની દેશોમાં શાવકવાણીઆ, ભાટીઆ વગેરે જાયછે એ બતાવી પ્રાચીનકાળમાં બ્રાહ્મણો અને ક્ષત્રીઓ, પારસી, યવનાદિ દેશોમાં જતા, તેના પુરાવા આપી તથા અનેક કારણો દેખાડી ભરતખંડની બહાર ચારે પાસ પ્રવાસ કરવાની જરૂર અને લાભ સમજાવ્યા છે. સર્વ પૃથ્વી પરમેશ્વરની છે, માટે અટક નદીએ અટકી રહેવું એ ખોટો વહેમ છે, એવું જયપુરના રાજા માનસીંગજીએ કાબુલ ઉપર સ્વારી કરતી વેળા કહ્યું હતું.

सबी भूमी गोपाळकी, वामे अटक कहा;
जयाके मनमे खटक है, सोई अटक रहा.

કહ્યા પ્રમાણે કરે, જે શિખામણ બીજાને આપે તે પ્રમાણે પોતે વર્તે તેવા પુરૂષો બુદ્ધિવર્ધક સભામાં હતા. આ પુસ્તક પ્રસિદ્ધ થયા પછી સાતે વરસે જોગવાઇ મળવાથી એ સભાના એક બ્રાહ્મણ મેમ્બરે અને તેના પછી બે વર્ષ કરસનદાસ મુળજીએ પંડે વિલાયતની મુસાફરી કરી. એ વિષે આગળ કહેવામાં આવશે. હવેથી એ આગળ પડ્યા ને સભાની મેનેજીંગ કમિટીમાં પેઠા.

પ્રકરણ ૨ જું.

ગોકળદાસ તેજપાળ વિદ્યાલય. બુ. હિં. સભાની નિશાળો. રાસ્તગોફતાર. સત્યપ્રકાશ. બુદ્ધિવર્ધક ગ્રંથ. દિસા સ્કૂલના હેડ માસ્તરની નોકરી.

હવે કરસનદાસની ખ્યાતિ વધતી ગઈ. મોટા દિલના પરોપકારી શેઠ ગોકળદાસ તેજપાળે મુંબાઇના માંડવી બંદરે રહેનારા લોકના છોકરાને સારૂ ધર્માદા નિશાળ સ્થાપી, તેના મુખ્ય ગુરૂનું કામ તેને સોંપ્યું. જે કામ હાથમાં લે તે ઉપર મન મૂકીને મંડે એવી કરસનદાસની ખાસીયત હતી. એના ઉમંગથી ઉપશિક્ષકોનાં -હૃદય ઉમંગી થયાં. નિશાળીઆની સંખ્યા અને અભ્યાસ બેઉમાં શાળા વખણાઈ, અને તેના સ્થાપનારના અંતઃકરણને સંતોષ થયો.

આ રોજી મળવાથી નિર્વાહની આપદા મટી એટલે તેના ઉલ્લાસી મનને સ્વદેશ સુધારાના કામ પાછળ લાગવામાં અટકણ રહ્યું નહિ. બુદ્ધિવર્ધક સભાનો ઉદ્યમ વધતો ચાલ્યો. મુંબાઇના ગૂજરાતી અને કચ્છી હિંદુઓમાં સુધારો કરવાનું તે મુખ્ય સાધન થયું. સભાએ બે કન્યાશાળા સ્થાપી, એક કોટમાં અને બીજી બહારકોટ; પણ તેનો ખરચ ચલાવવાને પાસે નાણા ન હોવાથી હોંસીલા સભાસદો વારા ફરતી નિત્ય ત્યાં ભણાવવા જતા. સર મંગળદાસ નથુભાઇએ કોટમાં પોતાની ચાલીમાંની એક ઓરડી વગર ભાડે નિશાળને સારૂ આપી, તે કરસનદાસના વાસની પાડોશમાં હતી, તેથી ત્યાં જવાનું અને તપાસ રાખવાનું કામ તેણે તથા કોટમાં રહેનારા બીજા સુધારાવાળા તરૂણોએ માથે રાખ્યું. કેટલાક વખત પછી સર મંગળદાસે તે શાળાનો ખરચ માથે લીધો. ત્યારથી કરસનદાસે તેની દેખરેખ રાખવાનું કામ પરમાર્થે કર્યું. બહારકોટમાં ભગુડીઆની ચાલીમાં તેના માલિક વીજભુખણદાસ અને તેના ભાઇઓએ એક ઓરડી નિશાળને મોટે વગર ભાડે આપી હતી, તે બહારકોટના સુધારાવાળા ચ-

લાવતા. સભાએ એક છોકરાની નિશાળ પણ સ્થાપી હતી તે ઉપર પણ કરસનદાસનું લક્ષ હતું. કાળકાદેવીને રસ્તે જગન્નાથ હેમરાજ ગાંધીના ઘરમાં એ નિશાળ હતી, ને તેમાં દર રવિવારે સાંજ પછી સભા ભરાતી. કરસનદાસ પોતાનું મકાન દૂર છતાં અહીં આવી વખતે વખતે ભાષણ કરતા. પરંતુ એકલા ભાષણથી એનું ચંચળ અને સ્વદેશહિત ઇચ્છનાર ઉમંગી મન ધરાયું નહિ. પોતાના અજ્ઞાન જ્ઞાત ભાઈનું ભલું કરવાને બીજા ઉપાય કરવાની તેને જરૂર માલૂમ પડી.

ભરતખંડમાં ઇંગ્રેજી રાજ્ય થયાથી કલકત્તા, મુંબાઈ, વગેરે મોટાં શહેરોમાં ઇંગ્રેજી વર્ત્તમાન પત્રો પ્રગટ થવા લાગ્યાં, તેમનું દેખા દેખી કેટલાક દેશીઓએ વર્ત્તમાન પત્રો કહાડ્યાં. આ દેશમાં એ બાબત નવી હતી અને તેથી થોડાજ લોક તે ખરીદ કરતા અને વાંચતા; તેમ તે સારાં લખાતાં પણ નહિ. એડીટરો કેળવણી પામેલા ન હતા, સુધરેલા ન હતા, અને સ્વદેશીઓને સુબોધ કરવાને કોઇ રીતે યોગ્ય ન હતા. નિન્દાના ડરથી કે બીજી કોઇ રીતે લોક પાસેથી નાણા કહાડવાં એ તેમનો મુખ્ય હેતુ હતો. પછી તે રીત સુનીતિની વિરુદ્ધ હોય કે નહિ તેની તેઓને દરકાર ન હતી. પ્રજામાં જ્ઞાનનો અને સુવિચારનો ફેલાવો કરવાનું આ મોટું સાધન આવી માઠી હાલતમાં જોઇ કેટલાક પરગજુ પારસી સુધારાવાળાઓએ રાસ્તગોફતાર નામે સુધરેલું પત્ર દર આદિતવારે પ્રસિદ્ધ કરવા માંડયું. સારૂં ન્યુસપેપર વાંચવાનો પ્રજામાં શોક ઉત્પન્ન કરવા માટે કેટલાક પરોપકારી અને સ્વદેશાભિમાની પારસી વિદ્વાનો અને પારસી ગૃહસ્થોએ મળી "રાસ્તગોફતાર" પત્ર ચલાવવા માંડયું. તે લેવાનું લોકને મન થાય માટે તેની કીમત પ્રથમ માત્ર મહીને બે આના એટલે દર પત્રે અર્ધો આનો ઠરાવ્યો. દર રવિવારે તેને ખરીદ કરનારને બે પૈસામાં ભારે મૂલનો માલ મળવા લાગ્યો. આટલી હલકી કીમતથી "રાસ્તગોફતારનું" ખરચ પૂરૂં પડે નહિ માટે એવી વેહેચણ કરી હતી કે વિદ્યવાંને વિષયો મફત લખવા ને પત્ર ચલાવવું, અને ધનવાને નાણાની ખોટ પૂરી પાડવી. આ વેહેચણ ઉત્તમ હતી. તે કરનારને ધન્ય છે! વળી એક બીજા માટે તેમને શાબાશી ઘટે છે. તેમણે રાસ્તગોફતાર માત્ર પારસી કોમને માટે કર્યું ન હતું. તેઓના જીવ નાના ને સાંકડા ન હતા. બધા દેશીઓને એથી લાભ મળે એવી તેમની ગોઠવણ હતી. જેમ ઇંગ્લાંડમાં રહેનારા બધા ઇંગ્રેજ એક પ્રજા, ફ્રાંસમાં

રહેનારા બધા ફ્રાંસીસ (ફ્રેંચ), જર્મનીમાં રહેનારા બધા જર્મન તેમ ધર્મભેદ છતાં આપણે બધા એક પ્રજા છીએ એમ સર્વ દેશીઓએ સમજવું જોઇએ અને તે પ્રમાણે વર્ત્તવું જોઇએ. રાસ્તગોફ્તારને જન્મ આપનારામાં આ ડહાપણ હતું. હિંદુઓના સુધારાને માટે પણ તેમાં લખાતું, અને તે લખનારામાં કરસનદાસ મુળજી મુખ્ય હતા.

પણ આટલાથી તેનું ઉત્સાહી મન તૃપ્ત થયું નહિ. તેના મનમાં એટલું બધું લખવાનું હતું કે તે રાસ્તગોફ્તારમાં માય નહિ. જે યુક્તિથી એ પત્રને જન્મ મળ્યો તેજ યુક્તિએ "સત્યપ્રકાશ" નામે જૂદું વર્ત્તમાન પત્ર સ્થાપવાનો મનસુબો કરસનદાસે કર્યો. હિંદુ શેઠીઆમાંથી કેટલાકે તેને આશરો આપ્યો. એમાં સર મંગળદાસ નથુભાઇ મુખ્ય હતા. કેટલાક વખત સૂધી એ પત્રનો નિભાવ કરવાને નાણા સંબંધી જોખમ એ સ્વદેશ મિત્ર અને ઉદાર શેઠે માથે રાખ્યું. પૈસો કમાવવાની આશા ન રાખતાં માત્ર સ્વદેશ હિતને માટે કરસનદાસે સને ૧૮૫૫ માં સત્યપ્રકાશનો આરંભ કર્યો. આ તોપમાંથી છૂટતા ગોળા વહેમગઢને અને અનીતિના કોટને વાગવા લાગ્યા, અને તેથી જેઓ મૂર્ખ ને દુષ્ટ હતા તેઓ કોપ્યા. એનું લખાણ જુસ્સા ભરેલું હતું. કારણ બતાવીને, હાંસી કરીને, અને ઠોક પાડીને એણે તેમને શિખામણ દીધી. દેવાં કરીને નાતો જમાડવાની અને મોટા વરઘોડા કાઢવાની મૂર્ખાઇ, ગંદામાં અર્ધા નાગા જમવા બેસવાની રીત, હોળીના દુષ્ટ તહેવાર, વૈષ્ણવ મંદિરોમાં થતો બિગાડ વગેરે ઘણી બાબતો પર એણે લખાણ કર્યું. લગ્નને પ્રસંગે હિંદુ સ્ત્રીઓ લાજ તજી જંગલી બની ફટાણા ગાયછે, તે અટકાવવાને એણે બહુ ઉપદેશ કર્યો; પણ

उपदेशोहि मूर्खाणाम्, प्रकोपाय न शांतये ।
पयः पानं भुजंगानाम्, केवळ विषवर्धनम् ॥

જેમ સાપને દૂધ પાવાથી તેનામાં ઝેર વધેછે, તેમ મૂર્ખને શિખામણ દેતાં તે રીસ કરેછે. શિખામણથી એ ગીતો અટકયાં નહિ ત્યારે કરસનદાસે કેટલીક ફટાણા ગાનારી નફટ કપોળ નારીઓનાં નામ છાપી પ્રસિદ્ધ કર્યાં. એથી એની નાતમાં ખળભળાટ થયો, અને એને નાત બહાર મૂકવાને કેટલાકે મહેનત કરી, પણ તે પાર પડી નહિ.

મુંબાઇના જુવાન હિંદુ સુધારકોમાં હવે કરસનદાસ મોખરે આવી પોહોંચ્યા હતા. સને ૧૮૫૬ માં બુ. હિં. સભાએ "બુદ્ધિવર્ધકગ્રંથ" નામે માસિક પુસ્તક પ્રગટ કરવા માડ્યું. એ વરસમાં સભાનો વહીવટ કરનાર મંડળીમાં એ નિમાયા. પાંચ વરસ પર એ સભા સ્થાપન થઇ, તે વેળા પ્રાણલાલ મથુરાંદાસ સરનશીન, મોહનલાલ રણછોડદાસ મુનશી, અને ગંગાદાસ કીશોરદાસ ખજાનચી હતા. પેહેલા બેને નોકરી મળવાથી તેઓએ મુંબાઇથી મુકામ ઉઠાવ્યો, તેથી ત્રીજા નંબરના ગંગાદાસ પ્રમુખ થયા, પરંતુ કમિટીના બીજા કેટલાક સભાસદો પાછળ પડ્યા;* જેઓ તેમની પછવાડે ચાલનારા સિપાઇ હતા તેમાંના કેટલાક પોતાની હોંસ અને હિમ્મતથી સુધારાના લશકરના સરદાર થયા. એ સરદારોમાં કેટલાક જબરા હતા, પણ એમની સેના નબળી, નાની, અને બીકણ હતી. સભાની ભાષામાં પણ ફેરફાર થયો. સરનશીનને બદલે પ્રમુખ, મુનશીને બદલે સેક્રેટરી, રસાલાને ઠેકાણે નિબંધ, કારોબારીને ઠેકાણે વહીવટદાર. નર્મદાશંકર, જવેરીલાલ વગેરે મોફ્યુસીલથી મુંબાઇમાં ભણવા આવ્યા હતા તેઓએ શુદ્ધ ગૂજરાતી દાખલ કરવા માંડી.

સદરહુ માસિક ગ્રંથ પ્રગટ કરવાનો વિચાર કરવાને કમિટી મારે ઘેર મળી તેવારે કરસનદાસે પણ તેને માટે વિષય લખી મોકલવાનું કબૂલ કર્યું હતું. પરંતુ મને લાગેછે કે સત્ય પ્રકાશના કામમાં એ એટલા રોકાયા હતા કે આમાં તેમનાથી ઝાઝી સહાય આપી શકાતી નહતી.

હવેથી સભા મહીને મહીને મળતી જણાયછે, પણ તેનું કામ અને અગત્ય કેટલાં વધ્યાં હતાં તે એ વરસના તેના રિપોર્ટ ઉપરથી જણાયછે.

"તા. ૨૦ મી જનેવારી—એ દહાડે સાંજે બુદ્ધિ વર્ધક હિંદુ સભાની (એ વરસની) પેહેલી બેઠક જગન્નાથ હેમરાજના ઘર મધ્યે બુ. નિશાળમાં થઈ.

*ઉપર કહેલા ત્રણ ઉપરાંત સને ૧૮૫૧ માં
કલ્યાણદાસ શીવલાલ, પેશકાર ખજાનચી.
ચીમનલાલ નંદલાલ. } મારેકાર.
મથુરામ શંભુનાથ. }
હરીવલ્લવદાસ બાળગોવિંદદાસ. }
નારણદાસ કલ્યાણદાસ. }

સને ૧૮૫૬ માં
ગંગાદાસ કીશોરદાસ—પ્રમુખ.
નર્મદાશંકર લાલશંકર—ઉપ પ્રમુખ.
ચીમનલાલ નંદલાલ. } કીલીદાર.
મુરલીધર ઝીરધર. }
કરસનદાસ મુળજી. }
જવેરીલાલ ઉમીયાશંકર } વહીવટદારો.
કરસનદાસ માધવદાસ. }
ત્રીભોવનદાસ દ્વારકાંદાસ. }
મહીપતરામ રૂપરામ. સેક્રેટરી.

પ્રમુખસ્થાને ભાઇ ગંગાદાસ કીશોરદાસ બીરાજ્યા પછી સેક્રેટરીએ સભાનો ગયા વરસનો રીપોર્ટ અને કોટ* અને બાહારકોટ મધ્યેની બુ.નિશાળોના પરીક્ષકોએ એ નિશાળના વાર્ષિક રિપોર્ટો વાંચ્યા. પ્રમુખે ગયા વરસના સભાનાં કૃત્યો અને તેની આ વરસની આશા એ વિષયે સુંદર ભાષણ કીધું; અને બીજા કેટલાએક સભાસદોએ પણ દેશ સુધારા વિષે પોત પોતાના વિચાર જણાવ્યા. એકંદર કલાક દશને સુમારે ઊઠી; તેમાં આશરે ૭૫ માણસ હતા."

એ પછી મંગળવાર તા. ૧૨ મી ફેબ્રુવારીએ સભા મળી તેમાં મોટા ગૃહસ્થો આવ્યા હતા. " સાંજે ૬ કલાકે બુદ્ધિ વર્ધક સભા પોતાની હમેશની જગાએ મળી. પ્રમુખ સ્થાને ભાઇ ગંગાદાસ કીશોરદાસ બીરાજ્યા. તે વેળા શેઠ વરજીવનદાસ માધવદાસ, શેઠ મંગળદાસ નથુભાઇ, ડાકટર ભાઉ દાજી, ડાકટર આત્મારામ પાંડુરંગ, રાજેશ્રી દાદોબા પાંડુરંગ, શેઠ શાપુરજી દોરાબજી, શેઠ ગોકળદાસ તેજપાળ, શેઠ કલ્યાણદાસ મોહનદાસ, શેઠ લખ્મીદાસ ખીમજી, શેઠ જગન્નાથ હેમરાજ, શેઠ પ્રાણજીવનદાસ તુળસીદાસ, શેઠ ભગવાનદાસ પરસોતમદાસ, શેઠ લલુભાઇ ધેલાભાઇ, શેઠ શીવદાસ મોહનજી અને અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇ તથા શેઠ દલપતભાઇ ભગુભાઇ વગેરે ૧૫૦ ગૃહસ્થો હતા. સેક્રેટરીએ ગઇ સભાનું કામ વાંચી સંભળાવ્યા પછી ભાઇ નર્મદાશંકર લાલશંકરે સ્વદેશાભિમાન વિષે નિબંધ વાંચ્યો." એ પછી કેટલાક ગૃહસ્થોએ એ બાબત ભાષણો કર્યાં, અને અમદાવાદના નગર શેઠે ૩૧૦૦) સભાને ભેટ કર્યા." બુ. હિં. સભા કેટલી ઉપયોગી થઇ હતી અને કેટલી મોટાઇને પોહોંચી હતી તે દેખાડવાને ઊપલા ઉતારા પ્રગટ કર્યાછે.

" તા.૧લી જુન—રવિવારની સાંજે સભા મળી તે વખતે પ્રમુખ સ્થાને ભાઇ કરસનદાસ મુળજી બેઠા. સેક્રેટરીએ જણાવ્યું કે આપણી સભા હાલ ઘણા દિવસ થયા મળતી નથી, તેનું કારણ એ કે બેસવાને બાંક જે ઠેકાણેથી મળતા હતા તે કાંઇ અડચણથી મળવા બંધ થયા હતા. પણ હાલમાં કેટલાક ગૃહસ્થોએ એક મોટી ટીપ ઊભી કરી સભાને જેટલા બાંક જોઇતા હતા તેટલા ૩૭૦)ના કરાવી આપ્યા. તેઓનો સભા ઘણો આભાર માને છે."

એ દહાડે સુધારાની ફોજના સેનાપતિ કરસનદાસ મુળજી હતા એટલુંજ

* કોટની બુદ્ધિવર્ધક નિશાળના પરીક્ષક કરસનદાસ મુળજી હતા.

નહિ પણ એ ટીપમાં તેનું નામ પેહેલે નંબરે છે.‡ સભાની આગેવાનીમાં કેટલી ઊથલ પાથલ થઇ હતી તે એ ટીપ દર્શાવે છે. એક મહીના પછી કાંઇ મતભેદથી વહીવટ કરનારી મંડળીમાં ફેરફાર થયો. કરસનદાસ મુળજીએ તથા પરભુરામ નવલરામે રાજીનામાં આપ્યાં તેમને ઠેકાણે નાનાભાઇ હરીદાસ અને લલુભાઇ કેશવલાલ નિમાયા, અને મેં સેક્રેટરીનું કામ છોડ્યું તે સભાએ કરસનદાસ માધવદાસને સોંપ્યું. રવિવારને બદલે સોમવારે મળવાનો ઠરાવ કર્યો. ઊપલાં રાજીનામાંનું કારણ વારમાં ફેરફાર કર્યો તે હતું કે બીજું કારણ હતાં તે મને યાદ નથી.

એ સભાના છપાયલા દફતરમાં કરસનદાસ વિષે એ વરસના દિસેમ્બર માસ સૂધી બીજું કાંઇ લખ્યું નથી. એ માસમાં એમને દિસે જવું ઠર્યું તેવારે સભા તરફથી એમને માન પત્ર આપવાનો ઠરાવ થયો. ગૂજરાતના કેળવણી ખા-

નામ	રૂપિઆ.	નામ	રૂપિઆ.
‡કરસનદાસ મુળજી	૧૦	તુલસીદાસ વરજદાસ	૧
મહીપતરામ રૂપરામ	૬	ઝવેરીલાલ ઉમીઆશંકર	૧
નર્મદાશંકર લાલશંકર	૫	નાનાભાઈ હરીદાસ	૧
મુરલીધર ગીરધર ૫		ધીરજલાલ મથુરાંદાસ	૧
કરસનદાસ માધવદાસ	૫	ભાસંકર ભાઈજી	૧
મેમચંદ રાયચંદ	૫	કહાનદાસ કાળીદાસ	૧
દલપતરામ માણેકજીવનદાસ ...	૫	મનસુખરામ નરસીંહદાસ	૧
હરીલાલ મોહનલાલ	૩	નારાયણ મહાદેવ	૦॥
માણેકજીવનદાસ વાધજી	૩	મોતીરામ ત્રીકમદાસ	૦॥
ગંગાદાસ કીસોરદાસ	૨	દલપતરામ જીવણદાસ	૦॥
પરભુરામ નવલરામ	૨	બળવંતરામ મુરજરામ	૦॥
ગોરધનભાઈ અનુપભાઈ	૨	લલુભાઈ કેશવલાલ	૦॥
હરીવલ્લવદાસ બાળગોવનદાસ ...	૧	ધનપ્રસાદ ગવરીપ્રસાદ	૦॥
ત્રિભુવનદાસ દવારકાદાસ ...	૧	માણેકલાલ ગોપાળદાસ	૦॥
વંદ્રાવનદાસ પરસોતમદાસ ...	૧	કરમસી મુળજી	૦॥
ડાયાભાઈ ત્રીલોવનદાસ	૧	કલ્યાણદાસ શીવલાલ	૦॥
રણછોડદાસ ગીરધરભાઈ... ...	૧	જગજીવનદાસ દયારામ	૦॥

સભાસદોની સ્વતંત્રતા અને હોંસ બતાવવાને આ ટીપ પ્રગટ કરીછે. પોતાની સભામાં પોતાને બેસવાને પાટ જોઇએ તેને માટે બીજાઓ પાસે ભીખ ના માગતાં પોતે માંહોમાંહે ઉઘરાણું ભરી કરાવ્યા. પોતે પોતાના ઉપર આધાર રાખવાની શિખામણની આ દેશમાં ઘણી જરૂર છે. એ વેળા સુધારો કરવામાં કરસનદાસના સાથી કોણ હતા તે પણ એપરથી જણાયછે.

તાના ચંચળ અને મહેનતું ઉપરી ટી. સી. હોપ સાહેબ ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાં કરસનદાસનું સારૂં કામ જોઇ રાજી થયા, અને ૩૮૦)ના પગારે તેને દિસાની ઇંગ્લિશ સ્કૂલના હેડ માસ્તરની નોકરી આપી.

આ માન પત્ર પરિશિષ્ટમાં પેહેલું છે. એની પ્રાર્થના કઢંગીછે. દિસા કાંપની સ્કૂલ ચલાવવાને કરસનદાસ જતા હતા તે થોડા દહાડામાં પાછા આવે તો જે હેતુથી ગયા તે પાર કેમ પડે? સ્કૂલના છોકરાને કેળવણી લેતાં વાર લાગેજ, અને તેઓ ભણી રહે એટલે બીજા આવે. વળી ભાષણો વગેરેથી ત્યાંના લોકને સુધારવા તે પણ થોડા વખતનું કામ નથી. પરંતુ સેક્રેટરીના મનમાં એ ઇચ્છા ઇશ્વરી પ્રેરણાથી થઈ ભાસે છે, કેમકે કરસનદાસનું કામ મુંબાઇમાં હતું, દિસાની છાવણી પુરૂષાર્થ કરવાનું સ્થળ ન હતું.

કરસનદાસ દિસે ગયા તેવારે મારે હસ્તક સત્યપ્રકાશ કરેછું. મેં પણ સ્વદેશીઓના કુચાલ ઉપર હૂમલા જારી રાખ્યા. ઘર ખટલામાં સામૂ વહુની લડાઇથી કલેશ થાયછે, બાળ લગ્નથી ખરાબી થાયછે, હોળીના ભાંડથી, અને લગ્નના ફટાણાથી અનીતિનાં બીજ રોપાય છે તે તથા બીજી ઉપયોગી બાબતો ઉપર જોશથી લખાણ કરી કરસનદાસના પત્રની આબરૂ હતી તેવી જળવી રાખવાની મેં યથાશક્તિ કોશીશ કરી. એથી પ્રસન્ન થઇને કોઈ સખી સ્વદેશ મિત્રે મને ૩ ૨૦૦) નનામા ગુપ્ત મોકલ્યા, તેથી મારા મનપર ઘણી અસર થઈ. તે ગૃહસ્થો કોણ હતા તેની ખબર મને વીસે વરસે થઈ. એ સુધારાના દોસ્ત અને ગુણના જાણનાર ચાર પારસી ગૃહસ્થ હતા. છ મહિના ન થયા એટલામાં મને અમદાવાદમાં નોકરી મળી. મેં રા. ઝવેરીલાલ ઉમીઆશંકરને તેના અસલ માલીકની આજ્ઞાથી સત્યપ્રકાશ સોપ્યું. એણે પણ કામ સારૂં ચલાવ્યું. એ પછી થોડા માસમાં કરસનદાસે આવી તેનું પોતાને હાથ પાછું લીધું.

પ્રકરણ ૩ જું

દિસેથી પાછા આવવું. પુનર્લગ્ન. છપન ભોગ. વલ્લભાચાર્યોની અદાલતમાં સાક્ષી આપવા જવાની નાખુશી. ગૂલામી ખત.

કરસનદાસ દિસે દશ મહિના રહ્યા. ત્યાં એને ધાતુ ક્ષયનો રોગ થયો તેને આરંભમાં બેસાડી દેવાની જરૂર હતી. લસ્કરના યૂરોપીઅન દાક્તરનું ઓસડ ક-

રવા માડ્યું, પણ દાક્તર જોડે બન્યું નહિ. દાક્તરે એને દવાની જોડે ફ્રેવતને માટે માંસ ખાવાને ફરમાવ્યું. કરસનદાસે તે ખાવાની ના કહી ને સિક સર્ટિફિકેટ માગ્યું કે તેને જોરે માંદગીની રજા લઇ મુંબાઈ જઇ દવા કરે. દાક્તરે કહ્યું કે મારો હૂકમ નથી માનતો માટે સર્ટિફિકેટ નહિ આપું. હવે નોકરી છોડવા વિના બીજો ઉપાય ન હતો તેથી તેમ કરી કરસનદાસ મુંબાઇ આવ્યા. અહીં એને આરામ થયો.

આ વખતે એ ફરીથી પરણ્યા. મેં એવું સાંભળ્યું છે કે આ એની ત્રીજી વારની વહુ હતી. પહેલી ક્યારે મરી ગઇ, બીજીવાર ક્યારે લગ્ન થયા, ને તે બીજી સ્ત્રી ક્યારે ગત થઇ તે, તથા તે સંબંધીના બીજા સમાચાર મને મળ્યા નથી. આ ત્રીજી વારના લગ્ન પ્રખ્યાત છે. એ વેળા એણે જૂની રીત પ્રમાણે ઘોડે બેશી પરણવા જવાની સાફ ના કહી. એના સાસરીઆંએ કહાવ્યું કે તમામ જૂની રીત પ્રમાણે પરણવા આવજો; જો તેમ નહિ કરો તો વેવિશાળ તોડીશું. એ ધમકીથી કરસનદાસની દૃઢતા ડગી નહિ. એણે ઉત્તર કહેડાવ્યો કે જેમ મેં ધાર્યું છે તેમજ કરીશ; કસબી જામો અને જરીની પાધડી પહેરી, ખુંપ બાંધી, આંખોમાં કાજળ અંજાવી, ગાલે તથા કાન પછવાડે મેસનાં ટપકાં કરી વહેમી બની જૂની ગાંડી રીત પ્રમાણે રાજાનુ જૂઠું ડોળ ધારણ કરી એટલે વર રાજા બની નહિ આવું; ફકત સાદો પોશાક પહેરી સાજન જોડે ચાલતો આવીશ, તમારી ખુશી હોય તો લગ્ન કરો, ને ન હોય તો વિવાહ ટાળો. આથી ભાંજગડ ચાલી,સાસરીઆં ગુસ્સે થઈ વેવિશાળ તોડવાને તૈયાર થયાં ; પણ બેઉ તરફના મિત્રો વચમાં પડ્યાથી તે ધમકી પાર પડી નહિ, અને કરસનદાસ મુળજી પગે ચાલતા પરણવા ગયા.

આ બાબત નાની સરખી છે. બીજવર અને ત્રીજવર હિમ્મતવાળા અને શાણા હોય છે તેઓ એમ કરેછે. કન્યાનાં સગાં વાંધો લે છે કે કન્યા તો પેહેલીવારની પરણે છે માટે તેને બબો લાવો જોઇએ. એથી બીકણા, કે મોટી ઉમરના છતાં નાદાન જમાઇ ડરી ચાલે ચાલે છે. કરસનદાસ એમ ડર્યા નહિ માટે એમને સાબાશી ઘટેછે, પરંતુ એ કાંઇ એના મોટા કામમાં ગણાય નહિ. સત્ય પ્રકાશ રૂપી મોટા હથીઆરને ઉત્પન્ન કરી તેનો મોટો ઉપયોગ કર્યો, તેથી ભારે જોખમ માથે લીધાં, અડચણો વેઠી, અને સ્વદેશીઓને લાભ કર્યા તેમાં તેના પુરૂષાર્થ છે. એ પત્ર પ્રથમ પ્રગટ કર્યું તે વખતે તેના ઘરાક ઘણા થવાને

અનુકૂળ પ્રસંગ હતો. સને ૧૮૫૫માં મુંબાઇના ગૂજરાતી બ્રાહ્મણોએ ભૂલેશ્વર મહાદેવમાં છપન ભોગ કર્યા તે પરથી શિવમાર્ગ અને વૈષ્ણવ માર્ગની વચ્ચે તકરાર ઊઠી. એ તકરાર વર્ત્તમાનપત્રોને જમણવાર થઇ પડી. સત્ય પ્રકાશને પણ એમાંથી ભોજન મળ્યું. બેઉ પક્ષનાં મન ઉસકેરાયાં હતાં, તેથી એ બાબત સોંઘી કિમ્મતનાં સત્ય પ્રકાશમાં જે લખાતું તે તેઓ આતુરતાથી વાંચતા. એથી એ પત્રનો ફેલાવો આરંભથી ધાર્યા કરતાં વધારે થયો.

એ વખત સૂધી વૈષ્ણવ મંદિરોમાં છપન ભોગ થતા અને તેથી તેમના મહારાજો ધન કમાતા. એ જોઇ બ્રાહ્મણોને તેમ કરવાનું મન થયું. પૈસા નહિ તો જમવાનું મળશે એ તો નક્કી હતું. એ માટે આગેવાન બ્રાહ્મણોએ ઉધરાણું કર્યું. એમાં શૈવ અને વૈષ્ણવ બંને માર્ગી ગૃહસ્થોએ સહાય કરી, ને ભૂલેશ્વરમાં છપન ભોગ થયો. બધા પંથના હજારો લોક દર્શણ કરવા ગયા. સ્ત્રીઓ અને પુરૂષો, ગૂજરાતી, અને દક્ષણી, સરવે આવ્યા ને ભૂલેશ્વરમાં મોટો મેળો ભરાયો. મહાદેવને ધરાવેલો ભોગ બ્રાહ્મણ જમ્યા, અને પ્રસાદ વાણીઆ, ભાટીઆ વગેરે લોકોમાં વેહેંચાયો. આ બનાવ મુંબાઇના વલ્લભાચાર્યોને ગમ્યો નહિ. તેમને અદેખાઇ આવી તથા ભય લાગ્યો કે એથી શિવ માર્ગને ઉત્તેજન મળશે, માટે ફરીને એવું ન થાય એવા ઉપાય કરવાનો વિચાર તેમણે કર્યો. એ માટે બ્રાહ્મણોને સજા થાય તો બીજો મોટો લાભ થાય તે એ કે વલ્લભ કુળના મહારાજો બ્રાહ્મણના ઉપરી ગણાય, અને શૂદ્રો ઉપર બ્રાહ્મણની જે સત્તા હતી તે ઓછી થાય, અને શિવ માર્ગને તોડવાનું બળ વધે. એ છપન ભોગની વિરૂદ્ધ મહારાજોએ જે કર્યું તે પરથી તેમના સામાવાળીઆ એ પ્રમાણે બોલવા લાગ્યા. ઝઘડો ઉઠાવવાનો હેતુ કદાપિ એવો હશે; પરંતુ આપણે વિચાર કરવો જોઇએ કે તેમની તકરાર વાજબી હતી કે ગેરવાજબી. મહારાજોએ વાંધો ઉઠાવ્યો કે બ્રાહ્મણોએ શાસ્ત્ર વિરૂદ્ધ કર્યું. જે ભોગ શિવને ધરાવવામાં આવે છે તે શિવ નિર્માળ કહેવાય છે, ને શિવ નિર્માળ જમવાની શાસ્ત્રમાં મના છે. જે શિવને આરોગવામાં આવે છે તે ભરડા ખાય છે તેથી તેઓ બ્રાહ્મણમાં ગણાતા નથી, માટે જેમણે શિવ નિર્માળ ખાધું તેઓ દૂષિત થયા છે; પ્રાયશ્ચિત્ત કરી એ દોષથી છૂટે ત્યાં લગી યજમાનોએ તેમનો સંગ્રહ ન કરવો જોઇએ.'

મહારાજોનું આ કહેવું કેક ખોટું ન હોતું. શિવની થાળ ન ખવાય એમ લોક કહે છે ખરા. શિવને ધરાવેલો પ્રસાદ વેહેંચાતો નથી; પરંતુ આ કાળમાં

ધર્મ શાસ્ત્ર પ્રમાણે કોઇ પંથવાળા વર્ત્તતા નથી. મહારાજો પંડે ધર્મ શાસ્ત્ર પ્રમાણે ચાલતા નથી, તેથી બીજાઓપર શાસ્ત્ર તોડ્યાનો દોષ મૂકવાનો તેમનો અધિકાર ન હતો. અધિકાર તો ન હતો પણ શક્તિ હતી. તેમણે પોતાના સેવકોને ફરમાવ્યું કે બ્રાહ્મણો પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાય ત્યાં સૂધી તમારે કોઇએ તેમને દાન દક્ષિણા, પંચભાગ વગેરે કાંઇ આપવું નહિ, અને જમાડવા પણ નહિ. બ્રાહ્મણો આથી કોપ્યા, કેમકે તેમનો મોટો આધાર વૈષ્ણવો ઉપર હતો. આ હૂકમ બરાબર અમલમાં નહિ આવવાનાં બે કારણ હતાં. એક એ હતું કે આ વેળા મંદિરોમાં થતી અનીતિ અને પીડા વિષે બહુ ચરચા થવા માંડી હતી. મહારાજોનાં સેવકોમાં ભાટીઆ સૌથી વધારે જડસા હતા. એ ધર્માંધો પણ ચેત્યા અને કુંટાળ્યા હતા. તેઓમાં કેટલાક વગવાળા મોભાદાર પુરૂષો સુધારો કરવાને કોશીશ કરતા હતા. એમાં શેઠ લખ્મીદાસ ખીમજી, ઠકર મથુરાંદાસ લવજી વગેરે આગેવાન હતા. એમના બોધથી સેંકડો ભાટીઆના વિચાર સુધર્યા હતા. લોક તેમને મથુરા પંથી કહેતા. એમની મહેનતથી ૧૮૫૫માં મહાજન વાડીમાં ભાટીઆની નાત ધર્મને લગતા બીગાડને અટકાવવાને મળી હતી. આ પ્રયત્ન ચાલતો હતો તેવામાં આ બ્રાહ્મણો અને વલ્લભાચારી મહારાજો વચ્ચે ૫૬ ભોગનો કજીઓ ઉઠ્યો. એનો લાભ સુધારાવાળા વૈષ્ણવોએ લીધો.

ઉપર કહેલી આજ્ઞા આપવાને સેવકોને બોલાવ્યા તેવારે તેમણે કેટલાક સુધારા માગ્યા. એ માગણીની યાદી મારી પાસે નથી. તેઓ મહારાજોને ગમી નહિ, ને વીખ જેવી લાગી, પણ શું કરે? બ્રાહ્મણો જોડેનો ઝઘડો એટલો જોશ ઉપર ચડ્યો હતો કે તે કબૂલ કર્યા વિના ચાલે નહિ. લાચારીથી હા ભણી ખરી પણ એ માગણીઓ ગુપ્ત રાખવાનો, અને એક વરસ પછી અમલમાં લાવવાનો બંદોબસ્ત કર્યો, કેમકે તે જાહેર થાય અને સુધારો તુરત કરે તો બ્રાહ્મણ પક્ષને હાથ તેમના ઉપર વધારે હૂમલા કરવાનાં પ્રત્યક્ષ હથીઆર આવે. સુધારાવાળા વૈષ્ણવોમાં કૌવત ઓછું હોવાથી આ મુદત તેમને કબૂલ કરવી પડી. એ સરતે સમગ્ર વૈષ્ણવોએ બ્રાહ્મણોની રોજી બંધ કરવાની હા કહી, તથાપિ તે વાત ચાલી નહિ. કપોળ જ્ઞાતિના અને મુંબાઇના મહાજનના શેઠ ગોપાલદાસ માધવદાસ વૈષ્ણવ છતાં મહારાજોની સામા ઊતર્યા; એને નાત બહાર કે મહાજન બહાર કોઇ મૂકી શક્યું નહિ. વળી બ્રાહ્મણોની વહારે બીજા બે મોટા માણસ ચડ્યા. રામલાલ ઠાકોરસીદાસ અને સખારામ લક્ષ્મણજી એ બંને મ-

હારાજનાં સેવક ન હતા. એમણે બ્રાહ્મણોને ખુલ્લી અને પૂરતી મદદ કરી. વર્ત્તમાન પત્રોમાં જબરા સપાટા ચાલ્યા, અને કરસનદાસનું સત્ય પ્રકાશ ખૂબ ધુમ્યું. એ બીજું કારણ હતું. શાસ્ત્રીઓની સભાઓ બોલાવી કેટલીકવાર બ્રાહ્મણ પક્ષે મહારાજોને શિવનિર્માળ વિષે વાદ અને શાસ્ત્રાર્થ કરવા નોતર્યા, પણ તેઓ ગયા નહિ. એ સર્વથી ડરીને વૈષ્ણવો પોતાના ગુરૂની આજ્ઞા પાળી શક્યા નહિ, ત્યારે મહારાજોએ એક યુક્તિ લડાવી પોતાની સરસી રાખવાની કોશિશ કરી. પોતાને મંદિરે પોતાના પક્ષના માણસોની સભા ભરી; ત્યાં એક ગરીબ ભીખારી બ્રાહ્મણે આવી નમ્રતા પૂર્વક બધા બ્રાહ્મણોની વતી અપરાધ કબૂલ કરી મહારાજોની માફ માગી. મહારાજોએ કૃપા કરી ક્ષમા બક્ષી. પણ આ પ્રપંચ પકડાઇ ગયો. એવું માલમ પડયું કે તે નબળા બ્રાહ્મણને લાંચ આપી પ્રથમથી ફોડ્યો હતો, અને એ પ્રમાણે કરવાને સિખવીને સભામાં આણ્યો હતો. આ કપટ પ્રગટ થયું અને તેથી તે રચનારની હાંસી થઇ. વર્ત્તમાન પત્રોએ તેમની બહુ ફજેતી કરી.

આ મનોરંજક ટંટામાં સત્ય પ્રકાશની મારફતે કરસનદાસ મુલજી વૈષ્ણવ પંથના છતા પોતાના ના લાયક ગુરૂઓની સામા છગોક થયા, અને સુધારાવાળા હિંદુઓની સરદારી સત્ય પ્રકાશ પામ્યું. આમ હિંદુઓના મન જરા ગતિમાં આવ્યાં તેવામાં વલ્લભાચારી મહારાજો સંબંધી એક બીજી બાબતમાં ચરચા ચાલી. સને ૧૮૫૮માં દયાલ મોતીરામ ઉપર જીવણલાલજી મહારાજે દીવાનીમાં ફરીઆદીની અરજી અપાવી. એ અરજીમાં પોતાનો મોટા ગુરૂનો ઓવો બતાવી, કોરટમાં જવાથી અપમાન અને અપવિત્રા લાગે માટે મને ન બોલાવવો એવું માગ્યું. હાઇકોર્ટના ન્યાયાધિશોએ એ અરજી વિશે પક્ષકારોના બારિસ્ટરોના વાદ સાંભળી ઠરાવ કર્યો કે મહારાજે અદાલતમાં હાજર થવું જોઇએ. હવે માત્ર એક ઇલાજ રહ્યો હતો તે એકે દાવો કાઢી નાખી પ્રતિવાદી જોડે ઘરમેળે પતાવવું. સેવકોને વચમાં નાખી જીવણલાલજીએ તેમ કર્યું. પણ આથી ઇંગ્રેજી, ગૂજરાતી, અને મરાઠી વર્ત્તમાન પત્રો વાળા જોડે પત્યું નહિ. વકીલોની તકરાર અને જડજોના ફેસલા સંબંધી ટીકામાં પુષ્ટી માર્ગ, અને તેના આચાર્યોને ચુંથવામાં તેમણે કસર રાખી નહિ. વલ્લભાચાર્યોના જુલમ અને દુરાચાર વિશે સત્ય પ્રકાશમાં સત્ય લખાતું તેથી મહારાજોને ઘણું માઠું લાગતું. કાંઇક ડર પણ લાગેલો ખરો. ઇંગ્રેજ, પારસી, અને દક્ષણીઓના ઝપાટાથી કરસનદાસના ઝપા-

ટા વધારે વાગતા. વાણીઓ, વળી વૈષ્ણવ, ને સેવક થઇને આમ ગજબ કરે તે મહારાજાથી ખમાયું નહિ. સામ, દામ, અને ભયથી તેને ચૂપ રાખવાને મહેનત કરી, પણ કરસનદાસ કશાથી ડગ્યા નહિ.

કરસનદાસ દ્વેષબુદ્ધિથી લખતા નહિ. તેનો હેતુ લાંચ લઇને પૈસાદાર થવાનો નહોતો. વલ્લભ કુળના ગુરૂઓને અને તેમના સેવકોને સુધારવા એજ તેની ભલી મતલબ હતી. આવા રૂડા કામમાં જોઇતી મદદ તેને મળી. એ મદદ કરનાર રૂડા મિત્રોની ઇચ્છા માત્ર એટલી હતી કે સ્વદેશી અને સ્વપંથીઓમાં ધર્મને પવિત્ર નામે જે અનાચાર ચાલતા હતા તે અટકાવવા. સને ૧૮૫૭ના જાનેવારીની ૨૫મી તારીખના સત્ય પ્રકાશમાં ૪ નામના નિબંધની જાહેર ખબર તેમણે છપાવી. નિબંધનો વિષય ગુરૂ શિષ્ય ધર્મ, તેમાં વિશેષે કરીને મહારાજા અને સેવકીઓ વચ્ચેનો વાસ્તવિક ધર્મ પ્રમાણે સંબંધ, તેમણે સુનીતિ શાસ્ત્ર પ્રમાણે અરસ પરસ કેમ વર્ત્તવું તે દલીલ દાખલા અને શાસ્ત્રોનાં પ્રમાણોથી દેખાડવું એ હતો. કેટલાક નિબંધ આવ્યા તેમાંથી એક ઉત્તમ ઠર્યાથી તેને છપાવવા માંડ્યો.

હેંડબીલો અને વર્ત્તમાન પત્રો રૂપી બાણ એ મહારાજાની સામે છૂટ્યાં, તેથી કાંઇક પ્રકાશ થયો અને લોક જાગ્યા; પરંતુ એ બાણ ક્ષણિક હતાં. બંદૂકમાં ભરેલા ઝીણા છરા જેવાં એ હતાં, જેના સહજ જખમ જલદીથી રૂઝાઇ જા-ય. આ મોટો નિબંધ તોપના ગોળા જેવો હતો. વળી શત્રુનો છેલ્લો ગોળો ન હતો; એના પછી બીજો છૂટે, ને પછી ત્રીજો, એમ એક પછી એક ગ્રંથો પ્ર-ગટ થઇ વલ્લભ કુળના આચારજીઓને જંપવા દેશે નહિ એવી તેમને અને તેમના મિત્રોને ધાસ્તી લાગી. કરસનદાસ મુળજી દિસે ગયા તોપણ મહારાજા-ને નિરાંતે બેસવાનો દહાડો આવ્યો નહિ. સુધારાવાળા તેમની પૂઠે બાઇ પીને લાગ્યા હતા. હવે શું કરવું? બચાવના બે રસ્તા હતા, એક ધર્મનો અને બી-જો અધર્મનો. ધર્મનો માર્ગ એ હતો કે સુધારાવાળા જે જે સુધારા મા-ગતા હતા તે આપવા. પુષ્ટી માર્ગની સ્ત્રીઓના શીળવ્રતને ગુરૂથી હાની ન પહોંચે; ગુરૂ તો સેવકીઓના પિતા સમાન છે, માટે તેમણે પોતાની પુત્રીના પતિ-વ્રત ધર્મની સંભાળ લેવી જોઇએ; બાપે દીકરીની આબરૂ પર હાથ નાખવો એ મોટું પાપ છે માટે તેથી વેગળા રહેવું, એ તેમની એક માગણી હતી. મંદી-રોમાં થતો બીગાડ અટકાવવો એ તેમની બીજી માગણી હતી. પુષ્ટી માર્ગના

અનીતિના ગ્રંથો રદ કરવા; દુરાચારને ઉત્તેજન આપે, અને દુષ્ટ વાસનાને ઉશ્કેરે તેવી વાતો, તેવા ગરબા અને ગીતો બંધ પાડવાં. મહારાજનો લોભ મર્યાદામાં રાખવો, અને સેવકોના ધનમાલ લેવા સંબંધી ન્યાય ધર્મ પાળવો; પંડે સદ્‌ગુણી થઇ સેવકોને સદ્‌ ઉપદેશ કરવો. આવા પ્રકારની તેમની માગણીઓ વાજબી હતી. એ સ્વીકારવાથી પુષ્ટી માર્ગનું બળ વધત. 'ધર્મો જય' એ વચન યાદ ન રાખતાં દુરાગ્રહ કર્યો. પોતાની બદચાલ અને ભૂલ કબૂલ ન કરતાં તેને વળગી રહ્યા. નાનપણથી વિષયમાં નિમગ્ન રહેલા અન્નાની જીવોને વિષય,લોભ,અને સ્વાર્થ તજવા કેમ ગમે? એવા દુષ્ટોમાં પરમાર્થ બુદ્ધિ કયાંથી હોય? ઇશ્વરપણાનો દાવો કરનાર પાપીને તે દાવો છોડવો કેમ ગમે? સારે નવે માર્ગે જવાની શિખામણ આપનારા થોડા હતા, અને એ થોડાને મહારાજે પોતાના ખરા મિત્ર ન ગણતાં દુશમન ગણતા. જુનૂને કુમાર્ગે ચાલ્યાં જવાની સલાહ આપનારા મૂર્ખો ઘણા હતા; તેમની સંખ્યા, અને તેમના બળપર આધાર રાખી મહારાજાએ અધર્મ માર્ગે, અસત્ય રીતે પોતાનો બચાવ કરવાનો ઠરાવ કર્યો. સુવે રસ્તે જવું કઠણ હતું. મહારાજો ઘણા હતા, આખા ભરતખંડમાં વિખરાયેલા અને એક એકથી સ્વતંત્ર જેવા હતા; ખુસામતીઆ દાસો અને નિર્લજ કુકર્મીઓની ઘણાને સંગત હતી તેઓ સુધારાવાળાને નિર્બળ અને હલકા ગણી તેમનો તિરસ્કાર કરતા. એવી અડચણોમાં છતાં જે મહારાજે પોતાના બંધુઓમાં મુકાબલે જરા સારા હતા તેઓથી મુખ્ય બાબતોમાં કંઇક સુધારો કરવાનો પ્રયત્ન થઇ શકે તેવું હતું; પણ તે કોઇએ કર્યો નહિ, ને ખોટે રસ્તે બચાવ કરવા માંડ્યો તેથી ઉલટું વધારે નુકસાન થયું. 'પાપો ક્ષય.'

"ચાબુક" નામે પારસી વર્ત્તમાન પત્રના એડિતરને લાંચથી ફોડી સુધારાવાળાની વિરૂદ્ધ લખાવવું એવો ઠરાવ મહારાજ પક્ષે કર્યો. રૂશવતની લાલચથી ચાબુકે સુધારા પક્ષ ઉપર હૂમલા કર્યા. જે લડનાર પાસે સત્ય નથી તેને અસત્યનો ઉપયોગ કરવો પડે છે; જેની પાસે કારણ નથી તે ગાળ દે છે. પણ ગાળથી ગરજ સરતી નથી. એ પ્રમાણે ચાબુકે સુધારાવાળાની ખોટી નિન્દા પુષ્કળ છાપી. સને ૧૮૫૮ના અગસ્ટની ૧૭મી અને ૨૪મી તારીખના તથા ૩ જી સપ્ટેમ્બરના પત્રોમાં ચાબુકે ગાળો ભાંડી અને જૂઠી નિંદા કરી. આ ભાડુતી સિપાઇએ મહારાજાનું ઉપરાણું કરી સુધારાવાળાને ઝાડ્યા, પણ

તેમને ઝાડતાં પોતે ઝડાઇ ગયો. જે ચાબુક તેણે બીજાના વાંસાને માટે ધારી હતી તે તેનીજ પીઠ ઉપર પડી. જેમનાં નામ દઇને તેણે નાલાશ કરી તેમાંના એકે તેનાઉપર આબરૂ લીધાને માટે નુકશાનનો દાવો દીવાની કોરટમાં માંડ્યો. હવે ચાબુકભાઇની મઝા થઇ. અદાલતમાં લડવાને પૈસા જોઇએ તે એની પાસે ન હતા. વકીલો પ્રથમ નાણા લે ત્યારે હાથમાં કામ ઝાલે. મહારાજોની તરફથી લખવાને જેણે તેને કહ્યું હતું તે કે બીજું કોઇ એની કુમકે આવ્યું નહિ. નવરોજજી ચાબુક મોટા સંકટમાં પડ્યો. એ સમે તેને કોઇએ સૂચના કરી કે મહારાજો ઉપર સાક્ષીના સમન કાઢ એટલે તારૂં કામ થશે. નવરોજજીએ તેમ કર્યું. આથી અકળાઇને વલ્લભાચાર્યોએ પોતાનું મોટું તોપખાનું લડાઇના મેદાનમાં આણ્યું.

સાહેદીના સમન નીકળ્યા કે મહારાજોએ મંદિરે બંધ કર્યાં. એથી બે કામ થયાં, સમન પોહોંચાડવા આવેલા બેલીફ તેમને મળી શકયા નહિ, અને વૈષ્ણવો દર્શન કરવા પામ્યા નહિ.ઘણાક વેહેમી વૈષ્ણવો દર્શન કર્યા વિના અન્ન જળ લેતા નહિ.એમને આથી અપવાસ કરવા પડ્યા. એ નિયમ પાળનારા ધનવાન અને નિર્ધન, સ્ત્રી અને પુરૂષ, વૃદ્ધ અને તરૂણ, બધી વૈષ્ણવ નાતોમાં હતા. અજીરણ વિકાર કે બાદી વગેરે કાઢવાને અપવાસના પહેલા દિવસે તો કદાપિ કોઇને ગુણ કર્યો હશે; પણ પછી તો તેઓ ભૂખ અને તરસથી પીડિત થવા લાગ્યા. જેઓ ઘોડા ગાડીમાં બેસીને ફરનારા, મહેલો જેવી મોટી હવેલીમાં રહેનારા તવંગરો, ગરીબ ઘરડી સમરપણીઓ,ધાવતાં બાળકવાળી નારીઓ, અને દિવસમાં ચારવાર જમે તેવા પડા જુવાનો, તથા સૂકા, કે જાડા પાડા પુખ્ત વયના આદમીઓ ગુરૂને ખારણે ક્ષુધા તૃષાથી ટળવળવા લાગ્યા.ઘરમાં અન્ન પાણી પુષ્કળ છતાં ચખાય નહિ. ભૂખથી પેટ બેસી ગયાં,અને તરસથી ગળાં બળી ગયાં. પ્રભુજી દયા કરો, દયા કરો, અમારા અપરાધ ક્ષમા કરો! એમ તેઓ પોકારે, રડે, અને સુધારાવાળાને ગાળો દે. વૈષ્ણવોમાં હાહાકાર થઇ ગયો. ઘેર ઘેર સુધારાવાળાની કાણ મંડાઇ. સેવકીઓ સુધારાવાળાને નામે કૂટે અને મોહો વાળે. ધારેલી અસર તોપે કરી.

ધર્મ સંબધી ઉંડો વિચાર જેમણે નહિ કરેલો એવા પણ વલ્લભાચારીઓના અને તેમના મંદિરોની મૂર્તિઓના આસ્તિક ભક્તોએ અને તેમના મિત્રોએ મહારાજોને પગે લાગી મંદિરો ઉઘાડવાની તથા દર્શન કરવા દેવાની વિનંતિ કરી. તેના

ઉત્તરમાં મહારાજાએ, જે દસ્તાવેજ ગૂલાબી ખતને નામે પ્રખ્યાત થયો તે ઉપર વૈષ્ણવોની સહીઓ માગી. એ લેખનો ભાવાર્થ નીચે પ્રમાણે.

'સંવત ૧૯૧૫ના પોસ સુદ ૧૨ વાર રવેઉ (૧૬મી જનેવારી ૧૮૫૯), મુંબઇ. જત, અમે ભાટીઆ તથા વાણીઆ, તથા લુવાણા, તથા ભનસાળી, તથા મારવાડી, તથા મુલતાની, વગેરે સરવે વૈષ્ણવોએ મળી આ કબૂલાતનામું કર્યું છે. એનો હેતુ એ છે કે શ્રી ગુસાઇજી મહારાજના તમામ બાળકો એટલે વંશજો જે બધા અમારા ગુરૂ છે તેમને સરકારની તરફથી, કે કોઇ બીજાએ કહેડાવેલા સમન પરથી, કે હરકોઇ બીજી રીતે કોરટમાં હાજર થવું ન પડે એવો બંદોબસ્ત સરકારમાં અરજી કરીને કરવો. આ કામમાં ખરચ કરવાને નાણું આ ખતપર મતાં કરનારા પાસેથી ઉઘરાવી સારે ઠેકાણે રાખવું. સર્વ વૈષ્ણવોએ એકે મતે અને એકે જથે સરકાર પાસે એ માગવું; અને એ માગણી પાર પડે ત્યાં સૂધી મંડ્યા રહેવું; એ કરવામાં કસર કરવી નહિ, બની શકે તેટલી મહેનત કરવામાં ચૂકવું નહિ.

હવેથી જે વૈષ્ણવ આપણા ધર્મની નિન્દા છાપે કે છપાવે તેને તેની જાતિએ નક્કી સજા કર્યા કરવી. હરકોઇ વૈષ્ણવે વલ્લભ કુળના હરકોઇ મહારાજ પર સમન કાઢવો નહિ, અને કોઇ બીજી નાત કે જાતનો આદમી સમન કઢાવે તો આપણે બધાએ મળી તે કામ ધર મેળે બ્યાજીત પતાવવું. આ કરાર અમે રાજી ખુશીથી, અને શુદ્ધ બુદ્ધિથી કર્યો છે. એ પ્રમાણે આપણામાંના દરેકે બ્યાજીત ચાલવું. આ ખતમાં જે જે કબૂલ મંજૂર કર્યું છે તેથી જે ઉલટો ચાલે તે પોતાના ધર્મથી ફરે અને નાતનો ગુનેગાર થાય.'

એ ખત ઉપર વૈષ્ણવોએ મતાં કર્યાં; કેટલાકે ખુશીથી, કેટલાકે નાખુશીથી. સુધારાવાળા વૈષ્ણવો એ પર સહી કરવાને રાજી ન હતા. તેમની મોટલી ગુરૂજીએ તેમની વેહેમી સ્ત્રીઓની મારફતે ઝાલી. જે ઘરના ભાયડા મતાં કરવાની ના કહે, તે ઘરમાં બાયડીઓ છાતી કૂટે, રોય, અને લાંધણ કરે; કેટલીક મૂર્ખીઓ ચૂલામાં પાણી છાંટીને બેઠી રૂદન કરે ને માથાં કૂટે. ઘરમાંથી કલેશ કંકાશ દૂર કરવાને ભાયડા બાપડા અંતે હારને નારીઓની હકને લીધે સહી કરે. એમ ઘણાખરાનાં મતાં થયાં. આ મતાં કરનારનાં નામ અહીં પ્રગટ કરવાની ધારણા મેં રાખી નથી. ચાબુકને લલચાવનારનું નામ પણ મેં દાખલ કર્યું નથી. સુતેલો વિરોધ પાછો જગાડવાનો મારો ઇરાદો નથી. તે ક્રોધ હવે શમ્યો છે, માટે

શાંત પણે મીઠાશથી અને દોસ્તીની રાહે બેઉ પક્ષ હળી મળીને પાછલાં કૃત્યોનો વિચાર કરી શકે. આ ગ્રંથની મતલબ ભલું કરવાની છે, બુરૂં કરવાની નથી. સહી કરનારામાં કેટલાક મોટા શેઠીઆ, જસ્ટિસ ઓફ ધી પીસ, અને ગ્રાન્ડ જુરીના મેમ્બર હતા, તેમના ઉપર તે વખતના લખનારાનો ગુસ્સો ભારે હતો. એ ગુસ્સાનું કારણ મને ખરૂં જણાતું નથી. એ પદવીઓ એમને એમના ધર્મના સંબંધમાં આપી ન હતી. ધર્મ વિશે બાળપણથી જે છાપ મનપર પડી હોય છે તે ભૂસવી કઠણ છે; તેને થોડાજ વીરલા પુરૂષ ભૂસી શકે છે. વહેમને દૂર કરવો એ નાની વાત નથી. પાખંડ તજવો એ મોટી વાત છે. હિંદુ, પારસી, મુસલમાન, ખ્રીસ્તી વગેરે સર્વને આ લાગુ પડે છે. પોતે જે બાળપણથી માને તેને વળગી રહેવાનો મમત સ્વાભાવિક છે. મિથ્યા મમતને તજવો એ તર્ક શક્તિ અને સુદૃઢતાનો જય છે. ધર્મ સંબંધી એ શકિતનું બળ થોડા માણસમાં ફાલે છે. ફાલ્યા પછી નાત જાતના ડરની જોડે લડવું પડે છે.

ઉપલા ખતમાં ત્રણવાના હતાં. (૧) હરકોઇ મહારાજને કોરટમાં જવું ન પડે એવો કાયદો સરકારમાં મંજૂર કરાવવો. એ માટે દરેક વૈષ્ણવ જાતિમાં ટીપ કરી ૩૬૦,૦૦૦) ને શુમારે ઉઘરાવવાનો મનસુબો કર્યો. તે વડે કોઇ કાબીલ બારિસ્ટરને વિલાયત અરજી કરવા મોકલવો, તથા બીજો એ બાબતનો ખરચ કરવો. (૨) જે કેસમાં મહારાજ વાદી કે પ્રતિવાદી હોય તે ઘરમળે પંચાત કરી પતાવવો. (૩) જે વૈષ્ણવ મહારાજની કે તેના પંથની વિરૂદ્ધ લખે તેને નાત બહાર મૂકવો. આ છેલ્લી તોપ કરસનદાસ મુળજી ભણી તાકીને ગોઠવી હતી. હવે કેમ કરવું એ વિશે તે ગુંચવણમાં પડ્યા. જે વૈષ્ણવ મિત્રો એને છાની મદદ કરતા હતા, જે જાતિલા એના ગુપ્ત મળતીઆ હતા તેઓ એને નાતની બાબતમાં ટેકો આપી શકવાના નથી એ તેના જાણવામાં હતું. નાત બહાર રહેવામાં ભારે સંતાપ છે, તે સહન કરવા, પોતાના દેશની સેવા બજાવવી, અને સ્વધર્મીઓ જે વહેમ અને અનીતિના ખાડામાં પડ્યા હતા તેમને બહાર કાઢવાની કોશીશ કરવી, કે ભયથી કાયર થઇ આ ગૂલામી ખતને તાબે થવું, એ પ્રશ્નો કરસનદાસના મનમાં ઘોળાવા લાગ્યા. જો આ વખત તાબે થઈ ચૂપ રહ્યા, આ વેળા ભય પામી પાછા હઠ્યા તો પછી સુધારો કરવાની આશા કેમ રાખી શકાય? બીકણ મિત્રો ઘાટે ઘાટે કરવાની, બીજા લાગની વાટ જોવાની, શત્રુનું જોર ભારે છે માટે હાલ સામા ન થતાં સલાહ કરવાની સલાહ આ-

પત્રો લાગ્યા. હિમ્મતવાન દોસ્તોએ યાહોમ કરી જંપલાવી પડવાનો અભિપ્રાય આપ્યો. પણ જોડે નાત બહાર રહેવાને કોઈ તૈયાર ન હતું. આવતા રવિવારનું સત્ય પ્રકાશ વાંચવાને લોક ટમટમી રહ્યા હતા. મોટા વેરીને ધુંધવાની અને તેથી સુધારાવાળાનો પરાજય કરવાની જોગવાઇ ઠીક હાથ આવી છે એમ ધારી મહારાજના પક્ષકારો મગન થતા હતા. સુધારાના મિત્રો દિલગીર હતા, કેમકે બન્ને તરફ બળ સમાન દેખાતું ન હતું; અજ્ઞાન, વહેમ, અને પાખંડનું જોર જાસ્તી જણાતું હતું.

કરસનદાસ મુળજી જન્મથી વાણીઆ હતા, પણ ગુણે ક્ષત્રિય હતા. મોટા માણસનાં લક્ષણ તેણે આ સમે દેખાડ્યાં. સ્વાર્થપર નજર ન રાખતાં તેણે પરમાર્થ ઉપર દૃષ્ટિ કરી. નાતબહાર રહેવાથી પોતાના પંડને જે અડચણો પડે તેઓથી ન બીતાં સ્વધર્મીઓને પોતાના આ વખતે ચૂપ રહેવાથી જે મોટાં નુકશાન થાય તેનાં વિચારને વધારે વજન આપ્યું. કળજુગના દૂતોને આ વેળા ફાવવા દીધા તો સુધારાનું ઝુમખું ઝાડ તુરત નાશ પામે, અસત્ય અને અનીતિનો પ્રવાહ બીન હરકતે વધ્યો જાય અને વહ્યો જાય, તથા પગે બેડીવાળા કેદીઓને* હાથે કડી જડાય, અને મ્હોડે તાળાં દેવાય. વલ્લભાચારી વૈષ્ણવ જ્ઞાતિઓનું દેખાદેખી બ્રાહ્મણાદિ બીજી નાતોમાં બંદોબસ્ત થાય એટલે દેશમાંથી અંધારાને કાઢવાની આશા ભંગ થાય. સ્વદેશ પ્રીતિને આધીન થઈને, પોતાના દેશમાં આવાં માઠાં પરિણામ થતાં અટકાવવાને, અને પોતાના જાત ભાઈઓના ભલાને માટે બહાદૂર કરસનદાસ લડાઇના મેદાનમાં ધસ્યા.

આ ગૂલામી બત લખાયા પછીના રવિવારે સત્ય પ્રકાશ પત્ર પ્રગટ થયું તેમાં કરસનદાસ મુળજીએ તેનો ધાણ વાળ્યો. એ ભુંડા લેખને ચુંથવાની જરૂર અને પોતાની ફરજ જણાવી. એમાંની દરેક બાબત ઉપર છૂટથી અને છટાથી ચરચા કરી. પચાસ સાઠ હજાર રૂપિઆ ખરચી બારિસ્ટરને ઇંગ્લાંડ મોકલ્યાથી ધારેલું કામ પાર પડવાની આશા કેટલી લૂલી છે તે બતાવી એ રૂપિઆ વિક્ટોરિઆ મ્યુઝિયમને ભેટ કરવાની ભલામણ કરી. પરંતુ મહારાજોને કોરટોમાં જવું ન પડે એવું કરવાની બીજી વધારે યોગ્ય, માનભરેલી, અને લાભકારી રીત સૂચવી. બીજાના કજીઆમાં હાથ ન ઘાલતાં, પારકાની ભાંજગડમાં

* ભરત ખન્ડની બહાર વહાણે કે પગ વાટે જેને જવાને મના તેઓ પગે બેડી વાળા કેદી ગણી શકાય; એમના પગને સ્વાધીનતા નથી.

ન પડતાં મહારાજે સુનીતિએ વર્તી પોતાનો ગુરૂ ધર્મ યથાર્થ બજવે તો તેમના સઘળા સેવકોનો અને મિત્રોનો પ્રેમ તેમના ઉપર રહે; નાણા ધીરવાનું કામ કે બીજા દુનીઆદારીના ધંધા ન કરે; બીજાની મીલકત લેવાનો લોભ ન રાખે, મીલકત સંબંધી અદાલતમાં ચડવું પડે તેવું ન કરે તો પછી તેમને કોર્ટના સમનની ધાસ્તી રહે નહિ. નિત્ય સુનીતિનો ઉપદેશ કરી પોતે તે પ્રમાણે ચાલે, અને ધનવાન અને નિર્ધન બધા સેવકોને સમાન ગણે તો પછી કોરટમાં ઘસડાવાનો દિવસ કદી ન આવે. પ્રપંચમાં પડે તેને પ્રપંચની પીડા નડે. લેણ દેણ અને માલ મીલકતના ટંટામાં પડયા છતાં સેવકોને ફરમાવવું કે કોઈ ગુરૂને કચેરીમાં બોલાવવા નહિ એ મોટો જૂલમ. મહારાજે ખોટાં કામ કરે તોપણ તેમનું મન દુખાય તેવું કોઈ વૈષ્ણવે છાપવું નહિ એ વળી ઉપલાથી વધારે મોટો જૂલમ છે. ઈંગ્રેજ સરકારના બળને મુકાબલે મહારાજનું બળ કાંઈ લેખામાં નથી, તોપણ સરકારે એવો હાની કારક કાયદો કર્યો નથી, તો મહારાજની શી તાકાદ છે કે એ નિયમ ચલાવી શકે. પ્રજામાં જેથી બીગાડ થાય તે જાહેર કરવામાં, અને તે પર ટીકા કરવામાં પ્રમાણિક છાપાવાળા કોઇના બાબ્યા રહેવાના નથી. સત્ય પ્રકાશમાં મહારાજોની કે હરકોઈ બીજાની જૂઠી નિન્દા કદી પ્રગટ કરવામાં નહિ આવે, પણ જે સાચું છે તે પ્રસિદ્ધ કરવામાં નાત બહારનો કે હરકોઈ બીજા જૂલમનો ડર રાખવામાં નહિ આવે. મહારાજોએ અને તેમના સેવકોએ છાપાવાળાના હોઠ સીવી લેવાની કોશીશથી પોતાનું કામ બરાબર કર્યુ. જે કામમાં ગુરૂજી વાદી કે પ્રતિવાદી હોય તેમાં વચમાં પડી સેવકોએ પંચાતથી ઘરમેળે પતાવવું એ ઠરાવ બેવકુફી ભરેલો છે. સેવક હશે તે અથવા કદાપિ હિંદુ હશે તે નાતના ભયથી સમજ્યો સમજે, પણ પારસી, મુસલમાન, યાહુદી વગેરે પર કોમના માણસો જોડે વાંધો પતાવવો એ અતિ કઠણ છે. નાણા બરચતાં સેવકોના ડૂચા નિકળી જશે. તેઓ જે માગે તે આપતાં પાર કેમ આવશે? લેખની કલમો કેવી વિનાશકારી છે તે બતાવી તથા ઠપકો અને શિક્ષામણ દઈ કરસનદાસે શેઠીઆઓને એક બાબતમાં શાબાસી આપી છે. મહારાજોની વિરૂદ્ધ જે છાપામાં છપાય તે સેવકોએ વાંચવો નહિ અને રાખવો નહિ, એ કલમ શેઠોએ કબૂલ કરી નહિ માટે બતમાંથી કહાડી નાખવી પડી. છેલ્લે જે શેઠો સુધારા કરવામાં આગેવાન હતા તેમણે પણ ગૂલામી બતમાં મતાં કરી બેડીઓ પહેરી ગૂલામ થયા તેથી બેદ જણાવ્યો, અને પરમેશ્વરની પ્રાર્થના કરી કે

તેઓનું લક્ષ તેઓની આબરૂ ઉપર, તેઓની લોકમાં સ્થિતિ ઉપર, અને જાતભાઈના કલ્યાણ ઉપર લગાડી એ પોતાને હાથે બાંધેલાં બંધનો તોડી છૂટા થવાની તેમને મતિ આપે. ઇંગ્લાંડથી સુધારાનો જે પ્રવાહ આપણા દેશમાં આવવા લાગ્યો છે તે કદી અટકવાનો નથી એવો ભરોસો દેખાડ્યો તે ખરો પડ્યો છે. *

એમ લેખણ રૂપી શસ્ત્ર લઈ રણસંગ્રામમાં કરસનદાસ ઉતર્યા. તેમની કુમકે બીજા આવ્યા ખરા, પણ તેમણે હોરીઓની પેઠે બુરખા પહેર્યા હતા તેથી તેઓ ઓળખાયા નથી. એમણે પણ પોતાના દેશની સેવા કરી, તથાપિ ઉઘાડા પડી તેમણે પોતાના વિચાર જાહેર કર્યા હોત તો ફળ વધારે થાત. ગૂલામી ખતનું ગેરવાજબીપણું, તેનો જૂલમ, તે પાળેથી જે ભારે ખરાબી થવાની તે, તેની ચેતકુફાઇ વગેરે દોયો. હેંડબીલોમાં છપાવી લોકમાં મફત વહેંચ્યાં. એક નીકલ્યું, તેની પાછળ બીજું, તેની પાછળ ત્રીજું, ચોથું, પાંચમું, એમ હેંડબીલ રૂપી તીર સપાસપ છૂટ્યાં. સત્ય પ્રકાશમાં એ ઇનામના નિબંધની જાહેર ખબર છપાઇ, એક ગૂલામી ખત વિશે, અને બીજો મહારાજાના અધિકાર વિશે. આ જબરા હૂમલાએ કરીને ધારેલો હેતુ પાર પડ્યો. અજ્ઞાનની ફોજ પાછી હઠી અને સુધારાવાળાની ફતેહ થઇ. શૂરવીર કરસનદાસે બાપડા હિંદુઓને મોટી આફતથી ઉગાર્યા. ધન્ય છે એ ઉત્તમ કપોળને!!!

કરસનદાસને નાતબહાર મૂકવાની હિમ્મત કોઇની ચાલી નહિ. મહારાજો અને તેમના પક્ષકાર સેવકોને ધાસ્તી લાગી કે એને નાત બહાર મૂકવાથી કોરટે ચડવું પડશે. ત્યાં ફજેતી થશે, ને ફજેતી થયા પછી પણ પરિણામ શું થશે તે નક્કી કહેવાય નહિ. એમ વિચારી તેમણે ગૂલામી ખત પ્રમાણે સત્ય પ્રકાશના અધિપતિને નાત બહાર ના મૂક્યો. એ કલમ રદ ગયાથી તે દુષ્ટ ખતની બીજી કલમો રદ ગઇ. કરસનદાસને નાત બહાર મૂકી શક્યા નહિ તે જોઇ તે ખતની બીજી બાબત અમલમાં લાવવાને ટીપમાં ભરેલાં નાણાં વૈષ્ણવોએ આપ્યાં નહિ; મહારાજોના અને તેમના વહેમી દાસોના ઉમંગ ભંગ થયા; તેમના મનના મનોરથ મનમાં રહ્યા, અને મુંબઇના મુખ્ય મહારાજ જીવણલાલજીને મુંબઇથી નાસી જવું પડ્યું.

* એ વરસના સત્ય પ્રકાશનું પુસ્તક મને મળ્યું હોત તો વલ્લભ કુળના મહારાજોના પંથના કરસનદાસ પ્રત ઇતિહાસમાંથી આમાં સાર લીધો છે તેને બદલે એ વિષયનો પૂરો ઉતારો કરત

જે વૈષ્ણવે ચાબુક પત્રના અધિપતિની ઉપર આબરૂને નુકસાનનો દાવો અદાલતમાં માંડ્યો હતો તેમાં તે જીત્યો. ખરચ સાથે હૂકમનામું ચાબુકની વિરૂદ્ધ થયું. એના નાણા આપવાની તેમાં ગુંજાસ નહતી. જેના કહેવાથી તેણે લખ્યું હતું તેણે મદદ કરવાની ના પાડી, તેથી તે લાંચીઓ નીચ હેરાન થયો; પેલાનું નામ વગેરે છાપી વેર વાળવાનુ કર્યું.પણ તેથી નાણા મળ્યાં નહિ ને ચાબુક દુઃખમાં મુવો. લાંચ લઈ કામ કરેછે તેના એવા હવાલ ઘણીવાર થાય છે. લાલચ દેનાર ગરજાઉ છે, ખરો મિત્ર નથી. ઘણીક વાર ગરજ સરી કે વૈદ્ય વેરી જેવું થાયછે, તો ગરજ ન સરે ત્યારે તેમ થાય તેમાં શી નવાઇ!

પ્રકરણ ૪ થું.

કરસનદાસનો ઉદ્યોગ. નીતિ વચન. બીજા ગ્રંથો. જદુનાથજી મહારાજ પુનર્વિવાહ સંબંધી વાદ.

સત્ય પ્રકાશ પત્ર પૈસા રળવાને કરસનદાસ ચલાવતા નહિ. કુધારાનો નાશ કરવાને, અજ્ઞાન, વહેમ અને મૂર્ખાઇને દેશમાંથી નસાડવાને, અને હિંદીઓના આ લોક અને પરલોકના સુખમાં વધારો કરવાને કેવળ પરમાર્થે એ પત્ર ચલાવતા. એ પત્રની કમાણથી ઘર ખરચ નિભે તેવું ન હતું. ગુજરાન માટે કરસનદાસ બીજા ઉદ્યમ કરતા. વિલેથી પાછા આવ્યા કેડે તેણે મુબાઇમા કોટની બ્રાંચ સ્કૂલ જે એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યુશનની શાખા હતી તેમાં આસિસ્ટંટ માસ્તરની નોકરી મળવી.

સને ૧૮૫૯માં નીતિ વચન નામે પુસ્તક રચી તેણે પ્રગટ કર્યું. એ ચોપડી શેઠ મંગળદાસ (હાલ સર મંગળદાસ) નથુભાઇને અર્પણ કરી છે. પોતાના ધનનો સારો ઉપયોગ કરનારા ઉદાર અને વિચારવાળા એ શેઠ ભાઈ કરસનદાસને વિદ્યા અને સુનીતિનો પ્રસાર કરવામાં સદા મદદ કરતા, અને તેની પરોપકાર બુદ્ધિ, સુધરેલા વિચાર, અને સ્વદેશ પ્રીતિને ઘટે તેવું માન આપતા તેથી આ અર્પણ પત્ર યોગ્ય છે. આ નાનું ૨૧૨ પાનાનું પુસ્તક ઘણું વખાણવા જોગ છે. એની ભાષા સહેલી, અને વિષયો બધા સુબોધકારક છે. એમાં ખરેખરાં નીતિ વચન છે. અનેક સંસારી બાબતો વિષે ઉત્તમ શિખામણ, મનોવિકારને વશ રાખવાની સૂચના, ઈશ્વર ભક્તિનો ઉપદેશ, વગેરે અતિ ઉપ

યોગી બાબતો એમાં છે. એની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે "અત્રેનાં જે વર્ત્તમાન પત્ર તથા ચોપાનીઆમાં સાથે આ પુસ્તક રચનારનો સંબંધ હતો તે વર્ત્તમાન પત્ર તથા ચોપાનીઆમાં થોડી મુદ્દત ઉપર છૂટી છૂટી (બીના) લખાઇ હતી, તે સઘળી બીનાઓ ફરીથી લખીને, તથા તે મધે અગતનો ફેરફાર સુધારો તથા વધારો કરીને, આ પુસ્તકના આકારમાં બાહાર પાડી છે." એ વર્ત્તમાન પત્રોમાં એનું પોતાનું સત્ય પ્રકાશ હતું, રાસ્તગોફતારમાં તેમનું લખાણ પ્રગટ થતું,પણ એ ઉપરાંત બીજાં કયાં વર્ત્તમાન પત્રોને માટે કરસનદાસ લખતા તે મારા જાણવામાં નથી. એમણે થોડાંક વરસ સ્ત્રીબોધ ચલાવ્યું; બુદ્ધિવર્ધક અને જ્ઞાન પ્રસારક માસિક ગ્રંથોમાં એના લખેલા વિષયો છપાતા, તે સિવાય બીજા કયાં ચોપાનીઆં સાથે એમને સંબંધ હતો તેની મને ખબર નથી. નીતિ વચનમાંની "સઘળી બીનાઓ નહાની તથા મોટી ઉમરના અને સર્વ કોમના તથા જાતના લોકોને એક સરખી રીતે ઉપયોગમાં આવે એવી રીતે રચવાને આ પુસ્તક બનાવનારે પોતાની તરફથી કાંઇપણ કસર રાખી નથી." ગ્રંથ કર્ત્તાનું આ કહેવું ખરૂં છે. આ સદ્‌ગુણ બોધક ચોપડી બધા ગૂજરાતી વાંચનારથી સમજાય અને સૌને ગુણ કરે એવી છે. એ રસિક નથી પણ બોધકારક છે. પુરસદને વખતે ગમતને સારૂ નથી, પણ ઠરવેલી વેળા એ ગંભીરતાથી વાંચી વિચાર કરવાને છે. એ પુસ્તક વિશે આગળ વધારે કહેવામાં આવશે.

કરસનદાસે બીજી ઉપયોગી ચોપડીઓ પ્રગટ કરી છે. એ નર મોટા ઉદ્યોગી હતા. પગારી નોકરી સરસ બજાવતા, તેની જોડે વર્ત્તમાન પત્રો અને ચોપાનીઆંને માટે લખતા છતાં ગ્રંથો રચવાનો એમને વખત મળતો. એનું શરીર નાજુક, અને તનદુરસ્તી ઘણીકવાર નબળી રહેતી હતી, તોપણ તેનું મન ચંચળ અને હમેશ ઉદ્યમમાં રહેતું. એના એક મિત્રે એનાં બનાવેલાં તેર પુસ્તકોનાં નામ મને આપ્યાં છે—૧ નીતિ વચન, ૨ શબ્દ કોશ, ૩ સંસાર સુખ, ૪ કુટુંબ મિત્ર, ૫ ભેટ પોથી, ૬ નિબંધ માળા, ૭ પાખંડ ધર્મ ખંડન નાટક, ૮ વેદ ધર્મ, ૯ મહારાજાનો ઇતિહાસ (ઇંગ્રેજીમાં), ૧૦ લાઇબ્લિ કેસ રીપોર્ટ, ૧૧ પ્રવાસ પ્રવેશક (ઇંગ્રેજીમાં), ૧૨ પ્રવાસ પ્રવેશક ગૂજરાતીમાં, ૧૩ ઇંગ્લાંડમાં પ્રવાસ. એ ગ્રંથોની બાબત, તેઓની ઇબારત, તેઓના ગુણ અને દોષ વિષે પ્રસંગોપાત મારા વિચાર જણાવીશ.

મુંબાઇના મહારાજો કરસનદાસને મ્હોડે ડૂબો દઇ શક્યા નહિ તેથી સુધારા પક્ષના વૈષ્ણવોનું બળ વધવા લાગ્યું. જેમ એમનું જોર વધતું ગયું તેમ મહારાજોનું ઘટતું ગયું, તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચી, અને તેમની પેદાશ ઘટવાનો સંભવ જણાયો; વળી મુંબાઇની અસર બીજાં શહેરો ઉપર પણ થાય. એમ પોતાના પંથની પડતી થાય તે અટકાવવાને સૂરતના મોટા મંદિરના મહારાજ જદુનાથજી સને ૧૮૬૦ના મધ્ય ભાગે મુંબાઇ આવ્યા. એના બાપ વૃજરતનજી (શ્રીજરતનજી)ને સૂરતના વિદ્વવાન અને સુધારાવાળાના આગેવાન મેહેતાજી દુરગારામ મંછારામનો સંગ હતો. મેહેતાજીને મંદિરમાં માન પૂર્વક તેડી તેમની વાતો અને શિખામણ સાંભળતા, તેમની જોડે ધર્મ, જદુ, વિદ્યાભ્યાસ, ઇંગ્રેજી રાજમાં વિદ્યાનો પ્રસાર થવાથી લોકના વેહેમને તૂટવાનો સંભવ, અને ચાલતા પંથોને સુધારવાની જરૂર વગેરે બાબતો વિષે મંદિરમાં મેહેતાજી ચરચા કરતા તેથી બાપ દીકરાના મનપર કાંઇક અસર થઇ હતી. મુંબાઇના જીવણલાલજીની પેઠે સૂરતના વૃજરતનજી તેમના પિતરાઇઓથી શાણા હતા. એમને વિદ્યા ઉપર પ્રેમ હતો. દીકરાને ભણાવી સારા કરવાનો તેમણે પ્રયત્ન કર્યો; પણ તે પાર પડ્યો નહિ. મોટાના દીકરામાં કોઇજ ભણે છે. અયોગ લાડને વિદ્યા અને સદ્‌ગુણ જોડે બનતુ નથી. જદુનાથજીને અંગકસરત કરવી ગમતી, તેથી શરીરે લઠ પરંતુ સુનીતિની છાપ મનપર નહિ પડવાથી મસ્ત હતો. સૂરતમાં પ્રથમ તેની પ્રખ્યાતિ કનકવા લડાવવામાં થઇ ને પછી દુરાચરણમાં થઇ. બાપની ગાદીએ બેઠાથી સ્વતંત્ર થયા તેવારે તેના કુકર્મમાં વધારો થયો. મહાપાપી કર્મ કરનારને મેહેતાજી દુરગારામનો બોધ કેમ સુધારી શકે? તોપણ જદુનાથજી સુધારાનું ડોળ કરતો. વૈષ્ણવોને ધર્મનું જ્ઞાન કરવાને માસિક પુસ્તક છાપવાનો મનસુબો તેણે મેહેતાજી જોડે કર્યો, અને છોકરાને ભણાવવાને મોટી નિશાળ મંડાવી. એ મુંબાઇમાં આવ્યો ત્યારે એનાં કુકર્મ ત્યાં પ્રસિદ્ધ થયાં ન હતાં. એ સુધારાના પક્ષમાં છે, એવી વાત ચાલી. તેને મંદિરે સુધારાવાળા ને કુધારાવાળા બન્ને આવે.

જદુનાથજી ચતુર હતો એમાં શક નથી. મુંબાઇ આવવાનો મુખ્ય હેતુ તેણે જાહેર કર્યો નહિ. લાઇબલની ફર્યાદી માંડવી હોય તો ફર્યાદ કરનારને જાતે અદાલતમાં જવું પડે કે તે ના જાય તો ચાલે એ વાતની તજવીજ તેણે પ્રથમ યુક્તિથી કરી પણ તેથી સુધારાવાળા ચેત્યા નહિ. તેમના મનમાં પાપ ન હતું. તેમનો હેતુ મહારાજોને સુનીતિવાન કરવાનો હતો. પોતે સુધરી સેવક

સેવકીઓને સુધારે એટલુંજ તેઓ ઇચ્છતા હતા. બીગડેલો ને મૂળથી સડેલો પુષ્ટિ માર્ગ તોડી તેને ઠેકાણે નવો સુધરેલો પંથ સ્થાપવાનો ઇરાદો તેમના મનમાં હજી ઉત્પન્ન થયો ન હતો. જદુનાથજીએ સૂરતમાં પોતાને ઘરચે નિશાળ સ્થાપી છે, અને તે સુધારાને ટેકો આપે છે, એવી વાત મુંબાઇમાં ચાલી. મંગળદાસ કન્યાશાળામાં વાર્ષિક પરીક્ષાનાં ઇનામ આપવામાં પ્રમુખ સ્થાને બીરાજવાને જદુનાથજીએ હા કહી. એથી સુધારા પક્ષમાં આનંદ પ્રસર્યો. જૂના વિચારના અજ્ઞાન લોક સ્ત્રી કેળવણીની વિરુદ્ધ હતા. દીકરીઓને નિશાળે મોકલવી એ તેમને ગમતું નહિ. કેટલી મહેનતે થોડા મોકલતા. ગુરુઓ કન્યાશાળાને ઉત્તેજન આપે તો સેવક સેવકીઓ વાંધો લે નહિ એવું ધારી કેટલેક અવસરે મુંબાઇના મહારાજોને નિશાળમાં પધારવાને, તથા ઇનામ વહેંચવાની સભામાં આગેવાન થવાને વિનંતિ કરેલી, પણ તે તેમણે સ્વીકારેલી નહિ. સૂરતના મહારાજ સુધારાને ટેકો આપે છે એવું સાંભળી કરસનદાસે સત્ય પ્રકાશમાં તેમને આદરમાન દઇ આશા બતલાવી કે તે કેળવણીને આધાર આપશે. મંગળદાસ નથુભાઇ કન્યાશાળાને ઇનામ આપવાને મીજલસ ભરાઇ ત્યાં મોટા શેઠ શાહુકારો, ભાટીઆ ઠકરો, સરકારી ઓધેદારો, અને સુધારાવાળા જુવાનોની વચ્ચે ઉંચે આસને બેસી જદુનાથજીએ સ્વહસ્તે છોડીઓને ઇનામ આપ્યાં તેવારે સ્ત્રી કેળવણીનો અને સુધારાનો જેજેકાર થયો. સુધારાવાળાની છાતી ફુલાઈ અને તેમનાં મન સંતોષ પામ્યાં. હોંસ અને હર્ષથી બુદ્ધિ વર્ધક મંડળીના સભાસદોનાં રૂવાં ઉભાં થયાં, અને સુધારાના રણસીંગાએ સૂરતના મહારાજ જદુનાથજીની સ્તુતિ ફુંકી. સત્ય પ્રકાશના અધિપતિની આશા સફળ થઇ. તેણે જદુનાથજી મહારાજનાં વખાણ પોતાના પત્રમાં છાપ્યાં. સાધુને વેશે દૈત્ય આવ્યો હતો તેણે સર્વને એમ ભૂલ થાપ દીધી.

સૂરતમાં કુરગારામ મહેતાજી નિરપરાધી બાપડી વિધવાઓની વહારે ચડ્યા હતા. તેમને પુનર્લગ્ન કરવાની છૂટ આપવી જોઇએ, અને સ્મૃતિ શાસ્ત્રમાં આપેલી છે એવો બોધ તેઓ કરતા. એથી સૂરતમાં એ વિષે બહુ ચરચા ચાલી હતી તેથી તથા મહેતાજીના સમાગમથી જદુનાથજી એ બાબતમાં અજાણ્યા ન હતા. મુંબાઇમાં એવી વાત થવા લાગી કે એ મહારાજ અંદરખાને પુનર્વિવાહના પક્ષમાં છે, અને સિંધમાં તેણે કેટલાક સેવકને તેમની નાતમાં ચાલ નહિ છતાં, તે કરવાની રજા આપી હતી. એનો લાભ લે-

વાનો મનસુબો સુધારાવાળાએ કર્યો. કવિ નર્મદાશંકર લાલશંકરે દ્વે એ બા-બતમાં મુંડો ઝાલી આગળ પડ્યા. શાસ્ત્રમાં રજા હોય તો વિધવા પુનર્લગ્ન કરે એ ઠીક છે એમ જદુનાથજી છચોક કહેતા, પણ શાસ્ત્રમાં રજા છે એમ કહેવાને મુંબાઇમાં અચકાયા. સુધારાવાળાની સંખ્યા થોડી, તેમનું જોર કમ, અને તેમના સામાવાળીઆનો વગ ભારે અને સંખ્યા મોટી, તથા બીજા મહારાજો ઉલટા વિચારના તેથી ભય પામીને જદુનાથજી પાછા હઠ્યા. પણ શૂરવીર નર્મદાશંકરે તેમને છોડ્યા નહિ. ૧૮૬૦ના અગસ્ટ માસની ૧૫મી તા-રીએ તેણે જદુનાથજીને પત્ર લખી માગ્યું કે શાસ્ત્રાર્થ કરવાને સભા ભરો, અને મારો જોડે વાદ કરો. શાસ્ત્રમાં વિધવા પુનર્લગ્ન કરવાની મંજૂરી છે એ હું ભરી સભામાં સિદ્ધ કરી આપીશ. એ આમંત્રણના હેંડ બીલો છાપી લોકમાં વહેંચ્યાં. જદુનાથજીએ નોતરૂં કબૂલ રાખ્યું, અને ૬ દિવસ પછી સભા બો-લાવી. સુધારાનો પહેલવાન અંગ બળમાં કુધારાના મલની જોડે બરાબરી કરી શકે તેવું ન હતું, પણ જ્ઞાન બળમાં તે તેનાથી સરસ હતો. કરસનદાસ મુળજી, કરસનદાસ માધવદાસ, દાકટર ધીરજરામ દલપતરામ, મથુરાંદાસ લવજી, રામદા-સ ભાણજી, વગેરે સુધારાના નાયકોને અને સુધારાના ઘણાક સિપાઇઓને તથા શાસ્ત્રનાં પુસ્તકોને જોડે લઇ કોડીલા કવિરાજ એ દિવસે સેનાપતિ થઇ સંગ્રામે ચડ્યા. એમને જોઇ કુધારાનો સેનાપતિ મનમાં ચૂન્યો અને ડર્યો,તથા તેની ફોજ ઘાએ બળી. ધર્મ યુદ્ધમાં જીતવાનો ભરોસો ન પડવાથી જદુનાથજીએ કપટથી લડવા માંડ્યું. વિધવા પુનર્વિવાહ વિષે વાદ ન કરતાં તે આડા ઉતર્યા. જે બાબત નિર્ણય કરવાને મળ્યા હતા તે કોરે મૂકીને કેવળ જૂદી તકરાર ઉઠાવી. હિંદુ પ્રજાના મનમાં સુધારાવાળા વિષે તિરસ્કાર ઉત્પન્ન કરવાને તેણે નર્મદાશંકર-ને પૂછ્યું કે તમે વેદ શાસ્ત્રોને ઇશ્વરકૃત માનો છો કે નહિ? ભોળા કવિ અને તેના તરૂણ મિત્રો આ ફાંદામાં ફસાયા,અને જદુનાથજી વધારે પાકા હતા એમ સાબિત થયું. વિધવા પુનર્લગ્ન વિષે નિર્ણય કરવાને સભા મળી છે અને અમે તે કારણ સર આવ્યા છીએ માટે જે બાબત તેને લગતી નથી તેનો ઉત્તર હાલ નહિ દઇએ, અમે શાસ્ત્રને ઇશ્વર કૃત માનીએ છીએ કે નહિ તે જણાવવાને અત્રે આવ્યા નથી, પણ હિંદુશાસ્ત્રમાં વિધવા પુનર્વિવાહની રજા છે તે સિદ્ધ કરી આપવા આવ્યા છીએ, માટે તેજ બાબત બોલીશું એવી હઠ ન પકડતાં જદુનાથજીએ આડે રસ્તે દોર્યા તેમ જઇ ભૂલા પડ્યા. સુધારાવાળા

આપણાં ધર્મ શાસ્ત્રોને અને ધર્મને માનતા નથી એવું લોકને દેખાડવાની જદુનાથજીની ધારણા પાર પડી. વિધવા પુનર્લગ્ન સંબંધી શાસ્ત્રાર્થમાં હાર ખાવાના સંભવથી આ યુક્તિવડે બચી મહારાજે કવિના હૂમલાને પાછો વાળ્યો. પરંતુ કવિની પડખે તેનો મિત્ર કરસનદાસ વીરો ઊભો હતો તેણે જદુનાથને વિજય ભોગવવા દીધો નહિ; બંબ ઠોકી સામા આવી તેને એવો આંતર્યો કે મહારાજ છટકી જવા પામ્યા નહિ.

પૂછેલા પ્રશ્નના ઉત્તર સત્ય પ્રકાશમાં આપી જદુનાથજીની પાસે પ્રતિ ઉત્તર માગ્યા, અને નવા સવાલ પૂછ્યા. કિયાં શાસ્ત્રોને અનાદિ અને ઈશ્વર કૃત માનવાં અને કિયાંને મનુષ્ય કૃત તે નક્કી કરવાનાં સાધન પ્રજાને જણાવી વાંચનારને નિર્ણય કરવાને શક્તિમાન કરવાનો મનસુબો કરસનદાસ, નર્મદાશંકર, મથુરાંદાસ લવજી અને તેમના સાથીઓએ કર્યો. જદુનાથજી પણ હિમ્મતવાન હતા. બીજા મહારાજોની ગોડે રાંડી રાંડ ડોશીનો ઉપાય ન કરતાં, એટલે બારણા વાસી ઘરમાં ભરાઈ ન બેસતાં, એટલે દર્શણ બંધ ન કરતાં મરદાની જુદ્ધ કરવાને મેદાનમાં ઉતર્યા.સત્ય પ્રકાશમાં પ્રગટ કરવાને જવાબ લખી મોકલ્યા એટલુંજ નહિ, પણ પોતાની તરફથી 'સ્વધર્મ વર્ધક અને સંશય છેદક' નામે માસિક પુસ્તક છપાવવા માંડ્યું. જંગ જબરો મચ્યો. વિધવા પુનર્વિવાહને નામે જે ઝઘડો ઉઠ્યો તેનું ૩૫ બદલાઇ મૂળ હિંદુ ધર્મ અને હાલના નવા પંથો વિશે સંવાદ ચાલ્યો. મુંબાઇમાં વાંચી શકે તેવા હજારો વૈષ્ણવ છતાં સ્વધર્મ વર્ધકને માત્ર થુમારે સવાબસેં ઘરાકજ થયાં હતાં. પરંતુ વિષ્ણુ પંચ, ચાબુક વગેરે બીજાં પત્રોમાં જદુનાથજી વિષયો લખી મોકલતા. કરસનદાસને અને તેના સુધારાવાળા સોબતીઓને નાસ્તિક, પાખંડી,મૂર્ખાદિક વિશેષણો લગાડવામાં કસર રાખતા નહિ. કળીયુગમાં ઉત્પન્ન થયેલા પંથો શાસ્ત્ર પ્રમાણે પાખંડી છે, તે પંથોના ગ્રંથો ખોટા છે, અને તેના આચાર્યો ધૂતારા છે, જે માર્ગનાં લક્ષણ તથા જે ગુરૂનાં આચરણ સુનીતિ વિરૂદ્ધ હોય તે સાચા નહિ અને માનવા જોગ નહિ એ દેખાડવાનો પ્રયત્ન સુધારાવાળાએ કર્યો.

પ્રકરણ ૫ મું.

કરસનદાસનો મોટો હૂમલો. જદુનાથજીની ફરીઆદી. કરસનદાસની તરફથી સાક્ષી આપવાની મનાઇ. તે મનાઇ કરનારને સજા.

જેવાં શસ્ત્રો વડે સુધારાવાળા યુદ્ધ કરતા હતા તેવાંજ, એટલે સાહી, કલમ, કાગળ, અને છાપાયંત્ર, લઇ જદુનાથજી પોતાના પૂર્વજે સ્થાપેલા પંથનું રક્ષણ કરવા, અને પોતાની તથા પોતાના કુટુંબીઓની ઉપજીવિકા, અને પ્રતિષ્ઠાનો બચાવ કરવાને આગળ પડયા. સંગ્રામ ચાલ્યો તેમાં વેદનું વચન "સત્યમેવ જયતે" ખરૂં પડયું. સુધારા અને કુધારાના જુદ્ધમાં જેની તરફ સત્ય હતું તેનો જય થયો. સવાલ જવાબ અને વિષયો સામ સામા પ્રગટ થવા લાગ્યા. પક્ષકારો વધારે જોસ પર ચડયા તેમ તેમનાં લખાણ વધારે સજ્જ થયાં. કરસનદાસ અને જદુનાથજી સામસામા આવી જાણે લાકડી પટે રમવા લાગ્યા. એક એકના ઘાથી બચવાનો પ્રયત્ન દરેક કરે ને સામાવાળીઆનો હાથ ચુકાવે. એવામાં લાગ આવ્યાથી કરસનદાસે જદુનાથને એવા ઝપાટા લગાવ્યા કે તેની કેડો ભાંગી, ને જીતવાની આશા રહી નહિ, ત્યારે રડતા રડતા સરકારમાં ફરીયાદ કરવા ગયા.સને ૧૮૬૦ના સપ્ટેમ્બરની ૧૬મીના ચાબુકમાં, અને ૨૯મીના સ્વધર્મ વર્ધકમાં જદુનાથજીએ સુધારાવાળાને જબરા ઝપાટા લગાવ્યા. એનો ઉત્તર ૨૧મી અકટોબર (૧૮૬૦)ના સત્ય પ્રકાશમાં કરસનદાસે છાપ્યો. "પ્રાચીન હિંદુધર્મ" એ મથાળા નીચે વલ્લભ સંપ્રદાય જડમૂળથી ઉખડી જાય એવો ભારે હૂમલો કર્યો. પુરાણાદિ શાસ્ત્રો પ્રમાણે એ પાખંડી પંથ છે એવું બતાવી ગોકુળનાથજીની ટીકાના વચનથી સિદ્ધ કર્યું કે તે મુજબ વર્ત્તનારા ગુરૂ અને સેવકીઓનો સંબંધ સુનીતિ શાસ્ત્ર વિરૂદ્ધ છે. દુરાચરણનો પાયો ગોકુળનાથજીના ગ્રંથમાં એવો ચણ્યો છે કે એ પંથમાં અધર્મ થયા વિના રહેજ નહિ. પોતાની ચાલ સુધારવાની અને બીજા વલ્લભાચાર્યોને સન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરવાની અને ગોકુળનાથનો ગ્રંથ રદ બાતલ કરવાની શિખામણ જદુનાથજીને દીધી. એ લખાણ પગથી માથા સૂધી ઝાળ લગાડે તેવું હતું, પરંતુ તેમાં અસત્ય કાંઈ ન હતું, દ્વેષ જરાએ ન હતો. દુર્ગુણનો નાશ અને સદ્‌ગુણની સ્થાપના કરવાના રૂડા હેતુથી શિક્ષા રૂપે લખ્યું હતું. પરંતુ પકડાય ત્યારે પોતાના અપરાધ માની અને તે માટે પસ્તાવો કરી જગત્‌ની અને પરમેશ્વરની માફી માગે એવા

સારા માણસ થોડાજ હોય છે. કાળાં કર્મ કરનારા જૂઠાણુથી પોતાનાં પાપ સંતાડવાનો પ્રયત્ન કરેછે તેમ નિર્લજ્જ જદુનાથજીએ આ વખતે કર્યું.

૧૮૬૨ના મે માસની ૧૪મી તારીખે એ મહારાજે ૩૫૦,૦૦૦)નો દાવો કરસનદાસ ઉપર મુંબાઇની સુપ્રીમ કોર્ટમાં દીવાનીમાં કર્યો. ૨૧મી ઓકટોબરનું સત્યપ્રકાશ રજુ કરી ન્યાયાધીશોને અરજ કરી કે એમાંના લખાણથી મારી આબરૂને નુકસાન થયું છે તેને પેટે એ રકમ એ પત્રના અધિપતિ કરસનદાસ મુળજી તથા તેના છાપનાર નાનાભાઇ રૂસ્તમજી રાણીના એ બે પાસેથી અપાવો. કરસનદાસના વકીલોમાં મુખ્ય વકીલ પ્રખ્યાત બારિસ્ટર આન્સ્ટી સાહેબ હતો. તેણે પ્રથમ વાંધો લીધો કે એ ફરીયાદો કોરટે સાંભળવી ન જોઇએ. બન્ને તરફના દલીલ દાખલા સાંભળી ન્યાયાધીશોએ ઠરાવ કર્યો કે ફરીયાદી સાંભળવી. ત્યાર પછી ૧૫મી આગસ્ટે પ્રતિવાદીઓની વતી મી. આન્સ્ટીએ જવાબ લખી દીધો તેનો મુખ્ય સાર એ હતો કે એ લખાણમાં વાદીની ખોટી નિન્દા નથી, અને એમાં જે કહ્યુંછે તે ખરૂં છે, એવું સાબિત કરવાને તૈયાર છીએ. આ જવાબથી મહારાજમાં અને તેમના સેવકોમાં ગભરાટ છૂટ્યો. કોરટમાં સાહેદી આપવા બોલાવે ત્યારે સોગન ઉપર મહારાજે શા ઉત્તર આપવા? પોતાના કુકર્મ વિશે સાચું બોલેથી હાની થાય, ને ઇનકાર કરેથી જૂઠી પ્રતિજ્ઞાની સજાની ધાસ્તીમાં આવી પડે. એમ બંને બાજુએ સંકટ જોઇ તેઓ મુંબાઇમાંથી નાસી ગયા. મોટી ઉમરના મહારાજમાં માત્ર વાદી રહ્યા હતા.

પ્રતિવાદીના પુરાવાનો મોટો આધાર ભાટીઆઓની સાક્ષીઓ ઉપર હતો. એ બિનાની સૂચના તે જ્ઞાતિના શેઠોને કરાવી. કચ્છી અને હાલારી ભાટીઆઓમાં કેટલાક દહાડા ધોળા ધોળ ચાલી. પ્રથમ નાતના કેટલાક આગેવાનો ખાનગીમાં વિચાર કરવા લાગ્યા. અંતે એમ ઠર્યું કે ભાટીઆની મહાજન વાડીમાં નાત મેળવવી, અને મહારાજની વિરૂદ્ધ કોઇ ભાટીઆએ સાહેદી પૂરવી નહિ, અને પૂરે તેને ધારા પ્રમાણે નાત બહાર મૂકી સજા કરવી એવા ઠરાવ પર બધા ભાટીઆની સહીઓ લેવી. ૧૮૬૨ના સપ્ટેમ્બરની ૬ઠી તારીખે ભાટીઆનું મહાજન મળ્યું ત્યાં જેઓ હાજર હતા તેમની સહીઓ એ ઠરાવ ઉપર લીધી, અને પછી બે ત્રણ દહાડા માણસો મોકલી જે નોહોતા આવ્યા તેમની કરાવી. જે ભલા ભાટીઆ સત્ય અને સુધારાને ચહાનાર હતા તેમણે જૂઠા કસમ ખાઇ પરમેશ્વરના ગુનેગાર થવાની રાઇ ના કહી,

અને એ ઠરાવ ઉપર સહી કરી નહિ. એમને નાત બહાર મૂકી શકે ત્યારે પહેલાં તો એ જૂઠાણું, એ જૂલમ, અને અધર્મ ઉઠાવનારા પંડે પટકાઇ ગયા.

આ ઠરાવ કાયદા વિરૂદ્ધ હતો કેમકે એથી ન્યાય થવામાં હરકત પડે. એથી કરસનદાસને ધનસાફ મળે નહિ માટે તેણે એ કામમાં નવ જણા આગેવાન હતા તેમના ઉપર માજીસ્ત્રેટની કોર્ટમાં ફોજદારી માંડી. એ નવ માણસનાં નામ, ૧ ગોકળદાસ લીલાધર, ૨ લખ્મીદાસ દામજી, ૩ આદત કીરપાળ, ૪ કાનજી શામજી, ૫ મુળજી મોરારજી, ૬ દામોદર હરજી ઉર્ફે દામજી હીરા, ૭ રાધુ શામજી, ૮ દયાળ જેરાજ, ૯ ભગવાનજી દ્વારકાંદાસ.

વાદીની વતી મેસર્સ આન્સ્ટી અને ડન્બાર, અને તોમતદારની તરફ મેસર્સ ભેલી અને બાર્ટન હતા. કન્સ્પિરસીનું, એટલે કાયદા વિરૂદ્ધ એક્કો અને વિચાર કરવાનું તોમત નવે જણપર મૂકયું. તારીખ ૧૧મી સપ્ટેમ્બરે (૧૮૬૧) માજીસ્ત્રેટ મી. ક્રાફોર્ડની કચેરીમાં એ કામની તપાસ ચાલી તે વેળા ભાટીઆ જાતિનો ગુસ્સો વાદી ઉપર ઘણોજ હતો. એ દિવસે કરસનદાસને સહીસલામત ઘેર જવા ન દેવા, અને રસ્તામાં જીવ લેવો એવો વિચાર કરીને આવેલા ધર્માંધ દુષ્ટો ત્યાં ઘણા હતા. જુબાની આપી કચેરીમાંથી નિકળતાં વારને જડસા લોક ધક્કા મારી હૂમલો કરવા લાગ્યા. ત્રણેક હજાર ધર્માંધ મૂર્ખા પોલીસ કોર્ટની મહિ અને બહાર ભેગા થયા હતા. જેને અજ્ઞાની જીવ પરમેશ્વર ધારતા તેવા ગુરૂની લાજ રાખવાની કોશીશ કરવા સારૂ પોતાની જાતના બે મોટા શેઠ અને સાત બીજા આગેવાનને કેદી થયેલા જોઇ ઘણાનો ગુસ્સો મર્યાદામાં રહ્યો નહિ. કરસનદાસને જોઇ રીસે દાંત પીસે, મનમાં દાઝે, ભાંડે, ને હાથમાં આવે કે પૂરો કરવાનો લાગ જોય. પણ તેમની ક્રૂર અને ભુંડી ઇચ્છા પાર પડી નહિ. પહેલા હલ્લાંથી નાસી કરસનદાસે માજીસ્ત્રેટનો આશ્રય માગ્યો, ને તે તેને મળ્યો. પંકાયલા પોલીસ કમિશનર મી. ફાર્જેટે ત્યારથી તેનું રક્ષણ કર્યું. માજીસ્ત્રેટે કામ સેશન કોર્ટમાં કમિટ કર્યું.

તા. ૧૨મી ડિસેમ્બરે મોટી અદાલતમાં સર જેમસ આર્નોલ્ડની હજૂરમાં આ ભાટીઆ કન્સ્પિરસી કેસ ચાલ્યો. અહિં કરસનદાસની જુબાની લેવાઇ તે પરથી જણાય છે કે એ વેળા એની ઉમર ૨૮ વરસની હતી. ભાટીઆની સંખ્યા મુંબાઇમાં ૧૦૦૦૦ ને સુમારે હતી; તેમાંનો ઘણો ભાગ ધર્માંધ મૂર્ખ હતો, ને થોડો સુધરેલા વિચારનો, સદ્‌ગુણી, અને પોતાની જાતિમાં સ-

દાચરણનો પ્રસાર થતો જોવાને ચાહનારો હતો. કરસનદાસને મોટી મદદ એ પાછલા ભાગની હતી. તે વખતે લોક એવું ધારતા હતા કે મયત સુધરેલા નામાંકિત શેઠ ગોકળદાસ તેજપાળ આ કામમાં ખરચવાના નાણા કરસનદાસને પૂરાં પાડે છે. એવું હશે તો કરસનદાસથી એ છાનું હતું. એ ઉદાર શેઠ ખરેખરા મહાજન હતા, અને પોતાના જાતભાઈઓના ભલાને માટે પ્રગટ કે ગુપ્ત પુષ્કળ ધન ખરચે તેવા હતા. કોઈ સખી પુરૂષે આ કામને માટે ૩૬૦૦) મોકલ્યા હતા, પણ તેનું નામ કરસનદાસના જાણવામાં ન હતું. ધન્ય છે એવા સજ્જનોને! એ વેળા કરસનદાસના મતના ૫૦ વાણીઆ મુંબઈમાં હશે એવું તેના ધારવામાં હતું. એ પ્રત્યાસમાં હીમત ધરી આગળ પડે એવા વીર થોડાજ હતા.

આ કામમાં બીજી શાક્ષી શેઠ લખ્મીદાસ ખીમજીની લેવાઈ. એ પણ શેઠ ગોકળદાસ તેજપાળની પેઠે સુધારાના મોટા મિત્ર અને સરદાર હતા. ભાટીનું મહાજન ભળવાને એમની રજા પ્રથમ લેવી જોઇએ, પરંતુ એ સુધારાવાળા છે એ સર્વના જાણમાં હોવાથી એમની પરવાનગી આ ગેરકાયદે મળવા બાબત માગીજ નહિ. તેમ છતાં એણે તોમતદારોમાંના કેટલાકને નાત મળ્યા પહેલાં સારી શીખામણ દીધી હતી. ગોકુળનાથજીની ટીકાનો અર્થ સત્ય પ્રકાશમાં ખોટો કર્યો હોય તો પંદર વીશ શાસ્ત્રીની સભા બોલાવી તેમની પાસે ખરો અર્થ લખાવી લેવાની તથા કોર્ટમાં સાચી વાત કહેવાની સલાહ એ સારા શેઠે આપી; પણ તે સામાવાળીઆએ માની નહિ. શેઠ ગોકળદાસ તેજપાળનો અભિપ્રાય એ મહારાજો બદ કામ ન કરે એવો બંદોબસ્ત આ તકે કરવાનો હતો. પણ તેમ કરતાં જદુનાથજી હારે માટે તેના પક્ષકારોએ તેમ કરવાની ના કહી. શેઠ લખ્મીદાસે મોટું ડહાપણ અને અગમચેતીનું કામ એ કર્યું કે આ ભાટીઆની નાત મળવાની ખબર મી. ફાર્જેટને કહી યુરોપીઅન કોન્સ્ટેબલને ત્યાં હાજર રખાવ્યો હતો. એની સાક્ષી કામ લાગી. પરંતુ ભાટીઆની સાહેદી વગર તોમત સાબિત થાત નહિ, ને ભાટીઆને સાચી સાહેદી આપવી એ આ વેળા ભારે સંકટનું કામ હતું. ઘરમાં બાઇડીઓ કકળાટ કરે, નાતવાળા નાત બહાર મૂકે, મહાજનવાળા મહાજન બહાર મૂકે, તે ઉપરાંત જીવ ખોવાની ધાસ્તી ઘણી હતી. ભાટીઆનું કામ મીયાંભાઈ સાઈ હતું. એમના બે મોટા લખ્મસરી, શૂરા, અને મોભાવાળા શેઠો નામે લખ્મીદાસ ખીમજી, તથા ગોકળદાસ તેજ-

પાળ, અને તેમના મિત્રોનો સહાય ન હોત તો કોઈ ભાટીઓ સાચો સાક્ષી આપી શકત નહિ. ભાટીઆમાં સુધારાનો પાયો ખોદનાર મથુરાંદાસ લવજીની તથા એ શેઠીની મદદ જાહેરાંત નહોત તો કરસનદાસ માર્યા જાત. માટે એ મહાપુરૂષોને મોટી આભર ઘટે છે. સાબાશ છે એમની પરમાર્થ બુદ્ધિને! સાબાશ છે એમની હીમતને! ધન્ય છે એમની સ્વદેશ પ્રીતિને, એમના સદાચરણને, એમની ઉદારતાને, અને ચતુરાઇને!! "यद्यपिशुद्धम्, लोकविरुद्धम्, नाचरणीयम्, नाकरणीयम्," એ નીચ, એ બાયલું, એ ધિક્કાર પાત્ર વચન પ્રમાણે વર્ત્યા હોત તો કેવો મોટો અન્યાય થાત, કેવું ખોટું થાત! આ વખત બારિક હતો; બહાદૂર હરજીવન જીવરાજ, ખટુ લધા, નાનજી મોરારજી, વગેરે ભાટીઆની શાક્ષીપરથી તથા અધર્મ પક્ષે પ્રસિદ્ધ કરેલાં હેંડ બીલોપરથી નવે તોમતદાર ચુનેગાર ઠર્યા.

તા. ૧૨મી અને ૧૩મીએ શાક્ષીઓ લેવાયા. કોર્ટનું મકાન સવારના દશ વાગ્યાથી સાંજ સૂધી, ધર્માંધ ભાટીઆથી ખીચો ખીચો ભરાયલું રહેતું. ધર્મ પક્ષનો ભાટીઓ સાચો સાક્ષી આપવા આવ્યો કે દરેક જડસો તેના ઉપર તિરસ્કાર અને દ્વેષની નજરે જોતો અને તેનું બુરૂ ઇચ્છતો. એ બે દિવસોએ કરસનદાસના ભાટીઆ સાક્ષીઓને ભય કેટલો બધો હતો તે ૧૧મી શાક્ષી પરશોતમ હેમરાજના જુબાની પરથી જણાય છે. તે બિચારો થર થર ધ્રૂજતો ને કાંપતો શાક્ષીના પાંજરામાં આવ્યો, ને ગભરાતો ગભરાતો બોલ્યો કે "હું ગરીબ આદમી છું, હું શાક્ષી આપી શકતો નથી, મને બહુ બીક લાગે છે, હું સાહેદી પૂરી શકતો નથી. કોઇનાં નામ દેવાની મારી મરજી નથી, હું ઘણો ત્રાસ પામું છું. કોઇનાં નામ દેવાને હું ઇચ્છતો નથી. હું ભાટીઓ છું. બધી કુનીઆ મને ગાળ દે છે. કેટલાકનાં નામ જાણું છું, પણ હું જે જાણું છું તે કહેવાને ડરૂં છું."

બારે ભીંડથી અને મોટા શોર બકોરથી વાર વારે કોર્ટના કામમાં અડચણ પડતી. લોકને છાના રાખવાનું કામ એટલું મુશકેલ થયું કે ૧૪મી તારીખે બહુ લોકને કોર્ટમાં પેસવા દીધા નહિ. એનો લાભ લઇ ઘણા યુરોપીઅનો મુકરદમો જોવા એ દિવસે આવ્યા. તોહમતદારોને કેદીના પાંજરામાં પૂર્યા નહતા. તેઓમાં કેટલાક મોટા ધનવાન અને વગવાળા વેપારી હતા. બારિસ્ટરો બાર્ટન અને મેલીએ તેમના બચાવનાં ભાષણ કર્યાં, પણ એક સાહેદી આણ્યો નહિ. આ

વાત મોફ્યુસિલના વકીલોને ધ્યાનમાં લેવા જોગ છે. આબરૂદાર બારિસ્ટરો અને આબરૂદાર વકીલો જૂઠા શાક્ષી ઉભા કરી લાવવાની મના કરેછે. તેમનાથી અજાણે વાદી પ્રતિવાદી લાવે તેમાં તેમનો વાંક નહિ. લીલાધર ગોકળદાસ વગેરે તોમતદારો ઘણા તવંગર હતા, અને ચાહાત તો તેમની ગેરહાજરી કે બીજી જૂઠી વાત કહેવાને જોઈએ એટલા જૂઠા સાહેદી લાવો શકત. વળી આ તેમના ગુરૂનું કામ હતું, ને તેને ધર્મનું સમજી એના સંબંધમાં જૂઠા સમ ખાવામાં તેઓ પાપ માનતા નહિ. ન્યાય કરવામાં પ્રમાણિક વકીલોથી ન્યાયાધીશોને એક મોટો લાભ આમ મળે છે. સારા વકીલ સત્ય અને ઇન્સાફને મદદ કરનારા છે ; જૂઠા પુરાવા અને ખોટા સાક્ષી ઉભા કરવાની સલાહ અસીલને આપતા નથી.

સર જોસફ આર્નોલ્ડે સાક્ષી પુરાવાનો સાર, અને કંન્સ્પરસીના અપરાધ વિશેનું કાયદા પ્રમાણે સ્વરૂપ પંચને જણાવી કહ્યું કે જો આ કોર્ટમાં જદુનાથજી મહારાજે કરસનદાસ ઉપર માંડેલી ફરીઆદીની તજવીજમાં સાચી સાક્ષી આપવાને, ભાટીઆ લોકને વારવાને, અને ખરી સાહેદી પુરતાં અટકાવવાને એકઠો કર્યો એવી તમારી ખાતરી થઇ હોય તો એઓએ ઇન્સાફ થતો અટકાવવાની કોશીશ કરી. એ સંબંધી ઘણીક બીના કહી અને જુબાનીઓ સંભળાવી. બા. ૨૫૨ પોણે ચાર કલાકે પંચ બીજા ઓરડામાં વિચાર કરવાને ગયા. એમાં ૯ યુરોપીઅન અને ત્રણ દેશી હતા તેમનાં નામ—

મી. જોન ચાટન—પ્રમુખ.	મી. જે. એ. મીનીસ.
મી. જે. રોસ.	મી. સી. ડી. વીગાસ.
,, ડબલિઉ. ગોડમેંટ.	,, નસરવાનજી બેરામજી.
,, એ. સ. ટ્રેન	,, આનંદરાવ બાબાજી.
,, જે. એમ. ગીલીધન.	,, સી. હેન્ડર્સન.
,, સી. એફ. હેયકાક.	,, ફાજલભાઈ નુરમહમદ.

આ પંચના ફેસલાની વાટ લોક આતુરતાથી જોવા લાગ્યા. નિષપક્ષપાતે ઠરાવ કરવાનુ કામ કઠણ હતું. પ્રતિવાદીઓ વેપારી મહેલ્લોમાં મોટા વસીલાવાળા હતા. તેમની શરમ અને તેમનો અપ ઘણાને પડે તેવા હતા. એમ છતાં ન્યાયાસને એવો પક્ષપાત ન કરતા પંચે સત્ય પાળ્યું. સાડેચાર કલાકે કોર્ટમાં પોતાને ઠામે આવી પ્રમુખ મારફત તેમણે ન્યાયાધીશને જાહેર કર્યું

કે તોમતદારોએ ગુનો કીધો. એ વેળા કરસનદાસની વતી આન્સ્ટી સાહેબે ઉઠી અપરાધીઓને માટે દયા માગી. અપરાધીઓના તુચ્છ યત્નો વ્યર્થ થયા, અને ન્યાયની ચડતી થઇ. હવે એકલો દંડ કરવામાં હરકત ન હોય તો મેહેરબાની કરી તેથી વધારે નહિ કરશો. મી. બેલીએ માગ્યું કે કાયદા સંબંધી કેટલાક વાંધા બંને જડ્જોની ભરી કચેરીમાં જાહેર કરવા છે, માટે કેસલો મોકુફ રાખો. સર જોસફે એ અરજી પ્રમાણે કર્યું.

તા. ૧૭ મી ડિસેમ્બર (૧૮૬૧) ને મંગળવારે સર માથ્યુ સાસ મુખ્ય ન્યાયાધીશ, અને સર જોસફ આર્નોલ્ડની હજૂરમાં વાદ વિવાદ ચાલ્યો. ગુનેગારો અને બંને પક્ષના વકીલ બારિસ્ટરો હાજર હતા. ૧૧ કલાકે કામ ચાલ્યું ત્યારે પહેલાં રૈયતનો ભારે જમાવ કોર્ટમાં થયો હતો. મેસર્સ બેલી, ગ્રીન, અને કાનોને કેદીઓના તરફથી બહુ તકરાર કરીને દલીલ દાખલા આપ્યા. તેના ઉત્તર મેસર્સ આન્સ્ટી અને ડન્બારે દીધા. અપીલ રદ ગઈ અને અપરાધીઓને સજા થઈ. શિક્ષા કરતી વેળા સર જોસફે અપરાધીઓને સારી શિખામણ દીધી. કરસનદાસ મુળજી ઉપર તેમના ગુરૂ જદુનાથજી બ્રીજરતનજીએ આમરૂ લીધાને માટે દાવો કર્યો છે. કરસનદાસે સત્ય પ્રકાશમાં સાચું છાપ્યું છે તે પોતાના બચાવમાં સાબિત કરવા માગે છે. તેને સાબિતીઓ ન મળે એવી તમે પેરવી કરી ન્યાય થતો અટકાવવાની કોશિશ કરી એ મોટો ગુનો છે. એ ગુનાને માટે દંડ અને સક્ત મજૂરી સાથે કેદની સજા કાયદા પ્રમાણે થઈ શકે, પણ તમારા જેવી હાલતમાં પડેલા માણસની સમજણાદિ ઉપર નજર રાખી કેદની સજા નથી કરતો, તથાપિ બીજાઓને હવે પછી એમ કરવાને દેશત લાગે માટે છેક હલકો દંડ નહિ કરૂં. એવાં શાણાં વચન બોલી ગોકળદાસ લિલાધરને અને લખમીદાસ દામજીને દરેક કને એક એક હજાર રૂપિઆ દંડ અને બીજાઓની પાસે એથી હલકા દંડ લઈ તેમને છોડ્યા. ન્યાયાધીશનો હૂકમ સાંભળી મૂર્ખ લોક નાખુશ થયા ને ધોંધાટ કરવા લાગ્યા, પણ તેમને સિપાઇઓએ ઝટ ચૂપ રાખ્યા. દંડમાંથી ૩૧૦૦૦) કરસનદાસને ખરચને પેટે કોર્ટે આપ્યા. એ કામમાં કરસનદાસે ૩૪૦૦૦) ખરચ્યા.

પ્રકરણ ૬ ઠું.

લૈબલ કેસ. ફરિયાદના ૮ જવાબ. સાક્ષીઓ.

ભરતખંડના ઇતિહાસમાં નોંધી રાખવા જોગ મોટો બનાવ બન્યો તેનું વર્ણન હવે ટુંકામાં કરૂંછું. જેના અધર્મ પક્ષમાં મુંબાઇમાં ૫૦૦૦૦ માણસ હતાં, અને આખો ભરતખંડ લઇએ તો લાખો જેના સેવક હતા, જે પંડે ધનવાન અને જેના સેવકો મોટા લક્ષ્મીવંતા હતા, તેની સામે એક નિર્ધન જુવાન આવી જુહ્ક કરવાને ઊભો. એ તરૂણના ધર્મ પક્ષને ટેકો આપનારા સુધારાવાળા મિત્ર આંગળીને ખેડકે ગણાઈ શકાય એટલા થોડા હતા; અને એ થોડામાં કેટલાક કમહીમતના, લોકથી ડરી ગુપ્ત રહેવા ચાહાતા હતા. જદુનાથજીએ માત્ર પોતાને માટે આ ટંટો ઉઠાવ્યો ન હતો, બધા ગુસાંઇજીના લાભને માટે વઢતા હતા. એણે ફતેહ પામવાને બહુ તરફડીઆં માર્યા, એના મંત્રી પરભુદાસે મહેનત કરવામાં કસર રાખી નહિ. અજ્ઞાન સાગરમાં ડૂબેલા વૈષ્ણવોએ પોતાની અને પોતાના ગુરૂની લાજ રાખવાને ઘણાં ફાંફાં માર્યા, પણ અસત્ય અને અનીતિને આધારે સત્ય ન્યાયના દરબારમાં જીતી શકાય નહિ. આ મોટા કેસમાંથી જન્મેલા બચ્ચાની દુર્દશાથી શોકમાં છતાં હીમતનું ડોળ કરી સૂરતના ગુસાંઇજીએ હોશીઆરીથી બાથ ભીડી.

સને ૧૮૬૨ ના જનેવારીની ૨૫ મી તારીખે મુંબાઇની સુપ્રીમ કોર્ટના બન્ને ન્યાયાધીશો સર માર્ક્યુ સાસ અને સર જોસફ આર્નોલ્ડની હજૂરમાં કામ ચાલ્યું. મેસર્સ ખેલી અને સ્ક્રોબલ વાદી જદુનાથજી ખીજરતનજીની તરફ, અને મેસર્સ આન્સ્ટ્રો અને દન્બાર પ્રતિવાદી કરસનદાસ મુળજી તથા નાનાભાઇ રસતમજી રાણીનાની તરફ હતા. ફર્યાદીની અરજીમાં લખેલી બાબતોમાંની આઠ ખોટી છે એવો ઉત્તર પ્રતિવાદીઓએ આપ્યો. ૧ વાદીએ અમારે શિર ચડાવેલા અપરાધ અમે કર્યા નથી; ૨ બધા હિંદુઓના ગુરૂ ગુસાંઇજી મહારાજ નથી; ૩ ગુસાંઇજી બ્રાહ્મણ માત્રના ઉપરી કે ગુરૂ નથી; ૪ ગુસાંઇજી વર્ણાશ્રમમાં ઊંચા નથી, અને હિંદુધર્મના સર્વોપરિ ગુરૂ નથી; ૫ વલ્લભાચાર્ય પંથ પ્રાચીન નથી, આધુનિક છે, માત્ર ૧૫ મા સૈકામાં ઉત્પન્ન થયો છે, અને કેવળ પાખંડ માર્ગ છે, એટલે પ્રાચીન વેદ ધર્મની વિરૂદ્ધ મત છે; ૬ સત્ય પ્રકાશમાંનું વાક્ય "તે ટીકા પરમાણે ચાલીને પોતાના સેવકોની બહુ દીકરીઓને

ખગાડોછો તેથી હાથ ઉઠાવો. અને રસ મંડળી જેવી અનીતિને એકદમ નાશ પમાડો," એનો તરજુમો કોર્ટના ભાષાંતર કરનારે ખોટો કર્યો છે; ૭ એમાં વલ્લભાચાર્ય પંથનો પડદો ઉઘાડી તેનું સ્વરૂપ દેખાડયું છે તથા વાદીનાં કુકર્મો જાહેર કર્યાં છે; ૮ સત્ય પ્રકાશમાં લખ્યું છે તે ખરૂં છે, અને કાયદા પ્રમાણે પ્રગટ થઈ શકે એવું સાબિત કરી આપીશું.

બંને ન્યાયાધીશો આવી ધર્માસને બીરાજ્યા. મુંબાઈની વસ્તીમાં હાહાકાર થઈ રહ્યો. વાદી પ્રતિવાદી હિંદુ છતાં યુરોપીઅન, પારસી, અને મુસલમાન લોકોને પણ આ મુકદમો ચિત્તાકર્ષક હતો. આખી મુંબાઈ નગરી એનું પરિણામ જાણવાને આતુર થઈ. કામ પણ ભારે અગત્યનુ હતું. વાદીના બારિસ્ટરોના પૂછ્યાથી આન્સ્ટી સાહેબે ઉત્તર આપ્યો કે કૃર્યાદીનો વિષય અમે છાપ્યો, પરંતુ તે લૈબલ એટલે ખોટી નિન્દા નથી, તથા તે પ્રસિદ્ધ કરવાનો અમને અધિકાર હતો એ બંને વાત સિદ્ધ કરી આપીશું.

૬ ઠા જવાબ વિષે મુખ્ય ટ્રાન્સલેટર જેમ્સ ફ્રલીનની જુબાની લીધી. ત્યાર પછી વાદીની તરફથી મુંબાઈના નગરશેઠ गोपाળદાસ માધવદાસની સાક્ષી લેવાઈ. તેણે કહ્યું તેનો સાર 'હું મહાજનનો શેઠ એટલે તમામ વાણીઆ જાતિઓનો વડો છું. મુંબાઈમાં વાણીઆ ઘણા છે. તે બધા ભેગા મળે ત્યારે મહાજન મળ્યું કહેવાય. મારી પરવાનગી વિના મહાજન મળી શકે નહિ. વાદીને ઓળખું છું. તે મહારાજ છે, અમારા ગુરૂ છે, ને સૂરતના રેહેવાસી છે. કોઈવાર મુંબાઈ આવે છે. તે બ્રાહ્મણ છે, ને બીજા બ્રાહ્મણથી ઊંચા છે. જે બ્રહ્મણ એમના સેવક થાય તેમના એ ગુરૂ ખરા. ભાટીઆના અને વાણીઆના મહારાજ ગુરૂ છે. એ બે નાત જૂદી છે. ગુરૂનું કામ ઠાકોરજીની પૂજા કરવાનું છે, મહારાજ ઉપદેશ કરી શકે પણ હું વરસમાં ત્રણ ચાર વારજ તેમની પાસે જાઉંછું. પુરાણાદિ ધર્મના ગ્રંથો બ્રાહ્મણો વાંચે છે. મુંબાઈમાં ઘણા મહારાજ હોય છે, કેટલાક અહીંના રહીસ છે. આખા હિંદુસ્તાનમાં ૬૦, કે ૭૦ મહારાજો હશે. એ બધાનો વડો શ્રીજીમાં રહે છે. રાજાઓ તેમને માને છે. હું મુંબાઈની બહાર ગયો નથી. હું સત્ય પ્રકાશનો ઘરાક છું. હાલ તે રાસ ગોકુલાર જોડે મળી ગયું છે. કોઈ રાજાએ મહારાજને પૂજેલા મેં નજરે જોયા નથી, મેંતો સાંભળ્યાપરથી કહ્યું. સંવત ૧૯૧૧—૧૨ (૧૮૫૫) માં મહારાજો અને બ્રાહ્મણો વચ્ચે ઉઠેલો ટંટો મને સાંભરે છે. હું

તેમાં મહારાજની સામો હતો. લાલમનજી મહારાજ સંબંધી મને યાદ નથી. મહારાજોની બદચાલ વિશે સત્ય પ્રકાશ અને પારસી પંચમાં છપાતું તે મેં વાંચ્યુંછે. એ બાબતમાં મહારાજની આજ્ઞા પાળવાને મેં મતું કરી આપ્યું નથી, પરંતુ મહારાજોએ તૈયાર કરેલા એવા લેખ ઉપર બીજાઓએ સહીઓ કરીછે. એ પંથના વાણીઆથી મેં જાણ્યું છે કે મહારાજોને કોર્ટમાં સાહેદી પૂરવા ન જવું પડે એવો લેખ વાણીઆ, ભાટીઆ, વગેરે સેવકોએ લખી આપ્યો છે. એને વર્તમાન પત્રોવાળા ગૂલામી ખત કહે છે. મેં એ ખત ઉપર સહી નથી કરી. એ પર મતાં કરાવવાને ચાર વરસપર મહારાજોએ ૮ દહાડા મંદિરો વાસી રાખ્યાં હતાં. સત્ય પ્રકાશમાં મહારાજો સંબંધી લખાતી બાબતોને માટે કરસનદાસને નાત બહાર મૂકવાને મહારાજોએ પ્રયત્ન કરેલો મારા જાણવામાં નથી, પણ તેને નાત બહાર મૂકવાને કોશીશ થઈ છે ખરી. આ કામમાં સાક્ષી પૂરવા આવતા અટકાવવાનો બંદોબસ્ત ભાટીઆ લોકે કર્યો તેવો વાણીઆ પાસે કરાવો એવું કહેવાને પરભુદાસ ને જેકીસનદાસ મારી પાસે આવ્યા હતા. મેં તેમ કરવાની ના કહી. એ બંને વાણીઆ છે. વાદીની વતી પરભુદાસ કામ ચલાવે છે ને તે હાલ વાદીના વકીલોની પાછળ બેઠો છે. કરસનદાસને નાત બહાર મૂકાવવાને તે મારી પાસે આવ્યો હતો. મેં કહ્યું કરસનદાસે જાૂઠું લખ્યું હશે તો કોર્ટ તેને સજા કરશે, હું એ કામમાં હાથ નહિ ઘાલું. બધા હિંદુના મહારાજ ગુરૂ નથી.' (મહારાજ પરમેશ્વર ખરા કે નહિ તે વિશેના જવાબમાં એકવાર કાંઈ કહ્યું ને બીજીવાર તેથી ઉલટું કહ્યું.) 'મહારાજ વેશીઆને નચાવે છે, અને સ્ત્રી પુરૂષો ઉપર ગુલાલ છાંટે છે. મહારાજનાં ચાવેલાં પાન સોપારી તથા છાંડેલું અન્ન વૈષ્ણવો ખાય છે ; મહારાજે પહેરી નહિલાં ધોતીઆનું પાણી નીચોવી વૈષ્ણવો પીએછે, ને તેને ચર્ણામૃત કહેછે. કેટલાક ભાટીઆ અને વાણીઆ મહારાજને ભગવાનનો અવતાર માને છે. હું તેમ નથી માનતો. હવણા થોડા વરસ થયાં તે માનનારા વધ્યા છે કે ઘટ્યા તે હું કહી શકતો નથી.'

તા. ૨૭ મી જનેવારી સોમવારે બીજી રજુઆત થઈ. સાકરલાલ જમનાદાસ સરાફ, જાતે લાડ વાણીઓ. મી. આન્સ્ટીના પ્રશ્નોના પાધરા ઉત્તર દંડ અને કેદની ધાસ્તી બતાવ્યા વિના એણે દિધા નહિ. એના બોલવામાં અગત્યનું આ હતું—મહારાજ, જન્મારામાં એકવાર બ્રહ્મસંબંધ દરેક સેવકને કરાવે છે તે ઉપરાંત બીજો ઉપદેશ કરતા નથી. પરમેશ્વર એજ કૃષ્ણ, અને

મહારાજ પૃથ્વી ઉપર કૃષ્ણને ઠેકાણે છે. કૃષ્ણને સેવકે તન, મન, ધન, સ્ત્રી, છોકરાં, ઘરબાર સર્વ અર્પણ કરવું.' ગુલાલ છાંટવા સંબંધીના સવાલના જવાબ સીધા ન દેતાં વાર લગાડી તેથી એને ૩૫૦) દંડ થયો. પોતાના પંથની વાત કહેવાને એ સાક્ષી ઘણો નાખુશ હતો તોપણ મહારાજને હિંદોળે બેસાડી ઝુલાવવાની તથા બીજા પ્રકારની સેવા સેવકો કરે છે તે એને મ્હોંડે કહેવડાવી. એની પછી શેઠ વરજીવનદાસ માધવદાસની સાહેદી લેવાઇ—'વાદી બ્રાહ્મણ છે, બીજા બ્રાહ્મણોથી ઊંચા છે. વાણીઆ, ભાટીઆ, અને લુવાણાના ગુરૂ છે. હું વલ્લભાચાર્ય પંથનો ઇતિહાસ જાણતો નથી. અસલ મહારાજો તિલંગા બ્રાહ્મણ હતા, તેઓ નાત બહાર છે તે હું જાણતો નથી. બ્રાહ્મણો તેમનું જમે છે કે નહિ તે હું નથી જાણતો. અર્ધા વાણીઆ જૈન છે, કેટલાક શિવને પણ માને છે. મહારાજની વરસ ગાંઠે અને પર્વોને દિવસે તેઓ સ્નાન કરેછે ત્યારે અમે તેમને કેસરાદિ સુગંધી છાંટીએ છીએ. સ્ત્રીઓ પણ છાંટે છે. ઠાકોરજીની મૂર્ત્તિની પૂજા પણ તેમ થાયછે. મહારાજના પગની રજ પવિત્ર છે કે નહિ તે હું જાણતો નથી. મહારાજ મરે છે ત્યારે અમે લીલા વસ્તાર્યા એટલે રમવા ગયા કહીએ છીએ. કૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓની બાબત અમારા ધર્મની છે કે નહિ તે હું જાણતો નથી. મહારાજને મહાપ્રભુનો અવતાર કહે છે કે નહિ તે હું જાણતો નથી. વેપાર ઉપર મહારાજનો કર છે તે પ્રજાને માથે પડે છે. મેં ચર્ણામૃત પીધું નથી. બીજા પીએ છે. મહારાજને કોર્ટમાં બોલાવે તેને નાત બહાર મૂકવાના બંદોબસ્ત ઉપર મેં સહી કરી છે. મહારાજો આગબોટમાં, નાચમાં, ને દુકાનમાં જાયછે, પણ કોર્ટમાં આવવાને ખુશી નથી. ગોવરધનજી મહારાજ વેપાર કરતા, અને પારસી તથા મુસલમાનને પોતાના મંદિરમાં મળતા, તથા તેમને ઘેર મળવા જતા. વહુજી મહારાજ જનાને રહે છે, ને ત્યાં સ્ત્રીઓ જાયછે. દર્શણ દિવસમાં ૮વાર થાયછે, ને ભાંડમાં સ્ત્રીઓની લાજ રહેતી નથી. શિઆળામાં પાછલી રાત્રે ચાર વાગે દર્શણ થાયછે. મેં મહારાજની ગાડી હાંકી હતી, ને તેમાં હું ખોટું સમજતો નથી. આ બૈષ્ણવનો વિષય છપાયા પહેલાં મહારાજની બદચાલ વિશે મેં છાપામાં વાંચ્યું હતું. એ બાબત વલ્લભાચાર્ય વૈષ્ણવોમાં ચર્ચા ચાલતી હતી, અને સ્ત્રીઓને દર્શણ કરવાના બંદોબસ્ત સંબંધી વિચાર ભાટીઆ કરતા હતા. સવારે ને સાંજે બાઇડીઓએ જવું એવું દશેક માસ પર ઠરાવવાના હતા. મેં ધર્મના

પુસ્તક વાંચ્યાં નથી. બ્રાહ્મણથી સાંભળેલું ખરૂં.

૨૮મી જાન્યુઆરી મંગળવાર. રણછોડ મુનજી. એનું કેટલુંક બોલવું ઉપલા સાક્ષીઓના જેવું હતું. એને ૨૫૨ અને ૮૪ વૈષ્ણવોની વાર્ત્તામાંથી જે પૂછ્યું તે તથા વરકત વિશેનું મૂકી દેવું દુરસ્ત લાગે છે. એની પછી શિવદાસ મોહનજી ભંસાળીએ લખાવ્યું કે મહારાજે અમારા ગુરૂ નથી, પણ અમે તેમને માન આપીએ છીએ. મેં ધર્મનાં પુસ્તક વાંચ્યાં નથી ને સાંભળ્યાં નથી. મારા પંથનું મત હું જાણતો નથી. મેં ભાગવત સાંભળ્યું છે. મહારાજે મારે ગળે કંઠી બાંધી તે વેળા મને સારે રસ્તે ચાલવાને કહ્યું. મારા આખા જન્મારામાં એટલોજ બોધ તેણે મને કર્યો છે. સાતમો સાક્ષી ગંગાધર નાનકરામ મારવાડી હતો. એની જુબાનીમાં કાંઈ નથી.

વાદીના સાહેદ પૂરા થવાથી આન્સ્ટી સાહેબે જાહેર કર્યું કે પુરાવો બસ નથી, ફરીઆદી રદ કરવી જોઇએ. એ ઉપરથી બંને પક્ષના બારિસ્ટરો વચ્ચે વાદ વિવાદ પાંચમા દિવસની આખર સૂધી ચાલ્યો. ઠેઠ દહાડે (શનિવાર ૧લી ફેબ્રુઆરીએ) બેઉ જડ્જોએ ઠરાવ કર્યો કે ફરીઆદી ચાલી શકે તેટલાં કારણ છે માટે પ્રતિવાદીએ પોતાના બચાવનો પુરાવો આપવો. એ દિવસે બપોરથી સાંજ સૂધી મી. આન્સ્ટીએ પ્રતિવાદીના કેસનું સ્વરૂપ દેખાડવાને જબરૂં ભાષણ કર્યું.

૭મી રજુઆત તા. ૪થી ફેબ્રુઆરીને મંગળવારે થઇ. બચાવમાં પહેલી જુબાની કરસનદાસ મુળજીની લેવાઈ. ૭ મી તારીખની સાંજ સૂધી એટલે આખા ચાર દહાડા એની એકલાની સાહેદી પહોંચી. આ હેવાલ કરસનદાસના જન્મારાનો અને તેના કૃત્યનો છે તથાપિ એની આખી જુબાની હું અહીં દાખલ કરતો નથી માત્ર સાર લઉં છું. 'ઉમર ૨૮ વરસની છે. સત્ય પ્રકાશનો અધિપતિ હતો તેમ સ્ત્રી બોધનો પણ હતો તથા મેં બીજા ગ્રંથો રચ્યા છે. પ્રાચીન હિંદુ ધર્મની કાંઇક માહિતી મને છે. હાલ સેંકડો પંથ છે. શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયના ભેદ જાણું છું. વલ્લભાચાર્ય પંથ વૈષ્ણવ છે. એમાં શમદમાદિ સદ્‌ગુણોનો ઉપદેશ નથી. શૈવ માર્ગમાં તે છે ને પ્રાચીન ધર્મમાં પણ છે. આસરે ૩૭૫ વરસ પર આ નવો પંથ નીકળ્યો. વલ્લભ નામે તિલંગા બ્રાહ્મણે તે સ્થાપ્યો. એના બાપ લક્ષ્મણ ભટને અને એને નાત બહાર મૂક્યા હતા. વૃજ ભાષામાં નિજવાર્તા નામે પુસ્તક છે તેમાં લખ્યું છે કે વલ્લભનું મૃત્યુ થયું તે વેળા તે અ-

ત્રિજ્વાળા રૂપે વૈકુંઠમાં ગયા. મહારાજો તૈલંગા બ્રાહ્મણની કન્યા લાવે છે તથા તેમને કન્યા દે છે, પણ જેઓ એવો વહેવાર તેમની જોડે કરે છે તેઓને નાત બહાર મૂકવામાં આવે છે, માટે ગરીબ તૈલંગા તેમનામાં આવે છે. એવો એક દાખલો મેં જોયો છે. મહારાજો ઊંચી વર્ણના બ્રાહ્મણ નથી, અને વલ્લભ માર્ગ નવો છે એ સાબિત કરવાને હું શક્તિમાન છું. પ્રાચીન વેદ ધર્મના ઉપદેશકો તેઓ નથી. ઘણું કરીને તેઓ પોતાના પંથના વૈષ્ણવોને પોતાના માર્ગની વાતો શિખવે છે. ધર્મ સંબંધી બીજી વાતો તેઓ બ્રાહ્મણોથી જાણે છે. વિદ્યવાન બ્રાહ્મણો પ્રાચીન ધર્મ છબોક શિખવે છે, મહારાજો પોતાના ધર્મની વાત ગુપ્ત રાખે છે. બીજા પંથવાળાને તે જણાવવાની મના છે. વલ્લભાચાર્ય મત હું જાણું છું. મને સંસ્કૃત ભાષા આવડતી નથી, વ્રજ ભાષા આવડે છે. એ માર્ગનાં પુસ્તકોમાં લખ્યું છે કે જે સેવક ગુરૂની ગુપ્ત વાત કે શ્રી ઠાકોરજીની છાની વાત જાહેર કરશે તે બીજે અવતારે કુત્રો થશે. એ માર્ગમાં જે લખ્યું છે તે જાણવાનાં ૧૪ પુસ્તક છે. એ પુસ્તકોના નામ તથા તેમાંના લખાણનો કાંઇક નમુનો—

(૧) હરીરાયજી કૃત ૬૭ પાપ અને તેના ફળાદિ વિશે ગ્રંથમાં ૮મું પાપ-જે વૈષ્ણવ નથી તેનું જે વૈષ્ણવ આદરમાન કરશે તે ત્રણ ભવમાં મોચી થશે. ૩૨મું પાપ, અને તેનું ફળ-ગુરૂ અને શ્રી ઠાકોરજીમાં જે કાંઈ ભેદ ગણશે તે બીજે અવતાર સીચાણો થશે. ૩૪મું, જે ગુરૂની આજ્ઞા નહિ પાળે તે અસિપત્રાદિ મહા દુઃખદાયક નરકમાં પડશે, અને તેના સર્વ પુણ્યનો નાશ થશે. ૩૭મું—ગુરૂની કે શ્રી ઠાકોરજીની ગુપ્ત વાત જે બીજાને કહેશે તે ત્રણ વાર કુત્રો જનમશે. ૩૯મું—ગુરૂની આગળ કે શ્રી ઠાકોરજીની આગળ જે પદમાસન વાળી બેસશે તે બીજે જન્મે સાપ થશે. ૫૪મું—ગુરૂની આગળ જે પંડિતાઇ (પાંડિત્ય) બતાવશે તે ત્રણ ભવ મૂંગો રહેશે, ત્રણ ભવ કુત્રો કે ગધેડો થશે. ૫૫મું—ગુરૂની આગળ જે ચપળતા દેખાડશે તે બીજે અવતાર જરખ નામે પશુ થશે. ૫૬મું—ગુરૂની સેવા કર્યા પહેલાં (ઠાકોરજીની) સેવા પુજા કરશે તે અપુત્ર (વાંજીઓ કે વાંજણી) રહેશે. ૫૯મું—ગુરૂજીને કે શ્રી ઠાકોરજીને જે પોતાના પગના તળીઆં દેખાડશે તેને દશ વરસ સાપ થવું પડશે.

(૨) અષ્ટાક્ષર ટીકામાંથી— જુવો શ્રી *ગુસાંઇ કહેવા છે! એને કાંઈ

* ગુસાંઇજી વલ્લભાચાર્યના પુત્ર હતા.

ઇચ્છા નથી, એને કાંઈ ન્યૂનતા નથી. તે સર્વ ગુણમય છે. તે પૂર્ણ પુરૂષોત્તમ છે. પૂર્ણાવતાર છે; કોટી કામ સ્વરૂપ છે; ષટગુણ સંપન્ન છે. રસજ્ઞાનમાં શ્રેષ્ટ અને પોતાના ભક્તોની સર્વકામના પુરી પાડનાર છે; એવા શ્રી ગુસાંઇજી છે. એમને શાની ખોટ હોય? અનંત બ્રહ્માંડોના સરજનહાર આપોઆપ છે; આખા વિશ્વમાં તેમનો મહીમાં વ્યાપી રહ્યો છે. પ્રાણી માત્રને પ્રેરણા કરનાર છે. બ્રહ્મા, શિવ, અને ઇંદ્રાદિ દેવો તેમની સ્તુતિ કરેછે. એવા શ્રી ગુસાંઇજી છે!

(૩) ચતુર્શ્લોકી ભાગવત ઉપર વ્રજ ભાષામાં ટીકામાંથી-કળીયુગમાં માત્ર પૂજનથી મુક્તિ મળે છે, માટે માણસ શ્રી આચારજીને શરણે જાયછે ત્યારે તેના મનોર્થ પુરા પડે છે. ગુરૂ પરમેશ્વર છે, પરમેશ્વરથી પણ મોટા છે, કેમકે પરમેશ્વર કોપે તો ગુરૂ રક્ષણ કરે, પરંતુ ગુરૂ કોપે તો કોઈ બચાવી શકતું નથી.

(૪) ગુરૂસેવા નામે વ્રજ ભાષામાં લખેલા પુસ્તકમાંથી—

(અ) જેનાપર હરી કોપ છે તેને ગુરૂ બચાવે છે, પણ જેના ઉપર ગુરૂ કોપે છે તેનું રક્ષણ કોઇ કરી શકતું નથી, માટે વૈષ્ણવે ગુરૂની સેવા પૂજા કાયા અને ધનવડે કરી તેને પ્રસન્ન કરવા.

(આ) શ્રેષ્ઠ ગુરૂ શ્રી આચાર્યજી, અને શ્રી ગુસાંઇજી અને તેમનું આખું કુળ છે. એ વલ્લભ કુળ કહેવાય છે. સર્વોત્તમજીમાં કહ્યું છે કે એ બધા ગુરૂ છે.

(ઇ) માટે હરી અને ગુરૂ એ બેને પૂજવા. જે રીતે હરીને પૂજવા તે રીતે ગુરૂને પૂજવા.

(ઉ) ગુરૂને કેટલું આપવું તેનો નિયમ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે આપવું—પણ એટલો વિચાર કરવો કે જગતમાં ઘણી જાતના પ્રાણી છે, તે સઘળામાં આપણા ધન્ય ભાગ્ય કે આપણે શ્રી વલ્લભાચાર્ય, શ્રી ગુસાંઇજી, અને તેમના બાળકોને શરણે ગયા છીએ.

(૫) વૈષ્ણવ ધર્મ પ્રસારક મંડળીએ પ્રગટ કરેલો સ્વધર્મ વર્ધક અને સંશય છેદક ગ્રંથ, પુસ્તક ૧લુ, આંક બીજો, માસ આશો, સંવત ૧૯૧૬ (૧૮૬૦), પાને ૨૭મે, પ્રકરણ ૨જું—

આખું વિશ્વ પરમેશ્વરનો આત્મા છે, માટે તે પોતાના આત્મા જોડે ૨-

મે છે. આ મારૂં, આ બીજાનું, એમ પરમેશ્વરને નથી. સર્વ તેનું છે. તેથી તેને વ્યભિચાર દોષ લાગતો નથી.* પારકી વસ્તુ ભોગવવાનું પાપ સંસારને છે. હરીને પારકું કાંઈ નથી. વ્યભિચારનું પાપ આ જગતને માટે ઠરાવ્યું છે. અજ્ઞાની કહે છે દીકરી બાપ વેરે પરણે તે કેવું મહા પાપ, કેવી અનીતિ! બુદ્ધિવાન માણસે વિચાર કરવો કે ગોપીઓએ શ્રી કૃષ્ણ જોડે વ્યભિચાર ભક્તિ કરી તે શું પાપ કર્યું? મહાદેવજી પાર્વતિને અને રામચંદ્રજી સીતાને પરણ્યા. પેલા મૂર્ખાની તકરાર પ્રમાણે તેમણે પણ ખોટું કર્યું. આ જગત અને પરમેશ્વર વચ્ચે પિતા પુત્રનો સંબંધ હોતતો શ્રીકૃષ્ણ ગોપીઓને પરણત નહિ. સ્ત્રીને પુરૂષ બંને પરમેશ્વરમાંથી ઉત્પન્ન થયાં છે. માટે પરમેશ્વરને નરનારીનો ભેદ નથી, બંને તેનો આત્મા છે. *માટે તે પોતાના આત્મા જોડે રમે છે. તેથી તેને દોષ નથી, અને જગતને પણ નથી—પાપ હોય તો શ્રીકૃષ્ણ પરમાત્મા રાજ કન્યાઓને પરણે? અજ્ઞાની જીવો એમ શાસ્ત્રથી ઉલટું સમજાવી મૂર્ખાને ભમાવે છે. વ્યભિચાર ભક્તિમાં દોષ હોય તો શ્રી પૂર્ણ પુરૂષોત્તમ વેદને તેમ કરવા દે. બ્રહ્માજીએ વૃહદ પુરાણમાં ભૃગુ ત્રષીને જે વાત કહી છે તે હું કહું છું. વેદ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી માગ્યું કે તમારૂં કોટી કામ સ્વરૂપ જોઈને અમને તમારી જોડે કામ ભોગવવાની ઈચ્છા થઈ છે, માટે સ્ત્રીઓ રૂપે અમે તમને ભોગવીએ એવું આપો. કૃપા કરી કૃષ્ણે તેમની અરજ કબૂલ કરી. વેદના મંત્રોને કૃષ્ણા અવતારમાં ગોપીઓ રૂપે અવતાર આવ્યા. રામચંદ્રજી દંડકારણ્યમાં ગયા ત્યાં ૧૬ હજાર અગ્નિ કુમાર ત્રષીઓ તપ કરતા હતા. રામચંદ્રજીનું

*પરમેશ્વરને એ પાપ નહિ તો ચોરીમાંએ નહિ કેમકે એ બધી વસ્તુઓ તેની છે, તેમ ખૂન કે અસત્ય ભાષણ, કપટ, વગેરે કોઈ દોષ ન લાગે એટલે પશુપ્રીએ તે નઠારો, તેને સુનીતિજ નહિ. જે પરમ પવિત્ર પરમાત્મા છે તેને મહા અપવિત્ર નીચ જીવ, રાક્ષસ અને દૈત્યપ્રીએ કનિષ્ટ કહી કરસનદાસને અજ્ઞાન અને મૂર્ખ કહયો કેમકે તેણે ભગવાનને પરિપૂર્ણ સદગુણ સ્વરૂપ માન્યા. પુરાણોની કપોળ માનવામાં મોટા દોષ અને ભારે અડચણો છે. જૂઠાં પુરાણને શાસ્ત્ર ઠોકી બેસાડયાં. શિવ અને રામચંદ્રને સરજનહાર કહયા નથી અને તેમણે ધર્મ શાસ્ત્ર પ્રમાણે પારવતિ અને સીતા વેરે લગ્ન કર્યાં હતાં એવી કાણીઓ છે. રામે વ્યભિચાર કરયોજ નથી. વેદે વ્યભિચાર માગ્યો અને કૃષ્ણના વખતમાં વેદમંત્રો રૂપે એ ગોપીઓને એને ભોગવ્યો કહેનાર દીવાના ને જોડે સાંભળનાર ને માનનાર પણ ગાંડા થયા. પરમેશ્વરને બધી છૂટ ને ગુરૂ પરમેશ્વર છે માટે ગુરૂને બધી છૂટ. બુદ્ધિ કયાં બળી ગઈ તમારી!

* થોડા માસ ઉપર આ તકરાર અમદાવાદમાં સ્વામીનારાયણના મંદિરમાં ઊઠી હતી તે વેળા ત્યાંના સાધુઓએ કહયું કે, સ્ત્રી પુરૂષના જીવ અનાદિ છે, પરમેશ્વરના સરજ્યાવેલા નથી માટે પરમેશ્વર તેમના બાપ નથી, પાળનાર છે.

સ્વરૂપ જોઇ મોહ પામ્યા. તેમણે હાથ જોડીને માગ્યું કે હે મહા પ્રભુજી તમને સ્ત્રીઓ રૂપે ભોગવવાની અમને ઇચ્છા થઇ છે તે પાર પાડો. રામચંદ્રજીએ વરદાન આપ્યું કે કૃષ્ણાવતારમાં ગોપીઓ થઈ તમારી મન કામના સિદ્ધ થશે. એ વાત કુર્મ (એટલે કાચબા) પુરાણમાં કહી છે, ને અથર્વવેદમાં પણ કહ્યું છે કે અગ્નિકુમાર ત્રષીઓ વૃજમાં ગોપી થઇ વેદોની જોડે પૂર્ણપુરૂષોત્તમને પામ્યા. પરબ્રહ્મને પામવાને વ્યભિચાર ભક્તિ સર્વોત્તમ છે.' આ ગંદી વાતનો અહિં વિસ્તાર છે તે કંટાળીને મૂકી દીધો છે. 'આવાં શાસ્ત્ર ન સમજે તે આંધળા. એવા આંધળાને ખભે હાથ મૂકીને ચાલે તે કુવામાં પડે. એવા અજ્ઞાનોની વાત સાંભળવી નહિ. શાસ્ત્રને ખોટાં કહી લોકને ધર્મ ભ્રષ્ટ કરેછે. મુંબાઇમાં સુધારાની એ મતલબ છે. બીજા દેશોમાં પણ તે ચાલ્યો છે.

(૬) પુષ્ટી પ્રવાહ મર્યાદા ટીકા. વૃજ ભાષામાં કર્તા હરરાયજી, પાનું ૫૫મું. પુષ્ટી માર્ગમાં કહ્યું છે કે વ્યભિચારપ્રીતિથી હરી વૈષ્ણવના ઘરમાં રહે છે. પારકા પુત્રને કે વરને આપણા ઘરમાં હરકોઇ રીતે આણી રાખી તેના ઉપર અતિ પ્રેમ કરવાથી તે મનાય, તન, મન, અને ધનથી તેની સેવા કરવાથી આપણે ઘેર રહે. એમ હરી પણ રહે.

(૭) ગોકુળનાથજી કૃત રસભવન. વૃજ ભાષામાં.

(ભારતના યુદ્ધમાં) જેમ કૃષ્ણ મહારથી કહેવાયા તેમ પુષ્ટી માર્ગમાં લાખો વૃજનારીઓને વિહારમાં જીતી મહારથી કહેવાયા.' એ પુસ્તકમાંથી કરસનદાસે આઠ બાબત કોર્ટને જાહેર કરી એ જાહેર કરવાની જરૂર હતી; પરંતુ તે અહીં દાખલ કરવા જોગ નથી.

(૮) વિઠલેશ રત્ન વિવારણમાં—આચાર્યજી મહારાજ ઘણી નારીઓના વર છે, રાસલીલાનો સાગર છે, અને બહુ નારીઓએ રાસલીલા કરવી એજ તેનો હેતુ છે.

(૯) વૃજ ભાષામાં ગોકુળનાથજી કૃત ગોસાંઇજીના ૨૫૨ વૈષ્ણવની વારતા. એમાં ગંગાબાઇ અને ભીલડીની બિભત્સ વાતોનો ઉતારો છે તે પણ દાખલ કરવા લાયક નથી. સદાચરણનો નાશ કરનારી વાત છે.

(૧૦) વૃજ ભાષામાં ૮૪ વૈષ્ણવની વાતમાંની ૭૫મી કહાણી. એ પણ એવી ધિક્કારવા જોગ ને નઠારી છે કે મૂકી દેવી જોઇએ. (શિયલ વેચ્યાને બદલે ઘરેણાં વેચવાં હતાં કે ઘર ગીરો મૂકવું હતું.)

(૧૧) ગોકુળનાથજી કૃત વ્રજ ભાષામાં પુષ્ટી માર્ગના વચનામૃત છે તેમાંના થોડા ઉતારા—

ક્રોધે ભરાઇ જે ગુરૂની નિન્દા કરે તે મુગો થાય, પછી સાપ થાય, પછી વનસ્પતિમાં અવતરે, ને પછી ભૂત થાય. વૈષ્ણવ જેમ શ્રી ભગવાનનું સ્મરણ કરેછે તેમ ગુરૂનું કરેછે. વૈષ્ણવ થઇ કોઇની ખોડખાંપણ પર નજર ન કરવી. એવું કાંઈ દેખાય કે કાને સંભળાય તો સમજવું કે હું માયા રૂપી અવિદ્યામાં બુડ્યો છું તેથી ભૂલજ જોઉં છું, પણ એ ભૂલ નથી. હરકાંઇ પ્રાપ્ત થવાથી તે હરખાતો નથી. ગૃહસ્થાશ્રમના ધર્મ શાસ્ત્રમાં કહેલા છે તે સાંભળી વૈષ્ણવ લૌકીક અને વૈદિકમાં નિમગ્ન થતો નથી. પુષ્ટી માર્ગની નીતિ સાંભળવી અને કહેવી. એ નક્કી માનવું કે બીજાં શાસ્ત્રોથી પુષ્ટી માર્ગ ઉપરથી આસ્તા ઉઠે છે.

(૧૨) ગોકુળનાથજી કૃત સંસ્કૃતમાં વિર્ચિત ભક્તિ સિદ્ધાંત વિવૃતિ.

પ્રથમ, અને પોતે ભોગવ્યા પહેલાં, સ્ત્રી પુત્રાદિક સર્વ વસ્તુ ગુરૂને અર્પણ કરવી. પરણ્યા પછી પણ પોતાની બાયડીનો ઉપભોગ કર્યાની પૂર્વે અર્પણ કરવી કે તે ઉપયોગમાં લેવા જોગ થાય. પુત્ર પુત્રોના જન્મ થયા કેડે પણ તેમ કરવું. હરેક પ્રસંગે ને હરેક કારણસર વાપરવાની વસ્તુ અર્પણ કર્યા પછી વાપરવી.

(૧૩) સિદ્ધાંત રહસ્યમાં કહ્યું છે કે 'શ્રાવણ સુદ એકાદશીએ શ્રી હરી બોલ્યા કે બ્રહ્મ સંબંધ કરવાથી સર્વ મનુષ્યનાં કાયાનાં અને મનનાં પાપ ધોવાઈ જાય છે. એ પાપ પાંચ પ્રકારના છે, પૂર્વ જન્મના; કાળ અને સ્થળથી ઉત્પન્ન થતાં; વેદમાં કહેલાં; સંસર્ગ દોષ એટલે સંગત કરવાથી થયલાં; સ્પર્શ દોષ. (બ્રહ્મ સંબંધ થયા પછી) તે રહેતાં નથી, અને માનવાં નહિ; અને તે વિના તે જતાં નથી. પ્રથમ અર્પણ કર્યા વગરનો પદાર્થ કદી ગૃહણ કરવો નહિ. નિયમ એવો છે કે ધરાવ્યા પછી ધરાવનાર તેનું ગમે તે કરે. જે વસ્તુ તેના ધણીએ પ્રથમ કામમાં લીધી તે પછી દેવાધિદેવને સ્વીકારવા જોગ નથી. માટે જે કરવું તે પ્રથમ અર્પણ કરવું. બીજા પંથોનું મત એવું છે કે જે હરીને આપ્યું તે પાછું લેવું નહિ કેમકે તે હરીનું થયું. (આપણા પંથમાં) સ્વામી સેવક ભાવ છે. એ પ્રમાણે વર્ત્તવું અર્થાત કે હરકાંઇ ધરાવ્યા પછી ભોગવવું. એથી બ્રહ્મત્વ પ્રાપ્ત થાયછે. જેમ ગુણ દુર્ગુણ ગંગામાં મળે છે ત્યારે સર્વ ગંગા સમાન થાયછે. આ તેવું છે. વલ્લભાચાર્યે રચેલા સિદ્ધાંત રસમાં એમ કહ્યું છે.

(૧૪) કેટલાક વૈષ્ણવ ગ્રંથોમાંથી ઉતારા કરી આપ્યા છે તેમાં પુષ્ટી માર્ગને પુષ્ટી આપવાનાં વચન એજ પ્રમાણે છે.

(૧૫) વૈષ્ણવો પોતાને ઘેર મહારાજની પધરામણી કરેછે તેવારે ઘરની તથા તે પ્રસંગે આવેલી સ્ત્રીઓ મહારાજને ગીત ગાય છે તેમાંનાં ત્રણ કોર્ટને જાણવાને લખ્યાં. એ ગીતો નારીઓની મનોવૃત્તિ બિગાડે એવાં નાગા શૃંગાર રસનાં છે, અને આ પુસ્તકમાં દાખલ કરવા જોગ નથી.

(૧૬) એમાં પણ એવાં બીજાં ગીતો છે.

એ પછી કરસનદાસે કૃષ્ણ અને ગોપીઓની રાસલીલા તથા મહારાજોનાં કર્મ જાણવામાં, કે સાંભળવામાં હતાં તે વર્ણવ્યાં. હોળીના તહેવારમાં સેવકીઓના સ્તન ઉપર મંદિરમાં ગુલાલ અને પીચકારી વતી રંગ છાંટવાનો ચાલ, રસ મંડળી, અને તેથી થતી અસર વિશે પોતાનો અભિપ્રાય જણાવ્યો. ૨૫૦ વરસ પર વલ્લભાચાર્ય માર્ગના દોષ દેખાડવાને રચાયલું સંસ્કૃત નાટક અને હાલમાં તે વિશે છપાયલાં ચોપાનીઆં વગેરે, તથા સત્ય પ્રકાશમાં અને જદુનાથજીનાં ચોપાનીઆમાં તથા તે મહારાજે ચાબુક, વિષ્ણુપંચાદિ પત્રોમાં પ્રગટ કરેલા વિષયોના સાર, અને સવાલ જવાબના નમુના આપવામાં રજુઆતનો ત્રીજો દહાડો પૂરો થયો.

૮મો દિવસ, ૬ઠી ફેબ્રુઆરી. જદુનાથજીએ મુંબાઇમાં આવી છપાવેલાં ચોપાનીઆંની તપાસ પૂરી થઈ ન હતી, તે પાછી ચાલી. કરસનદાસે લખ્યાવું કે ફરીઆદ બાબતનો વિષય તથા એને લગતી તકરાર છપાયા પહેલાં વાદીનો જેટલો વકર હતો તેટલો તે છપાયા પછી જરી રહ્યો. મારે વાદી જોડે વાંધો ઉઠ્યો ત્યાર પહેલાં એ પંથના લોક મહારાજોની ચાલથી નારાજી થયા હતા.વાદીએ પંડે એ વાત તેના ૧૬મી સપ્ટેમ્બર ૧૮૬૦ના હેંડ બીલમાં જાહેર કરી છે. એ હેંડ બીલનો અંગ્રેજી તરજુમો રજુ કર્યો, અને તેમાંનાં કેટલાંક વચનોના અર્થ સમજાવ્યા.વિષ્ણુ પંચ નામે દર બૃહસ્પતવારે પ્રગટ થતા પત્રમાં ૮મી નવેમ્બર ૧૮૬૦ ના આંકમાં કેટલાક ભાગનું ભાષાંતર ઉપલી વાતની સાબિતિમાં રજુ કર્યું. ત્યાર પછી કહ્યું કે મને નુકસાન કરવાને તથા નાત બહાર મૂકવાની કોશીશ આ ફરીઆદીની પહેલાં કરી પણ તેમાં વાદી ફાવ્યો નહિ, કેમકે મારી નાતવાળા હું ફરીઆદી કરૂં તેથી ડરતા હતા. ૧૮૬૧ના એપ્રિલ આખ્ખરે મને વાદીએ નોટીસ મોકલી, તેનો ઉત્તર મેં પમી મેના રાસ્તગોફતારમાં છાપ્યો." એ પછી મહા-

રાજાનો વૈષ્ણવ ઉપર જાલમ, જેનો જોડે મહારાજ રીસાય તેના દર્શણ બંધ કરેછે તે, બાંય નાખેલા સેવક કે સેવકીની છાતીએ પગ લગાડી ૫ થી ૧૦૦૦ રૂપીઆ સૂધી લે છે તે, કંઠી તૂટે તેનો દોષ, મહારાજોનાં લક્ષણ, વાદીની બદચાલ, અને તેના માઠાં પરિણામ જાહેર કર્યાં. મરજાદીઓને એમાં કાંઇ ખોટું લાગતું નથી. જે સેવકીને મહારાજનો સ્પર્શ થાય તેના ધન્ય ભાગ્ય માને છે. જે વૈષ્ણવો વારકત કહેવાય છે તેમનો બૂરો ધંધો, તેમનું સદા જાત્રા કરવાનું કામ, વગેરે જણાવ્યાં. ગોકુળનાથજીની સિદ્ધાંત રહસ્ય ઉપર ટીકા વાંચવાથી વધારે તજવીજ કરવાનું મન થયું તે કહી પુષ્ટી માર્ગના દશ મુખ્ય સિદ્ધાંત લખ્યા.

૧. આચાર્યજી ગુરૂનો દૃઢ આશ્રય લેવો.
૨. શ્રી કૃષ્ણની સેવા એજ મુક્તિનું મોટું સાધન છે.
૩. લોક લાજ અને વેદ શાસ્ત્રની આજ્ઞા તજી ગુરૂને શરણે જવું.
૪. શ્રી હરી અને ગુરૂ જોડે નમ્ર ભાવથી વર્ત્તવું.
૫. વંદ્રાવનની ગોપી છું એમ (હરેક સેવકે અને સેવકીએ) માનવું.
૬. સદા ગોસ્વામીનું સ્તવન કરવું.
૭. ગોસ્વામીનો મહિમા ગાવો.
૮. ગુરૂની આજ્ઞા પાળવી.
૯. ગોમય (એટલે વલ્લભાચાર્ય અને તેના વંશજો) કહેકે કરે તેમાં શ્રદ્ધા રાખવી.
૧૦ વૈષ્ણવનો સંગ કરવો અને વૈષ્ણવની સેવા કરવી.

એ આજ્ઞા પાળે તેજ સાચો વૈષ્ણવ. સિદ્ધાંત રહસ્યના અર્થ સમજાવવાને ગોકુળનાથજીની ટીકામાંથી કેટલુંક લખાણ દેખાડ્યું. શું શું અર્પણ કરવું, કોને કરવું વગેરે એ ટીકામાં સ્પષ્ટ જણાવ્યું છે. એ માર્ગની સ્ત્રીઓ મહારાજોને કૃષ્ણાવતાર માની, તથા ગોપીઓની મુક્તિ કૃષ્ણ જોડે વિહાર રમવાથી થઈ એવું સમજી મહારાજો જોડે તેમ કરવાથી મુક્તિ પમાશે એમ સમજે છે, એ કરસનદાસના જાણવામાં હતું; પરંતુ પુષ્ટી માર્ગના ગ્રંથોમાં તેમ લખ્યું છે તે હવે ખબર પડી. જ્યાં જ્યાં એ મત ચાલે ત્યાં એ બિભત્સ વિચાર છે. એના પુરાવામાં કાશીમાં છપાયલું પુસ્તક રજુ કર્યું. ત્યાર પછી ફરીઆદીની બાબત પ્રગટ થયા પહેલાં, ટાઇમ્સ ઓવ ઇન્ડિયા, મુંબાઈ સમાચાર, જામેજ-

મસેદ, સમાચાર દર્પણ, ચાબુક, આપમ્મખ્તીઆર, વૃતસાર, વગેરે પત્રોમાં એ સંબંધી છપાયલા વિષયોનાં ભાષાંતર રજુ કરી પ્રતિવાદીએ કહ્યું કે મહારાજે ઉપર હૂમલાના આ થોડા નમુના છે. પછી ગૂલામી ખત વિશે જાહેર કર્યું. સ્ત્રીઓના પગના અંગુઠા મહારાજે શા માટે ને ક્યારે ચાંપે છે તે વગેરે જાહેર કર્યું *

નવમે દિવસે વલ્લભાચાર્ય પંથનાં પ્રમાણ પુસ્તકોમાંથી કેટલાક ભાગના ભાષાંતર વંચાવી બચાવના પુરાવા આપ્યા.

પછી વાદીના બારિસ્ટર મી. એલીએ કરસનદાસ મુળજીની પ્રતિપરીક્ષા કરી. 'સને ૧૮૬૦ માં મેં વાદીને ઓળખ્યો, પણ મેં તેની સંગત કરી નથી, ને હું તેના જોડે બોલ્યોએ નથી. એને મુંબાઈમાં મંદિર નથી. જે મહારાજનું મંદિર મુંબાઈમાં ન હોય તે બીજા મહારાજને મંદિરે જાય. વાદીને ખોટું કામ કરતાં મેં મારી નજરે જોયો નથી, પણ ૧૦—૧૧ વરસ પર હું મંદિરે જતો ત્યારે બીજા મહારાજોને તેમ કરતાં દીઠા છે. હું ધારૂં છું કે હું ૧૮૪૮ થી મંદિરે ગયો નથી. નહિ જવાનું કારણ મહારાજનાં ખોટાં કર્મ. હર રવીવારે હું મંદિરે જતો. મંદિરના બે ભાગ છે. તે બંને મેં જોયા છે. હું ચર્ણ સ્પર્શ કરવા ગયલો ત્યારે ત્રણચાર વાર મહારાજને બૈરાંના અંગુઠા ઘસતાં મેં નજરે જોયા છે. પંદર વરસની થયાની પૂર્વે બાળક હતો ત્યારે એ પર મારૂં લક્ષ ગયલું ન હતું. પણ એ વાત ધ્યાનમાં આવી અને મહારાજોના વ્યભિચાર સંબંધી વાત સાંભળી ત્યારે તેમનાથી દૂર રહ્યો. મારા ગુરૂ હજી જીવણજી છે, પણ હવે હું તેનાં દર્શણ કરવા જતો નથી. મારે એક દીકરી છે તેને ગળે રીત પ્રમાણે મેં હાથે કંઠી બાંધી. વૈષ્ણવોમાં ઘણું તો ૨૦૦ સુધારાવાળા હશે. સેવકોની વહુ બેટી સંબંધી મહારાજોની કુચાલ વિશે મેં કહ્યું તે લોકમાં ચાલતી વાતો પરથી કહ્યું. મહારાજોને સ્ત્રીઓના અંગુઠા ઘસતાં અને તેમની છાતી ઉપર હોળીમાં ગુલાલ છાંટતાં ઘણીકવાર જોયા છે. મૂર્ત્તિને ધરાવેલું ગુલાલ લોક પવિત્ર માને છે. મારે ગળે કંઠી બાંધતી વેળા મહારાજે મને ઉપદેશ કર્યો હતો. આ પવિત્ર

* પુષ્ટી માર્ગવાળાએ એક યુક્તિ લગાવી છે તે કરસનદાસે કોર્ટને જાહેર કરેલી જણાતી નથી. એ યુક્તિ એ છે કે આ જગતમાં સુરી અને આસુરી એવા બે પ્રકારના જીવ કહ્યા છે. સુરી એટલે દૈવી અને આસુરી એટલે દુર્જન. સુરી જીવ હોય તેઓજ વલ્લભાચાર્ય પંથને માને. આસુરીને તે સાંભળે નહિ. આથી ભોળા છેતરાય છે.

પુસ્તકો મારા બે મિત્ર અને રામલાલ ઠાકોરસીદાસનાં છે. મથુરાંદાસની મદદથી એમાંનાં વચન મેં ખોળી કહાડ્યાં. ફર્યાદ થયેલી બાબત છાપ્યા પહેલાં એ વચનોથી હું વાકેફ હતો. મેં કહ્યું કે હિંદુસ્તાનમાં સો પંથ છે, પરંતુ તેમાંનો કોઈ પ્રાચીન ધર્મ પ્રમાણે છે એવું હું ધારતો નથી. કોઈમાં થોડો ઘણો આચાર તે પ્રમાણે છે. કહેવામાં તો વલ્લભપંથ જૂના પ્રમાણે વર્ત્તે છે, પણ તે કહેવું મને ખરું નથી લાગતું. પ્રાચીન વેદ ધર્મથી એ માર્ગ બહુ ભિન્ન છે; બીજા પંથોથી પોતાને શ્રેષ્ઠ માને છે. એ મત માનનારા મુંબાઈમાં ૩૦ કે ૪૦ હજાર હશે. એ મત ગંગા અને આગ્રા સુધી છે, પણ એ બધા મુલકમાં બધા લોક તે મતના નથી. છ સાત વરસપર મેં સાંભળ્યું કે તૈલિંગ બ્રાહ્મણોએ મહારાજોને જમાત બાહાર મૂક્યા છે. હું ધારૂં છું કે એ પંથના લોક જાણે છે કે વલ્લભ તૈલિંગ બ્રાહ્મણ હતા અને બહીષ્કૃત હતા. મદ્રાસ ઇલાકામાં એ પ્રાંત છે. તેઓની સંખ્યા ઘણી છે અને તેઓ શિવ ભક્ત છે. વૈષ્ણવ અને શૈવની વચ્ચે અણબનાવ છે. વલ્લભના બાપ લક્ષ્મણભટે નવો પંથ કહાડ્યો માટે તેને જમાત બાહાર મૂક્યા હતા. મનુસ્મૃતિ વગેરે ગ્રંથોને લોક ઈશ્વર પ્રેરિત માને છે. ગોપી અને વિષ્ણુના અવતારોની વાત ઘણા પંથવાળા માને છે, પણ જૂના વેદ ધર્મની વિરૂદ્ધ છે. શૈવ લોક વિષ્ણુના અવતારને માને છે. બધાં ધર્મ પુસ્તકમાં વિહારની વાતો લખી નથી. વેદ પછી લખાયલી કહાણીઓ હું માનતો નથી. મેં વેદ વાંચ્યા નથી. વૈષ્ણવો કહાણીઓને ખરી માને છે. નારીઓનો વાહાલો દેવ કૃષ્ણ છે એમ સરવિલ્યમ જોન્સે કહ્યું છે તે હું જાણતો નથી. ઈંડામાંથી બ્રહ્મા કરોડો વરસે નીકળ્યા તે કથા મેં સાંભળી છે. કોઈ રાસલીલા મેં પંડે જોઈ નથી. તેની લોકમાં વાતો ચાલે છે, અને કચ્છના કપ્તાન મકમર્ડોએ તે પ્રાંતના વર્ણનમાં વર્ણવી છે.* જારી ગુસાંઈ કરે કે બીજા કરે, જે કરે છે તે અપરાધી ગણાય છે. મહારાજોને સેવકીઓની પાછળ એકાંતમાં જતા મેં જોયા છે. મહારાજની સ્ત્રીઓ પડદે રહે છે. વાદીના પેડ ઉપર હુમલો કરવાનો મારો હેતુ નહતો. મેં બધાને માટે લખ્યું છે. વાદીએ કરેલા વ્યભિચાર વિશે મેં સાંભળ્યું છે. તેને તેમ કરતાં પંડે જોયો નથી. ગયે વરસે

* એ સાહેબ કચ્છ પ્રાંતનો ઇંગ્રેજ સરકાર તરફથી રેસિડંટ હતો. તે વેળાની રાસમંડળીઓનું તથા ગોકીનાથજી નામે ગુસાંઈ મહારાજ અફીણાદિ કેફી વસ્તુની નીશાથી કેવો ચકચૂર તથા વિષયી હતો અને ભાટીઆ તેની સેવા કેવી દુષ્ટ રીતે કરતા તેનું બયાન અહીં કર્યું છે.

તેને ચાંદી થઈ હતી એ વાત મેં લખમીદાસ ખીમજીથી જાણી. સેવકીઓ મહારાજોના જનાનામાં જાયછે, ને ત્યાંથી (કોઈકોઈ) સુવાના ઓરડામાં જાયછે.કોઈ અર્વાચીન પંથ વેદ પ્રમાણે નથી'. સને ૧૮૨૦ માં કપ્તાન મકમર્ડોએ કચ્છના ભાટીઆનો, તથા તેમનામાં તે વેળાના મહારાજનો, તથા રાસમંડળીનો હેવાલ પ્રગટ કર્યો છે, તેમાંનાં વાક્યો જડજોને વાંચી સંભળાવ્યાં તે અહીં દાખલ નહિ કરવાં જોઈએ. "મહારાજોને વખતે તેના ભક્તો પૂર્ણ પુરૂષોત્તમ કહેછે. તેમને બદરાં ગીતો ગાયછે તે મેં સાંભળેલાં તેનો બરાબર ભાવાર્થ મેં છપાવ્યો છે."

દશમો દિવસ. શનિવાર ૮મી ફેબ્રુઆરી ૧૮૬૨. ડાકટર જાન વિલ્સન. એ મહાપંડિત અને આપણા લોકના મિત્ર હતા. સંસ્કૃત, ઝંદ, પહેલવી વગેરે ભાષા ભણેલા હતા. એની સાક્ષીનો સાર—'મેં વિષ્ણુ પુરાણ વાંચ્યું છે. એમાં તત્વજ્ઞાન અને વિષ્ણુ વિશે કથા છે. હિંદુઓના જૂનામાં જૂના ગ્રંથ વેદ છે. તેઓને શ્રુતિ કહેછે.શ્રુતિ એટલે સાંભળેલું. હિંદુઓ વેદને અનાદિ અને ઈશ્વર કૃત માને છે. તેઓ ઇસ્વીસનની પૂર્વે ત્રણ હજાર વરસપર રચાયા હશે. મનુસ્મૃતિ ઇસ્વી સન પહેલાં બસેં વરસપર લખાઈ હશે. સ્મૃતિ એટલે સંભારેલું. હિંદુ ગ્રંથો ઉપરથી જણાય છે કે હિંદુ ધર્મમાં ઘણો ફેરફાર થયો છે. અર્વાચીન કાળના પંથોમાં સુનીતિ અને શુદ્ધતા ઓછી છે. ૧૫મા સૈકાની આખરે અને ૧૬મા સૈકાના આરંભમાં વલ્લભાચાર્ય જોરપર આવ્યા. ૧૫૦૦માં કે ૧૫૦૪માં વિજીઆનગરના રાજાના દરબારમાં ગયા હતા. ત્યાંની રાજ વંશાવળી ઉપરથી જણાય છે કે તે કાળે ત્યાં કૃષ્ણ દેવ નામે રાજા હતો. એ રાજાએ વલ્લભને ભારે સુવર્ણ દાન આપ્યું. બંગાળાની એશિયાટિક સોસૈટીનાં કૃત્યોના હેવાલના ૧૬મા પુસ્તકમાં ડાકટર હ. હ. વિલ્સને એના પંથનો હેવાલ આપ્યો છે. હિંદુધર્મમાં સુધારો કરનાર કે નવો પંથ ઉઠાવનાર તરીકે વલ્લભે નવાઈનું એ કહ્યું કે વૈરાગ, તપ, કે કાયા કષ્ટમાં પુણ્ય નથી; ગુરૂએ કે શિષ્યે દેવ પૂજવાને કે ધ્યાન ધરવાને નાગા ભૂખ્યા રાખોડી ચોળીને જંગલમાં કે એકાંતમાં જવું નહિ, પણ વસ્તીમાં રહી સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરી, મિષ્ટાન ભોજનની સાથે દેવ સેવા કરવી. વલ્લભ પ્રથમ દિક્ષા લઈ સન્યાસી થયા હતા, પણ પાછળથી તે સન્યસ્ત વૃત્ત ભંગ કરી પરણ્યા. એમ કરવાની તેને કૃષ્ણે આજ્ઞા કરી એવું તે કહેતા. તેના પછીના ગુસાંઈ ગુરૂઓ સંસારી માણસ થઈ બધા પ્રકારની મોજ મઝા ભોગવે છે. સેવકોના ધનથી તેમને ઉત્તમ વ-

આભરણ પ્રસાદાદિ મળે છે. સેવકો તેમને તન, મન, ને ધન સમર્પણ કરી પૂર્ણ આધીન રહે છે. એ પંથનું સર્વથી શ્રેષ્ઠ મંદિર મેવાડમાં શ્રી નાથ દ્વારનું છે. કથા એવી છે કે એમાંની મૂર્ત્તિ પ્રથમ મથુરાંના મંદિરમાં હતી, પણ ઔરંગજેબ (આલમગીર) તે મંદિરને તોડી પાડવાનો હુકમ કર્યો તે વારે તે પ્રતિમા પોતાની મળે નાથદ્વારમાં આવી. હાલની ત્યાંની મૂર્ત્તિ અર્વાચીન છે. તેને ખાતે મોટી જાગીરો છે. ત્યાંનો મહારાજ ગોકુળનાથજીના વંશનો છે, તે મોટો ધનવાન છે. એવો નિયમ છે કે દરેક ગોસાંઇજીએ જન્મારામાં એકવાર તો જરૂર ત્યાં જવું જોઇએ. ત્યાં જઇ સેવા કર્યાનું પત્ર ત્યાંના મહારાજ લખી આપે છે. માટે ત્યાં જનારે ભેટ મૂકવી પડે છે. એ પંથમાં અજબ જેવું એ છે કે દરેક ગોસાંઇના બાળકને સેવકો માને છે અને પૂજે છે. તે તેના પંડના ગુણ, કે વિદ્યાને વાસ્તે નહિ પણ માત્ર તે વલ્લભ કુળનો છે માટે; ઘણાક ગુસાંઇજી મહારાજ પંડે માનને પાત્ર કે પૂજવા જોગ બિલકુલ નથી હોતા તોપણ તેમના ઉપર સેવકોની તથા સેવકીઓની ઓછી આસ્થા નથી. અતિ મૂર્ખ મહારાજને પણ તેઓ પૂજે છે. એ પંથના મત મેં વાંચ્યા છે તે પરથી મારૂં મત એવું છે કે એ પંથ અપવિત્ર કે દુરાચરણી છે. દાક્ટર હ. હ. વિલ્સન પણ એમજ ધારે છે. એ માર્ગમાં જે હાલ થતું જોવામાં આવે છે તેની આબેહુબ છબી સંસ્કૃત નાટક મેં આગળ કહ્યું તેમાં છે. સુત્રધાર નટને કહે છે "વેદ નાદા; પ્રિય સુંદરીઓ વલ્લભાના વંશજો જોઉ—" એ પછીનું લખતાં મને કંટાળો લાગે છે. કોર્ટને પુષ્ટી માર્ગનું ખરૂં સ્વરૂપ દેખાડવાને જે જાહેર કરવાની જરૂર હતી તે દાક્ટર વિલ્સને કહ્યું, તે પ્રગટ કરવાની હજી ગરજ છે; પરંતુ તે ઉતારતાં મારી લેખણ લાજથી અચકી જાયછે.

'વલ્લભાચાર્ય પંથને નવો કહેવાય કેમકે એમાં બાળકૃષ્ણને પૂજવાનું કહ્યું છે. કૃષ્ણના જન્મારાના બીજા ભાગ કરતાં કિશોર વયના ભાગને (એટલે ગોકુળમાં ગુજારેલા ભાગને) એ માર્ગમાં શ્રેષ્ઠ ગણ્યો છે. એ માર્ગનો હેતુ અને એ માર્ગની પદ્ધતિ બંને નવાં છે. એ પંથમાં કૃષ્ણની મૂર્ત્તિ પૂજે છે, અને મહારાજને કૃષ્ણાવતાર માની પૂજે છે. બીજા હિંદુઓ વિષ્ણુના નવ અવતાર માને છે, એમાંનો નવમો બુદ્ધાવતાર હતો. બુદ્ધાવતાર પછી આજસુધી બીજો અવતાર વિષ્ણુનો થયો નથી એવું બીજા હિંદુઓ માનેછે. વલ્લભાચાર્ય પંથવાળા વલ્લભ અને વલ્લભ કુળના જન્મેલા દરેક માણસને કૃષ્ણનો (એટલે વિષ્ણુનો)

અવતાર માને છે. મહારાજનાં વચન કૃષ્ણના વચનની સમાન છે. કૃષ્ણના કોપથી મહારાજ બચાવે, પણ મહારાજના કોપથી કોઇ બચાવી શકે નહિ એવું એ માગીઓ માને છે. મહારાજો ગુરૂ અને કૃષ્ણ બંને એવું માનનારા હજારો આદમી છે. જેને હિંદુ ધર્મ કહીએ તેના ગુરૂ એ મહારાજો નથી. કોઇ બ્રાહ્મણ જાતિના તેઓ વડા નથી. વલ્લભકુળને તૈલિંગ બ્રાહ્મણ નાત બહાર ગણે છે. તૈલિંગ બ્રાહ્મણો મહારાજ જોડે જાતિ વહેવાર રાખતા નથી એવું મારા જાણવામાં છે.' એ પછી તન, મન, અને ધન સમર્પણ કરવાનો અર્થ દાક્ટર વિલ્સને ગોકુળનાથજીની ટીકા ઉપરથી સમજાવ્યો. ભગવત્ ગીતામાં કહ્યા પ્રમાણે બ્રાહ્મણમાં કેવા સદ્‌ગુણ હોવા જોઇએ તે જણાવી દાક્તરે કહ્યું કે વલ્લભાચાર્ય મત નિર્લજ અને બિભત્સ છે. એ માર્ગના ગ્રંથોપરથી કહી શકાય કે મહારાજો અને કૃષ્ણની મૂર્ત્તિઓ દેવ પ્રમાણે પૂજાય છે. મહારાજોની બદચાલનું જ્ઞાન મને તેમના સેવકોથી થયું છે, મારી જાતનો અનુભવ નથી. હાલનો કોઇ પંથ અસલના હિંદુ ધર્મ પ્રમાણે છે એવું હું કહી શકતો નથી.' મી. એલીને–વલ્લભ પંથના જેવા બીજા માર્ગો છે. મહારાજોને અનીતિ કરતા જોઇને કંટાળાથી હું દૂર ગયેલો. રાસલીલાનો અર્થ વિહાર. રાસનો રસ પણ થાય; ફળના રસ કે કાયાના રસ.

૧૧મો દિવસ. ૧૧મી ફેબ્રૂઆરી ૧૮૬૨.

(૩) બાલાજી પાંડુરંગ. હું આ કોર્ટમાં ભાષાંતર કરવાના કામપર છું. આ કામમાં કેટલાક તરજુમા મેં કર્યા છે. વ્યભિચારભાવનો અર્થ જરી પ્રેમ થાયછે. એજ નઠારા અર્થમાં તે વપરાય છે. વ્યુત્પત્તિ પ્રમાણે વ્યભિચારનો અર્થ મિશ્ર કે ભેળસેળ થાયછે. એનો સાધારણ અર્થ છીનાળું છે. મેં સમજીને બરોબર ભાષાંતર કર્યાં છે.

(૪) વિનાયક લક્ષ્મણ શાસ્ત્રી—હું સદર અદાલતનો શાસ્ત્રી છું. મહારાજો બ્રાહ્મણ છે. હું એમની હારે બેસું ઊઠું, જમું નહિ. તેનું કારણ શું તે હું કહી શકતો નથી, કદાપિ તેઓ ગૂજરાતી લોકમાં ભળ્યા છે તેથી હશે. એમના પંથમાં ઘણા લોક છે. તેઓના મહારાજ ગુરૂ છે; તેઓ બીજાના ગુરૂ કે વડા નથી. પ્રાચીન ધર્મમાંથી બધા માર્ગ નીકળ્યા છે, ને તેઓ તેના મૂળ તત્વ માને છે માટે તેઓ તેનાથી ભિન્ન ન કહેવાય. વલ્લભાચાર્ય પંથ જૂના ધર્મથી જૂદો છે એમ તો હું નથી ધારતો. કાંઇક થોડો ફેર હશે. પારકી સ્ત્રીની છાતી ઉપરે હાથ નાખવો એ લગભગ વ્યભિચારના જેવું પાપ છે.

(૫) વિશ્વનાથ નારાયણ મંડળિક— હું કોંકણસ્થ બ્રાહ્મણ છું. સંસ્કૃત ભણ્યો છું. પ્રાચીન હિંદુ શાસ્ત્ર વાંચ્યાં છે. મહારાજ જોડે અમારે ભોજન વહેવાર કે લગ્ન વહેવાર નથી. બીજા તિલંગા બ્રાહ્મણ જોડે એ વહેવાર છે. મહારાજ જોડે વહેવાર નથી તેનું કારણ મહારાજ બ્રાહ્મણ ધર્મ પાળતા નથી. બ્રાહ્મણને ધર્મ કરવાના છે, યજ્ઞ કરવા ને કરાવવા, વેદ ભણાવવા વગેરે તે મહારાજ કરતા નથી. વલ્લભાચાર્યના માર્ગનાં કેટલાંક પુસ્તક મેં વાંચ્યાં છે. મહારાજને લેખાં પ્રભુ અને ધણી, તથા સ્ત્રીઓના સ્વામી કહ્યા છે. મહારાજનું કામ તેમની જોડે સ્વચ્છંદે વિહાર રમવાનું કહ્યું છે. એમાંના એક ગ્રંથમાં મહારાજના ૧૦૮નામ આપ્યાંછે, અને તેને પરબ્રહ્મ પરમાત્મા જેવા વર્ણવ્યા છે. પ્રાચીન મનુસ્મૃતિના ધર્મ પ્રમાણે મહારાજ ચાલતા નથી. અમારી જ્ઞાતના બ્રાહ્મણો તેને માનતા નથી ને સારા ગણતા નથી. મારા જાણવા પ્રમાણે મહારાજો અનીતિવાન છે. બીજા લોક પણ એમ ધારેછે. વાદીને હું તેને ઘેર એક વાર મળ્યો હતો. ગુરને યોગ્ય નહિ એવું કામ કરતાં મેં એક મહારાજને ૧૮૫૮—૫૯માં દીઠો છે. બે મહારાજોને હિંડોળે બેસાડી સ્ત્રી પુરષો ઝૂલાવતા હતા. મહારાજ ગુલાલ છાંટતો હતો. હોળી સિવાયના દિવસોમાં પણ ગુલાલ છાંટે છે. એમ નર નારીઓએ જાણી જોઇને ભેળસેળ થવું અને ગુરુએ નારીઓ ઉપર ગુલાલ છાંટવું એ સુનીતિ ન કહેવાય. જે ભગવાં લૂગડાં પેહેરે તે ગુસાંઇ કહેવાય છે, પણ આ પંથમાં ગુસાંઇ એજ મહારાજ છે. મેં ગોકુળનાથજીની ટીકા વાંચી છે. મારા કહેલા અર્થમાં ને કરસનદાસના કહેલા અર્થમાં કાંઇક તફાવત, પણ કરસનદાસનો ખોટો નથી. સુધારાનો અર્થ સારૂં કરવું એ અર્થે હું સુધારો કરનાર છું, અને અમારા ધર્મને અસલ જેવો ચોખ્ખો કરવાને ઇચ્છુછું. મહારાજને એમના ગ્રંથોમાં પુરષોત્તમ કહ્યા છે ને સેવકો હાલ કહે છે.

(૬) ઝવેરીલાલ ઉમીઆશંકર—આ કામમાં કેટલાક સંસ્કૃત વાક્યોના અર્થ મેં કર્યા છે. પુરષોત્તમ એટલે પરબ્રહ્મ. તેને અર્પણ કરવાનું કહ્યું છે. મેં ગોકુળનાથજીની ટીકા સઘળી વાંચી નથી.

(૭) નાનાભાઇ હરીદાસ—હું આ કોર્ટમાં એક ભાષાંતર કરનાર છું. આ કામમાં વ્રજભાષામાંથી તરજુમા કર્યા છે. હું કાયસ્ત છું. કાયા એ શબ્દ પરથી કાયસ્ત શબ્દ થયા. કાયસ્ત મહારાજના સેવક છે. સેવકો તથા જે બ્રાહ્મણોને મહારાજ દાન દક્ષણા આપે તેઓ તેમને માન આપે છે. મહારાજો તિલંગા નાત

બહારીઆ બ્રાહ્મણ કહેવાય છે. વિદ્વાવાન બ્રાહ્મણો બહીષ્કૃત બ્રાહ્મણને ગુરૂનું માન નહિ આપે.

(૮) નારાયણ દીનાનાથજી—હું આ કોર્ટમાં ભાષાંતર કરનારે હું. આ કામમાં ભાષાંતર મેં કર્યાં છે. જીવણલાલજી મારા મિત્ર છે. હું તેને મળવા જાઉ હું. મેં તેના મંદીરમાં અનીતિ થતી જોઇ નથી. બધા પંથમાં ગુરૂને લોક પૂજે છે. આચાર્યવડે પુરૂષોત્તમને સમર્પણ કરવાનું કહ્યું છે. પ્રસંગ વગર ગુલાલ છાંટવું ઠીક નહિ, પણ તેમાં કાંઇ બિભત્સ નથી. બૈરાં ઉપર નાખ્યવું એ અવિવેક છે. બધા પંથના ગુરૂ સ્ત્રીઓને ચર્ણસ્પર્શ કરવા દે છે; કોઇ નથી કરવા દેતા. બીજા કોઇ ગુરૂને અંગે સેવક સેવકીઓ કેસરાદિ ચોળતાં નથી, ને તેની લંગોટી નીચવી તે જળ પીતાં નથી. ગુરૂની પાદુકા પૂજાતી મેં જોઇ છે. કોઇ બીજા પંથમાં વંશપરંપરા ગુરૂ મારા જાણવામાં નથી. શૈવના ગુરૂનો મુખ્ય શિષ્ય તેની ગાદીએ બેસે છે. બીજા કોઇ ગુરૂને તન મન ને ધન સમર્પણ કરવામાં આવતાં નથી. ગોકુળનાથજીની ટીકાનું મરાઠી ભાષાંતર મેં જોયું છે. તેમાં એમ કરવાનું કહ્યું છે.

૧૨મો તથા ૧૩મો દિવસ.

(૯) મથુરાંદાસ લવજી‡—હું બાટીઓ વેપારી વલ્લભાચાર્ય પંથમાં હું. વ્રજ, ગૂજરાતી, અને મરાઠી ભાષાઓ જાણુંહું. મારા પંથના આચાર વિચારના પુસ્તકો મેં વાંચ્યાં છે. એ પુસ્તકો મેં પ્રતિવાદી કરસનદાસને આ કોર્ટમાં રજુ કરવાસારૂ આપ્યાં છે. પુષ્ટી માર્ગના મતથી અને અસલના હિંદુ ધર્મથી હું માહિતગાર હું. પુષ્ટી માર્ગ પ્રાચીનવેદ ધર્મથી નોખો છે. વેદમાં મૂર્ત્તિ પૂજા નથી. ભાળબોધ નામે ગ્રંથમાં કહ્યુંછે કે કળીયુગમાં કોઇ વેદ વાંચી શકવાનું નથી, અને વેદમાં કહેલાં કર્મથી મુક્તિ નહિ મળે. ગોકુળનાથજીના એક ગ્રંથમાં એમ કહ્યુંછે કે પુષ્ટી માર્ગની વિરૂદ્ધ શાસ્ત્રમાં હોય તે ન માનવું. અમારા એ માર્ગમાં વલ્લભાચાર્યને અને વિઠ્ઠલનાથજીને પૂર્ણ પુરૂષોત્તમના અવતાર કહ્યા છે. પૂર્ણ પુરૂષોત્તમ એટલે પરમેશ્વર કે ભગવાન પરમાત્મા. એમના પછીના મહારાજો તેના અવતાર છે અને તેઓ પૂર્ણ પુરૂષોત્તમ આચારેજી મહાપ્રભુજીના બાળ કહેવાય છે. પરબ્રહ્મ પરમાત્માના ૧૦૮ નામ

‡એના ઉપર એક માણસે એવી ચિઠ્ઠી લખી હતી કે કરસનદાસને ટેકો મળે તેવી સાક્ષી પૂરશો તો તમારો જીવ સેવામાં આવશે, તમને મારી નાખીશું.

છે તે એમને લગાડ્યાંછે. ઘણા સેવકો સેવા કરતી વેળા મહારાજને મહાપ્રભુ કહે છે. ભાટીઆ જાતીના એ અસમાન ભાગ કરીએ તો તેમાંનો મોટો ભાગ મહારાજને પરમેશ્વર માની પૂજે છે, તથા તેમની છબીઓ પૂજે છે. હરેક મહારાજને તેના નામે અને અવતર્યા ત્યારથી પરમેશ્વર માની સેવેછે.તેના મોટપણે લક્ષણ કે ગુણ ઉપર કશો મેળ રાખતા નથી. વલ્લભાચાર્યને હીનું મસ્તક માને છે. વાસ્તવિકમાં તે લક્ષ્મણ ભટ નામે તિલંગા બ્રાહ્મણના દીકરા હતા. તિલંગા બ્રાહ્મણ તેના વંશજો સાથે કશો વહેવાર રાખતા નથી. તેમનું ખાતા નથી. બાર કરોડ હિંદુઓમાંથી આશરે બે લાખ આદમી પુષ્ટી માર્ગમાં છે. છોકરાંને કંઠી પહેરાવે છે તેવારે મહારાજ ઉપદેશ કરેછે તે શિવાય બીજી કોઈ વેળા તેઓ ધર્મનો બોધ કરતા નથી. હરેક બાળકને આખા જન્મારામાં એકવાર મહારાજ કંઠી પહેરાવેછે. કંઠી પહેરાવતી વેળા મંત્ર બોલાવે છે તેનું ભાષાંતર—'શ્રીકૃષ્ણથી મારો વિયોગ ઘણા કાળથી થયો છે, મારૂં તન, મન, ધન, સર્વાંગ, મારી નારી, મારા છોકરાં, મારૂં ઘરાદિ સર્વ કૃષ્ણાર્પણ કરૂંછું.' જેને કંઠી પહેરાવે તેને મોડે મહારાજ એ મંત્ર બોલાવેછે. લગ્ન સમે વરકન્યાને પણ એજ મંત્ર ભણાવે છે. મહારાજ એજ કૃષ્ણ; વૈષ્ણવ તેને તન, મન ને ધન સમર્પણ કરેછે. લોક પોતાની બધી દોલત મહારાજને આપી દેતા નથી; પરંતુ મહારાજો પોતાને કૃષ્ણ માની સ્ત્રીઓને ભોગવે છે." રાસ લીલા સમજવી કૃષ્ણ ગોપીઓની નાગી છબીઓ મહારાજો મંદિરમાં રાખે છે તેના નમુના વગેરે કોર્ટને દેખાડ્યા. "મુવા પછી સેવક અને સેવકીઓ સર્વે ગોપી થઈ કૃષ્ણ જોડે રાસ રમશે. મહારાજ પંડે ચોટલા રાખે છે, અને કૃષ્ણની મૂર્ત્તિની સેવા કરેછે તેવારે ચોટલા છૂટા રાખેછે કેમકે તેઓ પોતાને એ વેળા આ દુનીઆમાં ગોપી ગણેછે. મહારાજોની અનીતિની હું સામો છું તેથી નવો પંથ કાઢનાર હોય તેની પેઠે મને મથુર પંથ કહેછે. મેં નવો પંથ કાઢ્યો નથી. બચપણથી મારા બાપે મને શિખ્યુંછે કે મહારાજો અનીતિવાન છે. મહારાજની અનીતિ અમારા ઘણા લોક જાણે છે, પણ કાંઈક કારણસર મોડે માનતા નથી. હું આઠ નવ વરસથી એ વિશે મારા મિત્રોને સમજાવું છું. હું અને મારા મિત્રો મહારાજોને બાહારથી દેખાડવાનું માન આપીએ છીએ. ભાટીઓનું મહારાજો જોડે છીનાળું અટકાવવાને અમારી નાતે સંવત ૧૯૧૨ માં (સને ૧૮૫૫ માં) એવો લેખ

કર્યો હતો કે કલાણે વખતે માત્ર સ્ત્રીઓએ દર્શણ કરવા જવું. એક વરસ પછી તે લેખ પ્રમાણે કરવાનું ઠેરવ્યું, તેનું કારણ શીત નીમાળ સંબંધી મહારાજોને બ્રાહ્મણો જોડે કજીઓ ચાલતો હતો. વરસ પછી તે લેખ ચાલ્યો નહિ. આ ફર્યાદી કર્યા પછી વાદીના મોનેજર પરભુદાસે તે લેખ છુપાવવાને અને પોતાનાં રજુ નહિ કરવાને છાપ્યું છે. મહારાજનો વ્યભિચાર એમના પંથમાં પ્રખ્યાત છે. સને ૧૮૫૫ પછી એમાં કાંઈ ઓછું થયું નથી.' એ પછી સાક્ષીએ નજરે જોયલા બિભત્સ બનાવોનું, તથા સેવકીઓ મહારાજોને કેવી ખોટી રીતે સેવે છે, અને મહારાજો કેવી માઠી રીતે તેમની જોડે વર્તે છે તેનું વર્ણન કર્યું. 'વ્યભિચાર સંબંધી વાદીની ગેરઆબરૂ બીજા મહારાજોના જેવીજ છે. મહારાજોને અંગે સ્ત્રીઓ ચુવા ચંદન ચોપડે છે, અને વિહારની ગરબીઓ તેમના પણોયત ધણીની રૂબરૂ ગાય છે. ધણી કાંઈ બોલતા નથી, છાનામાના જોયાં કરે છે. હું ઘણા મહારાજોને ઓળખું છું. અમૂક સમયેજ સ્ત્રીઓને મંદિરમાં આવવા દેવી એવી મેં મહારાજોને વિનંતિ કરી, પણ તે વિશે મનસૂબો કરી અંતે તેમ કરવાની ના પાડી. મહારાજોના દુરાચાર અટકાવવાને હું અસમર્થ છું એવું મને જીવણજી મહારાજે કહ્યું. શ્રીનાથજી અને મથુરેશજી વાળા મહારાજોની મદદ લેવી પડશે, પણ કામ કઠણ છે કેમકે મહારાજની ઉપજની મોટી ખાંણ સ્ત્રીઓ છે. અફીણને અફીણ છોડાવવું જેમ મુશ્કેલ છે તેમ વ્યભિચારીને તેની પાપી ચાલ છોડાવવી કઠણ છે, માટે તે એકદમ બંધ થાય તેવું નથી, ને મારે ધીરજ રાખવી એવું જીવણજીએ કહ્યું. જીવરાજ બાલુને ઘેર વાદી આવ્યા ત્યારે મને તેડાવ્યો હતો. સ્ત્રીઓને કેળવણી આપવા વિશે વાત નીકળી તેમાં વાદીએ મને કહ્યું કે મહારાજો કહે તે પ્રમાણે તમારે કરવું. મેં ઉત્તર આપ્યો કે તમે સુનીતિનો આજ્ઞા કરો તે માનીએ; અનીતિની આજ્ઞા માનવી એ અમારો ધર્મ નથી. વાદી કહે તમારો ધર્મ એજ છે કે અમે જે કહીએ તે કરવું. મેં કહ્યું અમારો ધર્મ એવો નથી એ હું શાસ્ત્રમાંથી દેખાડી શકીશ. વાદીએ કહ્યું તમે મારે મંદિરે આવજો. મેં કહ્યું મહારાજોનો ધર્મ છે કે શાસ્ત્ર ભણીને લોકને બોધ કરવો તેમ તેઓ કરતા નથી. વાદી કહે તેમ કરવાની જરૂર નથી. તમારૂં કામ એજ છે કે અમે કહીએ તેમ કરવું. મેં કહ્યું એક પુસ્તકશાળા સ્થાપવી જોઇએ. વાદી કહે મેં ટીપ તૈયાર કરી છે તેમાં નાણા ભરાવો. મેં કહ્યું તે નાણા તમને ન-

હિ સોંપીએ. વાદી કહે તમે ને તમારા મિત્રો રાખજો. લેખલ છપાયા પ
છી આ વાત થયેલી. શંકાચાર્યોની પાસે બાયડીઓ જતી નથી. વાદીના લ-
ખાણથી અને ગોકુળનાથજીની ટીકાથી વ્યભિચાર વધે તેવું છે.' સ્વધર્મ વર્ધકમાંથી
ઉદાહરણ આપ્યાં. 'હું જીવણજીને મંદિરે જાઉંછું. પણ એકે મંદિરે મારી
વહુને જવા દેતો નથી. બીજા વૈષ્ણવોની વહુઓ જાય છે; થોડાકની નથી
જતી. હું જીવણજીને દેવ માનતો નથી. બીજા વૈષ્ણવો ચર્ણસ્પર્શ કરે છે,
હિંડોળે ઝૂલાવેછે, અને મૂર્ત્તિને ગળે હાર પહેરાવે તેમ મહારાજને પહેરાવેછે.
મહારાજની ચર્ણરજ લઈને મોઢામાં મૂકે છે. મહાપ્રભુજી, પુરૂષોત્તમ, વલ્લભદેવ
વગેરે નામે તેમને પૂજે છે. મહારાજને સેવે છે તે વેળા મૂર્ત્તિનું મંદિર વા-
સેનું હોય છે. થોડા વૈષ્ણવ મહારાજોને દેવ નથી માનતા. હું નથી માનતો
પણ મારો ભાઈ માને છે. બધા હિંદુ તન મન ને ધન સમર્પણ નથી ક-
રતા. સમર્પણ કર્યા કેડે જેરાં જોડે નજરમાં આવે તેમ વરતવાને મહારાજ
છૂટ લે છે, એ વાત છાની નથી. વાદી નિશાળો સ્થાપવાનો ઢોંગ કરેછે. મેં
મહારાજોને કુકર્મ કરવાને પરણેલી સેવકીઓને સૂવાના ઓરડામાં બોલાવતાં
જોઇછે તે મહારાજોના નામ.—લગ્નમાં બાયડીઓ કૂટાણાં ગાય છે તે સત્ય
પ્રકાશના પ્રયત્નથી કાંઇક ઓછાં થયાં છે.

૧૪મો દિવસ મંગળવાર તા. ૧૪મી ફેબરવારી ૧૮૬૨.

(૧૦) દાકતર ભાઉ દાજી—વરસ દોઢેક પર મેં વાદીને ઓસડ કર્યું હતું.
એને પરમીઆનો રોગ થયો હતો. વાદીએ કહ્યું કે ચાંદી થઇછે. તેની દવા લેવા
આવતી કાલે માણસ મોકલીશ. એ વેળા બે મિત્ર મારી જોડે હતા, શેઠ લ-
ખમીદાસ ખીમજી અને રાવસાહેબ વિશ્વનાથ નારાયણ. વ્યાધિનું વ્યાન વાદી-
એ કરવા માંડ્યું એટલે તેઓ ત્યાંથી ઉઠી ગયા. એ ચાંદી થયા વિશે ખુલાસો
બીજે દિવસે કરવામાં આવશે એમ વાદીએ મને કહ્યું. તે ખુલાસો ગોવરધ-
નદાસે કર્યો. મેં કહ્યું મારે નજરે જોવું જોઇએ, પણ તે વખત મલમ આપ્યો.
ફરીને બોલાવ્યો નહિ. એજ આજદર માટે ત્રણ મહારાજોને મેં દવા કરીછે.
સને ૧૮૪૯માં હું વાદીના બાપને સુરતમાં તેના મંદિરમાં મળ્યો હતો. તે
બીજે માળે રહેતા ને ત્યાંથી ઉતરી જવાનો એક રસ્તો હતો. વાદીની આબરૂ
સારી નથી; તેનાં લક્ષણ નઠારાં છે. મેં એક ભણેલો મહારાજ જોયો છે. બા-
કીના સાધારણ બ્રાહ્મણ જેવા છે. તેઓ વલ્લભના કુળમાં જન્મ્યા તેથી

પૂજાય છે, વિદ્યાને માટે પૂજાતા નથી. તેમને કૃષ્ણના અવતાર ગણે છે. મેં તેમની સેવા થતી જોઇછે. ઠાકોરજીની મૂર્ત્તિના દર્શણ કરીને બહાર બીજી જગાએ આવી સેવક સેવકીઓ મહારાજની સેવા કરેછે. દર્શણમાં મરદ ઓરતની ચાંપાચોળ બહુ થાયછે. હાથમાં કોરડા લઇ બે આદમી અંદરનાં બારણા આગળ ઉભા રહે છે. આ કોરડાથી વખતે કોઇને મસ વાગે છે. મેં મહારાજને નાહાતાં અને તેના પહેરી નાહેલા વસ્ત્રથી નીગળતું પાણી પીવાને સેંકડો માણસોને દોડતાં જોયાં છે. સ્ત્રીઓ ચર્ણસ્પર્સ કરેછે, ને ચર્ણ રજ ખાય છે. ત્રણેક વરસપર મેં જીવણજીને જાહેરમાં કહ્યું હતું કે મહારાજોનાં કુકર્મ અટકાવવાં જોઇએ. તેણે જવાબ દીધો કે મારો તેમના ઉપર અધિકાર નથી.' એ પછી દાકતરે બ્રાહ્મણનાં ધર્મશાસ્ત્ર પ્રમાણે છ નિત્ય કર્મ કહ્યાં. મહારાજો તે પાળતા નથી. મિતાક્ષરામાંથી ત્રણ પ્રકારના વ્યભિચારની વાંખ્યા કહી. લીલાનો અર્થ અને તે ભાગવતમાં તથા પ્રોફેસર હ. હ. વિલ્સનના કોશમાં છે તે જાહેર કર્યું. મહારાજોના વાંકા અંગોડા દેખાડવાને તેમના ફોટોગ્રાફ રજુ કર્યા. આગળ મહારાજો પર થયેલા હૂમલા, તેઓ પગને અંગુઠે વેઢ પહેરે છે તે, લૈખલના વાક્યનો અર્થ વાદીની વિરૂદ્ધ છે, અને વાદીના બાપની હૈયાતીમાં લક્ષણ ખોટાં હતાં તોપણ માન તેટલુંજ મળતું એ સર્વ જાહેર કર્યું. 'કૃષ્ણ ગોપીની કહાણીઓ બીજા પંથવાળા પણ માને છે. કૃષ્ણે ગોપીઓ જોડે કુકર્મ કર્યું નથી એમ હું ધારૂં છું. મેં એક મહારાજને સ્ત્રીઓને નાગી છબી બતાવતાં ને ફટાણું બોલતાં સાંભળ્યો છે. એકે મારી પાસે ગર્ભ ન રહે એવું ઓસડ માગ્યું હતું.

(૧૧) દાકતર ધીરજરામ દલપતરામ—સને ૧૮૬૦ના દીસેમ્બર માસમાં મેં વાદીને ઓસડ કર્યું. ઓસડ એક માસથી વધારે ચાલ્યું. તેને ચાંદીનો રોગ થયો હતો. મેં તે રોગ નજરે જોયો, ને તે થવાનું કારણ વાદીના મોહોથી જાણ્યું.' એ પછી એ દાકતરે જદુનાથજીએ કહેલી બીના જાહેર કરી તે આ ગ્રંથને યોગ્ય નથી.

(૧૨) શેઠ લખ્મીદાસ બીમજી—ભાટીઆ મહાજનના બાર શેઠ છે તેમાંનો એક હું છું. દશ અગીયાર વરસથી વાદીને ઓળખું છું. બેટમાં મેં તેને ભેટ મૂકી હતી. ત્યાં લખ્મીજીનું મંદિર છે તેમાં—" બાકીનું અહીં દાખલ નહિ કરવું જોઇએ. "પછી હું ને મારા મામા દામોદર દેવજી વાદીને

ઉતારે બપોર પછી એકાદ કલાકે ગયા. જદુનાથજી સુતા હતા. મારા મામાએ તેનો એક પગ ચાંપવા માંડ્યો, તે જોઇ મેં બીજો ચાંપવા માંડ્યો. મહારાજના પગ ચાંપવા એને (અમારા પંથના વૈષ્ણવો) મોટું માન આપવું ગણે છે. પાએક કલાક પછી—" સાક્ષીએ વાદીનું કુકર્મ નજરે જોયું તેનું બ્યાન કર્યું છે તે આ પુસ્તકમાં લખવા લાયક નથી. એ લીલા ભોગવનાર તથા જોનાર એમ પાવન થયાને માટે ભેટ મૂકે છે. એ વેળા શાક્ષીની ઉમર ૧૮ કે ૧૯ વરસની હતી. રાસ મંડળી પણ એણે જાતે જોઇ હતી. તેમાં ૨૫૨ તથા ૮૪ વૈષ્ણવની કહાણીઓમાંથી પ્રથમ વાંચે છે પછી તે ચોપડીઓને મીંડાઇ, ફળ, પૈસા વગેરે ધરાવે છે, ને તે પ્રસાદ મંડળીમાં બેઠેલા વૈષ્ણવો ખાય છે. જે સ્ત્રી પુરૂષો રાસ મંડળીનાં ગુપ્ત કામમાં પ્રવીણ ન હોય તેઓને ત્યાંથી કાઢે છે. તેઓ ગયા કેડે—" સાક્ષીનો મામો એમાં સામિલ હતો, પણ સાક્ષી પંડે ન હતો તેથી તેને બહાર જવું પડ્યું. રાસમંડળીની વાતો પ્રસિદ્ધ છે. વરક તોનાં ભુંડાં કામ અને વાદીના બીજા દુરાચાર જોયલા તે વર્ણવ્યા. એ દિવસે સાંજ પડવાથી સાક્ષી પૂરી થઇ નહિ. મહારાજની વિરૂદ્ધ સાહેદી પૂરી માટે માર્ગમાં શેઠ લક્ષ્મીદાસને ઘણાક વાણીઆએ ગાળો દીધી. બીજે દિવસે શેઠે તે બીના કોર્ટને જાહેર કરી, પણ કોઇનાં નામ આપ્યાં નહિ. જડજોએ લોકને ચેતવણી આપી કે જેઓ એવું કરશે તેઓને સજા સજા કરવામાં આવશે. સ્ત્રી કેળવણી, પુનર્વિવાહ, વગેરે સુધારાની બાબતોમાં વાદી સુધારાવાળા તરફ છે એવી ખ્યાતિ ચાલી હતી તેથી તેણે બદચાલ છોડી હશે એવું ધારી શેઠ લક્ષ્મીદાસ ખીમજી તે ૧૮૬૦માં મુંબઇ આવ્યો ત્યારે મળવા ગયા અને તેને મદદ કરી. પોતાને ઘેર પધરામણી કરી નજરાણાં આપ્યાં તથા પોતાના દોસ્તો કને તેમ કરાવ્યું. વાદીને ચોપાનીઓ છપાવવાં હતાં તે ગણપત કૃષ્ણાજીના છાપખાનામાં છપાવી આપ્યાં. વાદી બોલે તે પરભુદાસ લખે એમ ચોપાનીઓ, હેંડબીલો, અને પત્રો લખાતાં. જે પત્ર ઉપર સત્ય પ્રકાશમાં ટીકા થઇ તે વાદીએ ચાબુકમાં છપાવ્યું હતું. વાદીએ કહ્યું કે છાપાવાળાના હૂમલાથી મહારાજો મુંબઇમાંથી નાશી જતા રહે છે માટે છાપામાં તકરાર ચલાવવાને અને ઉત્તર આપવાને હું આવ્યો છું. મારી ગેરહાજરીમાં કર્યાદી ચાલી શકશે કે નહિ. શેઠે કહ્યું હા. એ વેળા કરસનદાસને નર્સી તેની જોડે હતા. વાદીએ કહ્યું મારી સાક્ષી મારે મંદિરે આવી લેશે કે નહિ. શેઠે કહ્યું ના. છ વરસ

પર જીવણલાલજી ઉપર સમન થયો હતો તેવારે તેમ ન થયું. ત્યારે વાદીએ કહ્યું કે હું કોર્ટમાં જાઉં તો મને જડજોની પાસે ઊંચી ખુરશીએ બેસાડશે કે નહિ. થોડા માસ સૂધી વાદીની સુધારાની વાતોથી શેઠ છેતરાયા. પછી માલૂમ પડ્યું કે મહારાજ તો બેટમાં હતા તેવાજ છે એ પોતાની આંખોએ જોયું. શેઠે જોયું તે કોર્ટને કહ્યું. વાદીને ઠપકો દીધો, શિખામણ દીધી, પણ તેથી કાંઇ વળ્યું નહિ. નિર્લજ, સ્ત્રીલંપટ, સુધર્યો નહિ ને છોડીઓની નિશાળો સ્થાપવા વગેરેનો ઢોંગ કરતો રહ્યો. શેઠને કહે અમને સ્ત્રીઓથી ઘણું ધન મળે છે તે બીજી રીતે મળે એવી ગોઠવણ કરો તો બ્યભિચાર છોડીએ. વાદીને ચાંદી થઇ હતી તેની દવા કરવાને દાક્તરે ભાઉ દાજીને વાદીના ઇચ્છાથી સપ્તેમ્બર ૧૮૬૦માં તેડી ગયા હતા. તે વેળા રાવ સાહેબ વિશ્વનાથ જોડે હતા. એ પછી વાદીએ દાક્તર ધીરજરામનું બોસડ કર્યું. સાક્ષી દશ પંદર મહારાજોની બુરી ચાલથી વાકેફ હતા. 'સને ૧૮૫૫માં ભાટીઆ મહાજનના ઠરાવ પછી મારે જીવણજી સાથે મહારાજોના બદફેલ સંબંધી વાત થઈ હતી. તેણે મને તથા બીજાઓને પોતાને મંદિરે બોલાવ્યા હતા. અમે કહ્યું છાપાવાળા છાપે છે ને તમારા ઉપર સમન થયો છે. એ વેળા દાક્તર ભાઉ દાજી, તથા વીનાએકરાવ વાસુદેવ, તથા નારાયણ દીનાનાથ ત્યાં હતા. ભાઉ દાજીએ જીવણજીને ઘણી શિખામણ દીધી. તેણે કહ્યું તમારાં આચરણ સુધારો. સાચા ભક્ત થાઓ, સુબોધ કરો, શાળાઓ સ્થાપો વગેરે સારાં કર્મ કરો એટલે તમારી વિરૂદ્ધ કોઈ છાપી નહિ શકે. દાક્તરનું ભાષણ લાંબું હતું. જીવણજી કહે મહારાજોની પેદાશ મુખ્યત્વે સ્ત્રીઓથી છે તેથી તેઓ મારા વાર્યા રહે એમ નથી. ખરસેદજી કામા હાજર હતા તેમણે પણ જીવણજીને ઘણું કહ્યું. જીવણજી કહે જે ઠરાવ થાય તે ઉપર મતું કરવાને હું તૈયાર છું. એવું કરવું હું છોડી દઇશ. તેણે સહી કરવાનું કહ્યું પણ કરી નહિ. મને એક પડખે બોલાવી જોઈ મહારાજે કહ્યું તમે ગુપ્ત વાતો પ્રગટ કરો છો તે ઠીક કરતા નથી. આ મુલાકાતનું કાંઈ ફળ થયું નહિ. વાદીને બેટમાં મળ્યો તેવારે તેની વય ૨૮ વરસની હતી. બેટમાં વાદીએ જે કર્યું તે ધર્મ છે એવી તે વેળા મારી સમજ હતી. ગૂલામી બ્યત ઉપર સહી કર્યા પછી મારા વિચાર સુધર્યા. બેટમાં વાદીએ કરેલાં કુકર્મની વાત પાંચ છ વરસ પર મેં વાલેશ કંપનીના ભાગીઆ શેઠ ધનજીભાઇ ફરામજીને કહી હતી; એકાદ વરસ પર એમનો મામો દામોદર દેવજી મુંબઇ હતો તેની રૂબરૂ શેઠ

ગોકળદાસની વાડીમાં ખટાઉ મકનજી, મથુરાંદાસ લવજી, અને નરસી જેઠાને કહી હતી; તથા ગયે વરસ શેઠ મંગળદાસ નથુભાઇને કહી હતી. એ દામોદર દેવજી જંજીબાર ગયો છે.

(૧૩) કાળાભાઈ લલુભાઇ.—હું વાદીને ઓળખું છું. હું સુરતમાં તેને મંદિરે જતો ને તે મને બીડું આપતો. વિધવા પુનર્લગ્ન વિશે મારે તેની સાથે વાત થઇ હતી. એક દિવસ હું તેની પાસે બેઠો હતો તેવામાં—" વાદીનાં કેટલાંક બુંડાં કર્મનું બ્યાન કર્યું, તથા કેટલાક મૂર્ખ વૈષ્ણવોના, તથા વાદીના તે વિશે નઠારા વિચાર પોતાને કાને સાંભળ્યા હતા તે કહ્યા. "સુરતમાં પ્રથમ વાદી બૈરાંને ચર્ણસ્પર્શ કરવા નહોતો દેતો, પણ મુંબાઇમાં તેમ કરવા દેતો. સુરતમાં પણ તેની રહેણી સારી નહતી. મારી ઉમર ૧૬ વરસની છે. વાદીને જે કરતાં મેં દીઠો તે મેં નર્મદાશંકરને કહ્યું."

(૧૪) ખરસેદજી મનચેરજી—ચાબુકના માનેજરે સાક્ષી પૂરી કે હું વાદીના કારભારી પરભુદાસને ઓળખું છું, ને તે વાદીનું છાપવાનું કામ લાવતો અને તેના નાણાં આપતો.

(૧૫) કાનોબા ગણપતરાવે સાહેદી પૂરી કે જદુનાથજીનું સ્વધર્મ પ્રકાશક ચોપાનીયું તથા બીજાં ચોપાનીઆં હું છાપતો. પુરફશીટ એ મહારાજનાં મંદિરે ગોવરધનદાસને મોકલતો. તેમ કરવાની ચોડી રજુ કરી.

૧૯મો દિવસ, શુક્રવાર ૨૧મી ફેબરવારી ૧૮૬૨.

(૧૬) ચતુરભુજ વાલજીએ કાળાભાઇએ કહ્યો તેવો બીજો દાખલો આપ્યો.

(૧૭) શેઠ ખરસેદજી નસરવાનજી કામાજી—હું જીવણલાલજી મહારાજને મંદિરે બીજાઓની જોડે ગયો હતો. ત્યાં જે વાત થઈ તે છાનું રાખવાનું મને મહારાજે કહ્યું હતું. લખમીદાસ ગોકળદાસ અને બીજાઓને પણ તે પ્રમાણે કહ્યું હતું. મારે બેવાર જીવણજી જોડે વાત થઈ હતી. છાની વાત કહેવાને હું રાજી નથી.

પ્રતિવાદીના વકીલે આ છાની વાત જાહેર કરવાને માગ્યું નહિ.

(૧૮) દામોદર જેઠા. સવા વરસપર કરસનદાસ નેનસીને ઘેર હું વાદીને મળ્યો હતો. મહારાજ કોચપર બેઠા હતા. અને ભોંયે બેઠા હતા. મહારાજે વરકત વિશે વાત કાઢી. ધરમણીએ કહ્યું ગોસાંઇના બાળ છીનાળું કરેછે

તેનો શો ખુલાસો. વાદી કહે તે કરાવનાર વરકતો છે. કરસનદાસ નેનસી હાલ મુંબાઈમાં નથી.

(૧૯) સર મંગળદાસ નથુભાઈ—જીવણજીને મંદિરે, દાકતર ભાઉ દાજી, વગેરેની જોડે હું હતો. દાકતરે જીવણજીને બહુ શિખામણ દીધી. જીવણજી કહે હું બીજા મહારાજોને અટકાવી શકતો નથી. મને બીજીવાર આનગી મુલાકાતમાં એ મહારાજે કહ્યું કે મહારાજોની ઘણી ઉપજ સ્ત્રીઓથી છે તેથી બંધી થઈ શકે તેવું નથી.

(૨૦) શેઠ ખટાઉ મકનજી—હું જીવરાજ બાલુની પેઢીમાં ભાગીઓ છું. શેઠ ગોકળદાસ તેજપાળની વાડીમાં હું હતો. સને ૧૮૫૫માં ભાટીઆની ન્યાત મળી ત્યાં હું હતો. સ્ત્રીઓને માટે જૂદો દરવાજો કરવાની બલામણ એક મહારાજને કરી હતી. ભાયડા બાયડીની ભાંડ મંદિરમાં થાયછે તે ઠીક નથી. મહારાજની પધરામણી વેળા બાયડીઓ અનીતિના ફટાણાં ગાય છે તે મેં સાંભળ્યાં છે.

(૨૧) નરસી જેઠાને વાદીના વકીલે સવાલ પૂછવાની ના કહી.

(૨૨) ઠાકરસી નારણજી—કચ્છ માંડવીમાં સાત આઠ વરસ થયાં વાદીના ભુડાં લક્ષણ જાણવામાં છે. તે વ્યભિચારી છે એવું લોક જાણે છે.

(૨૩) રાવજી સુંદરજી—કચ્છમાંડવીમાં હું વાદીને ઓળખતો હતો. એ અનીતિવાન ગણાતો. બધા મહારાજો ખરાબ છે એ સૌ જાણે છે. કચ્છમાં મેં સાંભળ્યું હતું કે બીજા મહારાજોથી વાદી વધારે નઠારો છે. તેના મંદિરમાં જુગાર પણ ચાલતો.

(૨૪) કાનદાસ મન્છારામ—હું આસિસ્ટંટ કન્ઝીનીઅર છું અને સુરતનો વતની છું. સુરતમાં વાદી છીનાળવો અને અનીતિવાન ગણાય છે. ધર્મીંધ જડસો વિના બીજા કોઈ એને સારો કહે નહિ. એના મંદિરમાં નારીઓ જાય તેઓમાં ઠઠ્ઠા મશકરી કરવી અને ફાંકડા જણાવવું એ તેનાં કર્મ હતાં એવું ત્યાં જનારા માણસોથી મેં સાંભળ્યું છે.

(૨૫) જનાર્દન રામચંદ્ર—વલ્લભાચાર્ય માર્ગ વિશે મેં કવિ ચરિત્ર નામે ગ્રંથ રચ્યો છે.

(૨૬) નર્મદાશંકર લાલશંકર—હું નાગર બ્રાહ્મણ છું, ને વિધવાના પુનર્લગ્નની બાબત મનપર લીધી છે. વાદી જોડે જાહેર સભામાં એ વિશે મેં વાદ કર્યો હતો. વાદી એ કામમાં સામો થયો. વલ્લભાચાર્ય પંથ વિશેનું પુસ્તક

જનાર્દનને મેં રચી આપ્યું. એ પંથના ગ્રંથો મેં વાંચ્યા છે. તન, મન ને ધન સમર્પણ કરવાનો અર્થ કર્યો છે તેમાં કાંઈ સંશય નથી; વહુ, બેટી, બેટા, મીલકત, કાયા અને જીવ વગેરે આપવું. સુરતમાં, માંડવીમાં, કચ્છમાં, અને મુંબાઈમાં બધે વાદી નઠારો આદમી ગણાય છે. સાત વરસ થયાં હું કવિ થયો છું. સેવકોને ભાન આણવાને, અને મહારાજો જેવા બિભત્સ માણસોના સંગથી દૂર કરવાને હું મારા ઘરમાં એ પંથના દુરાચાર વિશે ભાષણો કરતો. શાસ્ત્રીઓથી, પુસ્તકોમાંથી, અને સેવકોથી મળેલી સામગ્રીવડે મેં વલ્લભાચાર્ય પંથની સામે નિબંધ રચ્યો. ઘણાક ગ્રંથોના અભ્યાસથી મારી ખાતરી થઇ છે કે તન, મન ને ધન મહારાજોને સમર્પણ કરવાને કહ્યું છે. કેટલાક શાસ્ત્રીઓ મારો કરેલો અર્થ મંજૂર રાખ્યો. લૈખલ છપાયાની પૂર્વે વાદીના કુલક્ષણની ખબર મેં પ્રતિવાદીને કરી હતી. હું એક કોશ બનાવું છું તેથી ગયે વરસે સુરત જઈ શક્યો નથી. જે શાસ્ત્રી મારા અર્થને મંજૂર રાખે છે તેઓ એ બાબતમાં જાહેર પડવાને રાજી નથી. એ પંથમાં કાંઈ સુનીતિ નથી. મહારાજો ધર્મ ઉપદેશક નથી તો પ્રાચીન હિંદુ ધર્મના ઉપદેશક ક્યાંથી હોય.

(૨૭) રામદાસ ભાણજી—હું ભાટીઓછું ને વલ્લભ પંથમાંછું. આ લૈખલ છપાયાની પહેલાં ગૂજરાતી વર્ત્તમાન પત્રોમાં મહારાજોની વિરૂદ્ધ વિષયો લખ્યા હતા. ટાઈમ્સમાં મેં એ બાબત પત્ર લખ્યા હતા. મહારાજોના જાર કર્મ અને પોતાને કૃષ્ણાવતાર કહેવડાવે છે તેની મેં ચર્ચા કરી. એ લખવામાં પ્રતિવાદીએ મને મદદ કરી નથી. મેં તેમના દુર્ગુણ જાહેર કીધા. હું "ખોજા દોસ્ત" નો એડિટર છું. ખોજાઓમાં સુધારાવાળાનું એ પત્ર છે.

(૨૮) ત્રીભોવનદાસ દ્વારકાંદાશ—ગોકળદાસ તેજપાળ સ્કૂલમાં હું વડો આસીસ્ટંટછું. ગૂજરાતી વર્ત્તમાન પત્રોમાં મહારાજોની કરણી બાબત મેં વિષયો લખ્યા છે. એ પંથમાં હું છું તોપણ પાંચ વરસ થયાં એના એક મંદિરમાં નથી ગયો.

(૨૯) નાનાભાઈ પેસતનજી—હું ચાબુક પત્રનો એડિતર છું. વાદીનો કારભારી પરભુદાસ મારી પાસે તેના કાગળો લાવતો.

નાનાભાઈ રૂસતમજી—એમાંનો એક પ્રતિવાદી હું છું, અને યુનિયન પ્રેસનો માનેજર છું. સત્યપ્રકાશનો છાપનાર હું હતો અને એડિટર મારો સાથી બીજો પ્રતિવાદી છે તે હતો. એ પત્ર માલિકના લાભને માટે ચલાવ્યું નથી

પણ લોકમાં સુધારો કરવાને ઉઠાવ્યું હતું. ખરચથી ઉપજ ઓછી હતી. વાદીને સારૂ મેં તેના સ્વધર્મ વર્ધક ચોપાનીઆના કેટલાક આંક છાપ્યા હતા. છાપવાના વિષયો પરભુદાસ જે તેનો હાલ કારેભારી છે તે લાવતો અને મારા ખીલ મહારાજની વતી દાકતર ધીરજરામ આપતા.

પ્રતિવાદીનો પુરાવો અહીં પૂરો થયો.

આ પુરાવો તોડવાને વાદી તરફથી ૩૫ સાહેદો આણ્યા. ૧૭મો દિવસ તા. ૨૨મી ફેબ્રુઆરી ને વાર શનિએ એમાંના ૧૧ લેવાયા. પાંચ આદમીએ એટમાં બનેલી વાત ખોટી કહી, ને છએ સુનીતિ સંબંધી વાદની સાખ સૂરતમાં ખોટી ન હોતી પણ સારી હતી એવી જુબાની આપી. ૧૮મે દિવસે એટલે સોમવાર તારીખ ૨૪મી ફેબ્રુઆરીએ ૧૩ સાક્ષીની પરીક્ષા થઈ. એમણે સૂરતમાં, વડોદરામાં, અમદાવાદમાં, ગોકુળ મથુરામાં, અને મુંબઇમાં વાદીની સાખ સારી હતી અને તેણે કુકર્મ કર્યાં નથી એમ કહ્યું. ૧૯મો દિવસ, તારીખ ૨૫મી ને મંગળવારે ૨૫થી ૩૪ સૂધીના સાક્ષીઓ બોલ્યા કે હેદરાવાદ, શીકારપુર, મુલતાન, અમૃતસર, વગેરે ઠેકાણે વાદીનાં આચરણ સારાં હતાં. આખા જન્મારામાં જદુનાથજીએ ભુંડું કામ કર્યું નથી. ભાટીઆ કન્ફિસ્પરસી કેસવાળો બંદોબસ્ત અને ગોકુળનાથજીની ટીકાનું જૂદા અર્થનું ભાષાંતર એ બે દાખલ કર્યાં. ૨૬મો સાહેદ દામોદર માધવજી, મુંબાઇના ભાટીઆના ૧૨ શેઠોમાંના એકે કહ્યું - હું મરજાદી છું, ને જેઓ મહારાજને કુષ્ટ કર્મો કરનારા કહે તેને હું ન્યાત બહાર ગણું. મહારાજને શીર બનીતિના આળ ચડાવે તેને ન્યાત બહાર ગણું. ગોકળદાસ, લખમીદાસ, મથુરાંદાસ, વગેરે જોડે નહિ બોલું.

વાદી જદુનાથજી બ્રીજરતનજી મહારાજનું નામ કોર્ટના પટાવાળાએ પોકાર્યું તેવારે સર્વે લોક તેને આવતા નીરખવાને ચારે તરફ જોવા લાગ્યા. તેને માન આપવાને ઘણા વૈષ્ણવો ઊભા થયા. થોડા ક્ષણમાં બે ઊંચા ચોપદાર આગળ, તેમની પાછળ છાતી કાઢીને ચાલતા મહારાજ, મહારાજની બાજુએ શેઠ વરજીવનદાસ માધવ વગેરે મોટા વૈષ્ણવ, પાછળ નાના વૈષ્ણવ અને નોકરો, એમ ભભકાથી સ્વારી આવી. મહારાજને સાક્ષીના પાંજરામાં ઊભા રાખ્યા. શરીરે લઠ, રંગે કાળા, મધ્ય કદના, ગાલે શોભીતા થોભીઆ, સુંદર પાઘ અને વાગા ધારણ કરેલા, અજ્ઞાન સાગરમાં ડૂબેલાને મન સાક્ષાત ગોકુળના કાનનું

*સ્વરૂપ, એવા જદુનાથજી હિંમતથી ઊભા. જન્મમાં જૂઠું બોલેલો નહિ! માટે ગીતા ઉપર કસમ ખાવાની તેણે ના કહી, પણ મુખ્ય ન્યાયાધીશે ફરમાવ્યું કે સાક્ષી પૂરવી હોય તો પ્રતિજ્ઞા લેવી જોઇએ તે પરથી મહારાજે સાચું બોલવાના સમ ખાધા. તેના બારિસ્ટરની દરખાસ્ત પરથી કોર્ટે તેને બેસવાને ખુરસી આપી. એની સાક્ષીનો સાર આપવો જોઇએ.

મી. બેલીના સવાલના જવાબમાં—હું આ કામમાં વાદી છું. મારી ઉમર ૩૫થી વધારે છે. હું આજ પહેલાં ન્યાયની કચેરીમાં ગયો ન હતો. કોઈ બીજા મહારાજ ગયેલા મહારા જાણવામાં નથી. મને ગુજરાતી, પંજાબી, મારવાડી, હિંદુસ્તાની, વ્રજ અને સંસ્કૃત ભાષાઓ આવડે છે. વલ્લભાચાર્ય માર્ગનું જ્ઞાન થવાને જે પુસ્તકો વાંચવા જોઇએ તે મેં વાંચ્યાં છે. સુરતમાં મારે ઘરચે ગૂજરાતી અને સંસ્કૃત નિશાળ સ્થાપિ છે. મુંબાઇમાં આવ્યા પછી સ્ત્રી કેળવણીમાં ચિત્ત લગાડ્યું છે. નવ મહિના પર હું મંગળદાસ કન્યાશાળામાં ગયો હતો. બધા હિંદુએ જાત્રા કરવી જોઇએ. હું જાત્રા કરવા નિકળ્યો હતો, ને સંવત ૧૯૦૭માં બેટમાં ગયો હતો. ત્યાંના લક્ષ્મીજીના મંદિરમાં પ્રતિદીન બે વાર જતો. ત્યાં પ્રતિમાં ઉપર ગુલાલ નાંખવામાં આવે છે. દ્વારકાં નાથજીના મંદિરમાં દર્શણ કરવા આવનારે ઉપરે પણ નાખે છે. લક્ષ્મીજીના મંદિરમાં મેં કોઈ સેવક સેવકી ઉપર ગુલાલ નાખ્યું ન હોતું. બધી સેવકીઓને હું મારી પુત્રી સમાન ગણું છું તો કોઇના સ્તનને સ્પર્ષ કેમ કરૂં? મેં કદી તેમ કર્યું નથી. લખ્મીદાસ ખીમજી જોડે મારે બે અઢી વરસ પર ઓળખાણ થયું. ૧૯૦૭માં મેં તેને બેટમાં જોયલા નહિ. મારે વિશે તેણે જે કહ્યું હશે તે જુઠું છે. અમારી પાસે હમેશ નોકર હાજર રહે છે. વડોદરા, ગોકુળ, મથુરાં, મુલતાનં, વગેરે ઠેકાણે હું જઇ આવ્યો છું. બળાત્કારે સંભોગ કર્યાને માટે હું સુરતમાંથી ગયો નથી. બેટમાં મારી વહુ ન હતી. ગોકળદાસ તેજપાળે મને લખ્મીદાસ જોડે ભાંયખળે ઓળખાણ કરાવ્યું. હું ત્યાં ઉતર્યો હતો. લખ્મીદાસે મારી પધરામણી કરી હતી. ચાબુકમાં વિષયો છપાવવાની રજા આપ્યાનું મને જરાક યાદ છે. છાપાવાળાઓના લખાણથી મહારાજે મુંબાઇથી જતા રહે છે. અને હું છાપાવાળા જોડે વાદ કરવા આવ્યો છું એવું મેં લખ્ય-

* મહારાજો એક બે ત્રણ કે વધારે હોય તેમને એક સ્વરૂપ, બે સ્વરૂપ, ત્રણ સ્વરૂપ, જેટલા હોય એટલાને સ્વરૂપ (એટલે કૃષ્ણ સ્વરૂપ) કહે છે.

મીદાસને કહ્યું નથી. મુંબાઇમાં કોઇ સેવકી જોડે હું અયોગ્ય રીતે વર્ત્યા નથી. કાલાભાઈ લલુભાઇને ઓળખું છું. સુરતમાં અને મુંબાઇમાં તેને મળ્યો છું. એણે મારી અનીતિની વાત કહી તે ખોટી છે. હજારો સેવક સેવકીઓ મારા દર્શણ કરવાને આવતાં. અમારા ધર્મમાં વ્યભિચારનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. એ સંબંધી મારે કાલાભાઇ જોડે વાત થઇ નથી. શાસ્ત્રોના ગ્રંથ સાચા કે નહિ તે વિશે વાત થયલી. જરા કર્મ વિશે કોઇ દાકતર જોડે વાત કરેલી મને સાંભરતી નથી. એવું કામ મેં મારા આખા ભવમાં કર્યું નથી. કાલાભાઈ જોડે વાત કરતો હતો તેવારે કોઇ નારી મારા સેન્યા મંદિરમાં પેઠી નથી. મારી વહુને તથા મારા છોકરાને મળવા ઘણી સ્ત્રીઓ નિત્ય આવે છે. અંગુઠે સ્પર્ષ કરવા બાબત મારે કાલાભાઈ સાથે સુરતમાં વાત થઈ નથી. બાળક બચ્ચાને માટે મેં એક ચોપડી રચાવી હતી તે બીજા છોકરાની જોડે કાલાભાઈ વાંચવા આવતો. તે રચવામાં મેં સાહે કરી હતી. બધા સેવક સેવકીઓ મારા ચરણપરસ કરેછે. જ્યારે હું ઉંચે આસને બેઠો હઉ છું તેવારે ઉપરથી અને નીચેથી અડકે છે, અને પગ ભાંયે હોય ત્યારે ઉપરથી અડે છે. કાલાભાઇએ મને કહ્યું કે બધાં હિંદુશાસ્ત્ર ખોટાં છે, અને તે નર્મદાશંકરનો સંપૂર્ણ ચેલો થયો છે. હું શાસ્ત્રને ખરાં માનું છું તેથી કદાપિ તે એમ ધારતો હશે. કે હું અસત્ય બોલું છું. નર્મદાશંકર સુરતનો નાગર બ્રાહ્મણ છે; મારા મતથી તેના મત વિરૂદ્ધ છે. વરકત લોક સંબંધી મારે લખ્મીદાસ કે બીજા જોડે વાત થઈ નથી, ને મને વરકતે બગાડ્યો એવું મેં કહ્યું નથી. રાસ મંડળી શું હશે તે હું જાણતો નથી. રાસ મંડળીનું નાટક મેં જોયું છે. એમાં બિભત્સ કાંઈ નથી. જ્યારે દેવનો વેશ આવે છે ત્યારે અમે મહારાજો ઉભા થઇએ છીએ, બીજા તમાશગીર બેશી રહે છે. મને તથા બીજા મહારાજોને વૈષ્ણવો ગુરૂ એટલે પરમેશ્વરનો રસ્તો દેખાડનાર તથા કલ્યાણ કરાવનાર સમજીને પૂજે છે. અમને દેવ માની સેવે છે એવું તો મેં સાંભળ્યું નથી. અમે ગુરૂ છીએ માટે અમને હિંડોળે ઝુલાવે છે. પરમેશ્વરને નામે ધન આપે છે તે લઇએ છીએ. સેવકો અમને ગુરૂ ગણે છે, ઇશ્વરનો માર્ગ દેખાડનાર માને છે; પરમેશ્વર તો ઠાકોરજી છે. સવારે ૩થી ૮કે ૧૦, અને પાછલે પોહોરે ૪થી ૬ કલાક સુધી અમે ઠાકોરજીની સેવા કરીએ છીએ. મંદિરમાં મૂર્તિ છે તે પરમેશ્વરની મૂર્તિ. વલ્લભાચાર્યના કોઈ ગ્રંથમાં મહારાજને પરમેશ્વર જેવા પૂજવાનું કહ્યું નથી. ગોકુળનાથજીની

ટીકા મારા જાણવામાં છે, તેનો ઉતારો મેં નન્દરામ શાસ્ત્રીને કરવા દીધો હતો. અમે તથા વૈષ્ણવો તેને મોટો પ્રમાણનો ગ્રંથ ગણીએ છીએ. મૂળ વલ્લભાચાર્ય પરમેશ્વરના માથાનો અવતાર હતા. તેઓ ૩૫૦ કે૩૭૫ વરસ પર થઈ ગયા. વિષ્ણુ સ્વામીનું મત તેણે ચલાવ્યું. અમારૂં મત વેદ શાસ્ત્રની વિરૂદ્ધ નથી. સુરતમાં મારી નિશાળમાં સંસ્કૃત વ્યાકરણ ભણાવે છે. મારા પિતા ૧૯૦૮માં મરી ગયા તેની પાસે ઉપર કહેલી ટીકા હતી. સો ઉપરાંત વરસ પર લખાયલી હશે. મેં તે વાંચી છે. એમાં પૂર્ણ પુરૂષોત્તમ લખ્યા છે તે દેવાધિદેવ પરમેશ્વર. એમાં પરમેશ્વરને સમર્પણ કરવાનું કહ્યું છે તે પ્રતિગ્રાદીએ મને અને મહારાજને લગાડ્યું છે. તેણે ઊંધો અર્થ કર્યો છે. તન, મન, ને ધન પરમેશ્વરને સમર્પણ કરવાં. તે ટીકામાં કે પુષ્ટી માર્ગના બીજા કોઇ પુસ્તકમાં સેવકને પોતાની વહુ બેટી મહારાજને અર્પણ કરવાનું ફરમાવ્યું નથી. એવા મતના કોઇ ગ્રંથને સેવકો માને છે એ જાણ્યું નથી.

૨૦મો દિવસ. ગુરૂવાર તા. ૨૭મી ફેબ્રુઆરી—જદુનાથજી—હું દાકતર ભાઉ દાજીને ઓળખું છું. મુંબાઇમાં મને ઓસડ કરવાને તે મારે ઘેર આવ્યા નથી. લખ્મીદાસ ખીમજી જોડે તે મને મળવા આવ્યા હતા. કન્યાશાળામાં ગયો હતો ત્યાં તે મને મળ્યા હતા. દાકતર ભાઉ મળવા આવ્યા ત્યારે મને ખસ થઈ હતી. હું માંદો હતો તેવારે ગરમ ઓસડ ખાધેલાં તેથી ખસ થઈ હતી. મને કોઈ વખતે ફોલ્લા થયલા. ગરમ દવા કેટલીક મેં બનાવેલી ને કેટલીક વૈદ્યોએ. દાકતર ભાઉ મને મળવા આવ્યા ત્યારે મેં કહ્યું મને ખસ થઈ છે. પછી તેની હકીકત કહી અને ગરમ ઓસડીઆં ખાધેલાં તે વાત કહી. મેં કે એણે એમાંથી એકે ચાંદી શબ્દ વાપર્યો નહતો. મેં ઓસડ માગ્યું. મને પરમીઆો કે ચાંદીનો રોગ કદી થયો નથી. છોકરીઓને ભણવા માટે એક ચોપડી મેં લખી હતી તે દાકતર ભાઉને તપાસવા આપી હતી, તે પાછી લાવવાને મેં બીજે દહાડે ગોવરધનદાસને મોકલ્યો તે વખત કહ્યું કે દાકતર ઓસડ આપે તે લેતા આવજો. બીજે દહાડે રોગની વાત કહેવડાવીશ એવું મેં એ દાકતરને કહ્યું નહતું. મેં માટે ઓસડ ચોપડ્યું. દાકતર ધીરજરામ દલપતરામને ઓળખું છું. ભંગળદાસ નથુભાઈ કન્યાશાળામાં મેં તેને દીઠા. મેં તેનું ઓસડ કર્યું. જે રોગ મેં દાકતર ભાઉને કહ્યો તેજ તેને કહ્યો. તેણે મને ગોળીયો અને પડીકાં આપ્યાં. પડીકાને પાણીમાં નાખ્યું ત્યારે તેનો રંગ

કાળો થયો. છ સાત દહાડા મને જોવાને આવ્યા હતા. બીજે પ્રસંગે પણ આવતા. તે વલ્લભાચાર્ય પંથમાં છે. ઓળખાણ થયા પછી ઘણીકવાર તે મારી પાસે આવ્યા હતા. વિધવા પુનરલગ્ન સંબંધી વાદ કરવાને મેં જાહેર સભા બોલાવી હતી. નર્મદાશંકરે ચીઠી લખી હતી તે પરથી હું ત્યાં ગયો હતો. બીજી આડી બાબતો પર તકરાર ચાલવાથી પુનરવિવાહ વિશે મેં અભિપ્રાય આપ્યો નહિ. તે સંબંધી વાદ થયો નહિ. મેં કહ્યું એ બાબત કોઈ શાસ્ત્રને પ્રમાણ ગણવું જોઇએ. નર્મદાશંકર કહે શાસ્ત્રમાંનું જે ઠીક લાગે તે માનવું. મારો અભિપ્રાય એ હતો કે શાસ્ત્રમાં હા કહી હોય તો વિધવાને ફરી પરણાવવી, ને ના કહી હોય તો ના પરણાવવી. પુનરવિવાને માટે કાંઈ આધાર શાસ્ત્રમાં છે એ મારા જાણવામાં નથી. મને પોતાને તેમાં હરકત જણાતી નથી. મારા પંથમાં પુનરલગ્ન થાયછે. હું મના કરતો નથી. દાક્તર ભાઉ જોડે મારે વાત થઈ તેવારે લખ્મીદાસ બીમજી હતા. તેની રૂબરૂ વાત થઈ તે ઉપરાંત બીજી થઈ નહતી. એ વેળા બીજા મહારાજોની કુચાલ વિશે વાત થઈ નહતી. મારી સુનીતિ કે શીળવૃત્ત વિરૂદ્ધ મેં તેને કાંઈ કહ્યું નહતું; બીજા કોઈ મહારાજને ખોટી રીતે આચરતાં મેં દીઠા નથી. હું અગાઉનાં જેવાં ખોટા કરમ નથી કરતો એવું મેં લખ્મીદાસને કહ્યું નથી. મહારાજોની ચાલમાં સુધારો હળવે હળવે થશે, એકદમ નહિ થઈ શકે, ને અમારી પેદાશ મુખ્યત્વે સ્ત્રીઓથી થાયછે એવું તેને કહ્યું નથી. શ્રીજીદ્વાર મારે જવું છે એમ મેં તેને કહેલું, પણ ત્યાં મારા જીવને જોખમ થાય તેવું છે એ નથી કહ્યું. મેં મારા મંદિરનો નકસો ચીતરાવ્યો છે. દીવાનખાનામાં થઈને હજારો બારણીઓ જનાનખાનામાં જાયછે. દીવાનખાનાને બે બારણા છે. એકમાંથી જનાનામાં જવાય છે ને બીજામાંથી દાદરે જવાય છે. ડાબે હાથે મારાં લુગડાં અને પાણીનો ઓરડો છે. થોડે છેટે બીજો ઓરડો છે તેમાં બીજા મહારાજનો સામાન છે.

મી. આન્સ્ટીની પ્રતિપરીક્ષા—એ બીજા ઓરડાની કુંચી બીમનજી મહારાજના નોકરની પાસે રહે છે. દાદરા બે છે તેમાંનો એક વાસેલો રહે છે ને તેની કુંચી તેજ નોકર રાખે છે. હું માણસ છું પરમેશ્વર નથી. હું મારા સેવકોનો ગુરૂ છું. હું દેવનો અવતાર નથી ને તેમ કોઈ સેવક માને છે એ હું જાણતો નથી. અમારા આચારજી પરમેશ્વરના અવતાર હતા. અમે તેના

સંતાન અને સેવકોના ગુરૂ છીએ. કરસનદાસ નેન્સીએ મને ઇશ્વર કહેલો યાદ નથી. મને તથા બીજા મહારાજોને મહા પ્રભુ, પુરૂષોત્તમ કે દેવ કોઈ કહેતું નથી. અમને મહાપ્રભુના બાળક કહે છે. વલ્લભાચાર્ય અને તેના દીકરા ગોસાંઇને પરમેશ્વરના અવતાર માને છે, પણ ગુસાંઇજીના પુત્રોને નહિ. મહારાજોને વલ્લભદેવ કહે છે. અમને અગ્નિ સ્વરૂપ કહેતા નથી. મહારાજોને પૂર્ણ પુરૂષોત્તમ કહે છે.' (જદુનાથજીને વેદ વિશે પુછ્યું તેના ઉત્તર ન આપી શક્યા) 'અસત્ય બોલવું એ પાપ છે. ભાગવતના શ્લોકનો અર્થ કરી કહે છે, રમતમાં, સ્ત્રી લગ્ન કાર્યને માટે, જીવ બચતો હોય તો, ગાય મારતા હોય તો, તથા બીજે એવે પ્રસંગે જુઠું બોલે તેને ધીક્કારવો નહિ, પણ તેણે પાપ કર્યું. ભાગવતમાં લખ્યું છે તે સઘળું હું ખરૂં માનુ છું. વૈષ્ણવ શાસ્ત્રો વેદ પ્રમાણે છે. મેં કોઈ ચોપાનીયું પ્રગટ કર્યું નથી. પરભુદાસનું લખેલું ચોપાનીયું કે પત્ર વૈષ્ણવ ધર્મ સભાએ છપાવ્યું નથી. એ સભા મેં સ્થાપિ. હરીરાયજી મહારાજ હતા. બ્રીજ ભાષામાં તેણે ગ્રંથ લખ્યા છે કે નહિ તે હું જાણતો નથી. થોડાજ મહારાજો સંસ્કૃત વાંચી શકે છે એવું હું કહી શકતો નથી. વહુજી, અને બેટીજીઓ બ્રીજ ભાષામાં પુસ્તકો વાંચે છે. વ્રજભાષામાં વચનામૃત છે તે અમારા ધર્મનું પ્રમાણ પુસ્તક છે એમ નથી કહી શકતો. જગત કરતાની સ્તુતિ સિવાય બીજાં બ્રીજભાષાના અમારા પંથ વિશેનાં પુસ્તકો મેં હજી વાંચ્યાં નથી. હા હવે મને યાદ આવ્યું કે મેં ગોકુળનાથજીની ટીકા વાંચી છે. સ્વધર્મ વર્ધકમાં વ્યભિચાર ભાવ વિશે ગોવરધનદાસે નિબંધ પ્રસિદ્ધ કર્યો તે હું જાણું છું ને તેના વિચાર મારા વિચારને ઘણું કરીને મળતા છે. તે લખવાનું મેં તેને કહ્યું નહતું. કોઈ મરાઠી ચોપાનીઆનો તે ઉતાર હતો, સત્ય પ્રકાશના વૈષ્ણવનો જવાબ હતો એમ હું કહી શકતો નથી. છોનાળો યારના ઉપર પ્રેમ કરેછે તેવો પ્રેમ ગોપીઓએ પરમેશ્વર જોડે કર્યો હતો; ઇશ્વરે તેમના ઉપર તેવી પ્રીતિ કરી તેમને સુખી કર્યા એવું અમારા પંથ વાળા માને છે એની હું હા કહી શકતો નથી. ગોવરધનદાસે લખ્યું છે તે અમારા મનમાં છે. શાસ્ત્રમાં કહ્યું હોય તે મારે કબૂલ છે. પુષ્ટી માર્ગના ગ્રંથો સિવાય બીજાં શાસ્ત્ર છે; ભાગવતાદિ પુરાણો શાસ્ત્ર છે. જુવાન સ્ત્રીઓ કૃષ્ણને હિંડોળે જુલાવે છે. કૃષ્ણ તેમનો પિતા, વર, ને પ્રભુ છે. અમને બિહારી કાન કહે છે તે મને સાંભરતું નથી. મહારાજોને શૃંગાર રસની

ઞ્ચે ગરબીઞ્ચો સેવકીઞ્ચો ગાય છે. બે ત્રણ દિવસ થયાં બે ત્રણ દાકતરો મારા અંગની તપાસ કરે છે. એમાંના એકે તપાસ કરી તે વેળા મોંહે ઢાંકેલું નહતું. ચાંદી થવાની નિશાણી મારે અંગે નથી એવી સાહેદી પુરવાની તેમાંનો એક દાકતર ના કહે છે તે હું જાણતો નથી. તેમણે મને દૂરથી તપાસ્યો. તેમના નામ હું જાણતો નથી. વરજીવનદાસ માધવદાસ તથા તેનો ભત્રીજો કલ્યાણદાસ મોહનદાસ જેઞ્ચો આ કેસના કારભારી છે તેઞ્ચો તેમને લાવ્યા હશે, મને ખબર નથી. રાવુ શામજીની દુકાનમાં એ બન્યું.

૨૧મો દહાડો શુક્રવાર તા. ૨૮મી ફેબ્રુઆરી.

જદુનાથજી ખીજરતનજી—ગઈ કાલે મારી જુબાની લેવાયા પછી મને દાકતરે તપાસ્યો નથી.” એ પછી દાકતર ધીરજરામ પાસેથી લીધેલી કેટલીક અંગ્રેજી દવા સંબંધી સવાલ પૂછ્યા. બ્રહ્મ વિવર્ત્ત પુરાણ વિશેના ઉત્તરમાં મહારાજે કહ્યું “મેં તે વાંચ્યું છે ને વૈષ્ણવો તેને માને છે” એ પુરાણમાં રાધા કૃષ્ણ અને ગોપીઞ્ચો વિશે નાગી વાત લખી છે તેના બે શ્લોકના અર્થ તેની પાસે કરાવ્યા તે અહીં દાખલ કરવા જોગ નથી. ‘વિષ્ણુ પુરાણ મેં જોયું છે. તેમાંના કોઈ શ્લોક વાંચ્યા હશે. કૃષ્ણ ગોપીઞ્ચોની લીલાનો શ્લોક બતાવેલો તે વાંચેલો મને સાંભરતો નથી. વૈષ્ણવો એમાં વિહારની વાતો છે તે માટે વાંચતા નથી પણ એમાં વૈષ્ણવ મત છે માટે વાંચે છે.” પછી મૂર્તિમાં કૃષ્ણ છે એમ માનવું. ગોપીઞ્ચો જમનામાં નાગી નહાતી હતી તેના સાલ્લા તથા ઘાઘરા લઈ કૃષ્ણ કદમને ઝાડે ચડી બેઠા તેનું ચિત્ર દેખાડી તે વિશે પ્રશ્ન પૂછ્યા. કૃષ્ણના અને વૈષ્ણવોના ગોલોક જવા વિશે મહારાજે કહ્યું કે ‘વૈષ્ણવો ત્યાં ગોપી થઈ ક્રિડા કરેછે એ વાત મેં અમારા કોઈ પુસ્તકમાં જોઈ નથી. ત્યાં કૃષ્ણ ગોપીના બ્યભિચારની ના કહી, પણ રાસ લીલા (એટલે એક જાતનો નાચ કે રમત) કરે ખરા.” કૃષ્ણનો મંત્ર બોલવાની ના કહી. એ મંત્રમાં સમર્પણ કરવાનું કહ્યું છે તે કૃષ્ણને કરવું મહારાજને નહિ. કોરટમાં હાજર થયા વગર ફરીઞ્ચાદી થઈ શકવાની વાત લખમીદાસને પુછેલી. ૯મી સપ્ટેમ્બરના સત્ય પ્રકાશમાં છાપેલો વિષય વાંચેલો સાંભરતો નથી. એમાં બધા મહારાજોની નિન્દા કરી તેથી એકથી ફરીઞ્ચાદી કેમ થાય. એના જવાબમાં હેંડબિલ છપાવેલું કે નહિ તે યાદ નથી. પરંતુ મહારાજની સત્તા કમિ થાયછે તે અભિપ્રાય મને ખરો લાગે છે. સત્ય પ્રકાશને અસત્ય પ્રકાશ લખ્યું તેમાં છાપ-

નારની ભૂલ હશે, કે અજાણમાં મૂકાયો હશે.' સ્વધર્મ વર્ધકમાં પ્રગટ થયેલા વિષયો વિશે પ્રશ્ન પૂછ્યા ત્યારે બાના કાંઈ જવાબ પાધરા ન દીધા. જાણેછે પણ કહેવાને ઇચ્છતા નથી એવું જોઈ કોર્ટે જદુનાથને ઠપકો દીધો. ત્યારપછી કહ્યું કે એ લૈબલનો જવાબ હશે. 'વિષયી ગુરૂ નામે ચોપડીમાંનું કેટલુંક મેં વાંચ્યું છે. એમાં રાસમંડળીની બાબત છે. પણ રાસમંડળી શું હશે તે હું જાણતો નથી. સુધારાવાળા પડ્યા અને તેમનાં પડેલાં અંગ ઉપર મહારાજ રથ દોડાવે છે, એ ચિત્ર અને સુધારાવાળાની વિરૂદ્ધ ગરબા મેં છપાવ્યા નથી. તે ગોવરધનદાસે છપાવેલા તે હું જાણતો નથી. એ પ્રતિવાદી ઉપર લૈબલ છે તે હું જાણતો નથી. એ મહારાજ કોણ તે હું કહી શકતો નથી. કાંકરોળીમાં શ્રીનાથજીનું મંદિર અમારા પંથમાં મુખ્ય છે. ત્યાંથી મારા બાપ કે દાદા મૂર્ત્તિ નથી ચોરી લાવ્યા. સુરતની ગાદી વિશે વાંધો પડ્યો હતો. તે કજીઓ વિલાયત સૂધી લડ્યા હતા. મહારાજો સેવકોને દંડે છે, ને દંડ ઠાકોરને ઉપયોગે લગાડે છે. પૂર્ણ પુરૂષોત્તમ એક છે. તેને હું માનુંછું. જેમ જડજને માઈ લાર્ડ કહે છે તેમ મહારાજોને પૂર્ણ પુરૂષોત્તમ કહે છે. મહારાજની લંગોટીનું પાણી પીતું મેં કોઈને દીઠું નથી, પણ જૂઠણ તો બાય છે. બધા હિંદુઓ પોત પોતાના ગુરૂનું છાંડેલું બાય છે. બ્રાહ્મણોને પણ તે બાવાની આજ્ઞા છે. મનુએ મના કરી છે તે હું જાણતો નથી. ચાવેલાં પાન સોપારી ફેંકી દેવાને આપીએ છીએ. તે કોઈ બાતું હશે. પાપથી મુક્ત કરવાને મરવા પડેલા આદમીની આંખે મહારાજ પગ અડકાડે છે. એ કરવાને ભેટ ભેટ લેતા નથી. બીજા પંથના ગુરૂઓ એમ કરે છે કે નહિ તે હું જાણતો નથી. મહારાજોને દીલ ખુશ્બોદાર તેલ ચોળી મર્દન કરી કેસરને પાણીએ સ્ત્રી, પુરૂષ અને છોકરાં તેમને નવરાવે છે. મારી ચર્ણરેજ મારા સેવકને બાવા દેતો નથી. બીજા મહારાજો તેમ કરવા દે છે કે નહિ તે હું જાણતો નથી. મહારાજોને આરતી ઉતારે છે. એમ કરવાને શાસ્ત્રમાં કહ્યું છે. ક્યા શાસ્ત્રમાં તે હું જાણતો નથી. મહારાજોની પાદુકા (પાવડી) પૂજાય છે. સેવકીઓની ભેટ લેવાને હું એકાંત ઓરડામાં જતો નથી. બીજા મહારાજો તેમ કરેછે એ વાત હું જાણતો નથી. ઠાકોરજીને અર્પણ કરે તે અમે લઈએ. સેવકીઓ મહારાજને બિભત્સ ગીત ગાતી નથી. ઘણી જાતનાં ગીત ગાયછે. બધા ઉપર ગુલાલ નાખીએ છીએ, એકલી સ્ત્રીઓ ઉપર નાખતા નથી. જે

રીતે ઠાકોરજીની સેવા થાયછે તેજ રીતે મહારાજોની સેવા થાયછે. મેં ગુરૂસેવામાં એવું વાંચ્યું નથી કે બધા વલ્લભાચાર્ય ગુસાંઇજીને પ્રભુના અવતાર માનવા. પુખ્ત વયનો હું થયો છું ત્યારથી એ માનવાની મેં મના કરી છે. મારા બોધની પૂર્વે એ મત મનાતો. મુંબઇમાં થોડા માનતા, ઘણા નહિ. એ નહિ માનવાનો જેને બોધ કરેલો તેનાં નામ મને યાદ નથી. આજ કહ્યું તેથી ઉલટું ગઇ કાલે કહ્યું હતું તે મને સાંભરતું નથી. (સર. મ. સાસે કહ્યું, તમે કહેલું તે સ્પષ્ટ મેં લખી લીધું છે.) વૈષ્ણવો ધારે છે કે તેમના ઉપર ઠાકોરજી કરતાં ગુરૂના ઉપકાર વધારે છે. વૈષ્ણવોથી મૂર્ત્તિને અડકાય નહિ. ગુરૂ કે જે બ્રાહ્મણ મૂર્ત્તિને નવડાવે છે તે વૈષ્ણવો પાસેથી લઈ ધરાવે. બ્રહ્મ સંબંધથી ૧૧ ઇંદ્રીઓ વડે થયલાં પાપ જાય. ગુરૂની ગુપ્ત વાત પ્રગટ ન કરવી એવો વૈષ્ણવોનો ધર્મ છે એ હું જાણતો નથી. હું બ્રાહ્મણ છું. મારા પૂર્વજો તિલંગા બ્રાહ્મણ હતા. તેમને નાત બહાર મૂક્યા ન હતા. અમે તેમની કન્યા પરણીએ છીએ, પણ અમારી દીકરી તેમને દેતા નથી. આ દેશના તિલંગા બ્રાહ્મણો જોડે અમારે લગ્ન વહેવાર છે. તેઓ ગરીબ છે એ હું જાણતો નથી. તેઓ ભટજી કહેવાય છે. મહારાજને કન્યા દેવાને માટે તેમને ન્યાત બહાર મૂકયા નથી'. (એમ જે જે વાત હીણપત વાળી લાગી તેની ના કહી. આપ્પા વલ્લભકુળની ખબર આસ્ટ્રી સાહેબે પ્રશ્ન વડે લીધી ત્યાર પછી એના પંડ ઉપર આવ્યા. એ મૂકી દેવા જોગ છે. જદુનાથ એવો પાકો કે નાજ કહ્યો ગયો.) 'મેં મારા જન્મારામાં વ્યભિચાર કે હરકોઇ બીજા પ્રકારની અનીતિનું પાપ કર્યું નથી. છ સાત મહિના શિવાય જાત્રામાં મારી સ્ત્રી મારી જોડે હતી. ૧૯૦૯ પહેલાં ચાર પાંચ વરસ સૂધી હું એકલો ફર્યો. મારી નારી મરી ગઇ હતી. બેટમાં મારી વહુ મારી જોડે ન હતી'. (યૂરોપીઅનનોમાં પણિયત બાયડી જોડે હોય ત્યારે તેનો ધણી જાર કર્મ કરે એવો સંભવ નથી તે પરથી જદુનાથજીની જોડે મુસાફરીમાં બાયડી હતી કે નહિ તેના સવાલ જડજોએ પૂછ્યા. તેમને આ દેશની અને વિશેષે કરીને મહારાજોની એ બાબતમાં અધમ અવસ્થાની ખબર નહિ.)

૨૨મો દિવસ શનિવાર ૧ લી માર્ચ. જદુનાથજીની પુનઃ પરીક્ષા મી. સ્ટોખલે કરી તેનો સાર—'ગયે મંગળવારે વિચાર કરવાને મારે ઘેર કોઈ મળ્યું ન હતું. હિંદુઓ મળે છે ત્યારે માન આપવાને એક બીજાને 'રામ રામ

અને પુરૂષોત્તમ કહે છે. દેવજીની બે બેઠકો છે. અમારાં અસલ પુસ્તક સંસ્કૃતમાં, તેની જોડે વ્રજમાંનાં જે મળતાં આવે તે માનીએ. વૈષ્ણવ ધર્મ પ્રસારક સભાના પ્રમુખ બધા મહારાજ છે. બીજા મહારાજોના અપરાધ વિશે મને કાલે પૂછ્યું ત્યાર પહેલાં હું કાંઈ જાણતો ન હતો. છાપામાં તે વાત છપાતી હતી ખરી. વિષ્ણુ ગુરૂ નામે પુસ્તક મશકરોનું છે. એમાંની વાત અમારા દુશ્મન ખરી માને છે. ન્યાતની મંજૂરી વિના મહારાજ કોઇને ન્યાત બહાર મૂકી શકે નહિ. મહારાજ દર્શન બંધ કરી શકે ખરા.

સર. મ. સાસને ઉત્તર—અમારા શાસ્ત્રમાં વ્યભિચાર કરવાનું પાપ લખ્યું છે. ઉપલા નિબંધમાં તે નહિ કરવાનું લખ્યું છે તે ઠીક છે. પણ પરમેશ્વર જોડે વ્યભિચાર ભાવ રાખવો કેમકે તે ભાવ અતિ પ્રેમનો છે. આશુક માશુકની વચ્ચે પ્યાર હોય છે તેવો પ્યાર પરમેશ્વર જોડે રાખવો એ સારૂં. પરાઈ નારી જોડે રાખવો તે ખોટું. એવું દૃષ્ટાંત ભાગવતમાં છે. પહેલાં આ જવાબ ન આપેલો તેનું કારણ એકે મને તે વેળા યાદ ન હતો. ગોપીઓએ કૃષ્ણ ઉપર જેવો ભાવ કર્યો હતો તેવો પરમેશ્વર પર કરવો એમ ભાગવતમાં છે. હરકોઇ રીતે પૂજવાથી પરમેશ્વર પામી શકાય."

જદુનાથજીની સાક્ષી પૂરી થવાથી ઊઠતી વેળા તેણે ન્યાયાધીશોને આશીર્વાદ દીધો. બંને પક્ષના સાક્ષી પૂરાવા પૂરા થયા.

પ્રકરણ ૭ મું.

તજવીજનો અંત. મુખ્ય ન્યાયાધીશનું હૂકમનામું. સર. જ. આર્નોલ્ડનો ફેસલો. ગ્રંથ કર્ત્તાના વિચાર અને વિનંતિ.

૨૨મા દિવસનો ઘણો ભાગ મી. આન્સ્ટીને વાદીના સાક્ષીઓ ઉપર ટીકા કરવાને મળ્યો. એ ટીકાનો ઘણો ભાગ વાંચવા જોગ છે. ૨૩મી રજુઆતે એટલે તા. ૪થી માર્ચ મંગળવારે વાદીના વકીલ મી. બેલીએ ભાષણ કર્યું. આ મોટા મુકરદમામાં નોંધાયલા સાક્ષી પૂરાવા વિશે વિચાર કરી અભિપ્રાય લખવાને જજોને વખત જોઇએ તેથી ૨૪મી રજુઆત ૨૨મી એપ્રિલે (૧૮૬૨) થઈ. એ દહાડે મુખ્ય ન્યાયાધીશે પોતાનો ઠરાવ વાંચ્યો તેનો સાર નીચે પ્રમાણે—

૨૧મી અક્ટોબર ૧૮૬૦ના સત્ય પ્રકાશમાં છાપેલા વિષયનાં અંગ્રેજી ભાષાંતરને લઇ તેના ચાર ભાગ કર્યા. ૧. પ્રાચીન વેદ ધર્મ પ્રમાણે વલ્લભ મત પાખંડ છે. ૨. એ માર્ગના ગુરૂ જે મહારાજો તેઓ પાખંડ અને અનીતિ સેવક-સેવકીઓને શિખવે છે. ૩. ધર્મને નામે એ મહારાજો અનીતિએ વર્ત્તે છે. ૪. સેવકીઓ જોડે વાદી કુકર્મ કરે છે.

વાદી કહેછે કે આ આરોપ જૂઠા છે, દ્વેષ બુદ્ધિથી પ્રગટ કર્યા છે, અને એથી તેને નુકસાન થયું. એ નુકસાન ભરી આપવાની અરજ કરે છે. પ્રતિવાદીઓએ આઠ જવાબ (ઇસ્યુ) આપ્યા છે. એ જવાબને ખોટા કહી પોતાનો દાવો સાબિત કરવાને તથા તેના રદીઆ આપવાને વાદીએ સાક્ષી આણ્યા. પ્રતિવાદીઓએ પોતાના પૂરાવા આપ્યા, ને તેના પ્રતિ ઉત્તરમાં વાદીએ સાહેદી લેવડાવ્યા.

પ્રતિવાદીઓ વિષય પ્રગટ કર્યાનું નામુકર ગયા નથી. પણ દાવા જવાબમાં કહેછે કે કેટલાંક ભાગનું ભાષાંતર યથાર્થ નથી. તજવીજમાં તેમની આ તકરાર ખોટી પડે છે, માટે એનો ફેસલો તેમની વિરૂદ્ધ કર્યો છે.

દાવા ઇસ્યુનો એવો ફેસલો થવાથી ૧લા ઇસ્યુની બાબત પ્રતિવાદીઓની વિરૂદ્ધ જાય છે. એટલે તેમણે પ્રસિદ્ધ કરેલા વિષયમાં વાદીને હાની પહોંચે તેવી તેની નિંદા છે, એવો ઠરાવ કરવો પડે છે. બહુ હોશીયાર સાક્ષી દાક્તર ભાઉ દાજી હતા. તેમની જુબાની પરથી સર. મા. સાસની એવી ખાતરી થઈ. એ છાપવામાં કરસનદાસે કાયદાનું ઉલંઘન કર્યું કે નહિ તે વિશે ઇંગ્લાંડના કાયદા અને ત્યાંના ન્યાયાધીશોના અભિપ્રાયની ખોળ લેખાણથી કરી મુખ્ય ન્યાયાધીશે ૧લા ઇસ્યુનો ફેસલો પણ વાદીના પક્ષમાં કર્યો.

પરંતુ સાતમો જવાબ ખરો ઠરે તો પ્રતિવાદીઓ નિરપરાધી ઠરે અને તેમના ઉપર વાદીનો નુકસાનનો દાવો ચાલે નહિ એવું સર. મા. સાસે વિચાર્યું. કામમાં પડેલા સાક્ષી પૂરાવાની તપાસ એ મોટા સાહેબે ઘણી બારિકી અને ચતુરાઇથી કરીને કેવળ વાજબી નિર્ણય કર્યો. વલ્લભાચાર્યના સિદ્ધાંત રહસ્ય નામે ગ્રંથમાં તન, મન, ને ધન પુરૂષોત્તમને સમર્પણ કરવાની આજ્ઞા કરી છે, અને તેના પૌત્ર ગોકુળનાથજીએ એ આજ્ઞાનો અર્થ વિસ્તારથી ટીકા કરી સમજાવ્યો. એ ટીકા ઉપરથી લૈખલનું લક્ષાણ ઉત્પન્ન થયું. પુરૂષોત્તમને એવા કૃષ્ણને તન, મન ને ધન સમર્પણ કરવાનું મૂળમાં ઠરાવેલું. મુખ્ય

ન્યાયાધીશને લાગ્યું કે વલ્લભાચાર્ય પંથના લોક વલ્લભને કૃષ્ણાવતાર માનેછે, અને તેના વંશમાં જન્મનારા સઘળા પુરૂષો પોતાને કૃષ્ણાવતાર મનાવે છે, અને સેવક સેવકીઓ તેમને તેવા ગણે છે. જે વિધિએ કૃષ્ણની મૂર્ત્તિને પૂજે છે તેજ વિધિએ મહારાજોને પૂજે છે. આશુક માશુકનાં ગીત ગરબા કાનને નામે છે તેજ તરેહના મનને બગાડે અને મુનીતિને ભ્રષ્ટ કરે એવાં ગીત ગરબા મહારાજોને સેવકીઓ ગાય છે. એ વડે, અને એ પંથની લખેલી વાર્તાઓથી અને નહિ લખાયલી દંત કથાઓથી વિહાર વિષયથી સર્વને જાણીતાં કરેછે. સૌના મોહોડા આગળ વ્યભિચાર લાવી મૂકયો છે. કોઈ ઠેકાણે તેનો નિષેધ કર્યો નથી. તેની વિરૂદ્ધ એક અક્ષર પણ લખ્યો નથી, એટલુંજ નહિ પણ તે કરનારાનાં વાર્તાઓમાં વખાણ કર્યાં છે; એક કહાણીમાં તો તેવો પાપી, મંદિરમાં એકવાર પૂજે વાળવાથી એકદમ વૈકુંઠ પામ્યો કહ્યું છે.(આ દાખલા પરથી અધમ કરનાર એદકારક અનુમાન સહજ નીકળી શકે). પરમેશ્વરની ભક્તિ પ્રેમથી કરવી, તેને આધીન રહેવું, અને સર્વ તેનું છે એવો ભાવ મનમાં રાખવો એવું હિંદુ ધર્મમાં ફરમાવ્યું છે, તેને ઉંધુ મારી આ પંથે કાયાને લગાડયું, અને તમામ મહારાજોએ કૃષ્ણાવતાર બની તેનો લાભ લીધો. બાલ્યાવસ્થામાં નરને અને લગ્ન વેળા નારીને તન, મન ને ધન સમર્પણ કરવાનો સંકલ્પ કરાવેથી ઘણા વૈષ્ણવો માને છે કે એ ત્રણેના ધણી મહારાજો થયા, અને મહારાજો તેનો ભુંડો લાભ લે છે એ સાબિત થયું. સ્ત્રીઓને પતિવ્રતા ધર્મ પાળવાની આજ્ઞા સ્મૃતિ શાસ્ત્રમાં છે, અને એવું માનવું અને દુરાચાર કરવો એ જૂના વેદ ધર્મમાં નથી, માટે પ્રતિવાદીએ સિદ્ધ કરી આપ્યું કે વલ્લભાચાર્ય માર્ગ પાખંડ છે. મહારાજનો ઈશ્વરપણાનો એટલે કૃષ્ણાવતારનો દાવો કરવો, અને ઘણા વૈષ્ણવોનું તે માનવું, અને તેથી નીપજતાં માઠાં પરિણામ વિશે કોર્ટની ખાતરી થઈ. વાદીએ કોર્ટમાં એ દાવો ના કબૂલ કર્યો, તોપણ એમ માન્યું કે એ નહિ માનવાને સેવકોને તેણે બોધ કરેલો. એ પરથી પણ કરસનદાસનું કહેવું સાચું ઠરે છે.

મહારાજોના દુરાચાર જાહેર છે એ વાત ખરી કે ખોટી? એ પંથમાંના કેટલાક ભરોસો રાખવા જોગ સાહેદીઓના કહેવાથી સાબિત થયું કે લોકમાં એ વાત મશહૂર છે. એનો જાસ્તી પૂરાવો સને ૧૮૫૫નો ભાટીઆ મહાજનનો ઠરાવ છે. મહારાજો ઠાકોરજીની સેવામાં હોય છે તેજ વેળા સ્ત્રીઓ ઉ-

જેણે જય એવો ઠરાવ કરવાનું કારણ એ હતું કે દર્શનને નામે નારીઓ મંદિરે જતી તેથી બિગાડ થતો એ જાણી તેમને તેમ કરતી અટકાવવાની લોકને જરૂર જણાઇ. એ પછી વર્ત્તમાન પત્રોમાં અને હેંડબીલોમાં મહારાજોની ભુંડી કરણી અને ઈશ્વરી દાવા વિશે ભારે ચરચા અને કઠોર શબ્દોમાં સખ્ત ટીકા ચાલે છે. કેટલાક મહારાજોની અનીતિ નજરે જોનારાની વિશ્વાસ રાખવા જોગ સાક્ષી પૂરાઈ છે. વાદીએ તથા જીવણલાલજીએ કબૂલ કરેલું કે મહારાજે બ્યભિચાર કરેછે પણ તે બંધ પાડવાનું કામ મુશકેલ છે કેમકે તેમની ઘણી પેદાશ બાયડીઓથી છે. એ વાત ખોટી હોત તો જીવણલાલજીની તે બાબત વાદી સાક્ષી અપાવત. વાદી પંડે નામુકર ગયો પણ કોર્ટથી તેનાં બોલવાપર ભરોસો રાખી શકાતો નથી. સામા સાહેદોઓની આબરૂ એવી રૂડી છે કે તેમનાં વચન સત્ય છે એમ માનવાની જરૂર પડે છે. એથી પ્રતિવાદીનું આ કહેવું પણ સાચું ઠર્યું.

હવે છેલ્લી મોટી બાબતપર વડા સાહેબ આવ્યા. વાદીએ સેવકીઓ જોડે જબર કર્મ કર્યાં અને કોર્ટમાં તેણે જૂઠી સાક્ષી આપી એવું સર. મ. સાસના ધ્યાનમાં ઊતર્યું. લગભગ ત્રણ દિવસ સૂધી વાદી જદુનાથજીની કોર્ટમાં પરીક્ષા, પ્રતિ પરીક્ષા, અને પુનઃપરીક્ષા થઈ તેમાં, એ સાહેબ લખે છે કે, એ આદમી ઘણો બુદ્ધિમાન અને દેશી વિદ્યામાં કેટલોક કુશળ જણાયો. તેનામાં ગભરાટ કે વિસ્મૃતિ જરાએ જણાય નહિ. જે કહ્યું તે જાણી બૂજીને કહ્યું. એની જુબાની પ્રતિવાદીના સાક્ષીઓની જુબાનીથી ઉલટી પડી. ત્યારે સાચું કોણ? કોણે જૂઠા કસમ ખાધા? એણે કે કરસનદાસના સાક્ષીઓએ! સને ૧૮૬૦માં વાદીને ચાંદીનો રોગ થયો હતો કે નહિ, એ નક્કી કરવાને સામી જૂઠી સાબ્બ પારખવાની યુક્તિઓની કસોટી હાથમાં લઈ મુખ્ય ન્યાયાધીશે કસ કહાડ્યો. માનવંતા દાક્તરો ભાઉ દાજી અને ધીરજરામ દલપતરામના કહેવાપર ભરોસો રાખવાની તેને જરૂર પડી. એ બેની પ્રતિષ્ટા પરથી, શેઠ લખ્મીદાસ ખીમજીની જુબાનીએ તેમને આશ્રય આપ્યો તે પરથી, અને વાદીને ચાલતે કામે ત્રણ દાક્તરોએ ચાંદીના નિશાનીને માટે તપાસ્યો તેમાંના એકેની તથા પરભુદાસની તેણે સાહેદી અપાવી નહિ તે પરથી બહુ વિચાર કરીને લાચારીએ વડા સાહેબે ઠરાવ્યું કે વાદીએ સ્વાર્થ પ્રતિજ્ઞા પર જૂઠી સાક્ષી આપી. એમ એનાપરથી વિશ્વાસ ઉઠ્યો તેથી એણે પોતાના લાભમાં જે જે કહ્યું તે માન્યું

નહિ. પ્રતિવાદીના સાક્ષીઓના મુલક્ષણમાં વાદી વાંધો લઈ શકયો નહિ. ઘણાક હજી મંદિરે જનારા છે, તેમને વાદી જોડે વૈરભાવ નથી, તેઓ સ્વાર્થે બોલ્યા એવું બતાવી શકાયું નથી, પરંતુ જ્ઞાતિવાળાઓ તરફથી તેમને હાની થવાનો સંભવ છે, અને લોકનો મોટો જથ્થો વહેમી છે તેઓ તેમની નિંદા કરશે. લખમીદાસ ખીમજીની કહેલી બેટની વાત સાચી માનવી પડે છે. તે જૂઠી પાડવાનો વાદીનો પ્રયત્ન રદ થયો. માટે પ્રતિવાદીનું લખાણ વાજબી હતું એ સાબિત થયું. તેનો મુખ્ય જવાબ ખરો પડ્યાથી તે જીત્યો ગણાય. પહેલા બીજા, ચોથા, અને છઠા ઈસ્યુનો ફેસલો વાદીના લાભમાં થયો ખરો, પણ એમાંના ત્રણ જૂજ છે, અને પહેલાને માટે મોટી નુકસાની અપાવી શકતા નથી કેમકે ઉજ્જે, પમો, ૭મો, અને ૮મો એ અગત્સના ઈસ્યુ પ્રતિવાદીના લાભમાં થયા. વાદીને માત્ર સહજ નામની નુકસાની મળશે, અને તે તથા તેના ઘણા ખરા સાક્ષીઓ કોર્ટમાં જૂઠું બોલ્યા માટે તેની તરફના ફેસલાને માટે ખરચ્ય નહિ મળે, અને પ્રતિવાદીની તરફ થયલા ચારે ફેસલાનો ખરચ્ય વાદીએ આપવો.

સર જોસફ આર્નોલ્ડના અભિપ્રાયનો સાર.

'આ કામ સાર્વજનિક લાભકારી છે એ બાબત એ સાહેબે પોતાનો અભિપ્રાય પૂરો વિસ્તારથી લખ્યો. ૧લા ઈસ્યુમાં વડા ન્યાયાધીશથી એમનો મત જૂદો પડ્યો. એ મત જૂદો હોવાનાં કારણ લંબાણથી સમજાવી તેનો ફેસલો કરસનદાસના લાભમાં આપ્યો. એ કાયદાની તકરાર છે માટે અહીં દાખલ કરવાની જરૂર નથી. એનો ભાવાર્થ એ છે કે પ્રતિવાદીનું લખાણ લૈબલ છે કે નહિ? વાદીની આબરૂ પર તે હૂમલો હતો, પરંતુ તે કરવાનો કરસનદાસને હક હોય અને તે હૂમલો વાજબી હોય તો તે લૈબલ ગણાય કે નહિ? આ બાબત ઈંગ્લિશ કાયદાનાં મૂળતત્વોની ખોળ અને ચરચા ખૂબ કરી ઠરાવ કર્યો કે સાર્વજનિક લાભને માટે જે વાત જાહેર કરવાની જરૂર હોય, અને ફરજ હોય, જેથી લોકની નીતિમાં બિગાડ થતો હોય, જેથી લોકનું અહિત થતું હોય, જે દુરાચારની લોક સુધારાને માટે જાહેર ચરચા કરવાની ગરજ હોય, અને જે બિગાડ અટકાવવાને લોકનો તિરસ્કાર સિવાય બીજો રસ્તો નથી તે વિષયનું એ મતલબ પાર પડે તેવું વગર દ્વેષનું જાહેર લખાણ કાયદા પ્રમાણે, અને ન્યાય પ્રમાણે લૈબલ ન ગણાય.

પ્રતિવાદી કરસનદાસ મુળજીએ એ વિષય છાપ્યો તેવારે ઉપર પ્રમાણે હતું કે નહિ તેનો નિર્ણય કરવાને પ્રથમ તેની એ વેળા સ્થિતિ કેવી હતી તે જાણવું જોઇએ. એનો જન્મ વલ્લભાચાર્ય પંથમાં થયો હતો, અને તેને ગળે તે પંથની કંઠી પંથના વિધિ પ્રમાણે બાંધવામાં આવી હતી, પરંતુ જે દુષ્ટ કારણીને તેણે જાહેરમાં ધિક્કારી તેથી કંઠાળી લૈંમલના વખતની પૂર્વે થોડાં વરસ થયાં તેણે મંદિરોમાં જવું બંધ કર્યું હતું, અને ગૂજરાતી બોલીમાં છપાતું તથા ભાટીઆ અને વાણીઆમાં ફેલાયલું સત્ય પ્રકાશ નામે વર્ત્તમાન પત્રનો તે અધિપતિ હતો. ભાટીઆ અને વાણીઆ મહારાજાના પૂરા ભકત છે. વાદી પંડે વાણીઓ છે. બીજું જોવાનું એ છે કે એવી અવસ્થામાં પોતાના પંથના લોકના અને પોતાની જાતિના બોધને અર્થે, અને પોતાના પત્રના વાંચનારાના લાભને માટે મહારાજાનાં દુરાચરણ જાહેર કરવાં અને તેઓ વિષે લોકના મનમાં ધિક્કાર ઉત્પન્ન કરવાને પ્રયત્ન કરવો એ પ્રતિવાદી કરસનદાસની ફરજ હતી કે નહિ? એમાં એનું હિત હતું કે નહિ? સર. જ. આર્નોલ્ડને લાગ્યું કે તે બંને હતાં. વર્ત્તમાન પત્રનો અધિપતિ દેશનો ઉપદેશક છે. અર્વાચીન કાળમાં જે ગુણે કરીને વર્ત્તમાન પત્રો સંસારને દોરનારાં મોટાં બળોની પંક્તિમાં દાખલ થયાં છે તે ગુણ તેના વાંચનારાને સુબોધ કરવો, સુધારવા, અને જ્ઞાની કરવાનો છે. ભુંડી વાતને અને જંગલી આચાર વિચારને ઉઘાડા પાડવા અને ધિક્કારવા, તથા જે ચાલ ચલણ સુનીતિ વિરુદ્ધ, અને સંસાર સુધારાનાં વેરી છે તેઓ ઉપર હૂમલા કરવા એ વર્ત્તમાન પત્રોની સર્વોત્તમ ધર્મ અને અવશ્યની ફરજ છે. એવા બિગાડ અને એવી ભૂલો કાળે કરીને માન પામી પવિત્ર ગણાઈ હોય, ચાલ પડી જવાથી રક્ષણ પામી હોય, અને નાત જાતમાં મોટા ને વગવાળા આદમીઓથી આશ્રય પામી હોય, અને તેને સુધારે એવું બીજું કાંઈ ન હોય તો વચમાં પડવું એ વર્ત્તમાન પત્રોનું કામ, અને વર્ત્તમાન પત્રોની ફરજ છે. લોકના અભિપ્રાય ઉપર એ દુરાચાર અને ખોટા વિચારનો આધાર હોયછે, માટે દલીલ દાખલાથી, તિરસ્કાર, અને હાસ્યથી લોકના અભિપ્રાય ફેરવી ચોખા કરવાની કોશીશ પ્રમાણિકપણે અને પરમાર્થે કરવી જોઇએ. સત્ય પ્રકાશના અધિપતિએ પોતાની આ ફરજ બજાવી વાજબી કર્મ કર્યું. ભાટીઆને અને વાણીઆને મહારાજાના અપરાધ દાખવ્યા એ તેણે ઠીક કર્યું.

જ્યારે કરસનદાસે એ વિષય લખ્યો ત્યારે એ બાબતનું જ્ઞાન લોકમાં ચાલતી વાતોથી, તથા પોતાના પંડના અવલોકનથી, તથા ૧૮૫૫માં ભાટીઆ મહાજને કરેલા ઠરાવથી તેને થયું હતું. પુષ્ટી માર્ગના ગુરૂઓ ઘણું કરીને વિષયી છે અને વાદી જદુનાથજીનાં લક્ષણ પણ તેવાં છે એ બંને બાબતો તેણે સારે આધારે જાણી હતી. પ્રતિવાદીનો પાકો દોસ્ત નર્મદાશંકર લાલશંકર સુરતનો વતની છે ને વાદી પણ સુરતનો વતની છે. નર્મદાશંકરનું રહેવું સુરતમાં થયલું તેવારે તેના જાણવામાં વાદીના દુર્ગુણો આવેલા અને તેણે કરસનદાસને કહેલા. તકરારી બાબત છાપ્યા પહેલાં પાંચેક માસપર એના જાણવામાં આવ્યું કે એ માર્ગના ગ્રંથોમાં પણ અનીતિને ટેકો આપ્યો છે. એના ખાસ મિત્ર જુવાન નાગર બ્રાહ્મણ નર્મદાશંકરે એક મરાઠી પુસ્તકમાંથી ગોકુળનાથજીની ટીકાનો શ્લોક બતાવ્યો. આ મરાઠી ગ્રંથ વાંચવાથી વધારે તજવીજ કરવાનું મન પ્રતિવાદીને થયું. એને સંસ્કૃત આવડતું નથી પણ વ્રજ ભાષા સમજે છે તેથી તે બોલીના ગ્રંથોમાં ખોળ કરી. જે તરૂણ બ્રાહ્મણે એને મરાઠી ચોપડી આણી આપી તેને સંસ્કૃત ભાષાનું જ્ઞાન છે તે પરથી તેણે ગોકુળનાથજીનાં સમર્પણ સંબંધી શ્લોકનો અર્થ સમજાવ્યો. અર્થ વિશે વાંધો લેવામાં આવ્યો છે, પણ એ અર્થની તકરારનો નિર્ણય કરવાની જરૂર નથી. આ કામમાં ટીકાકાર ગોકુળનાથજી પર તોહમત નથી પણ કરસનદાસ ઉપર છે. ગોકુળનાથના મનમાં શો અર્થ હશે તે જાણવાની જરૂર નથી, પણ તેનાં વચનનો કે બીજાનાં વચનનો શો ઉપયોગ થયો છે તે નક્કી કરવાનું છે. સાક્ષી પૂરાવા પરથી ચોખ્ખું માલમ પડયું છે કે લાંબી મુદત થયાં સેવકસેવડીઓ મહારાજાને કૃષ્ણાવતાર માને છે, ને તેમને ઈશ્વર ગણે છે, તેથી જે કૃષ્ણને કે ઈશ્વરને સમર્પણ કરવાને ફરમાવ્યું હોય તે તેઓને કરવું એવો માણસનો વલ્લભાચાર્ય માર્ગ વાળા કરે કે નહિ એનો નિશ્ચય શાથી થાય? એ નિશ્ચય કરવાની પણ આ કામમાં જરૂર નથી. ફરિયાદનો વિષય છાપ્યો તેવારે વાદી અને તેના બંધુઓ એ વચનનો એવો અર્થ કરી વર્ત્યા છે એવું માનવાને પ્રતિવાદીને કારણ હતાં કે નહિ તેનો નિશ્ચય કરવાનો છે. પૂરાવાપરથી સિદ્ધ થાય છે કે એ અર્થ ખરો છે એવું તે વેળા તેણે પ્રમાણિકપણે માન્યું હતું. પોતાને સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોવાથી એના ઓળખાણમાં તે જાણનારે ભરોસાદાર જે હતા તેમને તેના અર્થ પૂછ્યા અને તેમણે કહેલા અર્થ માન્યા.

કરસનદાસની સ્થિતિ, ફરજ, અને જ્ઞાન એ પ્રમાણે હતાં. હવે તપાસ કરવાની છે કે એણે શાના ઉપર અને કોના ઉપર હુમલા કર્યા?

આ સંસારમાં થતાં મોટાં પાપ ઉપર તેણે હુમલા કર્યા. પોતે જે પંથમાં છે તે પંથમાં વંશપરંપરા મનાતા ગુરૂ પંથના લોકની વહુ બેટીઓની લાજ લૂંટતા હતા. (જેઓને વાસ્તવિક જોતાં ગુરૂઓએ પોતાની દીકરીઓ ગણવી જોઇએ) તેમની જોડે (ચોરી છુપીથી નહિ પણ) ધર્મને પવિત્ર નામે અને ધર્મની આજ્ઞા છે એવો ઢોંગ કરી, ધર્મને બદલામ કરી, છીનાળું કરતા હતા. આ દુરાચારનો, આ અઘોર કર્મનો પ્રતિવાદીએ જાહેર ધિક્કાર કર્યો. એ ધિક્કાર રોષથી, જુસ્સાથી, અને કડવાં વચનોથી કરસનદાસે કર્યો, પણ તે કરવામાં તેણે કાયદાની મર્યાદા ઓળંગી નથી; જાહેર લખનાર તરીકે માત્ર પોતાની ફરજ બજાવી છે. સંસારમાં સુનીતિની જરૂર છે માટે એવાં દુષ્ટ કર્મોને ખુલ્લાં પાડી ધુંદી મારવાં જોઇએ. એવા લખાણને લૈબલ કહીએ તો પાપી માણસોને અનીતિ કરતા જોઇ કોપાયમાન થઈ કઠણ પણ યોગ્ય શબ્દોમાં તેમનો તિરસ્કાર કરનારા મહાપુરૂષો થઇ ગયા છે તેઓને લૈબલ લખનારા કહેવા પડે. આવાં કુકર્મ ઉપર, આવાં અઘોર પાપ ઉપર કરસનદાસે હુમલા કર્યા. હવે કોના ઉપર તેણે હુમલા કર્યા? જવાબ—એ મહા પાપ કરનારા ઉપર. એ મહા પાપ કરનારા કોણ છે? જવાબ—મહારાજો, અને તેઓમાંનો એક મહારાજ વાદી છે તે એવાં કર્મો કરેછે માટે તેમના ઉપર હુમલા કર્યા. જે લખાણ ઉપર ફરિયાદ થઈ છે તેમાં લખ્યું છે કે 'આ કળીયુગમાં વલ્લભાચાર્યાદિ ઘણાક પાખંડ પંથો ઉઠ્યા છે, પરંતુ કોઈ પંથવાળાએ મહારાજોના જેવું નિર્લજ્જપણું, મહારાજોના જેવી પાકાઈ, મહારાજોના જેવું સ્ત્રીલંપટપણું, મહારાજોના જેવી લુચ્ચાઈ અને ઠગાઈ કોઇએ કરી નથી. તેઓ ગોકુળનાથજીની ટીકા પ્રમાણે વર્ત્તી વૈષ્ણવોની વહુઓ જોડે અને દીકરીઓ જોડે જારકર્મ કરે છે'. એમ પ્રતિવાદી કરસનદાસે કુકર્મ કરનારા આખા વર્ગ ઉપર હુમલો કર્યો છે, અને વાદી જદુનાથજી એ વર્ગમાં છે માટે તેના ઉપર પણ ધસારો કર્યો છે. એમ કરવામાં વાદીને પંડને વગોવવો અને તેની આબરૂ લીધી એ વાત ખરી છે, પણ તેમ કરવાને બાજબી કારણ હતાં. મહારાજોનાં દુષ્ટ કર્મોને જાહેર કરવાથી અને તેઓ પર લોકનો તિરસ્કાર આણવાથી સંસારને જે મોટા લાભ થયા તેને મુકાબલે જદુનાથજીને નુકસાન થયું તે કાંઈ લેખામાં

નથી. જે કર્મોનો ધિક્કાર કરસનદાસે જાહેર કર્યો તે અનીતિનાં કર્મો હતાં, અને જદુનાથજીએ સાધારણ જ્ઞાનથી માણસ થઈ કર્યા નહતાં પણ મહારાજની પદ્વિથી એટલે લોકનાં ગુરૂપણાથી કર્યા હતાં. એ માટે પહેલી ફરિયાદ કરસનદાસની હતી. એ ફરિયાદ લોક સિવાય બીજા કોની આગળ કરે? સાડા પાંસેઠ મહારાજો છે પણ તેઓનો જબરો ઉપરી, તેઓને પાધરે રસ્તે ચલાવી શકે તેવો કોઈ નથી. મેવાડના નાથદ્વારનો મહારાજ માત્ર નામનો વડો છે. હિંદુઓમાં કે સરકારી કચેરીઓમાં આવી ફરિયાદ સાંભળનાર કોઈ નથી માટે છાપાની મારફતે લોકથી દાદ મેળવવાનો પ્રયત્ન કરવો; બીજો ઉપાય નથી. પ્રતિવાદી કરસનદાસે તેમ કર્યું. એ ગેરવ્યાજબી કર્યું નથી. સત્યપ્રકાશના એડિટરનો એમ કરવાનો હક હતો; તેની ફરજ હતી. જે લોકની હજૂરમાં એ ફરિયાદ થઈ તેમને એ સાંભળવાનો અધિકાર હતો. સંસારનો પાયો અને સંસારનું બંધારણ સુનીતિ ઉપર છે, માટે સુનીતિનો ભંગ થતો અટકાવવો એ લોકનું કામ છે. ભુંડાં કર્મો કરનારાની વિરૂદ્ધ અને અપરાધ થતા અટકાવવાને પ્રતિવાદીએ દૂષબુદ્ધિ વિના પરમાર્થે ઘટતા શબ્દોમાં લખ્યું એ વ્યાજબી કર્યું, માટે તે લૈબલ ન કહેવાય. એમાં વાદીનું નામ દાખલ થયું છે તે વાદીના લખાણથી થયું છે. વલ્લભાચાર્ય મતનો, અને તે પંથના ગુરૂઓની એટલે પોતાની અને પોતાના કુટુંબીઓની રહેણીનો બચાવ કરવાને તેણે સત્યપ્રકાશ, ચાબુક, વગેરે દેશી વર્તમાન પત્રોમાં અને સ્વધર્મ વર્ધક નામે પોતાનાં માસિક પુસ્તકમાં કરસનદાસ જોડે વાદ વિવાદ કર્યો. એથી ઉત્તર અને પ્રતિઉત્તર ચાલ્યા, તથા બીજા મહારાજો વિષે મર્મ લખાયું અને વાદીનું નામ આગળ પડ્યું. એમાં પ્રતિવાદીનો વાંક નથી. વાદીને વિષે જે લખ્યું છે તે હુમલો નથી પણ માત્ર અંતઃકરણથી દીધેલી સાચી શિખામણ છે; તેના ઉપર લૈબલ નથી. માટે ૨ લા ઈસ્યુનો કેસનો પ્રતિવાદીના લાભમાં થયો જોઇએ.

બીજા બધા ઈસ્યુ વિષે સર. જ. આર્નોલ્ડનો અભિપ્રાય વડા ન્યાયાધીશના અભિપ્રાયને મળતો હતો. પ્રતિવાદીના ૭ મા અને ૮ મા, એ ઉત્તર મોટી અગત્યના અને ખરા છે, તથા તેના મજબૂત પૂરાવા કામમાં પડ્યા એ સંબંધી એ સાહેબે ઘણું લખ્યું છે. એ પૂરાવાના એણે ચાર ભાગ પાડ્યા. ૧ લામાં વલ્લભાચાર્ય માર્ગ અને તેના સિદ્ધાંતો વિષે; ૨ જામાં મહારાજો અને તેમના સેવકોનો સંબંધ કેવો છે તે વિષે; ૩ જામાં મહારાજોની બદચાલની

સાબ્બ વિશે; અને ૪ થામાં વાદીનાં વ્યભિચારી લક્ષણ વિશે.

પહેલી બાબત વિશે આર્નોલ્ડ સાહેબ લખે છે કે હરકોઈ ધર્મનું સ્વરૂપ તે ધર્મના ગ્રંથોમાંથી વિરુદ્ધ પક્ષે ખોળી કાઢેલા વચનો પરથી પૂરું જણાય નહિ; પણ આ કામમાં એ વચનોની જોડે હોશીઆર સાક્ષીઓથી જે ખુલાસો મળ્યો છે તે પરથી સાધારણ અનુમાન કરી શકાય છે. મહા વિદ્વાન દાકતર વિલ્સને બોહોળા અભ્યાસથી જ્ઞાન મેળવેલું તે કહેછે કે પુષ્ટીમાર્ગ નવો છે, ને વિષયભોગનો છે કેમકે બાળકૃષ્ણ અથવા કૃષ્ણના કિશોર વયની એમાં સેવા દાખલ કરી છે, ને તેના ભવના બીજા સમયથી એ સમયને શ્રેષ્ઠ ગણ્યો છે. આટલામાં બધું આવી જાયછે. ૧૬૦૦૦ ગોપીઓના પિયુ કૃષ્ણને પૂજાવી ધર્મમાં ઇંદ્રિય ભોગ આણ્યો, અને તેનાં વિષયભોગને મોક્ષનું સાધન કહ્યું. અસલ બ્રાહ્મણ ધર્મના ઉત્તમ વિચારને આ પંથમાં કેવા અધમ કરી નાખ્યા છે! આખું વિશ્વ જેનું અંગ છે તે અનાદિ વિભુ, તે અવિનાશી પરમાત્મા, જેનાથી સર્વ જીવેછે તે બ્રહ્મને વિશે હરેક આત્માને અંતે ભળવાનું છે; એનું નામ મોક્ષ કે મુક્તિ. આ મહાન વિચારને વલ્લભાચાર્ય મતમાં કૃષ્ણ જોડે વિષયભોગનાં રૂપમાં લાવી મૂક્યો છે. આ સમજવાને વાદીએ બૃહદ વામન પુરાણની ગપ પ્રગટ કરી. વેદના મંત્રોને કૃષ્ણ સ્વરૂપનું દર્શણ કરવાનું મન થયું. પ્રાર્થનાથી પ્રસન્ન થઈ કૃષ્ણે તેમને દર્શણ દીધું. કૃષ્ણને જોઈ વેદ મંત્રો મોહ પામ્યા. તેમને કૃષ્ણને ભોગવવાની ઇચ્છા થઈ. એ ઇચ્છા પાર પાડવાને નારી રૂપ માગ્યું. તે પણ કૃષ્ણે આપ્યું. તેમને વ્રજમાં ગોપીઓનો અવતાર આપ્યો, અને તેમની કામના પૂરી પાડી. એ પરથી વાદી જદુનાથજી અનુમાન કરેછે કે વ્યભિચાર ભાવમાં પાપ હોય તો કૃષ્ણ વેદોને એવી ભક્તિ ન કરવા દે. બ્રહ્મને બાપ પ્રમાણે, કે વર માનીને, કે ભાઈ કે પુત્ર સમજીને નજરમાં આવે તેમ સેવો. તે બધે રૂપેછે.' જૂના વેદ ધર્મમાં માણસનાં નાશવંત શરીરમાં રહેલા આત્મા અને અનંત પરમાત્મા જેની મર્યાદા કોઈ કાયાથી થતી નથી એટલે જે અખંડ પરબ્રહ્મ છે તેમાં ભળી જવાના સ્વચ્છ અને શ્રેષ્ઠ વિચારને ઠેકાણે વિષ્ણુના અવતારોમાં જે અતિ વિષયી છે તેની દેહે જોડે વિષયભોગને લાવી રાખ્યો. પણ અહીં એ બિભત્સ ધારણા અટકી નથી એવું મથુરાદાસ લવજીની જુબાની પરથી જણાય છે. કાન ગોપીની કાયાનો યોગ વ્રજમાં થયો તેવો હવે કળીયુગમાં પૃથ્વી ઉપર થઈ શકતો નથી, (કેમકે કૃષ્ણ

હાલ ગોલોકમાં છે,) અને એવા યોગ વિના જીવની મુક્તિ થાય નહિ. માટે બધા મહારાજો કૃષ્ણના અવતાર છે; તેમની કાયા જોડે એવો યોગ થયાથી (એટલે વૈષ્ણવી સેવકીઓ મહારાજો જોડે વ્યભિચાર કરી તેમને ભોગવેથી જેમ ગોપીઓ કાનને ભોગવી પામીઓ તેમ) તેઓ મુક્તિ પામેછે.એમ એ ધર્મ કેવળ વિષયભોગનો છે. રાસલીલા એ સર્વોત્તમ સુખ. ગોલોકમાં જાય તે ત્યાં સદા રાસ રમે. મહારાજોને રાસલીલા સાગર કહેછે, અને તે મરેછે ત્યારે લીલાવસ્તાર્યા કહેછે.સેવકીઓ મહારાજોને ગીતાં ગાય છે તે ઉભરાતા શૃંગારરસનાં છે. સેવકીઓ મહારાજોને પિયુ અને પરમેશ્વર માને છે; એજ યારે અને એજ કૃષ્ણ. વિષ્ણુ પુરાણમાં લખ્યું છે કે કૃષ્ણ વિયોગની હરેક ક્ષણે ગોપીઓને લાખો વરસ જેવડી લાગે છે. બાપ, વર, અને ભાઈની મના છતાં તેઓ રાત્રે વહાલા કૃષ્ણ જોડે લીલા રમવા જાયછે. વાદીએ કબૂલ કર્યું કે હાલ પણ એવાં વિષયી પ્રેમનાં ગીતો સેવકીઓ મહારાજોને ગાય છે. મથુરાદાસ લવજી કહે છે કે 'મહારાજની આગળ સેવકીઓને છીનાળાંનાં ગીતો ગાતી મેં ઘણી વાર સાંભળી છે.' ખટાઉ મકનજી કહે છે કે એ ગીતાં નિર્લજ અને કટાણાંનાં છે. 'અમારા વર તમારા સેવકો નથી પણ આપ છો' એવી મતલબ એકમાં છે. નમુનાને માટે એમાંની એક ગરબી ન્યાયાધીશે પોતાના અભિપ્રાયમાં દાખલ કરી છે. આપણે તો એવાં ઘણાએ સાંભળીએ છીએ.

એ પછી તેણે બતાવ્યું છે કે જે ગ્રંથોને એ પંથમાં પ્રમાણ ગણ્યા છે તેઓમાં મહારાજોને ઠાકોરજી સમાન માનવાનું ફરમાવ્યું છે. એમાં લખ્યું છે કે જે ગુરૂ અને ઠાકોરજીમાં ભેદ ગણશે તે બીજે અવતાર સીચાણો થશે. ગુરૂને પરમેશ્વર જાણવા. પરમેશ્વરથી પણ વધારે માનવા, કેમકે પરમેશ્વરના કોપથી ગુરૂ બચાવે, પણ ગુરૂદેવના કોપથી કોઈ ઉગારી શકે નહિ. માટે ઠાકોરજી અને ગુરૂ એ બંનેને અવશ્ય પૂજવા. જે વિધિએ ઠાકોરજીની સેવા કરવી તેજ વિધિએ ગુરૂની સેવા કરવી. આ જગતમાં ઘણી પ્રકારનાં પ્રાણી છે. તેમાંનાં જેઓ શ્રી પુરૂષોત્તમજીના પ્રત્યક્ષ અવતાર જે શ્રી વલ્લભાચાર્યજી, શ્રી ગોસાંઈજી, અને તેમના બાળ તેમને શરણે જઈ રહ્યા છે તેઓનાં ધન્ય ભાગ્ય.' જે પંથમાં આવો બોધને એવું જ્ઞાન છે તે પંથના સાધારણ સેવકો કૃષ્ણ અને મહારાજને એક અને સમાન માને, અને તેમની આંધળી ભક્તિ કરે, અને તેમની વહુ દીકરીઓ મહારાજ જોડે સૂવાને ઠાકોરજી જોડે સૂવાની

બરોબર તથા મોક્ષ પામવું ગણે એમાં નવાઈ નથી. વાદીના પહેલા સાક્ષીઓથી, પ્રતિવાદીના સાક્ષીઓથી, વાદીના પછીથી આપેલા સાહેદીઓથી, અને વાદીની જુબાનીથી સાબિત થાય છે કે ઉપર લખ્યા પ્રમાણે મહારાજોને સેવકો માને છે. ગોપાળદાસ માધવદાસ જે મોટો આબરૂદાર સાહેદ હતો તેણે કહ્યું કે અમે મહારાજને લાંબા થઇને પગે લાગીએ છીએ, ધૂપ, દીપ, ફૂલ ને ધનથી પૂજીએ છીએ. જેમ ઠાકોરજીને આરતી કરીએ છીએ તેમ મહારાજને કરીએ છીએ. બાયડીઓ મહારાજને ઝૂલાવે છે. અમારા પંથના કેટલાક લોક મહારાજને પરમેશ્વર માને છે, કેટલાક નથી માનતા. કેટલાક ભાટીઆ અને વાણીઆ મહારાજોને પરમેશ્વર માને છે. તેનાં ચાવેલાં પાન સોપારી લોક ખાય છે, તેનું પહેરી નાહેલું ધોતીયું નીચોવી તે પાણી પીએ છે, ને તેના પગને અંગુઠે અડેલા પાણીને ચર્ણામૃત કહે છે.' વરજીવનદાસ માધવદાસ કહે છે કે કેટલાક વાણીઆ મહારાજને ગુરૂ માને છે અને પરમેશ્વર માને છે. મહારાજ પર્વણીને દિવસે સ્નાન કરેછે તેવારે હું તેને કેસર ચોળું છું. ઠાકોરજીને પણ એમજ કરે છે.' પ્રતિવાદી કરસનદાસની તથા નારાયણ દીનાનાથજીની જુબાનીઓપરથી એજ નીકળે છે. એ પાછલાને જીવણજી જોડે દોસ્તી હોવાથી માત્ર ગુરૂ એવું સમજાવવાના ફાંફા માર્યા, પણ પ્રતિ પરીક્ષામાં બીજા પંથોના અને આ પંથના ગુરૂના ભેદ સમજાવવામાં સપડાયા. મથુરાદાસ લવજી ગંભીર, આબરૂદાર, ઉમંગી, જેણે ઘણા ગ્રંથનું જ્ઞાન સંપાદન કરેલું, અને જેના પ્રમાણિકપણા વિષે શક આવેલો નહિ, જે વલ્લભાચાર્ય પંથી અને જ્ઞાતે ભાટીઓ છે, તે કહે છે કે પૂર્ણ પુરૂષોત્તમ પૂજ્ય છે તે ગોલોકમાં છે; વલ્લભ, વીઠ્ઠલનાથજી અને તેના વંશજો તેના અવતાર છે. વલ્લભ તેના મસ્તકનો અવતાર હતો. (એ વાત વાદીએ કબૂલ કરી.) ભાટીઆની વસ્તીનો વધારે મોટો ભાગ હાલના મહારાજોને પણ પૂર્ણ પુરૂષોત્તમ અને મહાપ્રભુજી સમજી સેવે છે. તેમની છબીઓની પૂજા કરે છે, અને જીવણજી, જદુનાથજી વગેરે નામ એ પૂજામાં દે છે. જેમ ઠાકોરજીને પૂજે છે તેમજ તેમને મહાપ્રભુ, શ્રી પ્રભુ વગેરે કહી પૂજે છે. તેમની ચરણરજ મોઢામાં મૂકે છે.' મુંબઇના મોટા પંડિત અને સજ્જન દાકતર ભાઉ દાજીની સાક્ષીપરથી પણ સ્પષ્ટ જણાય છે કે મહારાજોને તેમના ભગતો કૃષ્ણ માને છે. આ સાક્ષીઓનું કહેવું જૂઠું પાડવાને વાદીએ કેટલાક સાહેદો રજુ કર્યા, અને પંડે જુબાની આપી. પણ શી વાતની ના કહેવી એ પ્રથમથી

નક્કી કરી તેઓ આવ્યા હતા. તેઓને શિખવી રાખેલા જણાયાથી તેમના બોલ માની શકાય નહિ. વખતે ભૂલ થાયથીજ તેઓ સાચું બોલ્યા છે, બાકીનું બધુ શિખવી રાખેલું કહી ગયા. તેમનાથી અજાણે બોલાઈ ગયું તેથી પણ વાદીનું નામુકર જવું બોટું પડે છે. વાદી પંડે પણ પ્રતિ પરીક્ષામાં પકડાયો. પોતાના વકીલના સવાલના જવાબમાં તેણે કહ્યું કે મહારાજોને કોઈ વૈષ્ણવ ઈશ્વર માનતો નથી, પણ પ્રતિવાદીના વકીલે પૂછ્યું તેવારે માન્યું કે તેણે (એટલે જદુનાથજીએ) મના કરી ત્યારે પહેલાં કેટલાક સેવકો ગુરૂને ઈશ્વર માનતા. એ સર્વ પરથી સિદ્ધ થાય છે કે એ પંથમાંના ભોળા સેવક સેવકીઓ તો પ્રતીત મહારાજોને ઈશ્વર માને છે.

હવે ૩જી અને ૪થી બાબત એટલે મહારાજોની કુચાલ અને વાદીના કુચાલ વિશે અભિપ્રાય આપ્યાની પૂર્વે પ્રતિવાદીના સાક્ષી પોતાને સાચા લાગવાનાં કારણ સાહેબે લખ્યાં છે. વાદીના સાહેદોથી અને કોર્ટમાં જોવા આવનારા લોકના દેખાવપરથી માલમ પડ્યું હતું કે કરસનદાસની અને તેની તરફના સાક્ષીઓની વિરૂદ્ધ લોક હતા. એમને માથે નાતબહાર મૂકાવવાનું ભય ભમતું હતું; કેટલાકને પોતાના પંડની ધાસ્તી હતી, અને કેટલાકની રોજી જાય તેવું હતું. મહારાજની સામી સાક્ષી આપવાથી તેમને બીક અને નુકસાન હતાં. વળી કરસનદાસના સઘળા સાહેદો વિદ્યાર્થી, જુવાનીઆ, એડિટરો, અને અશ્રદ્ધાવાન માણસો ન હતાં. ઘણાક પાકી ઉમરના, ગંભીર, કુટુંબ કબીલાવાળા, અને એ પંથને તથા પંથના પુસ્તકોને માનનારા આબરૂદાર પુરૂષો હતા. લખમીદાસ બીમજી, ભાટીઆ મહાજનના બાર શેઠીઆમાંના એક, મંગળદાસ નથુભાઈ તે પણ વાણીઆના શેઠીઆમાં અને કન્યા શાળા સ્થાપનાર; બટાઉ મકનજી, મથુરાંદાસ લવજી, દાક્ટર ભાઉ દાજી વગેરે સદ્‌ગૃહસ્થો હતા. દાક્તરને મહારાજોના સેવકોમાંનાં ધનાઢ્ય કુટુંબોમાં ભારે ધરાકી હતી, અને બધા મહારાજોને તેણે ઓસડ કર્યું છે. મોટે વાજબી અનુમાન થઇ શકે છે કે ભય અને હાની ભોગવી એમણે સાક્ષી આપી તે સત્યની ખાતરીથી, અને પ્રજાના ભલાને માટે પોતાની ફરજ સમજીને આપી છે. વાદીએ અને વાદીના સાક્ષીઓએ તેના આચરણ સંબંધી જે કહ્યું તેમાંના કેટલાક ઉપર ભરોસો નહિ રાખવાનાં તથા તેમાંનું કેટલુંક સાચું હોય તોપણ તેથી જદુનાથજી નિરપરાધી ઠરતો નથી તેનાં કારણ લખી સાહેબે વાદીના મુખ્ય સાક્ષીઓની

જુબાનીના આ બેઉ બાબતોના ઉતારા કરી તથા વાદીની અને સાક્ષીઓની જુબાનીઓ ઉપરથી યથાર્થ અનુમાન કરી ફેસલો આપ્યો છે. એ બંને બાબતોમાં એટલે મહારાજોનાં દુરાચરણો વિશે અને વાદી જદુનાથજીના દુરાચરણ વિશે સત્ય પ્રકાશમાં લખ્યું છે તે ખરૂં છે. વાદીની જુબાનીને ખૂબ ચુંથી તેના ચૂરે ચૂરા કરી નાખ્યા ને તેનું જૂઠાણ પકડી કાઢ્યું.

એ પ્રમાણે આ પ્રખ્યાત મુકરદમાનો અંત આવ્યો. વાદી જદુનાથજી ખીજરતનજી હાર્યા અને પ્રતિવાદી કરસનદાસ મુળજી જીત્યા. "ધર્મો જય" "સત્ય એવ જયતે" એ વચનો આ જૂઠી દુનીઆમાં ને કળીયુગમાં પણ આવેળા ખરાં પડ્યાં. કરસનદાસને આ કામમાં ૩૧૩૦૦૦) ખરચ થયો. એ ખરચનેપેટે વાદી પાસે ૩૧૧૫૦૦) કોર્ટના હુકમથી મળ્યા તે બાદ જતાં કરસનદાસને માથે ૩૧૫૦૦) પડ્યા. એ શિવાય એ બાતે બીજો ઉપલક ખરચ થયો. ભાટીઆ કન્સિપરસિ કેસમાં તેને ૩૧૦૦૦૦) ખરચવા પડ્યા. વાદીને પોતાનો તમામ ખરચ આપવો પડ્યો. બેઉ તરફ મળી શુમારે ૩૬૦૦૦૦) ખરચ થયા. એ સાઠ હજારમાંથી આસરે પચાસ હજાર વાદી જદુનાથજીને આપવા પડ્યા. એટલે ફરિયાદ કરી નુકસાનની જેટલી રકમ માગી હતી તેટલી તેને પોતાને ખરચવી પડી.

કરસનદાસ મુળજીનાં સુકૃત્યોમાં સૌથી મોટું આ છે માટે એ વિશે ઘણા પાના રોકયાં છે. જે ભારે ખરચથી, મોટા શ્રમથી, મોટાં સંકટથી, તથા ધાસ્તીથી હાંસલ થયું તે છોડી ન દેવું જોઇએ. આ મુકરદમાથી મોટી અસર થઈ છે, અને હવે પછી થશે. બહુ લંબાણના ભયથી તથા બિભત્સથી કંટાળીને ઘણુંક મેં મૂકી દીધું છે. સર જોસફ આર્નોલ્ડની ટીકા કેવળ સાચી અને જડબેસુલાબ્ધ છે. પરંતુ સદરહુ સબબથી મેં બધાનું ભાષાંતર કર્યું નથી. એમના અમૂલ્ય વચનથી, અને એમની પવિત્ર વાણીથી આ પુસ્તકને પાવન કરવું જોઇએ માટે એમના લખેલા હુકનામાની છેલ્લી કલમના છેલ્લા વચનામૃતનો ઉતારો એ સાહેબની પોતાની બોલીમાં આ સાથેના ઇંગ્રેજી ભાગમાં કર્યો છે.

આ ભલા ન્યાયાધીશ સાહેબે એ છેલ્લી કલમમાં લખ્યું છે તેનો તરજુમો— "આ કામમાં ઘણો કાળ મિથ્યા રોકાયો નથી. પશ્ચિમ હિંદુસ્તાનના ચતુર લોકની રૂબરૂ જાહેરમાં આ મોટી બાબતની ચરચા થઈ તેના પરિણામ લાભ કારી થવાંજ જોઇએ. કેટલાક એથી વિચાર કરતાં શિખ્યા હશે; કેટલાકે ત-

જવીજ કરવા માંડી હશે. ધર્મ સંબંધી નિવેડો કરવાનું કામ અમારી આગળ નથી; સુનીતિ સંબંધી તકરારનો ફેસલો કરવાનું કામ છે. વાદી અને તેના સાક્ષીઓ એમ કહે છે કે જે અનીતિ છે તે ધર્મ ન હોય; જે આચરણથી સુનીતિનો પાયો ખોદાય, જેથી અનાદિ અને અચળ સત્યનો ભંગ થાય તે ધર્મને નામે અને ધર્મની મંજુરીથી સ્થાપન થાયતો સંસારના સુખને અર્થે અને માણસ જાતના લાભને માટે તેનો જાહેર ધિક્કાર કરવો જોઇએ, તેની જાહેર કુલેતી કરવી જોઇએ. એ પ્રમાણે તેમણે કર્યું. જે ભય અને નુકસાનનો હિસાબ આપણાથી નીકળી શકે નહિ તે તળે પોતાનું શીર મૂકી આ પુરૂષોએ બિભત્સ, ગંદી અને બળવાન ઠગાઈની સામે દૃઢતાથી જુધ કર્યું છે. એમણે જૂના ચાલ અને જૂઠની સામે ટક્કર લીધી, અને તેમના માનનારાને છડોક જણાવ્યું કે તેમના ભુંડા કર્મ હોય તે રૂડાં કર્મ ન થાય, અને જૂઠું હોય તે સાચું ન થાય. આ લડત તેઓ હિમ્મતથી અને યોગ્ય રીતે લડયાં. આશા રાખવામાં આવે છે કે એમની મેહેનત નિષ્ફળ જશે નહિ; જે બીજ તેમણે વાવ્યું છે તે ઉગી નીકળશે, અને ફળશે. એમના બોધથી અને એમના દાખલાથી જેઓના વિચાર જાગરૂત થયા છે, જેમને સામા થવાનો ઉમંગ છૂટયો છે, જેમના ઘરમાંથી કુંપારી છૂટે તેવા દુરાચારને ઝાડી કહાડવાને તેમણે મદદ કરી, અને જેમના આત્માને તેમણે નીચ દશાને પમાડે તેવી બેડીઓથી છોડાવ્યા છે તેઓની સંખ્યામાં વધારો થઈ એમની હામ અને દૃઢતાનો બદલો વાળશે."

હું મારા હિંદુભાઇઓને પૂછું છું કે આ ઉમરાવ દીલના, આ જ્ઞાની ન્યાયાધીશના ભલા વિચાર કેટલે દરજ્જે અમલમાં આવ્યા છે? સુધારાવાળાની આ મોટી ફતેહનો તેમણે શો ઉપયોગ કર્યો? કેમ બેસી રહ્યા છો ભાઇઓ? આ મોટી તસદીથી, મોટા ખરચથી, ને મોટી હિમ્મતથી જય મળ્યો છે તેનો ફાયદો કેમ લીધો નહિ ને કેમ લેતા નથી? એ ફાયદો એની મેળે મળવાનો નથી. હજી બહુ કરવાનું છે. આતો આરંભ થયો. એ આરંભ સારો કર્યો છે. એમ યોગ્ય રીતે આરંભ કરવો તેમને દુરસ્ત લાગ્યો તો આગળ વધવું વધારે દુરસ્ત છે. આગળ નહિ વધોતો તમારી મેહેનત બધી છૂટી પડશે, બધી ધુળમાં જશે. પહેલા મહાભારત જંગના થાકથી દમ ખાવાને બેઠા એવું ધારીએતો આજ સુધી થાક ખાવામાં બહુ વખત ખોયો, માટે સજ્જનો હવે

પાછા ઉઠો. આ ઉત્તમ કપોળ કરસનદાસ મુળજીનું અને તમારૂં પોતાનું કરેલું ઉત્તમ કામ બહાલ રાખવું હોય તો ઉભા થાઓ ને આગળ ચાલો. જે ઝાડને મૂળીએ સડો લાગેલો છે તે કેમ સુધરશે? તેને શા વાસ્તે હજી વળગી રહ્યા છો? કાળ ચાલ્યો જાયછે ને કામ થતું નથી. ચાલતે ચલણે પરમાર્થના જે કામ થાય તે કરી લેવાં કેમકે જીવતરનો ભરોસો નથી. જુઓ દુર્ગુણી વાદી અને સદ્‌ગુણી પ્રતિવાદી બેઉ આ દેહ તજી પોત પોતાનાં કૃત્યોનો ઉત્તર આપવાને અને તેઓનાં નરસાં સારાં ફળ ભોગવવાને જગત નિયંતા સર્વશક્તિમાન ભગવાનની હજૂરમાં ગયાછે. સાક્ષીઓમાનાં પણ કેટલાક મોટા માણસો મરણ પામ્યા. દાક્તર ભાઉ દાજી, શેઠ ખટાઉ મકનજી, શેઠ ગોકળદાસ તેજપાળ, રામદાસ ભાણજી, કહાનદાસ મનછારામ વગેરે ચાલતા થયા છે. બાહાદૂર શેઠ લખમીદાસ ખીમજી, શાણા ઠક્કર મથુરાંદાસ લવજી, પરોપકારી સર મંગળદાસ નથુભાઈ વગેરે હજી હયાત રહેલા સજ્જનો અને તેમના મદદગારો આપણા દેશની ઉન્નતિ કરવાને વળી બીજી વાર કમર બાંધો અને જુઓ ચડો! કોહેલા, ગંધાતા, ને અપવિત્ર વૃક્ષને થડથી છેદી નાખો, મૂળથી ઉખેડી નાખો, અને તેની જગાએ શુદ્ધ, સુંદર, અને પવિત્ર ઝાડ રોપો. શા વાસ્તે વખત ખુઓ છો? હવે કોનાથી ડરો છો. "જે હાથે સો સાથે." આ સંસારમાં સુખ દુખનું, ચડતી પડતીનું ચક્ર ફર્યાં કરેછે, ને કામ કાજની અને ધંધા રોજગારની લેહ સદા લાગેલી છે. સત્કર્મ કરવામાં, પરાક્રમ કરવામાં એ ચક્રને અને એ લેહને આડે આવવા ન દેવાં. જે બધા સુધારાનું બીજ છે તે વાવવાના સાધન આપણી પાસે ૧૮૬૦—૬૨માં ન હતાં તે આજ ૧૮૭૭માં છે, માટે આ સારો લાગ જવા ન દેતાં તમારી સુકીર્ત્તિમાં વધારો કરો. આપણું, આપણા કુટંબનું, અને આવતા જમાનાનાં લોકનાં કલ્યાણનું કામ મનપર લો. જેઓ જદુનાથજીના પક્ષમાં હતા તેમને પણ હું નમ્રતા પૂર્વક વિનંતિ કરૂં છું કે થંડા પડી વિચાર કરવાનો વખત ઘણો મળ્યો છે. મમત પર ચડેલા આદમીને સત્ય સૂઝતું નથી, પણ મમત ઉતર્યા પછી બુદ્ધિવાન અને ન્યાયી પુરૂષોને ભાન આવે. હવે મમત કરવાનું કારણ નથી. બેઉ પક્ષે હવે સલાહ કરી દોસ્તી કરવી અને સત્યને માર્ગ જોડે જવું.

પ્રકરણ ૮ મું.

ફેસલાનો રિપોર્ટ અને ચરચા. કરસનદાસને માન. કોશ. ઈંગ્લાંડની મુસાફરી. ભૂલ. માન પત્રો.

આ કામ ચાલ્યું અને ફેસલો ન્યાયાધીશોએ આપ્યો તેવારે હું મુંબાઈ ન હતો તેથી પાંચમાં, છઠા, અને સાતમાં પ્રકરણમાં વર્ણવેલો હેવાલ મેં નજરે જોયલો નહિ. જાતે જોયલા બનાવનું વર્ણન વધારે સારૂં થઇ શકે. ફેસલાની અસર તુરત કેવી થઈ તે હું મારી પોતાની માહેતગારીથી કહી શકતો નથી, પરંતુ વર્ત્તમાન પત્રોમાં તેપર થયેલી ટીકા પરથી જણાય છે કે તત્કાળતો બેઉ પક્ષે પોત પોતાને જીતેલા ગણ્યા. મુખ્ય ન્યાયાધીશે જરાક કની ખાઈ પહેલા ઇસ્યુનો ફેસલો વાદીની તરફ કર્યો અને પાંચ રૂપીઆ નામની નુકસાનીને પેટે અપાવ્યા તેથી સેવકોએ વાત ચલાવી કે મહારાજ જીત્યા, અને કરસનદાસને ગરીબ જાણી દયા કરી માત્ર પાંચ રૂપીઆ દંડ કર્યો. તથાપિ વાસ્તવિક જોતાં મહારાજ હાર્યા છે એવું તેમના સમજવામાં આવ્યું હશે એવું અનુમાન થઈ શકે છે, કેમકે ફેસલો મળ્યો તે દિવસે મીઠાઈ વહેંચવાને કરાવી હતી તે વહેંચી નહિ. એમની વાતોથી અજાણ્યાને જે ભ્રાંતી પડી હશે તે કરસનદાસે કેસનો પૂરો રિપોર્ટ પ્રગટ કરી તથા વર્ત્તમાન પત્રોએ ચરચા કરી દૂર કરી. અંગ્રેજી રિપોર્ટને ૨૩૪ પાના છે. દેશ પરદેશના અંગ્રેજી વર્ત્તમાન પત્રોના અધિપતિઓને તે મોકલ્યાથી ઠામે ઠામ તેની ચરચા ચાલી. ગૂજરાતી રિપોર્ટ પરથી ગૂજરાતી બોલીમાં ચાલતાં વર્ત્તમાન પત્રોએ સત્ય ઉઘાડું પાડયું તેથી લોકના જાણવામાં આવ્યું કે બંને ન્યાયાધીશોએ ઠરાવ્યું કે વલ્લભાચાર્ય પંથમાં ધિક્કારવા જોગ અનીતિ છે, નિર્લજ ગુરૂઓ ભારે અનાચાર કરે છે, અને વાદી જદુનાથજી મોટો વ્યભિચારી અને જૂઠો છે, ને તેણે પ્રતિજ્ઞા પર ખોટી સાહેદી પૂરી.

વર્ત્તમાન પત્રોમાં ઘણા માસ સુધી ચરચા ચાલી. લંકાથી કલકત્તા સુધીના ૨૧ અંગ્રેજી પત્રોના અભિપ્રાય કરસનદાસે મહારાજના ઇતિહાસમાં આ કામના હેવાલની પાછળ છાપ્યા છે. ભારે તસદી વેઠી, ધન ખરચી અને ભયમાં પડી પોતાના દેશ ઉપર ઉપકારને માટે કરસનદાસને અને તેને સાહે કરનારા સુધારાવાળાને ઘટતી સાબાશી બધા પત્રોમાં છે. કરસનદાસનું નામ

એથી દુનીઆમાં પ્રખ્યાત થયું અને વખણાયું. વડા ન્યાયાધીશ સર માર્બુ-સાસના પેલા ઇસ્યુ વિશે અભિપ્રાયમાં ભૂલ છે એવું ઘણાખરા પત્રોએ જણાવ્યું. એ ભૂલથી કુધારાવાળાને જયનો દાવો કરવાને સહેજ બાનુ મળ્યું. પાપી પંથને અને દુષ્ટ માણસોને જેટલા જોરથી લાત વાગવી જોઇએ તેટલા જોરથી વાગી નહિ અને અસત્યને જરા ટેકો મળ્યો. વડા સાહેબની ન્યાય તોળવામાં ચૂક થઈ તેથી સુનીતિને અને સુધારાને જે થોડી હાની થઈ તેનો બદલો છોટા સાહેબના લખાણે વાળ્યો છે. તકરારી વિષય પ્રગટ કરવાનો વા-જબી પ્રસંગ હતો માટે કરસનદાસે લૈંમલનો અપરાધ કર્યો નથી એ બતાવી. પાખંડ અને દુરાચારના મૂળ ઉપર કુવાડાના ઘા માર્યા અને પાપી ઝાડને તોપને ગોળે ઉડાડયું. સર જોસફ આર્નોલ્ડના નામને આપણે પ્રેમથી સદા સં-ભારવું અને માન આપવું જોઇએ. પુષ્ટી માર્ગના મૂળ સડેલાં, તેના સિદ્ધાંતો હિંદુશાસ્ત્ર વિરુદ્ધ, અને સુનીતિથી ઉલટા, તેના આચાર્યો પાપી, અને જદુ-નાથજી મોટો અપરાધી એવો ફૈસલામાં વડા ને છોટા બંને નિષ્પક્ષપાત ન્યાયાધીશોનો અભિપ્રાય એક અને સમાન હોવાથી પરિણામ સારૂં થયું, અને હવે પછી સારાં ફળ થશે. વાદી અને તેના મિત્રો વિલાયતમાં અપીલ કરવાનો વિચાર કરવા લાગ્યા પણ તે વાત માંડી વાળી. અપીલ કરી હોતતો તેની વધારે ફજેતી થાત એમાં શક નથી. કરસનદાસે જદુનાથજીને જૂઠા કસમને માટે કોર્ટે ન ચડાવ્યો, અને પેલા ઇસ્યુ બાબત ઇંગ્લાંડમાં પ્રીવીકાઉન્સિલને અપીલ ન કરી તેના કારણો મને માલમ પડ્યાં નથી. મને લાગે છે કે સુ-ધારાવાળાની આ ચૂક હતી; જે કરવા માંડયું તે પૂરૂં કરવું હતું.

કુધારાવાળાએ પૈંડા ન વહેંચ્યા અને બીજા જયના ઓછવ ન કર્યા તેમ સુધારાવાળાએ પણ ફતેના નિશાન ગગડાવ્યાં નહિ, અને વિજયના વાજાં વગડાવ્યા નહિ તેનું શું કારણ? આ મોટો પ્રસંગ મૂગે મોંડે શા વાસ્તે જવા દીધો? સુધરેલા હિંદુઓએ કાંઇજ કીધુ નહિ! ભર સભામાં પ્રતાપિ કરસન-દાસને ગળે કોઇએ ફૂલના હાર પહેરાવ્યા નહિ, અને પાગડીમાં તોરા ખોસ્યા નહિ; દાકતર ભાઉને, દાકતર ધીરજરામને, શેઠ લક્ષ્મીદાસ ખીમજીને અને ઠક્કર મથુરાંદાસ લવજીને, કવિ નર્મદાશંકરને અને કાળાભાઇને, સર મંગળદાસને અને બીજા સુધારાવાળાને જેમણે પોતાને અને પોતાનાં બાળ બચ્ચાંને દેશ સુધારાને ખાતર, ધર્મ અને સુનીતિને માટે જોખમમાં નાખ્યાં તેમને ભરી

સભામાં સાખાથી અને પાન બીડાં કોઇએ કેમ ન આપ્યાં? પેલી બુદ્ધિવર્ધક હિંદુ સભા ક્યાં ભરાઈ ગઈ હતી? આ કેસમાં સામેલ નહિ થયેલા તેના બાકીના આગેવાનો ઘરને કયે અંધારે ખૂણે સંતાયા હતા? શું તેઓ બીધા? ગૂજરાતી ઠીંઠા ડર્યા તો આપણા દક્ષણી ભાઇબિંધો કેમ આગળ ન પડ્યા? હું વિલાયતથી પાછો આવ્યો ત્યારે મારા મિત્ર ભાઈ ગંગાદાસ કીસોરદાસે મને સત્કાર કરવાને મહેનત કરી; અને ભલા માજી વકીલ ધીરજલાલ મથુરાંદાસે તથા સજ્જન વિદ્યવાન દાકતર ભાઉદાજીએ મારે માટે સદ્‌ગૃહસ્થોને નોતરી ઓછવ કર્યા તેમ આ વખતે થવું વધારે યોગ્ય હતું. મહારાજ લૈબલ કેસના વિજયે શૂરવીરોને એવું માન વધારે ઘટિત હતું ને તેથી વધારે લાભ થાત. બીકણ હિંદુઓની પેઠે યુરોપીયનોએ અને બોજા લોકે આ તક ઝાલી જવા દીધી નહિ. મહાપંડિત અને દેશીઓનું રૂડું ઇચ્છનાર દાકતર વિલ્સને પોતાના મકાનમાં મોટી મિજલસ બોલાવી. એમાં સુમારે ૧૫૦ યુરોપીયન અને એટલાજ દેશી ગૃહસ્થો પધાર્યા હતા. એમની રૂબરૂ તે સાહેબે કીર્ત્તિવંતા કરસનદાસનું યોગ્ય સન્માન કર્યું, અને મિજલસીઓએ પણ તેને ઘટતી આબરૂ આપી. મુંબાઇમાં માંડવી બંદરે ગોકુળદાસ તેજપાળ વિદ્યાલયના મુખ્ય ગુરૂ હતા તેવારે કરસનદાસે ઘણાક સુજ્ઞ બોજા ગૃહસ્થોની પ્રીતિ મેળવી હતી. એ ગૃહસ્થોએ પણ સભા કરી સુધારાના સરદારને લાયક માન આપ્યું. બીજા ધર્મો અને પંથોવાળાને પણ આ કેસથી બોધ મળ્યો.

પોતાના દીકરાની કીર્ત્તિથી કરસનદાસના બાપ આનંદ પામ્યા નહિ. સુધારાનાં કામ કરવાનો પુત્રે આરંભ કર્યો ત્યારથી પિતા દિલગીર થવા લાગ્યા હતા. વખતે વખતે ડોસા દીકરાને મળવા આવી કહેતા કે બેટા આ કામ ઠીક નથી, તું સુધારાથી અને સુધારાવાળાથી દૂર રહે. એથી આપણી આબરૂ ૧૪ આના ગઈ છે. માત્ર બે આના રહી છે તે નુ બોતો. કરસનદાસ નરમાસથી બાપને સમજાવતા કે આ પરમાર્થનું કામ છે; સદ્ધર્મ અને સુનીતિનો એથી વધારો થશે. સારા લોકમાં આપણી આબરૂ વધે છે. એથી પાપનો ઝટકાવ થાયછે, ને આ લોકનાં તથા પરલોકનાં વાસ્તવિક સુખનો વધારો થશે માટે એ મોટા પરોપકારનું કામ છે.

એમ પોતાના જન્મારાનું ૩૦ મું અને હિંદુસ્તાનના ઇતિહાસમાં ઇસ્વીસનની ૧૯મી સદીનું ૬૨ મું વરસ કરસનદાસે પોતાના આ પરાક્રમથી પ્રખ્યાત

કર્યું, અને પોતાનું નામ દીપાવ્યું. આજ કામ, એટલે અધર્મની જે ઇમારતનો પાયો એણે ખોખરો કર્યો તેને તોડવાનું કામ, જરી રાખ્યું હોત અને સદ્ધર્મની નવી ઇમારત ચણવાનું કામ આરંભ્યું હોત તો કેવું સારૂં થાત! તેમ ન કરતાં તે પોતાનાં સાધારણ કામ કરવામાં પડ્યા એ ખેદકારક છે. સને ૧૮૬૦ માં એમણે ગૂજરાતી-અંગ્રેજી (એટલે ગૂજરાતી શબ્દોના અંગ્રેજીમાં અર્થ) કોશ કરવાનો આરંભ કર્યો હતો, પણ તે લૈંગલ કેસમાં રોકાયાથી અત્યાર સુધી અધૂરો રહ્યો હતો. એ કેસ અને તેના રિપોર્ટથી પરવારીને કરસનદાસે તેને પૂરો કર્યો, ને એજ વરસમાં છપાવ્યો. એ કોશ તેના ભાઈબંધ શેઠ કરસનદાસ માધવદાસને અર્પણ કર્યો છે. આ ચોપડી ઉપયોગી છે અને તે કરવામાં કાળ કાઢ્યો તેમાં કાંઈ ખોટું કર્યું નથી. મારો કહેવાનો હેતુ એ છે કે એવો નાનો કોશ કરસનદાસથી ઓછી કેવળવાળા આદમી કરી શકે. એ મહા પુરૂષનું કામ નહતું. ધર્મ જેવા મહાભારત કામમાં કરસનદાસનો વધારે ખપ હતો. તોપણ એ કોશનો આરંભ પ્રથમ કર્યો હતો માટે તેને પૂરો કર્યો તે ઠીક કર્યું.

એક મોટું કામ કરવામાં મહાપુરૂષ ફતે પામે છે એટલે બીજું મોટું કામ કરવાનું તેને મન થાયછે. કરસનદાસને એ વેળા વિલાયત જવાની ઇચ્છા થઈ. ઉપર કહેલા કોશ જેવા લઘુ ગ્રંથો રચવામાં રોકાયાથી તેનું મન કેમ ધરાય? એ વેળા પંડિત દયાનંદ જેવો મહા પંડિત બહાર પડ્યો ન હતો, રાજા રામમોહનરાયની પેઠે કરસનદાસને સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હતું, અને પ્રાર્થના સમાજે મુંબાઈ ઇલાકામાં કોઈ ઠેકાણે હયાતીમાં આવી ન હતી તેથી તેનું (કરસનદાસનું) મન અકળાયું હશે. જે પંથમાં તેનો જન્મ થયો હતો, જે પંથની તેને ગળે કંઠી બાંધી હતી, જે પંથમાં તે ઉછર્યા હતા તેનાં મૂળ સિદ્ધાંતો ખોટા અને તેના ગુરૂનાં આચરણ નઠારાં પાપી જણાયાથી બીજા સુધરેલા પંથની ગરજ જણાઈ એવું તેના રચેલાં પુસ્તકો પરથી અનુમાન થઈ શકે છે. પરંતુ સુનીતિ અને સદ્જ્ઞાનના પાયા ઉપર રચેલો નવો માર્ગ ઉઘાડવાનો પ્રયત્ન ન કરતાં, પોતાને મળેલા જયનો લાભ ન લેતાં ઉપદેશકની ઊંચી પદવીએથી ઉતરી વેપારીના વાણોતર બની તેના વેરીઓને હાથ તેની મુડી જાય તેવો રસ્તો તેણે બીજે વરસે પકડ્યો. તેની આ ભૂલ હાનીકારક થઈ પડી. એ સમે નવો સુધરેલો પંથ સ્થાપવાની જોગવાઈ ન જણાયાથી, કે કમ

હિમ્મતથી કવિ નર્મદાશંકર વિના સુધારાના બીજા સરદારો પણ તે દિશાએ વળ્યા નહિ તેથી તેમની કૂચથી થવાં જોઇએ તેવાં સારાં ફળ હજી સુધી થયાં નથી, અને તેમણે કરસનદાસને આ વેળા વિલાયત જવાનો વિચાર બંધ પાડવાની શિખામણ ન દીધી તેથી સામાવાળાનું ચડી વાગ્યું. સને ૧૮૬૧ માં હું વિલાયતથી પાછો આવ્યો કે મારા નાતીલાએ મારી જોડેનો તમામ વહેવાર તોડ્યો—અર્થાત્ મને નાત બહાર મૂક્યો. વિલાયત ગયાની પૂર્વે મારે ધર્મ સંબંધી કે બીજી બાબતમાં મારી નાત જોડે ઝઘડો થયો ન હતો, અને કોઈ જોડે દુશ્મનાઈ ન હતી. તેઓ માત્ર શાસ્ત્ર વિરુદ્ધ થયું સમજીને પણ મારા પંડપર વૈરભાવ વગર મને ન્યાત બહાર રાખવાની હઠ પ્રથમ લઈ બેઠા હતા. મમત પાછળથી બંધાયો એ સ્વાભાવિક છે. પ્રજાનો ઘણો ખરો ભાગ, સુધરેલા જ્ઞાનીઓની નાની સંખ્યા સિવાય બાકીનો બધો ભાગ, બ્રાહ્મણ, વાણીઆ, કણબી વગેરે સર્વે તેમના પક્ષમાં અજ્ઞાન અને વહેમને લીધે હતા; ન્યાતમાં લેવાની ફર્યાદ અદાલતમાં ચાલે તેવું નહતું. મને ન્યાત બાહાર મૂકવામાં જેઓ આગેવાન હતા તેઓ પછી હઠે ચડ્યા ને દ્વેષથી દુરાગ્રહ કરવા લાગ્યા. આ બધી અડચણો ઉપરાંત કરસનદાસને મહારાજ લૈબલ કેસથી તથા સત્ય પ્રકાશના બીજા હુમલાથી બંધાયલું હાડ વેર મોટું નડતર હતું. વીલાયત જઈ આવ્યા પછી લોકને મનાવવાને તથા દેશને વધારે ઉપયોગી થવાને શાસ્ત્ર પ્રમાણે વર્ત્તવાનો તેનો અભિપ્રાય હોત તોપણ તેને ન્યાત જોડે સલાહ થાત નહિ. કપોળ વાણીઆમાં સેંકડે ૯૯ તેના કટ્ટા શત્રુ હતા. શાસ્ત્ર ભણેલા બ્રાહ્મણો કરતાં વલ્લભાચાર્ય મહારાજની સત્તા તેમના પર વધારે હતી અને એ મહારાજોની સાથે કરસનદાસને માથાં કાપ્યાં વેર બંધાયાં હતાં. એ બધા એને પીડવાને લાગ શોધતા હતા તે લાગ એમને મળ્યો. ખરી વાત છે કે વિલાયત જવા માટે નાત બહાર રહેવામાં આબરૂ છે, ને તેથી પડતાં સંકટ અને અપમાનને સુખ માનવું જોઇએ. હું તેમ માનતો ને માનું છું, અને કરસનદાસ પણ તેમ ગણતા, અને સ્વદેશાભિમાની સુજ્ઞ પુરુષો તેમજ સમજે છે; તથાપિ આ વેળા જે મોટું કાર્ય એણે કર્યું હતું તેનો લાભ લઈ ધર્મમાં ઉથલ પાથલ કરવાની અને સુનીતિના પાયા ઉપર સદ્ધર્મ સ્થાપવાની કોશીશ, વિલાયત ન જતાં, ન્યાતમાં રહી કરી હોતતો તે દેશને વધારે ફાયદો કરત એવું મારી અલ્પમતિને ભાસે છે. સને ૧૮૬૩ની એમની ઈંગ્લાંડની મુસાફરીને હું અવિચારી ગણું છું. એમાં એણે હિમ્મત અને દૃઢતા ઘણી

દાખવી છે એમાં સંદેહ નથી, પરંતુ તેનું સાર્થક થયું નહિ. એ વેળા કરસનદાસની બીજા કામમાં જરૂર વધારે હતી. કદાપિ એમ હશે કે બીજું કાંઈ કરી શકવાનો તેને સંભવ નહિ જણાયો હશે તેથી, અથવા ધનના લોભથી એણીગમ વળ્યા. સુધારાના સરદારની પદવીએથી ઉતરી વેપારીના ગુમાસ્તા થવાથી એને પોતાને લાભ થયો ખરો. એની મુસાફરીની ચોપડીઓના વેચાણથી, તથા એનો ગુણ જાણી ગવર્નર સર બાર્ટલ ફ્રિયરે એને કાઠીઆવાડમાં સારી નોકરી આપી; પણ એ લાભ પેલા મોટા લાભ આગળ તુચ્છછો. એ વેળા નવો સુધરેલો પંથ ઉઠાવ્યા વના પણ તે ન્યાતમાં રહ્યાથી ન્યાત અને બીજા હિંદુઓને વધારે ફાયદો કરી શકત એમ હું ધારૂં છું. મોટા ફાયદા વિના ન્યાત બહાર મૂકવાનો સરસ લાગ તેણે પોતાના સામાવાળીઆને જાણી જોઇને આપ્યો તેને હું ભૂલ ગણું છું. કરસનદાસની મુસાફરીથી લોકને એક ફાયદો થયો છે તે યાદ રાખવો જોઇએ. એ મુસાફરીનું એનું કરેલું ચિત્રો સાથેનું વર્ણન રસિક અને ઉપયોગી છે. બીજા કોઈનું એ વિષેનું પુસ્તક એના જેવું સારૂં નથી. એ વાંચવાથી કોઇને યુરોપ જોવા જવાની, ને ત્યાંનાં વિદ્યા હુનર શિખવા જવાની ઇચ્છા ઉત્પન્ન થાય તો તે બીજો લાભ.

ઇંગ્લાંડ જતી વેળા એમને કેટલાક બીજા ગૃહસ્થોએ માનપત્ર આપ્યું. મુંબાઇના ગૂજરાતી વર્ત્તમાનપત્રોના અને ચોપાનીઆના એડિટરોએ તથા બ્રુ. હિં. સભાએ પણ આ પ્રસંગ ખાલી જવા દીધો નહિ. પંદર વરસપર મુંબાઇના ઉપલા વર્ગના લોકની ભાષાના નમુનાને માટે અને સારા આદમીના સારા વિચાર પ્રગટ કરવાને એ પત્રોને પરિશિષ્ટમાં દાખલ કર્યાં છે. ઓલી બાપડી બુદ્ધિ વર્ધક હિંદુ સભા કાંઇ સંતાઈ બેઠી હતી તે શરમથી કે કોઇના ગોદાથી આ વેળા છતી થઇ. બારણે બાવો આવેથી નાના બાળક બીને ઘરમાં ભરાઇ જાયછે, તેમ પેલો જદુનાથ ગોસાઈ કરસનદાસને મારવા આવ્યો એટલે બુદ્ધિ વર્ધક ચુપચુપ સંતાઈ હતી તે હવે ગોસાંઇના નાસી ગયા પછી બહાર આવી. મહારાજ લૈબલ કેસ વિષે બધી દુનીઆ બોલી રહી ત્યાર પછી ૧૨ મહીને ઊંઘમાંથી ઉઠીને આ પ્રસંગે મહિ મળતું આ માન પત્રમાં લખ્યું છે કે ભાઈ કરસનદાસ તમારૂં તે કામ પણ ઠીક હતું. મારે નમ્રતા પૂર્વક કહેવું જોઇએ કે બુદ્ધિ વર્ધક ઘરડાં માજી ૧૮૬૩ની ૧૨મી તારીખને ઠેકાણે ૧૮૬૨ના અપ્રેલ માસમાં ન્યાયાધીશોએ ફેસલો આપ્યો કે તુરત તમારે સુનીતિનાં કૃતનો

ડંકો બજાવ્યો હતો. સર જોસફ આર્નોલ્ડના સોનાથી સરસ અને હીરાથી મોઘાં વચનો સાંભળી તમારૂં મન કેમ ઉશ્કેરાયું નહિ? અને તમારાં અંગની રૂંવાટી કેમ ઊભી થઈ નહિ? વડા ન્યાયાધીશના બોલથી તમને દુરાચાર ઉપર ફટાગો કેમ નહિ આવ્યો? તમારે તો તાજી વાતને તત્કાળ ઉપાડી એ બિગાડને જડ મૂળથી ઉખેડી નાખવાનો પ્રયત્ન આરંભ્યો જોઇતો હતો, અને તમારા ગૂજરાતી તથા કચ્છી ભાઇઓને માટે સુનીતિ ભરેલા સદ્ધર્મનું બીજ તુરત રોપવું હતું. કરસનદાસે આપણા લોકને ચમકાવી જગાડ્યા પછી પાછા ઊંઘવા દીધા એ ઠીક કર્યું નહિ. એટલી બધી મહેનતનાં ફળ જોવામાં આવતાં નથી તેનું કારણ મને તો મુંબઇના સુધારાવાળાની સુસ્તી, ગફલત, બેફીકરાઈ, નબળાઈ, અને કુસંપ લાગે છે. પાખંડ અને અનાચારનો નાશ ન થયો તો મહેનત નિષ્ફળ ગઈ. કરસનદાસ વિલાયત જવા નીકળ્યા માટે તમે તેનાં વખાણ કર્યાં, અને ત્યાં જવાની મંજૂરી આપી, પણ ત્યાંથી પાછા આવ્યા ત્યારે ઉપલા સહીઓ કરનારા તેનાથી વેગળા રહ્યા!! માણસે સ્તુતિ પત્ર ઉપર સહી કરવી તે જોઇ વિચારીને કરવી.

૧૮૬૩ના માર્ચની ૧૩મી તારીખે યૂરોપ જવાને કરસનદાસ નીકળ્યા. સેંકડો નામના સુધારાવાળા તેને વળાવવાને પાલવા બંદરે ગયા, અને હૂરે,હૂરે,હૂરે, હૂરેના પોકારની મોટી ગર્જનાઓથી તેમણે આનંદ દેખાડ્યો,અને વિલાયત જનારને સાબાશી આપી.શા ઢોંગ!! એ વેળા કરસનદાસની નોકરી કરવાને એક વાણીઓ અને એક ધાટી એમ બે ચાકર હતા. તેમાંનો ધાટી માર્ગમાં ગભરાયો ને લડ્યો. એક વેળા કરસનદાસને પાણી મારવા આવ્યાથી તેને અધવચથી પાછો મુંબાઈ મોકલ્યો. પ્રેખ્યાત મત પરભુ ગૃહસ્થ નામે રામચંદ્ર બાળકૃષ્ણજી તથા દક્ષણી બ્રાહ્મણ વાસુદેવ બાબાજી નવરંગે અને રસોઇઆ, ચાકર,મળી હું ધારૂં છું કે સાતેક હિંદુઓની ટોળી એમની સાથમાં વિલાયત ગઈ. કરસનદાસ જોડે જનાર વાણીઆનું નામ મનોરદાસ હતું. એ મનોરદાસ પાછો આવ્યા પછી જીવતા સુધી ન્યાત બહાર રહ્યો. તેનું મડદું તેની ન્યાત વાળાએ ઉઠાવ્યું. તેમણે કહ્યું કે જીવતા સાથે ટંટો હતો, મડદાં સાથે ન હતો. આ તેમનું ડહાપણ દેખાડે છે. વાણીઓ મનોરદાસ હિમ્મતવાન હતો. શેઠ કરસનદાસે માધવદાસે આ સમે ઇંગ્લાંડમાં પેઢી કાઢવાને રામચંદ્ર બાળકૃષ્ણજીને મોકલ્યા. કરસનદાસ મુળજીને તેના હાથ નીચે મુમાસ્તાની નોકરી આપી હતી, તથા વેપારમાં કાંઈક ભાગ આપવા ઠરાવ્યો હતો.

પ્રકરણ ૯ મું.

ઇંગ્લાંડથી પાછા આવવું. ન્યાત બહાર મૂકાવવું. કરસનદાસ માધવદાસની હિમ્મત. વિસા નાગર વાણીઆને મહાજન બહાર કાઢ્યા. શેર સટ્ટા. તત્વ શોધક સભા.

કરસનદાસને ફેફસાનો મરજ હતો તેથી દાકતરની સલાહ પ્રમાણે ૧૮૬૩ ના સપ્ટેમ્બરની આખરે તે પાછા સ્વદેશ આવ્યા. સાત માસની મુસાફરીમાં તેની તનદુરસ્તી વધી, તથાપિ શિયાળામાં ફેફસાનો રોગ ઉભળી આવી નુકસાન કરે એવો અભિપ્રાય દાકતરનો હતો તેથી ધારેલી મુદત સુધી રહેવાયું નહિ. એ પ્રવાસમાં એણે શું શું જોયું તેનું વર્ણન હું આ પુસ્તકમાં કરતો નથી. એ દેશાટણ વિશે એણે મોટો ને સુંદર ગ્રંથ પ્રગટ કર્યો છે તે વાંચવાની વાંચનારને ભલામણ કરૂં છું. વેપારીની પેઢીમાં વાણોતર થઈ વેપાર કરવા ગયા હતા, પણ ઈશ્વરે તેને વેપાર કરવાને સરજ્યો ન હતો. ગ્રંથ રચવાની યોગ્યતા તેનામાં હતી, અને તે કામ તેણે કર્યું.

પરાક્રમી દેશમાં પરાક્રમી પુરૂષને માન મળે છે. યૂરોપના ઇતિહાસ ઉપરથી જણાય છે કે ત્યાંના જે પુરૂષો વહાણની મોટી સફરો કરી આવતા તેમને મોટાં ઇનામ, મોટી પદવી, અને મોટાં સન્માન મળતાં, અને હજીએ મળે છે. આપણા કમનસીબ દેશમાં હાલ એથી ઊલટું થાયછે. એમાં મને નવાઈ લાગતી નથી.; હીજડાને (ફાતડાને) હીજડા ગમે; મરદને તેઓ આદરમાન આપતા નથી. મૂર્ખ મૂર્ખને ગમે છે; જ્ઞાનીને તેઓ માન આપતા નથી. વહેમીને વહેમી ગમે છે; સુજ્ઞ વિચારવાળાનું તેઓ અપમાન કરેછે. અફીણીઆમાં અફીણ ખાનારા અને કસુંબો પીનારા વખણાય છે, અને દારૂડીઆ દારૂ પીનારની સ્તુતિ કરેછે; તેઓ નિર્વ્યસનીઓને ધિક્કારેછે. પોતાનાં જેવાં લક્ષણ અને પોતાના જેવી ટેવવાળા સર્વને ગમે એ સ્વાભાવિકછે. વહેમી ને કાયર લોકમાં, અને અભાગ્યા દેશમાં, કરસનદાસ જેવા વીરને પ્રજા તરફથી માન શાનું મળે! વહેમની જાળમાં પકડાયલાં માણસ છૂટા પડેલા માણસનો, તે જાળ કાપનારનો તિરસ્કાર કરે તેમ કરસનદાસની ન્યાત વાળાએ કર્યું. જેને લાભ કરીએ તેઓજ સામા થાય એવું પણ બને છે. ઉદાહરણ, હાલ આપણા દેશની સ્ત્રીઓ કુદશામાં છે; તેમની સ્થિતિ સુધારવાને પ્રયત્ન કરીએ છીએ તેની સામા થ-

વામાં આગેવાન સ્ત્રીઓજ છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ સ્ત્રી કેળવણીને વધારે હરકત કરેછે. છોડીને પીએરીઆં ભણાવે તો સાસરીઆં વાંધો લેછે, ને સાસરીઆં વહુને ભણાવેતો પીએરીઆં ભાંડે છે. ચોન વિલાયત જવાની છૂટ થવાથી આપણા દેશમાં વિદ્યા હુન્નર ને વેપાર રોજગાર વધે, તેથી જેમને ફાયદો થાય તેઓજ સામા ઊઠ્યા. કપોળ વાણીઆની આગેવાની નીચે બીજી ન્યાતો પણ સામી થઈ. તેમણે કરસનદાસને નાત બહાર મૂક્યા, અને જાત બહાર મૂકવાની કોશીશ કરી. કેવા મૂર્ખો !!! અફસોસ!

એ વેળા બીકણ સુધારાવાળા સંતાઈ ગયા. વળાવવા જઈ દૂરે બોલનારા, "ચડ જાઓ બેટા સુળીપર રામજી ભલા કરેગા" કહેનારા ને માનપત્ર આપનારા વાણીઆ ખૂણે ભરાઈ ગયા. પણ મુંબાઇમાં એ વેળા એક બહાદુર નર હતો. કરસનદાસ મુળજી વિલાયત ગયા તેવારે તેના મિત્ર કરસનદાસ માધવદાસે તેના પાછા આવ્યા પછી તેની જોડે જમવાનું વચન આપ્યું હતું. હવે એ વચન પાળવામાં ભારે સંકટની ધાસ્તી છતાં તેણે હિમ્મતથી પાળ્યું. એથી વાણીઆમાં ખળભળાટ થઈ ગયો. કરસનદાસ માધવદાસને ન્યાત બહાર મૂકવાને કપોળોએ મહેનત કરી પણ તે વ્યર્થ ગઈ. એ વેળા તે ચડતી કળાએ હતા, અને તેના વહેવાઈ કલ્યાણ કીરપાળરામ વાળા ન્યાતમાં જથાવાળા હતા. એ બંનેના વગ વજનથી ન્યાત કાંઈ કરી શકી નહિ, ત્યારે કપોળના મૂઢ શેઠોએ મુંબાઈની વિસાનાગર વાણીઆની આખી ન્યાતને મહાજન બહાર મૂકી તેની જોડે જમવા જમાડવાના અને હુકા પાણીના વહેવારની બંધી કરી. વહેમીઓ એમ દેશને ડુબાવેછે.

ગીરધરલાલ હરકીસનદાસ નામે સુધારાના સાથીએ કરસનદાસ મુળજીના જન્મચરિત્રને માટે કેટલીક સામગ્રી એકઠી કરી હતી તે તેના એક દોસ્તે આ ગ્રંથના ઉપયોગને માટે મોકલી છે. ભાઈ ગીરધરલાલ લખે છે કે "પ્રથમ ઈંગ્લાંડ જવાને એ નીકળ્યો ત્યારે એના કેટલાક મિત્રોએ ઈંગ્લાંડ જઈ આવ્યા પછી એની સાથે જમવા જુડવા વગેરે બંધી રીતનો વહેવાર રાખવાને ભરોસો આપ્યો હતો; પરંતુ તે મિત્રો પણ ફરી ગયા." એવો ભરોસો આપનારે શેઠ કરસનદાસ માધવદાસ સિવાય બીજા કોણ હતા તે મારા જાણવામાં નથી, અને તેમનાં નામ ગીરધરલાલે પણ આપ્યાં નથી. એ વિશ્વાસઘાતીઓને મેદાનમાં મૂકવા જોઇએ; તેમનાં નામ જાહેર થવાં જોઇએ. તેઓ કપોળ હતા કે બીજી ન્યાતના વાણીઆ હતા? સજ્જને વચન આપ્યા પ-

હેલાં ખૂબ વિચાર કરવો જોઇએ. તે પાળવાની પોતામાં કેવત છે કે નહિ, તે પાળવાથી જે સંકટો પડે તે સહન કરવાની ધીરજ પોતામાં છે કે નહિ, તેનો પાકો વિચાર કરી વિશ્વાસ આપવો. સારા માણસે વિશ્વાસ આપ્યા પછી ફરવું નહિ; વિશ્વાસઘાતી કદી થવું નહિ. જે દુરિજન અને હલકા માણસો છે, તેઓને લાજ શરમ નથી, તેઓ મોહોડે બોલેલું પાળતા નથી, ને ધુંકેલું ચાટે છે. કરસનદાસને ભરોસો આપનારાએ આ વેળા પોતાનો ટેક સાચ્યો હોત તો નાગર વાણીઆને તેમની કુમક મળત.

સને ૧૮૬૪ અને તેની આસપાસનાં વરસો દ્રવ્યના લોભથી ઉત્પન્ન થતી નાદાની અને ખરાબીને માટે આપણા દેશના ઇતિહાસમાં નોંધી રાખવા જોગ છે. ઇંગ્લાંડમાં સૂતર અને સૂતરાઉ કાપડ સકંજાવડે કરોડો રૂપિઆનું બને છે, પણ રૂ પાકવાને જોઇએ એટલી ત્યાં ગરમી પડતી નથી, તેથી કપાસ ઉગતો નથી, માટે પરદેશોથી રૂ વેચાતું લાવીને કામ ચલાવે છે. ઉત્તર અમેરિકામાંના યુનેટેડ સ્ટેટ્સમાંથી, હિંદુસ્તાન, મિસર, વગેરે દેશોમાંથી લાખો ખાંડી રૂ ત્યાં જાયછે. તેમાં યુનેટેડ સ્ટેટ્સનું રૂ સર્વથી સરસ અને વધારે હોય છે. એવું બન્યું કે એ રાજ્યમાં માંહોમાંહિ ઝઘડો ઊઠ્યો. ઉત્તરવાળા અને દક્ષિણવાળા એવા બે પક્ષ પડ્યા. ઉત્તરવાળાને સીધી ગુલામ ન રાખવા દેવા, અને દક્ષિણવાળાને રાખવા એ વાંધાનું કારણ હતું. બંને પક્ષનાં લશ્કરો રણે ચડ્યાં, અને યુદ્ધ કરવા લાગ્યાં. એથી રૂના પાક નાશ પામ્યા અને વાવેતર બંધ પડ્યું. ઇંગ્લાંડમાં માન્ચેસ્ટર વગેરે સ્થળોમાંનાં સૂતર કાંતવાના તથા લુગડાં વણવાનાં કારખાનાં બંધ ન પડે માટે હિંદુસ્તાનનાં રૂ ઉપર પડાપડી થઈ. રૂના ભાવ વધતા વધતા એટલા વધ્યા કે મુંબઇના વેપારીઓની અક્કલ ગુમ થઈ ગઈ. નાણાની રેલ આવી. એનો સારો ઉપયોગ કરવાની મતિ ન સૂઝતાં દલાલો અને વેપારીઓની વિપરીત બુદ્ધિ થઈ! સટ્ટા ચાલ્યા. બાકીમે કમ્પની ઊભી થઈ; તેની પછી બીજી કોઈ, પછી ત્રીજી, ચોથી, પાંચમી એમ એક પછી એક કોણ જાણે કેટલી નીકળી! એના શેરોના ભાવ ચઢતા ચાલ્યા. શેર સટ્ટાની ગાંડાઈ ઉત્પન્ન થઈ. એ ગેલછાઈ હદપાર ગઇ. પણ કાગળનાં નાવ કેમ તરે? થોડા વખતમાં તે ડૂબ્યાં ને લોક પાયમાલ થઈ ગયા. આ વિનાશકારી બનાવનો હેવાલ, માણસોનાં નામ અને વિગત સાથે પ્રગટ કરવાનો સમય હજી આવ્યો નથી. ડાહ્યા ડાહ્યા ને મોટા મોટા ભૂલ્યા; વિચારવંત વિ-

48266

ધવાનો પણ ભૂલ્યા, ને ખરાબ થયા; જેવા ચડ્યા તેવા પડ્યા, ને ફજેત થયા. કરસનદાસ મુળજી પણ એ ઝપાટામાં ફસાઈ પડ્યા ને મુશકેલીથી આબરૂ સરે બચ્યા. આ તથા બીજાં કારણોથી બીચારા કરસનદાસ માધવદાસને માથે ભારે આફત આવી પડી, એટલે તેની નાતે હિમ્મત છોડી મહાજનના પગોની માફ માગી. તે કઠણ શરતે મળી. વાલકેશ્વરના તળાવની પાળે સ્ત્રી પુરૂષ ને છોકરાં, તમામ જ્યાત પ્રાયશ્ચિત્ત કરે, ભાયડા મૂછ બોડાવે વગેરે બોલી કબૂલ કરી. તે પ્રમાણે કર્યું ત્યારે વીસા નાગર વાણીઆ મહાજનમાં પાછા દાખલ થયા, ને બીજા વાણીઆને તેમની જોડે આગળ પ્રમાણે વહેવાર કરવાની છૂટ મળી. કરસનદાસ માધવદાસ પંડે પણ પોછળથી લાચારીએ તેમ કરી જ્યાતની જોડે પાછા મહાજનમાં દાખલ થયા.

વિલાયત ગયા પહેલાં કરસનદાસ જાતિભેદ સંબંધી ચરચા કરતા નહિ. વિલાયતથી પાછા આવ્યા પછી એ વિશે તેણે બોલવા માંડ્યું, એવું તત્વ શોધક સભાના રિપોર્ટપરથી જણાયછે. મહારાજોના અનાચાર અને તેમના પંથની અનીતિ વિશે તપાસ કરતાં હિંદુ ધર્મની હાલત અને ધર્મને નામે ચાલતી રૂઢીઓ ઉપર તેનું લક્ષ લાગવું જોઇએ. બધા સુધારાનું અને કુધારાનું મૂળ ધર્મનાં સારાં નઠારાં તત્વો છે. દેશની ઉન્નતિમાં લાભ કે હરકત કરનાર આદિ કારણ તે છે. લૈબલ કેસની ફતેહ મળ્યા પછી દુરાચાર અને વહેમના જબરા ગઢને તોડવાના ખરા ઉપાય ઉપર લક્ષ ન આપતાં અથવા તે કામ અધૂરૂં મૂકી કરસનદાસ વિલાયત ગયા. ત્યાંથી આવ્યા પછી તેને પોતાની ભૂલ જણાઇ ખરી, પણ તે વખતે મુંબાઇમાં સફાનું પૂર આવ્યું હતું તેમાં તે તણાયા. સ્વાર્થ પરમાર્થને દાબી દીધો. લૈબલ કેસથી શત્રુની ફોજનો સંગ્રામમાં પરાજય થયો, પરંતુ તે અવ્યવસ્થામાં પડી ન હતી. ભારે જોરથી બીજો ધસારો કરી તેને વિખેરી ન નાખી અને સુધરેલા ધર્મનો પાયો ન ચણ્યો. આ ભૂલ કવિ નર્મદાશંકરના લક્ષમાં આવેલી જણાય છે. સત્ય પ્રકાશના હુમલા મહારાજો અને તેમના પંથનાં મૂળતત્વો ઉપર ચાલતા હતા તેવારે એ કવિની નજરમાં આવ્યું કે નઠારી ઇમારત તોડતા જઇએ તેમ બીજી સારી ઇમારત ચણતા જવી જોઇએ. સને ૧૮૬૯ના જુલાઇ માસમાં તેણે "તત્વ શોધક" નામે સભા સ્થાપી. સને ૧૮૬૯થી ૧૮૬૪ સુધીની એ સભાની હકીકત એણે પ્રગટ કરીછે તે વાંચવા લાયક અને ધ્યાનમાં લેવા જોગ છે. સભાસદોનાં નામ જા-

હેર કર્યાં નથી તેથી એમાં કોણ કોણ હતા, અને કરસનદાસ મુળજી તેમાં ભળ્યા હતા કે નહિ તે જણાતું નથી. પરંતુ એ બે સુધારાવાળાની મિત્રાચારી અને કરસનદાસના મુક્ત વિચારોપરથી હું અટકળ કરૂં છું કે તેમાં તે હશે. એ નક્કી હોત તો એ સભાનો કેટલોક હેવાલ હું અહીં દાખલ કરત. સભાની હકીકત પરથી એવકારક અનુમાન થાયછે કે તેમાં વગ સમ ને જથાવાળા, તથા ધનાઢ્ય સુધારાવાળા સામિલ નહિ થયા હશે. જેમ એમાં શ્રીમંતો ન હતા તેમ સભાસદોની સંખ્યા પણ નાની હશે એવું ભાસે છે.

પ્રકરણ ૧૦ મું.

વલ્લભાચાર્ય પંથનો ઇંગ્રેજી ઇતિહાસ. નીતિવચન બીજી આવૃત્તિ. વેદ ધર્મ. ઈંગ્લાંડમાં પ્રવાસનું પુસ્તક. કુટુંબ મિત્ર. બીજીવાર ઇંગ્લાંડ જવું.

કરસનદાસે સને ૧૮૬૫માં પુષ્ટી માર્ગનો ઇંગ્રેજીમાં ઇતિહાસ પ્રગટ કર્યો. એમાં ૧૧ પ્રકરણ અને છેડે મહારાજ લૈબલ કેસમાં પડેલી અગત્યની સાહેદીઓ, એ કેસ વિશે ભરતખંડમાંનાં ઇંગ્રેજી વર્તમાન પત્રોના અભિપ્રાય, તથા મહારાજ્ઞીની માડી રહેણી સંબંધી દેશી વર્તમાન પત્રોમાં પ્રગટ થયેલા વિષયોના ઇંગ્રેજીમાં તરજુમા છે: ૧લા પ્રકરણમાં હિંદુ ધર્મનાં મૂળતત્વો, વેદ, વેદાંગ, ઉપનિષદ્, પુરાણાદિ હિંદુધર્મનાં પુસ્તકોનું ટૂંકું વર્ણન છે. બીજા પ્રકરણમાં એ ધર્મના પંથોનાં નામ અને બ્યાન છે. ત્રીજા પ્રકરણમાં પુષ્ટી માર્ગની ઉત્પત્તિ અને સ્થાપના, વલ્લભાચાર્ય, તેના પુત્રો, અને પૌત્રોનું વર્ણન છે. ૪થા, પમા, ને ૬ઠામાં, એ માર્ગના ગ્રંથો, આચાર વિચાર, ગીતો વગેરે છે. ૭માંમાં એ મતની અસર કે ફળ, ૮માંમાં મહારાજ્ઞીનાં કુલક્ષણ, ને ૯માંમાં તેમના જૂલમ વર્ણવ્યા છે. ૧૦માંમાં મુંબાઇના મહારાજ્ઞીને માથે પડેલાં વિઘ્નો, ભુલેશ્વરના છપ્પન ભોગની તકરારે, કોર્ટમાં ન જવાને તેમણે ઉઠાવેલો વાંધો, વર્તમાન પત્રોમાં ચરચા, અને ગુલામી પ્રથા વિશે છે. ૧૧મા પ્રકરણમાં લૈબલ કેસનો હેવાલ છે. એ પુસ્તક રસિક ઉત્તમ વિચારોથી અને જાણવાજોગ બાબતોથી ભરપૂર છે. એ ઇંગ્લાંડમાં છપાયું છે, ને ગ્રંથ કર્તાના ઇંગ્રેજી ભાષાના જ્ઞાનનું, તેની બુદ્ધિનું, તેની મહેનત, અને વિદ્વત્તાનું દર્પણ છે.

એજ વરસમાં "નીતિ વચનની" બીજી આવૃત્તિ પ્રગટ કરી. એમાં

સુધારો વધારો ઘણો છે. પહેલી આવૃત્તિમાં ૨૧૨ પાનાં હતાં; આમાં ૨૩૨ પાનાં છે. ૧લી આવૃત્તિ સર મંગળદાસ નથુભાઇને અર્પણ કરી છે; બીજીમાં એ અર્પણ પત્ર નથી. એનું શું કારણ હશે? ૧લી આવૃત્તિના ચાર ભાગ કર્યા હતા, પણ કાંઈ કારણસર જણાતા ન હતા; ૨જીમાં ૬ભાગ કર્યા છે ને તેમ કરવાનું કારણ લખ્યું છે. એમાંના ચાર ઇંગ્રેજી પુસ્તકોમાંથી લીધાછે, અને બે પોતાના રચેલા છે. હરકોઈ ગ્રંથની બારિકીથી તપાસ કરીએ તો તેમાં થોડી ઘણી ખોડ ખાપણ નીકળે. માણસ અપૂર્ણ છે માટે તેનાં કામ પણ અપૂર્ણ હોય તેમાં નવાઈ નથી. નીતિ વચનનું પુસ્તક ઘણું સારૂં છે, અને તે વાંચવાની ભલામણ હું સર્વને કરૂં છું. તથાપિ તેમાં કાંઈ ખોડ નથી, કાંઈ ભૂલ નથી એમ હું કહેતો નથી. કેટલુંક આપણા લોકને નથી લાગુ પડતું એવું છે, જેમકે ૩૨ મે પાને ભર્તાર વિશે છે તે. જે દેશમાં બાળ લગ્નનો ભુંડો ચાલ રાજ કરેછે તે દેશમાં ગુણની પરીક્ષા કરી યોગ્ય સ્ત્રી ક્યાંથી પરણાય? ઇંગ્રેજી ભાષામાં સુનીતિનાં ઉત્તમ પુસ્તકો છે તે પરથી આ ગ્રંથ કરસનદાસે રચ્યો છે. અસલ ગ્રંથ કર્યાના કયા મત સ્વીકારવા ને કયા મૂકી દેવા તેનો પાકો વિચાર કરવાની જરૂર હતી. એવો પાકો વિચાર કરસનદાસે ઘણે ઠેકાણે કર્યો છે, પરંતુ કોઈ ઠેકાણે નહિ કર્યો હોય એમ જણાય છે. ઉદાહરણ-૧૪૫ મે પાને "મોત-એ પાપની શિક્ષા છે." આ અભિપ્રાય ખ્રિસ્તી ધર્મનો છે. પરમેશ્વરે આદમ અને હવાને ઉત્પન્ન કર્યાં તેવારે તેઓ અમર હતાં, તેમને રોગ અને કોઈ પ્રકારનું દુઃખ ન હતું. પણ પાછળથી જ્યારે તેમણે જ્ઞાનનું ફળ નહિ ખાવા સંબંધી ઈશ્વરે આજ્ઞા હતી તે તોડી ત્યારે મોત અને રોગને પાત્ર થયાં. એ મત હિંદુ અને પારસી ધર્મોમાં નથી અને સિદ્ધ પણ થઈ શકતો નથી. એજ પાઠમાં આત્માનું મોત એટલે તેનું નરકે જવું કહ્યું છે. એ પણ ખ્રિસ્તી મત છે. નરકે જનાર આત્મા અનંતકાળ સુધી ત્યાંજ રહેશે એ વિચાર આ મત છે; પણ તે બધા ધર્મમાં નથી, અને તર્કથી ખરો જણાતો નથી. આ લખવાનો મારો હેતુ એ છે કે હરેક પુસ્તકમાં જે વાંચીએ તે ઉપર મનન કરવું. તેના અભિપ્રાય, તેની ભાષા, દૃષ્ટાંતો, વર્ણવેલા બનાવાદિ પગર વિચારે ગ્રહણ કરવા નહિ. એમાં કલ્પિત કેટલું છે, સત્ય કેટલું છે, કઈ શિખામણ માનવા જેવી છે, સારૂં શું છે, નરસું શું છે, વગેરેનો વિચાર કરવો, ને સાર હોય તે યાદ રાખવો તથા તેનો સદ્ ઉપયોગ કરવો. એમ કરીએ તોજ

સારા ગ્રંથો વાંચવાથી લાભ થાય.

"વેદ ધર્મ તથા વેદ પછીનાં ધર્મ પુસ્તકો," એ નામે નાની ૩૧ પાનાની ચોપડી કરસનદાસે ૧૮૬૬માં પ્રગટ કરી. આ લઘુ ગ્રંથની પ્રસ્તાવના પરથી જણાય છે કે ઇંગ્રેજી પુસ્તકો પરથી તેણે આ ગ્રંથ રચવા માંડ્યો. જેમ લખતા ગયા તેમ છપાવતા ગયા; પણ ૩૧ પૃષ્ઠ છપાયા પછી એની ગોઠવણ તથા એનો આકાર ફેરવવાની જરૂર જણાઇ તેથી જેટલો ભાગ છપાયો હતો તેને બંધાવીને પ્રસિદ્ધ કર્યો, અને બીજું મોટું પુસ્તક એજ વિષે તૈયાર કરવા માંડ્યું. આ મોટું પુસ્તક રચવાનો વખત તેને મળ્યો હોય એમ જણાતું નથી. હિંદુ ધર્મને આર્ય ધર્મ નામ આપવાની ભલામણ કરી તે લખે છે કે તેનું ખરું સ્વરૂપ વેદમાં છે. એ પછી વેદની ભાષા અને લોકને તેથી અજાણ્યા રાખવાના કારણ લખ્યાં છે. પુરાણોમાં જે લખ્યું છે તે બધું વેદમાં નથી. "વિષ્ણુના અવતાર સંબંધી વેદમાં કાંઇ લખ્યું નથી, તથા મૂર્ત્તિ પૂજન વિષે પણ લખ્યું નથી તે છતાં વેદની સત્તા તો બધા ગ્રંથોએ કબૂલ રાખીછે. આ કારણ માટેજ લોકને અજ્ઞાન રાખવા એવી પુરાણાદિક ગ્રંથ લખનારાઓની મતલબ ઉઘાડી માલૂમ પડે છે." વેદથી બીજી વર્ણોને અજ્ઞાન રાખવાના માઠા પ્રયત્નમાં બ્રાહ્મણોને સમજવા પણ મુશ્કેલ થઈ પડ્યા. વેદ વિદ્યાને નાશ પામતી યૂરોપના પંડિતોએ અટકાવી. એ પંડિતોના શ્રમ, દ્રવ્ય, અને ચતુરાઈથી વેદના અર્થ યૂરોપની ભાષાઓમાં પ્રગટ થયા. એ વાંચવાથી ખાતરી થાયછે કે વેદમાં સદ્ધર્મનું બીજ છે. એ જણાવી કરસનદાસે વેદ પછી થએલાં પુસ્તકોનો સહજ થોડો હેવાલ આપ્યો છે, ને ત્યાર પછી એ પુસ્તકોનાં નામની ટીપ લખી છે. ૧૧મા પૃષ્ટના છેડાથી એ ટીપે શરૂ થઇ ચોપડીનો બાકીનો ભાગ રોક્યો છે. એ ટીપ ઉપયોગી છે. આ નાના ગ્રંથની ભાષા પ્રૌઢ છે, અને એનાં બીજાં પુસ્તકોની ભાષાથી મને વધારે સારી લાગે છે. સને ૧૮૫૩માં લખેલા કરસનદાસના દેશાટણ વિષેના નિબંધની ભાષાને આ ગ્રંથની ભાષા જોડે સરખાવી જોતાં તેમાં મોટો સુધારો થયલો જણાય છે.

જે મોટા ગ્રંથથી કરસનદાસ મુળજીની કીર્ત્તિ ઘણી વધી અને તેનું નામ આખા દેશમાં વધારે પ્રખ્યાત થયું તે ગ્રંથ આજ વર્ષમાં (સને ૧૮૬૬ માં) તેણે પ્રગટ કર્યો. એનું નામ "ઇંગ્લાંડમાં પ્રવાસ" છે. આ મોટા ગ્રંથને ૩૬૦ પૃષ્ટ છે. એને સુંદર ચિત્રોથી શોભીતો અને સમજાય તેવો કર્યો

છે. એ ગ્રંથ કરસનદાસની અવલોકન શક્તિ, અને લખવાની છટા બતાવેછે. એથી તેને ધનની કમાઈ પણ સારી થઈ. એ પુસ્તકના ગુણ એવા છે કે તે વખણાયા વગર રહેજ નહિ. તેની જોડે એને મોટાનો આશ્રય પણ સારો મળ્યો. એથી દર પ્રતની કિમ્મત ૩૧૨) છતાં, થોડા વખતમાં બીજી આવૃત્તિ કાઢી શકાઇ. એનું ભાષાંતર મરાઠી બોલીમાં પણ થયું છે. ૧૧ વર્ષ પર પ્રજામાં વાંચવાનો અને જ્ઞાન મેળવવાનો શોખ એટલો થયો નહતો, અને હજીએ થયો નથી, કે મોટા ભારે મૂલના ગ્રંથને ધનાઢ્ય અને સદ્‌ગૃહસ્થોમાં ટીપ ફેરવી તેને વેચાતો લેનારાનાં નામ અને કેટલી પ્રત ખપશે તેનો આશરો આગળથી જાણવાની જરૂર ન પડે. આ પુસ્તકને સરકારના આસરાની મોટી જરૂર હતી તે મળી; અને પ્રજના કેટલાક આગેવાનોએ ઘટતું ઉત્તેજન આપ્યું. વિલાયતથી પાછા આવીને ૧૮૬૪—૬૫માં એ પુસ્તક કરસનદાસે રચ્યું, અને ત્યારેજ ટીપ ફેરવી હશે એવું એ ટીપ ઉપરથી સંભવે છે. સર જમસેદજી જીજીભાઈ બારોનેટ બીજાએ તથા શેઠ પ્રેમચંદ રાયચંદે દરેકે સો સો પોતાને નામે ભરી. ૧૦૦ પ્રતના ૩૧૨૦૦) થાય. સરકારે કેટલી રાખી તેનો બરાબર આંકડો મારા જાણવામાં નથી, પણ ૧૦૦થી ઓછી લીધી નહતી. એને ઉત્તેજન આપવાને તે વેળાના ગવર્નર સર બાર્ટલ ફ્રીયર, અને ડિરેકટર મી. હાવર્ડ મોટા દીલના હતા. ગવર્નરે પંડે દશ પ્રત રાખી. ઘણાક પારસી શેઠીઆએ મદદ કરી, કેટલાકે દસ દસ ને કેટલાકે સાત સાત ને પાંચ પાંચ ભરી. હિંદુઓ પણ એમાં પાછળ નહતા. શેઠ કમળસી પ્રેમજીએ ૨૫ અને શેઠ પ્રેમાભાઈ હિમાભાઇએ ૧૦ પ્રતો રાખી. શેઠ વરજીવનદાસ માધવદાસે પણ, મહારાજ લૈબલ કેસનું વૈર તથા ન્યાતની લડાઈ યાદ ન રાખતાં, ૬ પ્રત ભરી છે. જેઓ કરસનદાસને ન્યાત બહાર મૂકવામાં આગેવાન હતા, ન્યાત સંબંધી કશો ટેકો આપતા નહિ, જેઓ એનું અડેલું પાણી પીતા નહિ તેઓ એની આ ચોપડી લેવામાં આગળ પડેલા હતા. એનું શું કારણ? કોઈ કહેશે કે તેઓ ઇંગ્રેજોની બનાવેલી ચોપડીઓ વેચાતી લે છે તો આ લેવામાં શી હરકત હતી? પણ એ ખરો ખુલાસો નથી. કપોળ જાતિ અને બીજા વાણીઆ જે કામનો ધિક્કાર કરતા હતા, અને જે કામ ન કરવા દેવાની હઠ પકડી બેઠા હતા તેજ કામનો એ ગ્રંથ છે. જેમાં વિલાયતની મુસાફરીનું વર્ણન છે, જેમાં તેના લાભ, અને તે લાભ નહિ લેવાની બેવકુફાઈ દેખાડી છે તેને તેમણે હોંસે હોંસે લીધો.

વળી જે પુસ્તક તેમણે હોંસ ભેર ખરીદ કર્યું તેના ઉત્તમ બોધથી તેમનાં મન પર જરાએ અસર થઇ નહિ એ વધારે નવાઈ છે. અંધારાનો કિલ્લો અને જાતિ ભેદનો કોટ એટલો જબરો છે કે તેમાં આ જબરા ગ્રંથથી પણ બાકાં પડ્યાં નહિ; અને બાકાં પડ્યા વિના સુજ્ઞાન અને સુવિચારનાં કિરણો અંદર પેસી શકે નહિ. એનું પરિણામ એ થયું છે કે કરસનદાસ અને તેના સાથી સિવાય આજ પર્યંત બીજા કોઇ વાણીઆ વિલાયત જઈ શક્યા નથી. વાણીઆભાઈ જાતે નાહિમ્મત, અને અજ્ઞાનનું બળ ભારે તેથી આપણા દેશને હાની કારક વહેમનો આ પરાજય ક્ષણિક છે, એમ મને લાગે છે. પરંતુ વહેમીઓએ એથી ઝાઝું ફુલાવવું નહિ અને જ્ઞાનીઓએ નાહિમ્મત થવું નહિ. વિદ્યા રૂપી સૂર્ય ઉગવાની તૈયારી છે, બહુ વાર નથી. તેના ઉદયથી અવિદ્યા રૂપી તીમર ભાગી જશે, અજ્ઞાન ધટ પાયમાલ થશે, અને આપણો પ્રિય દેશ વહેમની બેડી તોડી આપત્તિથી છૂટશે. આપણે રડાં કામમાં મંડ્યા રહેવું જોઇએ.

આ પુસ્તક અગાઉથી ખરીદ કરનારનાં નામની ટીપ પુસ્તકને અંતે છાપી છે તેમાં ૬૪૫ નંગ ભરાયાં છે. એમાંનો મોટો ભાગ મુંબઈમાં ભરાયો છે. કાઠીઆવાડમાં ભાવનગરના મરહુમ ઠાકોર સાહેબ શ્રી જસવંતસંધજીએ ૨૫ નંગ ભર્યાં છે, પણ ત્યાંના બીજા કોઈ રાજાએ ભરેલાં નથી, તે પરથી અનુમાન થઇ શકે છે કે પોલિટિકલ એજંટે એ ભરવાની ભલામણ કરી નહતી. આપણા રાજા રજવાડાની સ્થિતિ એવી છે કે તે સાહેબ સીફારસ કરે તો તેની મરજી પ્રમાણે કરે, અથવા રાજ્યના કામદારની ખુશી હોય તો તે થોડી ભરાવી આપે. માત્ર ભાવનગર સંસ્થાનના કારભારીઓએ મદદ કરી છે. રાજા સાહેબ પાસે ટીપમાં ૨૫ નંગ ભરાવ્યાં છે એટલુંજ નહિ, પણ મુખ્ય દીવાન, મુખ્ય કારભારી, અને તેમના કુટુંબનાં છ માણસે મળી ૩૪ નંગ ભર્યાં છે. આ શ્રીમંત, જોરાવર ને તેવારે કુલ અખત્યારી કામદાર વડનગરા નાગર કુટુંબ મારી સામા થવામાં આગેવાન હતું, તેમ છતાં મારાજ જેવું કામ કરનારને આમ ઉત્તેજન આપે તેનું કારણ શું હશે! એ મના મનમાં એમતો નહિ હોય કે વાણીઆ વિલાયત જાય તો ચિંતા નહિ, માત્ર બ્રાહ્મણે ન જવું? વિલાયતની સફર કરવાથી પાપ લાગે છે એવું તેઓ માનતા હોય તો તે પાપ કરનારને ઉત્તેજન શા સારૂ આપે? પાપ કરનારને મદદ કરનારને પણ પાપ લાગે છે. આ વિરૂદ્ધ વર્તણુકનો ખુલાસો મને સૂઝતો નથી.

ગ્રંથને આરંભે ગૂજરાતી તથા ઇંગ્રેજી પ્રસ્તાવના, તથા ઇંગ્રેજી તથા ગૂજરાતી અનુક્રમણિકા છે. ગૂજરાતી પુસ્તકમાં ઇંગ્રેજી પ્રસ્તાવના અને ઇંગ્રેજી અનુક્રમણિકા શા વાસ્તે લખી હશે? પ્રકરણ ૧૨ છે. આ ચોપડીમાં એ પ્રકરણોનું વિવેચન કરતો નથી. જેમણે એ દેશાટણનું પુસ્તક ન વાંચ્યું હોય તેમને એ વાંચવાની હું મજબૂત ભલામણ કરૂં છું, અને જેમણે વાંચ્યું હોય તેમણે ફરી વાંચીને તે ઉપર વિચાર કરવો. પહેલું પ્રકરણ મનન કરવા જોગ છે. એ પચાસ પાનામાં જે લખ્યું છે તેના રદીઆ વાંચનારે પાસે છે કે નહિ? એમાં કાંઈ અજુગતું અથવા ખોટું લાગતું હોય તો તે વિશે તજવીજ કરો. તેના જવાબ તમને બીજા પાસેથી મળશે. રાજકીય, સંસારી, અને વેપાર ધંધાની સ્વાધીનતા મોટી વસ્તુ છે. સુવિદ્યા, સુનીતિ, અને સ્વાધીનતાના સંગમમાં નહાવાથી પ્રજાને સમૃદ્ધિ અને વૃદ્ધિ મળે છે. ગંગા, જમના, અને સરસ્વતિ એ ત્રિવેણીના સંગમમાં સ્નાન કરવાથી ફાયદો થાય કે નહિ પણ સુવિદ્યા, સુનીતિ, અને સ્વાધીનતાના સંગમાં રહેવાથી ભારે લાભ થાય છે, ને એમના વિયોગથી ભારે હાની થાય છે, એના પૂરાવા યૂરોપખંડમાંથી અને ભરતખંડમાંથી જોઇએ એટલા જડશે.

આ પ્રવાસ પુસ્તકનાં બધાં પ્રકરણ મનોરંજક અને બોધકારક છે. દરેકને એના બુદ્ધિમાન કર્ત્તાએ રસ કસ અને શિખામણથી ભર્યું છે, તથાપિ ૯મા અને ૧૦મા પ્રકરણોને હું વધારે કિમતી ગણું છું, ને તે ચીપી ચીપીને વાંચવાની ભલામણ કરૂં છું. એમાંથી સાર અસાર જૂદા પાડી સાર ગ્રહણ કરવાની જરૂર છે. વાંચનારે પૂછે કે શા વાસ્તે જરૂર છે? તો જવાબ એ છે કે આપણા દેશની ઉન્નતિને માટે જરૂર છે. જે ગુણોએ ઇંગ્રેજને આબાદ અને મોટા કર્યા છે, જે લક્ષણોએ તેમને ઊંચે દરજ્જે ચડાવ્યા છે, જે ગુણો ઉપર મોહી લક્ષ્મીજી તેમને ઘેર પધાર્યાં છે, જે લક્ષણોથી ઇંગ્રેજ મહા બળવાન થઈ ન્યાલ થયા છે અને રાજકાજમાં વેડાઈ પામ્યા છે તે ગુણો અને તે લક્ષણો બતાવવાની કરસનદાસે સારી કોશિશ કરી છે. એ ગુણો અને એ લક્ષણો આ દેશના લોકે જાણવાં અને ગ્રહણ કરવાં જોઇએ. આ ગ્રંથ અને આ બે પ્રકરણો વાંચી જેનું મન નહિ ઉશ્કેરાય, જેને યૂરોપ જવાનું મન નહિ થાય તેનામાં પુરૂષત્વનો અંશ રહ્યો નહિ હોય!

"કુટુંબ મિત્ર." આ પુસ્તક ભાઈ કરસનદાસે મને ૧૮૬૭ના પહેલા

ભાગમાં પ્રગટ કરેલું જણાય છે. એની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "વાતચીત અને ઠઠ્ઠા અથવા મશ્કરીમાં શિક્ષા મળે એવું લખાણ જોડી કહાડીને જે ઇ. સ. ૧૮૫૫થી ૧૮૬૧ સુધી સત્ય પ્રકાશમાં તથા સુધર્મબોધકમાં તથા પાખંડ ખંડકમાં બનાવનારની કલમથી આવ્યું હતું, તે સુધારીને આ પુસ્તકના આકારમાં પ્રગટ કરવામાં આવ્યું છે." આ ગ્રંથ નાનો છે, પરંતુ રમુજની સાથે શિખામણથી ભરેલો છે. અંગ્રેજી અમલ બેઠા પેહેલાં ખોટાં અને બેવકુફીનાં કામ કરનારાની, તથા ન્યાતોના ભૂંડા ચાલની ફજેતી કરવાના સાધન ન હતાં. દુષ્ટ કે નાદાન આદમી ન્યાતમાં કે ઓળખીતા પાળખીતામાં નિન્દાતા, પણ તેની તેઓ દરકાર કરતા નહિ, અને આલમને તેથી બોધ મળતો નહિ. જેઓ કમ અકલના અને પાપી છે તેઓની હાંસી કરવી એ તેમને અને બીજાઓને તેવું કરતા અટકાવવાની મોટી યુક્તિ છે. છેક બગડેલા કે મમતપરે ચડેલા પાછા ફરે નહિ, પણ બધા તેવા નથી હોતા. માટે કરસનદાસનો આ ઉપાય મને અઘટિત દીસતો નથી. ખોટાં કામ કરનારની એમ ફજેતી કરવાથી તેમની જોડે વેર બંધાય છે, પણ શાણા હોય તે મનમાં સમજી શિખામણ લે છે. કોણ જાણે કોના ઉપર લખ્યું છે એમ માની તથા મોડે વાત ન જણાવતાં પોતાની બદચાલને માટે પસ્તાય છે; પણ બેવકુફ હોય છે તેઓ ફજેતીની ટોપી પોતાને માથે બેસતી આવી જોઇ પહેરી લે છે, અને બીજાને કહે છે કે જુવો આ ટોપી મારે માથે આવી રહે છે. એ તો મારા ઉપર લખ્યું છે. ગ્રંથ કર્ત્તાને ગાળો દે છે; બીજા તેને ચડાવે છે. એમ મૂર્ખા વધારે ફજેત થાય છે. કરસનદાસ સત્ય પ્રકાશમાં નઠારા માણસની આવી ટકોળ લખતા તેવારે હું મુંબઇમાં હતો તેથી એ પ્રમાણે બનતું મેં જોયું છે.

કુટુંબ મિત્રમાં ૧લી કહાણી ટેકચંદશાની છે. એનું લાડનું કે મોટાઇનું નામ ટેકુભાઈ પાડયું છે. એનો બાપ પચાસ હજાર રૂપીઆ મૂકી મરી ગયો; પણ તે વેળા એની ઉમર કાચી હોવાથી એ દોલતનો વહીવટ તેના દોસ્ત ફતેચંદશાને સોંપ્યો હતો. વહીવટકરનારે ટેકુભાઇને ભણાવવાને મહેનત કરી તે ફોગટ ગઈ. ઉમરે આવતાં બાપની દોલતનો કબજો લઈ ટેકુભાઇએ બદફેલીમાં તેને ઉડાવી દીધી. આ ઉદાહરણ કલ્પિત છતાં કપોળ, લાડ, વગેરે વાણીઆ તથા બીજી જાતીઓના એવા પ્રકારના જુવાનીઆને લાગુ પડે તેવું હોવાથી તેઓ ગુસ્સે થાયજ. ટેકુભાઈ ઉપર ગરબી જોડેલી છે તે યથાર્થ છે.

"ઓ ટેકુભાઈ—વેશ્યા કેરો સંગ કદી નવ કીજીએ;
મૂરખ અજ્ઞાન—સત્ય પ્રકાશનિ શિક્ષા માની લીજીએ. ટેક
તે પ્રીત કરી વેશ્યાજ તણી, કૂળની લજ્યા નવ કાંઈ ગણી;
તૂજ હૈડે ચિંતા થાય ઘણી; ઓ ટેકુભાઈ. ॥
શું જોય તૂં મૂછો મરડીને, તારૂં કાળજુ ખાશે કરડીને;
નહી મ્હેલે માંસ આંતરડીને; ઓ ટેકુભાઇ. ॥
પરથમ તુજને રંડા ધૂતી, સરવસ તારૂં લેશે લૂટી;
ચોળવી પડશે પછી વિભૂતી; ઓ ટેકુભાઈ. ॥
પ્રેમકૂંદનો પ્યાલો પાઇને, તારૂં સરવે લેશે વાહીને;
ખરે ખોખું કરશે ખાઇને રે; ઓ ટેકુભાઈ. ॥
વ્હાણુ વાયે ને સાંજ પડે, ઘરની સ્ત્રીનું મ્હોં નાજ ગમે;
તારૂં ચીતડું રાંડોમાંજ ભમે; ઓ ટેકુભાઈ. ॥
ઘરનાં ઘણું કલપાંત કરે, હૃદયે કુંઈ કેમ દયા ન ધરે?
પછી લાજ ગયે શું કાજ સરે; ઓ ટેકુભાઈ. ॥"

આ ગરબો કદાપિ કરસનદાસના કવિ-મિત્રનો જોડેલો હશે. કરસનદાસ કવિતા રચતા એ મને માલમ નથી.

બીજી વાત લગ્નમાં ધામધુમ અને મોટો ખરચ કરનાર પુલચંદશાની છે. ઉપલા વિષયમાં ગંભીરતાની જોડે ધિક્કારછે, ને આમાં ટકોળની જોડે તિરસ્કાર છે. પુલચંદની વહુનું નામ લાડકોર, અને છોકરાનું નામ ધનપાળશા. જેમ તેમ કરીને મુશ્કેલીથી ઘરનો ખરચ પુલચંદશા ચલાવતા. છોકરો નાની ઉમરનો હતો તોપણ દેવું કરીને મોટો માંડવો બાંધી મોટો વરઘોડો કહાડીને તથા જ્યાતો જમાડી બારે ખરચ કરવાનું આ કૂલણજીએ ઠરાવ્યું; અને લાડકી વહુએ તેને ઉસ્કેર્યા. લીલા જોશીએ મુહૂર્ત જોયું. માગસર સુદ પાંચમે લગ્ન આવ્યાં. પુલચંદશા અને લાડકોર વહુની વચ્ચે આ લગ્નમાં શું શું કરવું તેનો વિચાર ચાલ્યો. બાયડીનું મનતો થોડાથી ધરાય નહિ. નવ લખીએ ન કરવું જોઇએ તેટલું કરવાનું તેણીએ બતાવ્યું. કૂલણજીએ તેમ કરવાનું કબૂલ કર્યું. લીલા જોશી ગયા પછી અમથો હજમ આવ્યો તે પણ ધનપાળશાનાં લગ્નની વાત સાંભળી હરખાયો. તેણે પણ નાદાન પુલચંદને ફૂલાવ્યો. પુલચંદશાને હરખચંદ નામે ભાઈબંધ હતો. તે કાંઈક ડાહ્યો હતો. તેણે બે વાંધા ઊઠાવ્યા.

એકતો એકે ધનપાળ હજી માત્ર નવ વરસનો છે, માટે તેને પરણાવવાની ઉતાવળ ન કરવી. તેને ભણી ગણી મોટો થવા દેવો. પ્રુલચંદને એ શિખામણ ગોઠી નહિ. બીજો વાંધો એ લીધો કે કરજ કરીને જૂઠી બડાઈ કરવી યોગ્ય નથી. સૌએ પોત પોતાની ગુંજાસ પ્રમાણે ખરચ કરવો. એ વાત પણ ફૂલણજીની નજરમાં ઊતરી નહિ. હેઠેસંગ નાથુસંગ નામે શાવકારની પેઢીએથી સાડા આઠ હજાર રૂપીઆ શાજેગી ચોઠી લખી આપી લાવ્યા. પછી માંડવો બંધાવ્યો, વરા ચાલ્યા, ફૂલેકાંની તૈયારી થઈ, પ્રુલચંદશા નોતરે નીકળ્યા, ને વરઘોડો ચડ્યો. એ સર્વ મુંબાઈમાં જેમ બને છે તેમ ચીતર્યું છે. તે વાંચતાં ઉદાસી માણસને પણ હસવું આવે. વર ઘોડે ચડ્યા અને તેની બેત કસલીમાં પૈસો બખડાવતી પાછળ બેઠી ને વરને માથે નાળીએર ઉતારી ફોડ્યાં કે નજર ન લાગે. બાયડીઓ ગાવા લાગી કે "પાવડે પગ દઈ ચઢો જીઆવર; ગોત્રજ છેડો સાહી રહ્યા. મેલો મેલો રે ગોત્રજ છેડો અમારો; તમારા કર આપશું. જેણે નાના રે થકી મોટા કીધા, તેના કોડ પૂરાવશું." ફૂલેકું ચાલ્યું. હજારો માનવી જોવા મળ્યું. ફૂલણજીની છાતી હરખે ફૂલાઈ જાય. મોહડ પહેરેલી ને હાથમાં દીવા વાળી વરની માડીને હરખ ન માય. માર્ગમાં બાયડીઓ ગાય કે "ગુલાબી ઘોડી ચમકે છે. ચમકે ને ચમકાવેછે. લીલીશી ઘોડરિ વરને; લીલા જરીના વાગારે. ઘોડીએ ચડતાં વરના દાદાએ વખાણ્યારે." એમ બાપાએ, માતાએ, કાકાએ, મામાએ, સૌએ વખાણ્યા. કેમકે, "સૂરજ સરખાં તેજ વરનાં; ચંદ્રમા સરખા નિર્મળા. રાજા ભીમક સરખાં વાન વરના; ફૂલ સરખા પુટડા." એવા વરને કોણ ન વખાણે! પ્રુલચંદશાને એ રાત્રે ઊંઘ ન આવે તે જોઇ લાડકી વહુએ કહ્યું હવે જરા થાક્યા પાક્યા સુવો નહિ તો હેરાન થશો. "પ્રુલચંદશા બોલ્યા, અલી સાંભળ્યું મને ઊંઘ આવતી નથી. લોક કહે છે તેમ મને હરખવા થયો છે. તુંજ કહેની આવું કોઇનું તેં દીઠું હતું?- આવા આવા મોટા લોક, સરના ખરસેદજી અને જગનનાથજી સંકરશેઠ જેવા કદી કોઇના વરઘોડામાં આટલું બધું ચાલ્યા હતા? જંગલી જંગલાના સાબેલા, અંગ્રેજી વાજાં, એ પણ કાંઈ થોડી વાત! બાપુ તારાનો નામીચો તાયફો સાજનની અગાડી ચાલે એ કાંઈ જેવું તેવું!" ફૂલણજીએ લાડકી વહુની આગળ બેડસાઇ મારી તે બધી ઉતારી ન લેતાં અસલ ગ્રંથમાં વાંચવાની ભલામણ વાંચનારને કરૂં છું. પાછો બીજે દિવસે

વરઘોડો ચડ્યો. જીમ્માવર પરણ્યા, ને પરણ્યા એટલે "લાડી ચાલો આપણે ઘેર રે," એમ બૈરાંએ ગાયું. એક ઘોડે વર ને બીજે ઘોડે વહુ એમ વહુવર ચાલ્યું. નારીઓ ગાય કે "કેસરીઆ ચઢો વરઘોડે. ચઢો વર ઘોડે ને વાંકે અંબોડે. મીઠડાં કરૂં તારી ચમકતી ચાલ. કેસરીઆ ચઢો વર ઘોડે.' વળતે દહાડે ઉવેતરે તથા ગોરવ થયાં. નિર્લજ બાયડીઓએ ફટાણાં ગાયાં. લગ્નમાં પ્રુલચંદશા અને લાડકી વહુ બહુ મહાલ્યાં. પછી માગનારા ઉધરાણી કરવા લાગ્યા ને પ્રુલચંદશાને કુવે પડવાનો દહાડો ઉતાવળે આવ્યો. છેલ્લે કવિ દલપતરામની કૂલણજીની ગરબી છે. આ બધાની શી અસર થઈ છે! આવી મૂર્ખાઈ બંધ પડી કે હજી ચાલે છે? અફસોસ! ખુશીનો જવાબ આપ્યાને બદલે સ્વદેશ હિતેચ્છુ બેદથી નીચું જુવે છે!

એના પછી ફિશીયારીદાસ અને ચાપલુસીદાસનો સંવાદ આવે છે. કરસનદાસમાં ચેષ્ટાનાં નામ પાડવાની બચ્છી ચતુરાઈ હતી. એ બેની વાતો ચાલતી હતી તેમાં નખ્ખોદદાસ, દેવજી આંધળો, રૂપજી, વગેરે પાત્રોને દાખલ કર્યા છે. સક્કાના છંદનું, ને ચંડાળ ચોકડી મળી હલકી વાતો ને બીજાની નિન્દા કરતા દેખીએ છીએ તેનું ચિત્ર આ વેશમાં પાડ્યું છે. ત્યાર પછી પતરાજીદાસ અને સમજુદાસની વચ્ચે તકરાર ચાલી. એમાં શી બાબત હશે તે એ નામ ઉપરથી કહી શકાય. પછીના વેશમાં વીઠલો ભાણો ને નાથો એક ઠેકાણે મળ્યા, ને બીજે ઠેકાણે જગલો ને ત્રીકમો મળ્યા. એ બે મંડળીમાં છાપાવાળા અને સુધારાવાળો કરસનદાસ શું કહે છે તેની ચરચા ચાલી. ત્રીજી જગાએ બે પ્રુલચંદશા મળ્યા છે. ત્યાર કેડે વિવાહનું બારમું કેમ થાય છે તેનો નમુનો દેખાડ્યો. ઘણીક બાબતોને હાસ્ય રસમાં બતાવી લોકને શિક્ષા આપી છે. એ બધું વાંચવાની ભલામણ કરી ગડગડલાલના વેશમાંથી કાંઈક રમુજી નમુનો આપુ છું:—

"એક દાહાડે અમારા મિત્રોએ મહાલક્ષમીમાં ઉજાણી કરી. અમે ઉજાણીમાં જમી કરી પાછા ફરયા. તેવામાં રાત પડી ગઈ. પણ ચાંદરણું બુબ ખીલી રહ્યું હતું. ગરાંટ-રોડને રસ્તેથી અમે અમારી ગાડી હંકારી. નાટકશાળાનાં મકાનમાંથી દીવાની રોશની આઘેથી અમારા જોવામાં આવી. તે ઉપરથી અમે જાણ્યું કે આજે કાંઈ નાટક થતું હશે. તે જોવાનો અમારો વિચાર થયો. નાટકશાળા આગળ અમે ગાડી ઉભી રાખી અને પુછી

જોયું કે શાનો નાટક છે? અમને જવાબ મળ્યો કે ગડગડલાલ મહારાજનો વેસ આવ્યોછે.

અમે કંકીબંધ વૈશણવ તેથી આ વેસ જોવાની અમને હોંસ થઈ. રૂપીયા આપીને ઈસ્ટાલની ટીકટ ખરીદ કરી, જઈને જોઇએછ તો લોકોની બહુ ઠઠ મળી હતી. ઘણાખરા સુધારાવાળા મથરાપંથી અને કેટલાક ભાવકી સેવકો આ જોવાને આવ્યા હતા. મહારાજનાં મંદીર જેવો દેખાવ અમારી નજરે પડ્યો. ગડગડલાલ મહારાજ એક ખુરસી ઉપર બિરાજ્યા હતા. તેમની પાસે એક નાહાના આસન ઉપર પાખંડભટ બેઠા હતા. તેમની વચ્ચે વાત ચાલતી હતી—

ગડગડલાલ—પણ છાપાવાળા સાથે કંઈ પણ રીતે આપણ ફાવી શકતા નથી. હાલ આપણી તથા ગોશાંઈજીના વડીલોની વધારે નિંદા થવા માંડીછે.

પાખંડભટ—જો પેલો સતપ્રકાશવાળો બંધ પડે તો પછી બધી ટકટક ટળી જાય; કેમકે તેજ છાપાવાળો આપણા પંથમાંનો છે. આ બંધ થાય તો પછી પારસી છાપાવાળાઓની ચિંતા નહી, તેઓ આપણે વિષે ઘણુંજ થોડું જાણેછે. હું એમ ધારૂંછ કે વૈષ્ણવો પાસેથી એક મોટી રકમ ઉઘરાવીને તેને આપશું તો તે નિંદા કરતો બંધ પડશે. તે પોતાના પેટને વાસ્તે છાપો ચલાવતો હશે માટે તેને પેટ જેટલું મળ્યું એટલે છાપવાની તેને શી જરૂર!

ગડગડલાલ—હું પણ પ્રથમ એમજ ધારતો હતો પણ તજવીજ કરતાં માલમ પડ્યું કે તેતો સ્વતંત્ર છે અને તેનો ધંધો પણ બીજો છે. છાપો તો માત્ર સુધારા ખાતર ચલાવેછે અને તેમાં તે કંઈપણ રીતની લાલચ રાખતો નથી. વળી મેં એમ પણ સાંભળ્યુંછે કે એક વખત જીવણજી મહારાજે કહેવડાવ્યું હતું કે તું અમારે વિષે છાપવાનું બંધ કરે તો તને આટલી રકમ આપીએ પણ આ વાત તેણે કબુલ રાખવાને મોખી ના પાડી. તેટલામાટે હું ધારૂંછ કે કંઈ બીજી તદબીર કરવી જોઇએ. આપણ તેની સામે એક છાપો કાહાડશું તો તે જરા નરમ પડશે. તે જો આપણે વિષે નિંદા કરશે તો આપણે પણ તેને મુખ ઉઘડો લેશું.

પાખંડભટ—સામો છાપો કાહાડવામાં કંઈ સાર નિકળશે નહી. ઉલટી ફજેતી થશે. તે નિંદા કરેછે તે કંઈ ખોટી નથી. તે કહેછે કે ધર્મગુરૂ બ્ય ભીચાર કરેછે તેના જેવું પાપ બીજું એકે શાસ્ત્રમાં કહ્યું નથી.

ગડગડલાલ—પણ આપણે બીજી રીતે ફાવશું. સતપ્રકાશવાળાએ લખ્યું છે કે મહારાજના વડીલોએજ શાસ્ત્રને ઇશ્વરકૃત માન્યા નથી ને તેની સાબેતીમાં આપણા દ્વારકેશ કૃતના દસ મરમમાંથી ત્રીજો મરમ ટાંકીને એમ તેનો અર્થ કરેલોછે કે " લોક લાજ તથા શાસ્ત્રની આજ્ઞા લોપીને ગોપીનાથને શરણે થવું." આનો પાધરો જવાબ આપણાથી અપાશે નહી તેછતાં આપણે એક રીતે ફાવી શકશું.

પાખંડભટ—તે વળી કહી રીતે? આ જુવાન ભણેલાઓ સાથે ખોટી તકરારમાં તમે ફાવી શકો એમ હું ધારતો નથી.

ગડગડલાલ—અરે તમે પાખંડભટનું નામ ધરાવ્યાં છતાં હારી કેમ જાઓછો! પ્રથમ તો આપણે સુધારાવાળાઓનો એક ગરબો બનાવીને તેઓને વગોવશું. તેઓ ધર્મભ્રષ્ટ છે, રોટલીને બદલે પાઉં ખાયછે, જોડાને બદલે બૂટ પેહેરેછે ઇત્યાદિ વાતો યુક્તિથી દાખલ કરીને આપણે ગરબી બનાવશું. તે ગરબીનો રાગ આપણા ભાવકી સેવકો ઘણી ઉલટથી ગાશે. વળી આપણે એક ચોપાન્યું કાહાડીએ. તકરારનો પાધરો જવાબ ન અપાય તો યુક્તિથી જેમ લખાય તેમ લખશું. આપણા વૈષ્ણવોની મોટી સંખ્યા અજ્ઞાન છે. તેઓતો એમજ કેહેશે કે જુઓ ભાઇઓ આપણા ગડગડલાલજીએ કેવો જવાબ આપ્યોછે અને સુધારાવાળાઓના ટાંટીઆ કેવા ઢીલા કરી નાખ્યાછે! તકરારમાં સાચું કેટલું છે અને જુઠું કેટલું છે તે જાણવાની શક્તિ કે પોંહોંચ આપણા ભાવકી સેવકોમાં નથી. વળી ચોપાન્યામાં દર લીટીએ લખશું કે સુધારાવાળા કંઈ શાસ્ત્ર ભણેલ નથી માટે તેઓ શાસ્ત્રની શું વાત જાણે! અને આપણે તો એવું ડોળ ધાલવું કે અમે તો વેદ શાસ્ત્રમાં પ્રવીણ ને બધી વાતે જ્ઞાની છઇએ.

પાખંડભટ—આવું ખોટું ડોળ ધાલશું તો આપણે વધારે ફજેત થશું. શાસ્ત્રનું અધ્યન ન હોવા છતાં જાહેરમાં તેનું ડોળ ધાલવાથી પંડીતોમાં અને વિદ્વાનોમાં આપણી ફજેતી થશે.

ગડગડલાલ—પંડીતો કે વિદ્વાનો સાથે આપણે થોડુંજ કામ લેવું છે. આપણે તો આપણા ભરમ અને ટેક મૂર્ખ વૈષ્ણવોમાં રાખવો છે માટે સુધારાવાળા છાપે તેનો ખરો કે ખોટો જવાબ ન આપીએ તો પછી વૈષ્ણવો સમજશે કે આપણામાં કંઇ રામ નથી. વળી કોઇ ભાડુતી લખનાર મળે તો સતપ્રકાશની સામે એક છાપો કાહડશું અને તેમાં તેને ખુબ ઉધડો લેશું; પ-

છી તે પોતેજ કંટાળીને આપણ વિષે છાપવું છોડી દેશે.

(આ ઠેકાણે પડદો પડ્યો.)

જરાવાર રહીને તે ઉઘડ્યો. એક વાણીઓ પોતાની ઓરડીમાં ઝાડુ કાહડતો હતો. તેવામાં કોઇ નકટીદાસ નામનો કપોલ વાણીયો આવ્યો. ઝાડુ કાહડનારને પુછી જોયું કે અધીપતિ કાંહાં છે?

ધબલચંદ—(શરમાઇને ઝાડુ એક ખુણામાં ફેંકી દઇને) આવો ભાઇશાબ આવો. મારૂં નામ ધબલચંદ. શું ફરમાસ છે તે મને કોહો.

નકટીદાસ—(મનમાં અચરત પામેછે કે અધીપતિ થઇને વાસીદું વાળેછે.) ભાઇશાબ આમારા ગડગડલાલ મહારાજનો વિચાર છે કે સત પ્રકાશની સામે એક છાપો કહાડવો અને તેમાં તેને દર વેળાએ ખુબ ઉધડો લેવો. તમે નવો છાપો કાહાડશો તો અમારા ઘણાક વૈષ્ણવો તેના ધરાક થશે અને તમને બહુ ફાયદો થશે.

ધબલચંદ—ઠીકછે. ચલો આપણ આપઅખતીયારવાળા પારસી નસરવાનજી પાસે જઇને નવા છાપાની બંદોબસ્ત કરીએ.

(વળી બીજીવાર પડદો પડ્યો.)

જરાવાર રહીને તે પાછો ઉઘડ્યો. છાપાખાનાંની હાલીસ જેવો દેખાવ નજરે પડ્યો. આપઅખતીયારવાળો પગમાં ઇસ્ટાકીંગ પેહેરતો હતો. બારણાં આગળ પટાવાળો એક સિપાઇ ઉભો હતો. એક કાગળવાળો હેારો ઉધરાણી કરવા આવ્યો હતો. તેવામાં ધબલચંદ અને નકટીદાસ આવી પોંહોંચ્યા.

આપઅખતીયાર—આવ અલીયા ધબલચંદ તારી શી ખબર છે?

ધબલચંદ—ભાઇશાબ એક કામ પડ્યું છે સતપ્રકાશની સામે એક નવો છાપો કાહડવો છે. તેનું તમે શું લેશો તે જણાવો.

આપઅખતીયાર—(એક ધબ્બો મારીને) અલીયા રોંચા તું સતપ્રકાશ સામે છાપો કાહડવા આવ્યોછ?

નકટીદાસ—અરે શેઠ અધીપતિને ધબ્બો મારોછો એ લાયકી નહી.

આપઅખતીયાર—એતો મારા જુના ધરાકનો ભાઇ થાયછ. નિત્ય ધબ્બાથી હું એની સાથ કામ લઉંછ. અમદાવાદી રોંચાઓ સાથ ધબ્બા લીધા વગર કામ નિભે નહી. એટલાજ માટે મેં એનું નામ ધબલચંદ પાડ્યું છે. પગમાં જોડા પેહેરયા વગર આવેછે તેથી ધબ્બો મારવાનું મને બહુ

મન થાયછે.

ધમ્મલચંદ—બાઇશાબ હવે આ મસ્કરી જવાદો. ગડગડલાલજીનો વિચાર છે કે સતપ્રકાશની સામે એક છાપો કાહાડવો. માટે બોલો તમે શું લેશો?

આપચ્ચખતીયાર—દર મહીને બર્સે નકલના ઓછામાં ઓછા ચાલીસ રૂપીઆ લઇશ.

ધમ્મલચંદ—આટલું બધું પોશાય નહી. કંઇ ઓછું કરો તો ઠીક.

આપચ્ચખતિયાર—બસ-તને એક વખત કહ્યું તારા ગડગડલાલજીને કેહેકે એથી સસતું કામ લેવું હોય તો "સુર્ય પ્રકાશ" વાળા પાસે જાઓ.

(વળી ત્રીજીવાર પડદો પડ્યો.)

(તે ઉઘડ્યો ત્યારે મહારાજનાં મંદીર જેવો દેખાવ પાછો નજરે પડ્યો. ગડગડલાલ તથા પાખંડભટ્ટ વાત કરેતા હતા તેવામાં નકટીદાસ અને ધમ્મલચંદ આવ્યા. તેઓ બંને મહારાજના ચરણ સ્પર્સ કરીને તથા હાથ જોડીને બેઠા.)

નકટીદાસ—મહારાજ કહેા હવે શી આગીમા છે? સત પ્રકાશની સામે છાપો કાહાડવાને આ ધમ્મલચંદે કબુલ કર્યું છે.

ગડગડલાલ—(ધમ્મલચંદ તરફ જોઇને) શું તમારૂં નામ ધમ્મલચંદ કહેવાય છ? નામતો બહુ વિચિત્ર લાગે છે. તમે કાંઈ અંગ્રેજી અભ્યાસ કર્યો છે? તમે છાપો ચલાવી શકશો?

ધમ્મલચંદ—જય મહારાજ! અંગ્રેજી તો મને આવડતું નથી પણ છાપો ચલાવી જાણું છઉં.

ગડગડલાલ—છાપાવાળા ઇંગ્રેજી ભણેલા હોય તોજ છાપો ચાલી શકે ને વળી સત પ્રકાશની સામે લડાઇ કરવી છે માટે આપણો છાપો ચલાવનાર પણ અંગ્રેજી ભણેલ જોઇએ.

ધમ્મલચંદ—પણ મહારાજ! તમને ખબર નહી હશે કે હું ભાંડ ભવાઇઓ છઉં. મારી સાથે કોઈ તકરારમાં ટક્કર લઇ શકશે નહીં. હું ભાંડની પેઠે ભાંડવા મંડી જઇશ એટલે સત પ્રકાશવાળો જવાબ દેશે નહી એટલે આપણે જીત્યા એમ આપણા લોકો સમજશે.

ગડગડલાલ—તમારાથી આ કામ બની શકે એમ લાગતું નથી એ તમારા દેખાવ ઉપરથીજ કહી શકાય છે.

ધમ્મલચંદ—પણ જય મહારાજ! તમે મારા દેખાવ ઉપરથી ભુલશોમાં. હું દેખાઉતો રંક ને અમદાવાદી રોંચો લાગું છઉં, ધબાખઉ જેવી પાધડી પેહેરું છઉં, ને પગમાં જોડા પેહેરવાની ટેવ નથી તેથી ઉઘાડે પગે ફરું છઉં, પણ મારા જેવી ભાંડવિદ્યા સુધારાવાળાઓને આવડતી નથી."

ટૂંકું કરવાને આ વેશમાંથી ઘણુંક મૂકી દીધું છે. એ વખતે આપણા વર્ત્તમાન પત્રોના ઘણાક અધિપતિ એ નાટકમાં દર્શાવ્યા પ્રમાણે અવદશામાં હતા, અને મોફસુસિલમાં તેમનો મોટો ભાગ હજી એવો છે. મુંબઇમાં પણ યોગ્ય કરતાં અયોગ્ય વધારે છે, પરંતુ કરસનદાસ મુળજીએ ઉપલું નાટક રચ્યું તે સમય કરતાં હાલ વર્ત્તમાન પત્રો અને તેઓના અધિપતિઓ વધારે સારી હાલતમાં છે. દીન પર દીન તેમની ભાષામાં અને નીતિમાં સુધારો થતો જાય છે. વગર કેળવાયલા નીચ બુદ્ધિના મૂર્ખ અધિપતિઓ હાનિકારક છે. કેળવણીનો પ્રસાર થતો જશે તેમ વર્ત્તમાન પત્રો સુજ્ઞ અને સદાચરણી વિદ્વાનોના હાથમાં આવશે, અને તે વાંચનારાની સંખ્યા વધશે. ત્યારે નઠારાં પત્રોને આસરો મળશે નહિ. હું આશા રાખું છું કે મહારાજના સેવકો પણ સુધરશે. ગુસાંઇજી મહારાજો ગડગડલાલના જેવા જ રહેશે કે સુધરશે તે સેવકોને હાથ છે. અને ૧૮૬૭માં કરસનદાસ મુળજીની તથા મુંબઈ વાસી ગૂજરાતી બોલી બોલનારાની ભાષાનો નમુનો આ ઉતાર પરથી કાંઈક જણાશે. કાઠીઆવાડમાં સમુદ્ર કાંઠા ઉપર વસનારા લોકની બોલીને એ મળતી છે. કરસનદાસે કાંઈક ફેરફાર કરેલો જણાય છે, તેથી બરાબર નમુનો નથી.

પાલીટાણાનો ડુંગર તે ઉપરના જૈન દેવલોને માટે પ્રખ્યાત છે. હજારો શ્રાવકો ત્યાં જાત્રા કરવા જાય છે. એમની અને પાલીટાણાના ઠાકોર સાહેબની વચ્ચે એ ડુંગર સંબંધી મોટા વાંધા પડવાથી શ્રાવક લોકે રાજા ઉપર સરકારમાં ફર્યાદ માંડી. કાઠીઆવાડના પોલિટિકાલ એજંટ સાહેબના ફેસલાથી તથા મુંબાઇ સરકારના ઠરાવથી તેઓ રાજી થયા નહિ ને વિલાયત સુધી ધડ્યા. ઇંગ્લાંડમાં હિંદખાતાના રાજ્યમંત્રી એટલે સેક્રેટરીને અરજી આપવાને તેમણે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈની મારફતે કરસનદાસ મુળજીને વિલાયત મોકલ્યા. શાહ વીરચંદ દીપચંદની મેહેનતથી યોગ્ય કરાર થયા. કરસનદાસ જોડે જમવા જમાડવાનો વહેવાર કરવાનું શ્રાવકોની વતી નગર શેઠે કબૂલ કર્યું, અને પાલીટાણાને કામે ફરીને વિલાયત ગયા પહેલાં તેમને

અમદાવાદ તેડી પોતાને ઘેર ઉતાર્યા. જ્યારે કરસનદાસ અમદાવાદ આવતા ત્યારે હમેશ મારે ઘેર ઉતરતા, અને પોતાના મીઠા સ્વભાવથી મારા છોકરાને ખુશી કરતા. લવંગને દીવે સળગાવી બળતું છતાં મ્હોંડામાં મૂકી બાળકને અચરજ પમાડતા. પહેલીવાર વિલાયત જઈ આવ્યા પછી અમદાવાદમાં આવ્યા તેવારે કવિ દલપતરામ ડાહ્યાભાઇએ એમને પોતાને ઘેર જમવા તેડ્યા હતા. આ વખતે તો શેઠ પ્રેમાભાઇને ઘેર મુકામ કર્યો, અને શેઠ તથા વીરચંદશા તથા બીજા શ્રાવકો તેમની જોડે જમ્યા. શેર સટ્ટાનો વખત ઉતાવળે પૂરો થયો ન હોત અને મુંબઇની આબાદીમાં ઝટ ભંગાણ પડ્યું ન હોત તો કેટલાક મોટા શ્રાવક ગૃહસ્થો વિલાયત જાત એવો સંભવ હતો. ઘણુંકરીને વૈષ્ણવ વાણીઆથી શ્રાવક વાણીઆ વધારે સહાસિક, વધારે ઉમંગી, અને વધારે ઉદ્યોગી, હોવાથી વધારે લક્ષ્મીવાન છે.

સને ૧૮૬૭ના માર્ચ માસની આખરે કરસનદાસ મુળજી વિલાયતની બીજી સફર કરવા નીકળ્યા. એ વેળા એમની રસોઇ કરવાને ખેડાવાળ બ્રાહ્મણ તથા બીજા કામકાજને માટે મોઢ વાણીઆ જ્ઞાતીનો ભરૂચનો રહેીશ માણેકલાલ જગજીવનદાસ નામે સહાસિક તરૂણ હતો. એ ખેડાવાળનું નામ તેની જ્ઞાતી વાળાના જાણવામાં આવ્યું નહિ તેથી તેને કાંઈ હરકત થઈ નહિ, પણ જુવાન વાણીઓ જાહેર પડ્યો ને તેની જ્ઞાતી તરફથી સંતાપ પામ્યો. મારી જોડે જે ગામડીઓ બ્રાહ્મણ આવ્યો હતો તેણે પોતાની સફરની વાત ગુપ્ત રાખવાની કોશીશ કરી પણ તે બરાબર પાર પડી નહિ. તેના મામાની બહાદૂરીથી તેનું રક્ષણ થયું. એટલો આસરો માણેકલાલને તેના કોઈ સગા તરફથી મળ્યો નહિ, તેનું કારણ એ હશે કે શેહેરોમાં વહેમી લોકનું જોર વધારે હોય છે. ગામડામાં જ્યાતની તકરાર વહેલી પતી શકે છે. આ વેળા પણ કરસનદાસે ઇંગ્લાંડની બધી રચના જોઈ નહિ. શીઆળો બેઠા પહેલાં સ્વદેશ આવવા નીકળ્યા.

પ્રકરણ ૧૧ મું.

કાઠીઆવાડમાં જવું. પોલિટિકાલ ખાતાની નોકરીમાં દાખલ થવું. રાજકોટમાં કારભારની ખુબી. વિદ્યા અને સુધારાને મદદ. પાખંડ ધર્મ ખંડન નાટક. સંસાર સુખ.

શ્રાવક લોકની તરફથી પાલીટાણાના કામ સારૂ વિલાયત ગયા તેને આગલે વરસે એટલે ૧૮૬૬માં કાઠીઆવાડના પોલિટિકલ એજંટ કર્નલ કિટીંજને મળવા કરસનદાસ ગયા હતા. મને લાગે છે કે પાલીટાણાની બાબતમાં તજવીજ કરવાને કે દાદ મેળવવાને ગયા હતા. એ વેળા એક માસ રાજકોટમાં રહ્યા. એક મિત્ર રાજકોટથી મને લખે છે કે "એમનું તે વખતે અત્રે આવવું થયું ત્યારથીજ અત્રેના કેટલાક ગૃહસ્થો સાથે સારો પ્રીતિભાવ થયો હતો." કાઠીઆવાડમાં સુધારાનું બીજ ભલા કર્નલ લોંગે રોપ્યું હતું. તેણે દરબારોને સમજાવી નિશાળો સ્થપાવી, તથા મુંબઈ વગેરે ઠેકાણે પ્રગટ થતાં ગૂજરાતી પુસ્તકો અને માસિક ગ્રંથો લેવાની ભલામણ કરી. પોતાના રાજકાજની જોડે એવા કામને તેણે સારો આસરો આપ્યો. તોપણ રજવાડાના મુત્સદ્દીઓ સુધારાની, ભાષણની, અને સભાની મશ્કરીઓ કરતા. સુરતના મહેતાજી દુરગારામ મંછારામ કાઠીઆવાડની નિશાળના સબ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર થયા ત્યારે તેમનાથી ત્યાંના લોકને સુધારા સંબંધી કાંઈક જ્ઞાન થયું. કરસનદાસ મુળજીએ તેને આસરો આપ્યો. આ વખતે એક માસ રહ્યા તે દરમિઆન તા. ૨૫ મી જુન ૧૮૬૬ને રોજ રાજકોટની વિદ્યા ગુણ પ્રકાશક સભામાં એમણે ભાષણ કર્યું. "કાઠીઆવાડને સુધારવાને શા શા ઉપાય કરવાની જરૂર છે" એ તેના ભાષણનો વિષય હતો. જાહેર સભામાં બોલવાની છટા અને યુક્તિ એમનામાં એવી સરસ હતી કે સાંભળનારને રસ લાગે. આવું બોધકારક, અને સુંદર ભાષણ મને લાગે છે કે રાજકોટમાં આ પહેલુંજ હશે. એ સાંભળવા કિટીંજ સાહેબ પણ આવ્યા હતા. રાજકારભારીઓ, રજવાડાના વકીલો વગેરે મોટા મોટા માણસો સભામાં બિરાજ્યા હતા. દેશી રાજ્યોને સુધારવાને રાજાઓની સભા કરવાની જરૂર છે એવો અભિપ્રાય કરસનદાસે કહ્યો તે પરથી એજંટ સાહેબ હસ્યા, અને બોલ્યા કે એમ થશે ત્યારે અમારે આ દેશમાં રહ્યાની ગરજ રહેશે નહિ.

બીજી વાર ઇંગ્લાંડ જઈ આવ્યા પછી કાઠીઆવાડમાં નોકરી મળવવાનું મન કરસનદાસને શાથી થયું તે મારા જાણવામાં આવ્યું નથી. કોઈ એમ ધારે છે કે ન્યાતના જુલમથી કંટાળીને તેણે મુંબઈ શહેર છોડ્યું. ન્યાતથી કાયર થઇને નાસે એવા એ પંડેતો ન હતા,* પણ સગાં વહાલાંથી વેગળા રહેવાથી તથા વિવાહ વાજનમાં અને જમણવારમાં સામિલ ન થઈ શકવાથી એમની સ્ત્રીનું મન હીજરાતું હતું. એવું સાંભળવામાં છે કે કરસનદાસ ઘરમાં સુખી ન હતા. ઘરનો કંકાસ પરગામ જવાથી ઓછો થાય ખરો. દેખ્યું નહિ ને દાઝવું નહિ એ કહેવત આ પ્રસંગે એના ઘરનાંને લાગુ પડે છે. પોતાની જોડે બાયડી છોકરાં રાજકોટ હોય એટલે તેમનો જીવ બળે નહિ એમ ધારીને, કે રોજગારને માટે કરસનદાસે કાઠીઆવાડમાં સરકારી નોકરી મળવવાની કોશીશ કરી. રાજકોટની ગાદીએ એ વેળા બાળરાજા હતા તેથી તેના સંસ્થાનનો કારભાર પોલિટિકાલ એજંટની મારફતે ચલાવવાનો ઠરાવ સરકારે કર્યો હતો. વસીલો પહોંચવાથી મુંબઈ સરકારે એમને આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ નિમી એ સંસ્થાનનો કારભાર સોંપ્યો. સને ૧૮૬૭ના દિસેમ્બર માસની ૨૦મી તારીએ એ ઓહદાનો કબજો એમણે લીધો.

ખુદ રાજા પંડે કે કારભારી રાજ્યની લગામ હાથમાં લે તેનું પહેલું કામ એ છે કે પ્રજાનું રક્ષણ કરવું. જાગરતીથી ચોર, લુચ્ચા, ધુતારા, કપટી વગેરેને ધાકમાં અને શહેમાં રાખવા, તથા ફોજદારી દિવાની ઇન્સાફ લાંચ રૂશવત ને નજરાણાં લીધા વગર નિષ્પક્ષપાતે અને ચતુરાઇથી કરવા, ને પ્રજાની યોગ્ય સ્વતંત્રતા ઉપર હાથ નાખવો નહિ એ હરકોઈ રાજ ચલાવનારનું મુખ્ય કામ છે. એથી લોકમાં શાંતિ રહી તેઓ પોત પોતાના ઉદ્યમમાં મંડે છે. માટે રાજકોટ સંસ્થાનનો ચાર્જ લેતાંવારને કરસનદાસે એ કામપર લક્ષ લગાડ્યું, અને તેમાં જસ મળ્યો. સાચા ન્યાયથી, શાંત, મળતાવડા, ને મધુરા સ્વભાવથી પ્રજાપ્રિય થયા. રાજ કારભારીને ધ્યાન આપવા જોગ બીજી મોટી બાબત ઉપજ ખરચ છે. આ વિશે જૂના વિચાર ઘણાજ ભૂલ ભરેલા છે, તોપણ તેવા વિચારના કારભારીઓ દેશી રાજદરબારમાં કાબીલ

* નવા મતના અને રૂઢી વિરૂદ્ધ કામ કરનારાને જૂના મતના ધર્માચાર્ય અને વહેમી લોક પજવેછે એ કરસનદાસ જાણતા હતા. પૃથ્વિ ફરેછે એવું માનવા માટે ગાલીલેઓને જનમ કેદની સજા થઈ; હું વિલાયત ગયો માટે નાત બહાર રહેવાનાં દુઃખ મારે વેઠવાં પડયાં. કેટલાકના તો જીવ પણ સુધારાને માટે ઘણાક દેશોમાં ગયાછે, એ જાણીને તેઓ ઇંગ્લાંડ ગયા હતા તો બગડાય કેમ?

ગણાય છે, અને માન પામે છે. એડુતો પાસેથી, વેપારીઓ પાસેથી, ઠામ ઠામ નાકાં બેસાડીને, અને અનેક વેરા નાખીને, તથા ન્યાય વેચીને જે કારબારી વધારે ઉપજ કરે તે લાયક કામદાર ગણાય છે. એમ મળવેલું નાણું રાજ્યનું નહિ પણ રાજાનું, પ્રજાના લાભ અને સુખને અર્થે નહિ પણ રાજાનાં ખાનગી કામમાં, કુંવરીઓ પરણાવવામાં, ને વૈભવ ભોગવવામાં ખરચવાને માટે છે એવી જૂની સમજ છે. આ સમજ ખોટી છે એ કરસનદાસે સિદ્ધ કરી આપ્યું. રાજ્યની ઉપજ ખરચનો વહીવટ ડહાપણથી કરી એણે એક બીજો અભિપ્રાય ખોટો પાડ્યો. દરબારોમાં અને પોલિટિકલ ખાતાના કેટલાક અમલદારોમાં એવી ભ્રાંતિ છે કે ગ્રંથ લખનારા વિદ્વાનો, વર્તમાન પત્રોના એડિટરો, અને સ્કુલમાસ્તરો વગેરે નિશાળ ખાતાના નોકરોને રાજ્ય કારભાર આવડે નહિ. ઇંગ્રેજી રાજ્યમાં મુનસફની કે મામલતદાર વગેરેની ન્યાય, વસુલાત, કે પોલિટિકલ ખાતામાં સરકારી નોકરી કરી હોય તેઓ માત્ર જરૂર પડે તો કારભારીનું કામ ચલાવી શકે. આ ભ્રાંતિ કરસનદાસે જૂઠી પાડી. અંગ્રેજી સ્કુલમાં માસ્તરનું કામ, સત્ય પ્રકાશ વગેરેના અધિપતિનું કામ, ને ગ્રંથો રચવાનું કામ કરી રાજ્ય કારભાર હાથમાં આવેથી તે કામ અચ્છી રીતે બજાવ્યું. બુદ્ધિવાન પુરૂષને અનુભવ મેળવતાં વાર લાગતી નથી. સ્વાભાવિક બુદ્ધિની જોડે સદ્‌વિદ્યાથી મન કેળવાયલું અને સુનીતિમાન થયલું હોય તો તે જે કામ હાથમાં ઝાલે તે પાર પાડે. કરસનદાસની પછી રાજકોટ સંસ્થાનનું તથા લીંબડીનું કામ ચલાવનાર ગૃહસ્થ કેળવણી ખાતામાંથી આવ્યા, તથા વડોદરાના સર ટી. માધવરાવ અને તેમના પ્રાઇવેટ સેક્રેટરી વિનાયકરાવ પણ સ્કુલખાતામાંથી મદ્રાસ ઇલાકામાં રાજકાજપર આવ્યા હતા. ત્યાં યશથી કામ કરી વધારે મોટા કારભારે પામ્યા. એવા બીજા દાખલા પણ મળી શકે. પરંતુ આપણા કોઈ દેશી રાજ્યમાં મોટી ઉમરના રાજાના તાબાની નોકરી કરસનદાસને મળી હોત તો આટલી ફતે મળત કે નહિ એ વિશે શક રહે છે, કેમકે ત્યાં તો રાજાનું મન મનાવું જોઇએ, અને બીજી ખટપટો તો જૂદી. જૂના વિચારના રાજાની નોકરી નવી રાજ્ય રીતિના વિચારવાળાને કરવી મુસ્કેલ પડે છે, અને યથાયોગ્ય નથી થઈ શકતી તેનાં કારણ દેખાઇતાં છે.

પોલીસનો ધટતો બંદોબસ્ત રાખી, તથા વાજબી અને વેળાસર ન્યાય કરી પ્રજાના જાન માલનું રક્ષણ કરવું એ ઉપરાંત રાજ્ય ચલાવનારનો ધર્મ છે

કે રાજ્યમાં આબાદી વધે અને લોક સુખી થાય તેવા ઉપાય કરવા. કરસનદાસ મુળજીએ આ ઉપાય પણ કર્યા. રાજકોટની બહાર અને ઈંગ્લિશ સ્ટેશનની વચ્ચે પડું છે તેનો સુધારો વધારો કર્યો. પરામાં અનાજની માર્કેટનું, અને ગામમાં શાકભાજીની માર્કેટનું મકાન બંધાવ્યું. રાજકોટ અને સરધારમાં રીડિંગરૂમ એટલે વર્તમાન પત્રો વાંચવાની જગા કરી આપી. મારા, હાલ રાજકોટમાં રહેનારા, જે મિત્રથી મને આ સમાચાર મળ્યા છે તેણે એ રીડિંગરૂમોમાં પુસ્તકો મૂક્યાં છે કે નહિ તે લખ્યું નથી. રાજકોટમાં ગૂજરાતી નિશાળને માટે મકાન બંધાવ્યું, રાત્રે દીવા કરવાનાં ફાનસ મૂકાવી શેરીઓ અજાણ્યાને જડે માટે નાકે નાકે તેના નામનાં પાટીઆં લગાવ્યાં. રાજકોટ તાબાનાં મોટાં ગામોમાં નિશાળો મંડાવી, ને તે નિશાળોને સારૂ ઘર બંધાવ્યાં. તલ રાજકોટના કોઠારીઆને નાકે ધર્મશાળા ચણાવી. રાજકોટના ઠાકોર સાહેબની કેળવણી ઉપર ધ્યાન આપ્યું. ઐડુતોના કરમાં સુધારો કર્યો, ઇત્યાદિ. એમ ઇત્યાદિથી મારા મિત્રે અટકવું નહતું જોઇતું. તમામ હકીકત પ્રગટ થવી જોઇએ. રાજકોટ સંસ્થાનના દફ્તરમાં એમનાં લખાણ અને ઠરાવ હશે, પરંતુ તેના કોઈ ભાગનો ઉતારો મને મળી શક્યો નથી.

નઠારા આદમીને હાથ અમલ આવે છે ત્યારે તે પોતાનો સ્વાર્થ તાકી સરકારના કે રાજના વાહાલા થવાને રૈયતને રંજાડે છે. ઉપજ વધારવામાં, લોકની જમીન ખૂંચી લેવામાં, જમીનના દર ભારે બાંધવા વગેરેમાં અન્યાય કરી હોશીઆરી બતાવેછે, ને તેથી મોટે દરજ્જે તથા મોટે પગારે ચડેછે. પણ એવા નફટ કુતરાને ધિક્કાર છે! રૈયત તેને સદા ભાંડેછે, ને કકુવા દેછે. કરસનદાસે એમ કર્યું નહિ માટે ધન્યછે એને! કાયદાનો હેતુ અને સરકારની ઇચ્છા વાજબી કરવાની છતાં ચીબાવલા દુષ્ટ અધિકારીઓ લોકને નુકસાન કરેછે. કરસનદાસ તેવા નહતા.

રાજકાજના કામમાં રોકાયલા હતા તેવારે પણ એમણે વિદ્યાને અને દેશસુધારાની સભાને અને ગ્રંથો લખવાનાં કામને વિસાર્યાં નહિ. એક મિત્ર રાજકોટથી લખે છે કે,

"એમના અત્રે આવવાથી અત્રેની વિદ્યા ગુણ પ્રકાશક સભાએ ઘણો લાભ લેવા માંડ્યો. વળી એમના આવવાથી અત્રેના ગૃહસ્થોનાં બળમાં મોટો ઉમેરો થયો. સભામાં એમના આવતા અગાઉ એક ચોપાન્યું કહાડવાનો ઘણા

દિવસથી વિચાર ચાલતો હતો. તે વિચારને એમણે પુષ્ટી આપી અને એમનાં જાહેર લખાણના અનુભવથી અત્રેના સભાસદોના વિચારને એમણે તાજા કર્યા એટલુંજ નહીં પણ તેમાં નવું જીવન નાંખ્યું. ભોગીલાલભાઈ હતા તે વખતથી જે વિચાર ઉત્પન થએલો તે માત્ર એમનાજ આવ્યાથી બર આવ્યો. એ કામ એમના વિના થાત નહિ. તેમાં વળી દીલ્હીના શેઠ ઝવેરી શાદીરામ ૩૧૦૦૦)ની બક્ષીસ એ કામ ચાલુ કરવા મદદ દાખલ ખરચવા આપ્યાથી એ કામ ચાલુ થયું. એમ વિજ્ઞાન વિલાસનો જન્મ થયો. તેમાં કરસનદાસ પોતે, ઉત્તમરામ નરભેરામ, મણીશંકર જટાશંકર, નગીનદાસ ખીજભુખણદાસ અને જગન્નાથ ઇચ્છારામ એઓ મુખ્ય મદદગાર હતા. એ ચોપાન્યું સન ૧૮૬૮ના એપ્રિલ માસમાં શરૂ થયું. એ ચોપાન્યાંમાં એમનું લખાણ ઝાઝું આવ્યું નથી, કેમકે તેમના કામમાં તેમને ઝાઝો અવકાશ મળતો નહોતો. તોપણ એમણે નીચે લખેલા વિષયો લખ્યા છે—

૧ ૧લા પુસ્તકના ૧લા આંકમાં પ્રસ્તાવના.

૨ ૧લા પુસ્તકના ૩જા આંકમાં ગીરનારના રાજા રાહ દૈયાસની વારતાનો ઇંગ્રેજી તરજુમો પ્રકરણ ૧લું.

૩ એજ પુસ્તકના ચોથા આંકમાં રાજા રાહ દૈયાસની વારેતાનો અંગ્રેજી તરજુમો પ્રકરણ ૨જું.

૪ એ ચોપાન્યાના પુસ્તક ૧લાના આંક બીજાના પાને ૩૬થી ચાલું, કાઠીઆવાડના રાજા તથા તાલુકદારોની સભા વિશે.

એ વિના એમણે અત્રેની વિદ્યા ગુણ પ્રકાશક સભામાં બે ભાષણો આપ્યાં હતાં. તા. ૨૫મી જુન સન ૧૮૬૬ ને રોજ જ્યારે તેઓ પહેલવહેલા કીર્ટીજ સાહેબને મળવા આવ્યા ત્યારે ૧લું ભાષણ આપ્યું. એ ભાષણ વિશે ઉપર લખેલું છે.

૨જું ભાષણ તા. ૨૮મી એપ્રિલ સને ૧૮૬૮ ને રોજ કર્યું. રાજકુમાર કોલેજનું ખાત મુહુર્ત કર્યું તે સંધી ઉપર ઘણાક કારભારીઓ તથા રાજસ્થાનીઓ ભેગા થયા હતા. તેમની ૩૫૨ કાઠીઆવાડના રાજસ્થાનોમાં કયા કયા સુધારાની જરૂર છે તે, તથા કાઠીઆવાડના રાજા તથા તાલુકદારોની સભાની અગત્ય કહી હતી. આ વિષય વિજ્ઞાન વિલાસના પુસ્તક ૧લા ના આંક ૨ જા ના પાના ૩૬થી ચાલુ છપાયો છે.

એમણે વિદ્યા ગુણ પ્રકાશક સભામાં ઘણે પ્રસંગે આવીને નિબંધ અથવા ભાષણને લગતા વિચારો વખતે વખતે આપ્યા હતા. એક વખત એમણે એવી પણ સૂચના કરી હતી કે હમેશ નિબંધ તથા ભાષણ થયાને બદલે કાંઈ વિષય ઉપર ચરચા કરવી, અને તે વિષય અગાઉથી સર્વેને જાહેર કરવો. એ સૂચના પ્રમાણે કેટલીકવાર થયું પણ હતું.

વિજ્ઞાન વિલાસમાં પોતાનાથી તો થોડું લખાતું હતું; પણ ચોપાન્યું છપાવવાનો, ખપાવવાનો, મોકલવાનો વગેરે તપાસનો બંદોબસ્ત રાખતા હતા. લીંબડી ગયા પછી તો બીલકુલ અવકાશ નહિ મળવાથી લખી શકતા નહિ, તોપણ એમના દોસ્તદારોને ખાનગી કાગળ લખતા તેમાં નહિ લખી શકતા તેની દિલગીરી જણાવતા, ને એ ચોપાન્યું હમેશ ચાલે માટે તેમને ઉશ્કેરતા, ને તેને લગતી તપાસ રાખી હકીકત મગાવતા હતા.

એઓ વિદ્યા ગુણ પ્રકાશક સભાના મેમ્બર ને કન્યાશાળાની કમિટીના પ્રેસિડેન્ટ હતા.

એઓ જ્યારે સન ૧૮૭૦ ના મે માસમાં અત્રેથી લીંબડીની જગા ઉપર ગયા ત્યારે એમને વિજ્ઞાન વિલાસ ચોપાન્યાંની કમિટીના કેટલાક મેમ્બરો તથા કેટલાક મિત્રોએ હેતથી માનપત્ર આપ્યું હતું. તે વિજ્ઞાન વિલાસ ચોપાન્યાના બીજા પુસ્તકના બીજા આંકને પાને ૯૦ થી શરૂ થાય છે. તે સિવાય રાજકોટ ગામની વસ્તીએ પણ એમને એક માનપત્ર આપ્યું હતું.

એમની સાથે અત્રેના જૈન ને વૈષ્ણવ બંને વર્ગના વાણીઆઓ જમ્યા હતા. પ્રથમ કેટલાક જણાએ મેમાન તરીકે નોતરીને જમાડ્યા ને પછી નાતમાં જમાડ્યા. તેમજ એમણે કેટલાક મિત્રોને ખાનગી જમાડેલા, પણ નાત જમાડેલી નહિ. અત્રેના જૈન ને વૈષ્ણવ એક બીજાનું ખાવા પીવામાં હરકત લેતા નથી.

પોતાના મિત્રોને અને બીજા મળવા આવનારાઓને પ્રસંગોપાત નીતિ, સંપ, ને ઉદ્યોગ કરવા વિશે વારંવાર સલાહ આપતા હતા.

એમનો અત્રેનો પોશાક પારસીસાઈ પાઘડી, પાટલુન, કોટ, બૂટ, ને સ્ટોકીંગનો હતો. દુપટો રાખતા નહિ.

દારૂથી દેશની ખરાબી થાયછે માટે તિરસ્કાર હતો, વટાળ જાણીને નહિ. તેમજ બ્રાહ્મણોના વ્યભિચારને ધિક્કારતા હતા. લંડનમાં નઠારી સ્ત્રીઓ રૂપી ભૂત

બળગે નહિ માટે હમેશાં ચાલતી વખત દોડતા જતા હતા. તેમજ જ્યારે વિલાયત જતી વખત રસોઈઆો જોઇતો હતો તેવારે એક આદમી ૩૫૦૦) માટે આવવાને ખુશી હતો; પણ તે બ્યભિચારી છે એવું તેમને તેમના એક દોસ્તે જણાવ્યાથી તેને પડતો મૂકી બીજા રસોઈઆને ૩૮૦૦) આપવા કરીને લેઈ ગયા હતા. એટલો એમને બ્યભિચારનો ધિક્કાર હતો.

લીંબડીમાં મરવાનો વખત આવ્યો ત્યારે ત્યાંના ડાક્ટરને બોલાવીને કહ્યું કે "જો હું મરી જાઉં તો મારી વતી મારી નાત વાળાઓને કહેજો કે મેં મારી નાતને માઠું લાગે તેવું કાંઈ કહ્યું કે કર્યું નથી. તેમ છતાં જો તેમને મારી વર્તણુક તેવી લાગી હોય તો તેમની હું માફ માગુંછું. પણ તે સાથ ડાક્ટરને કહ્યું હતું કે જો હું જીવું તો આ વાત કોઇને કાંઈ કરવી નહિ. આ બાબત મને રા. મણીશંકરભાઇએ કહી હતી. પણ તે ડાક્ટરને પૂછ્યા વિના બહાર પાડવી એ સારૂં નહિ એમ તેમનું કહેવું હતું.

કરસનદાસ જન્મ્યા ત્યારથી સન ૧૮૬૧ સુધીની એક જણાએ કવિતા કરેલી છે. પણ તેમાં બહુ રસ નથી, અને તેમાંથી ઘણી ખબર મળે તેમ નથી, એટલે નકામી જાણી લખતો નથી. એના વિશે સન ૧૮૬૦ ના રાસ્ત ગોફતારમાં ને એના પછીના રાસ્ત ગોફતારમાં સઘળી હકીકત છપાએલી છે. અત્રેની ખબર આથી વધારે મળે તેમ નથી".

જેમ અમદાવાદના શ્રાવક વાણીઆએ વિલાયત જઈ આવનાર કરસનદાસ જોડે ભોજન વહેવાર કર્યો તેમ રાજકોટના શ્રાવકોએ પણ કર્યો એટલુંજ નહિ પણ ત્યાંના મેશ્રી અને વૈષ્ણવ વાણીઆ મહાજને વેહેમ તજી મુંબાઇના કપોળને છક્કડ મારી, અને કપોળના શેઠીઆથી દબાયલા વાણીઆને પાછળ મૂકી દુનિયામાં માન મેળવ્યું. રાજકોટના મહાજનના શેઠ આ બાબતમાં ખરેખરા મહાજન સિંહ થયા. કરસનદાસને જ્ઞાત બહાર મૂકનારા મુંબઇના નામના મહાજન પણ વાસ્તવિક અલ્પજનને કપાળે તેમણે કાજળનો ચાંલ્લો કર્યો. જે મોટા દીલના વાણીઆ, શ્રાવક અને વૈષ્ણવ, રૂડા કરસનદાસ મુળજીને મોટા વરામાં તેડી ગયા, જેમણે તેમને પંગતમાં ફેરવ્યા, અને પોતાની પાસે અને હારે બેસાડી જમાડ્યા તેઓનાં પ્રતાપિ નામ આ પુસ્તકમાં પ્રગટ થવાં જોઇએ. હાલ તે મારી કને નથી પણ પાછળથી મળશે તો બીજી આવૃત્તિમાં દાખલ કરીશ. રાજકોટના મહાજને કરસનદાસને જ્ઞાતમાં દાખલ કર્યા એટલુંજ નહિ પણ પો-

તાને ઘેર પણ જમવા તેડતા, અને તેમને ઘેર જમવા જતા. ધન્ય છે તેમને!

મોટાઇ અને હકુમત મળવાથી છાલકા આદમીની પેઠે કરસનદાસ ફૂલાઇ ગયા ન હતા. જેમ દિવસ જતા ગયા તેમ તેના દોસ્તદારોની સંખ્યા વધતી ગઈ. સ્નેહીઓ જોડે મુલાકાતમાં સુનીતિ, સંપ, ઉદ્યોગ, વિદ્યાદિ સારા વિષયો સંબંધી માત્ર વાતચિત કરતા. બહારના દેખાવથી નહિ પણ સદાચરણથી લોકને રાજી કરતા. મુંબાઇનો પોશાક બદલ્યો નહતો. પારસીસાઇ પાઘડી, પાટલૂન, ડગલો ને બૂટ મોજાં પહેરતા, અને દુપટ્ટો રાખતા નહિ. ગુણ અવગુણ તો માણસમાં છે, પોશાકમાં નથી, એ વાતની થોડા કાળમાં રૈયતની ખાતરી થઇ.

દારૂથી દેશની ખરાબી થાયછે માટે તે વિશે એમનો તિરસ્કાર હતો. એમાં વટાળ જાણીને નહિ, પણ એના નિશાથી પીનારને માઠાં ફળ થાયછે માટે તે ના પીવાનો ઉપદેશ કરતા. બ્યભિચારનો ધિક્કાર કેટલો બધો હતો તે જણાવવાને રાજકોટમાં એમણે કહેલું કે લંડનમાં રાત્રે નઠારી સ્ત્રીઓ રસ્તામાં વળગે નહિ માટે તેવીઓને દેખી દોડી જતા. વિલાયત જતી વખતે એક રસોઇઓ એમની જોડે ૩૫૦) માટે જવાને ખુશી હતો, પણ તે બ્યભિચારી છે એવું માલમ પડવાથી તેને પડતો મૂકી બીજો ૩૮૦) માગતો હતો તેને રાખ્યો. વલ્લભી મહારાજોની સામા થવાનું મૂળ કારણ, મને લાગે છે કે, જાર કર્મનો અંતઃકરણથી જબરો ધિક્કાર એ હતું.

ઘણાક મુનસફ, મામલતદાર, વગેરે દેશી અમલદારોને પૂછીએ કે તમે કાયદા અને કેસોના રિપોર્ટો સિવાય કોઇ વિદ્યા, હુનર, ઇતિહાસ વગેરેનાં પુસ્તકો વાંચોછો કે નહિ? તો ઉત્તર એ મળે છે કે વાંચવાની ફુરસદ જરાએ મળતી નથી; કચેરીમાં અને ઘેર સરકારી કામ પૂરૂં થતું નથી તો વાંચવાનો વખત ક્યાંથી મળે. દેશી સંસ્થાનોના કારભારીઓ પણ એવોજ જવાબ દે છે. તેમને વધારે એટલું કે કાયદા અને હાઇ કોર્ટના ફેસલા વાંચવાનું પણ નહિ. એમ વખતની તંગાસનું બાનું ખરૂં છે કે ખોટું તેની તપાસ કરીશું તો માલમ પડશે કે એ તંગાસ તેમનાં કામથી ઉત્પન્ન નથી થતી; પણ કામ કરવાની ઝડપ અને જુગ્તિ ન હોવાથી, રસળવાની ને વાતોના તડાકા મારવાની ટેવ હોવાથી ઘણો વખત વ્યર્થ જાયછે, અને વાંચવાનો શોખ ન હોવાથી એ વાત તેમના લક્ષમાં આવતી નથી. નાનામોટા યુરોપી અધિકારીઓને નિત્ય

ગ્રંથો વાંચ્યા વગર ચાલે નહિ. જેમ રોજ જમવાની જરૂર છે તેમ વાંચવાની જરૂર છે. એ વાત કહેતાં દેશી અધિકારીઓ ઉથલો વાળે છે કે સાહેબ લોક ઘણી છે, નજરમાં આવે એટલું કામ કરે ને બાકીનું રહેવા દે. આ કહેવું બધાને માટે બરૂં નથી. કોઇક એવા હોયછે, પણ ઘણાને તો કામ ઘણું હોયછે, અને તે બધું પૂરૂં કરેછે. ઇંગ્લાંડમાં તો એ કહેવું કોઇને લાગુ પડે નહિ. ત્યાં કાંઇ એવો સાહેબ નથી. પુસ્તકો વાંચવાં અને લખવાં એ પોતાની ઇચ્છા ઉપર છે. ઇંગ્લાંડના મોટા વજીરાદિની કામ કરવામાં ચાલાકિ અને ઉદ્યમ આપણે આશ્ચર્ય પમાડે તેવા છે. એમના વેપારીઓ પણ તેવાજ છે. તો પણ તેઓ કેટલું બધું વાંચે છે! કોઇક મોટા ગ્રંથકાર હોય છે. કરસનદાસ મુળજીએ દેખાડી આપ્યું કે રાજકાજમાં રોકાયા છતાં પુસ્તકો વાંચી શકાય, અને વાંચવાં જોઇએ એટલુંજ નહિ પણ બુદ્ધિમાન અધિકારીઓ ચાહેતો ગ્રંથો રચી પણ શકે. રાજકોટ સંસ્થાનનો કારભાર ચલાવ્યો, ભાષણો આપ્યાં, વિજ્ઞાનવિલાસને માટે વિષયો લખ્યા, અને તે સર્વની જોડે બે ચોપડીઓ પ્રગટ કરી. સને ૧૮૬૯ના જનેવારી માસની ૭મી તારીએ "પાખંડ ધર્મ ખંડન નાટક" અને "સંસારસુખ" નામે બે પુસ્તકોની પ્રસ્તાવના લખી. એ ગ્રંથો એજ વરસમાં મુંબાઇમાં છપાવી પ્રગટ કર્યા.

"પાખંડધર્મ ખંડન નાટક"—કરસનદાસને હાથ એ પુસ્તક આવવાથી મહારાજ લૈબલ કેસમાં દાખલ કર્યું હતું. રેવાકાંઠે રહેનાર કોઇ દામોદરભટ નામે બ્રાહ્મણે સંવત ૧૬૯૩માં એ પુસ્તક સંસ્કૃત ભાષામાં રચ્યું હતું. નર્મદાને તીરે ઘણાં ગામ છે તેમાંના કયા ગામનો વતની ગ્રંથ કર્તા હતો તે એ પરથી જણાતું નથી. ભાષામાં ભૂલો ઘણી છે. દામોદરભટ અવલોકન કરનાર હતો એતો સ્પષ્ટ દીસેછે, તથાપિ નાટક રચવાની મનશકિત જોઇએ તેવી તેણે દેખાડી નથી. ઘણીક જગાએ નકામું ટાયલું એટલું છે કે વાંચનારને કંટાળો આવે. એ લખનાર વેદ ધર્મનો પક્ષકાર હતો. બૌદ્ધ, જૈન, મધ્વ, વલ્લભ વગેરે વેદથી જૂદા પડેલા માર્ગોનો તિરસ્કાર ટૂંકામાં બતાવી વલ્લભાચાર્ય પંથની અનીતિનું નાટક બનાવ્યું છે. જેવું આજે આપણે જોઇએ છીએ તેવું એ દામોદરભટે ૨૪૦) વરસ પર દીઠું હતું એમ એ નાટક પરથી જણાય છે! કરસનદાસે આ પુસ્તકનું ભાષાંતર કરાવી તે ઉપર પ્રસ્તાવના લખી, તેને છપાવી પ્રગટ કર્યું. કેટલોક ભાગ મૂકી દીધો છે, પણ મૂળ હસ્ત

લેખ મુંબાઇની નેટિવ જનરલ લૈબ્રેરીમાં મૂકી જેને વાંચવો હોય તેને મળી શકે તેવી ગોઠવણ કરી છે.

"સંસારસુખ"—સ્ત્રીબોધ નામે માસિક ગ્રંથમાં સ્ત્રીઓને શિખામણને માટે કરસનદાસે વિષયો લખ્યા હતા તેઓને સુધારી વધારી, તથા તેમાંના કલ્પિત નામ ફેરવી આ પુસ્તકમાં ગોઠવ્યા છે. પ્રથમ સને ૧૮૬૦માં એ પુસ્તક એમણે પ્રગટ કર્યું. ૧લી આવૃત્તિ ખપી ગયાથી એમાં સુધારો કરી બીજી આવૃત્તિ છપાવી. એમાં ૪૭ પાઠ છે. કરસનદાસને મુંબઇના વાણીઆનો અનુભવ વધારે હતો. મુંબઇની વાણીઆ જાતિઓમાં અને વિશેષે કરીને પોતાની કપોળ જાતિમાં બનતા બનાવોનું અવલોકન કરી, તેઓની સંસારી હાલત સુધારવાને સારી સૂચના કરીછે. સુનીતિની શિખામણ આ ચોપડીમાં દીધી છે તે આ દેશની હરકોઇ જાતનાં કુટુંબે ધ્યાનમાં લેવા જોગ છે. નરી શિખામણ ગમે એવી ઉપયોગી અને સરસ હોય પણ વિરસ લાગે છે; એ માટે કરસનદાસે રસિક કહાણીઓ ને શિખામણને લાગુ પડે તેવાં દૃષ્ટાંત ઉમેર્યા છે, તેથી આ ચોપડી વાંચવી ગમે છે. એ દૃષ્ટાંતો કેવળ કલ્પિત છે તથાપિ ઘણી સાસુને, ઘણા જમાઇને, ઘણી વહુને, ઘણી નણંદને, ઘણા બાપને, ઘણી બાયડીઓને અને ઘણાક ભાયડાને લાગુ પડે તેવાં છે. વાંચનારને એમ ભાસે કે આપણી જાતની કે પડોશમાંની ફલાણી કે ફલાણા ઉપર આ લખ્યું છે. આતો નામ ઠામ બદલીને અમારા ઉપર જોડયું છે એવું કેટલાકે માન્યું હશે. ઘેરઘેર માટીના ચૂલા હોય તેમાંના એકનું વર્ણન કર્યું તે બધાને થોડું ઘણું લાગુ પડે. તેમ એક કલ્પિત કુઆડનું, આળસુ કુંભારજાતનું, કે બૂંડી સાસુનું, જુલમી અભાગ્યા જમાઇનું, કે વઢકણી વહુનું, કે પ્યાજી નણંદનું, કે કજોડાનું, કે ફૂલણજીનું, કે વહેમી મૂર્ખનું રૂપ બતાવવાથી તે હરકોઇ તેવાને થોડો ફેર બાદ કરતાં બેસતું આવે. કરસનદાસે ઘણાક ઉદાહરણ એવા ઘાટમાં આપ્યાં છે. જેમ કે ૬૬મે પાને પ્રેમકોરબાઇની સાસુનો દાખલો લઇએ. નાગરદાસનામે સાહુકારને પ્રેમકોરનામે દીકરી હતી. એની ન્યાતમાં વીસરામ નામે કણીઓ હતો, તેના તાપીદાસ નામે દીકરા વેરે તેને પરણાવી. વર નાની ઉમરનો હતો. લગ્ન થયા પછી ભણવું છોડી તે પોતાના બાપની દુકાને બેઠો. સાસુ તેજીબાઇને આ પ્રેમકોર નામે લુંડી મળી. પ્રેમકોરને પિયેર નોકરચાકર હતા; સાસરે હાથે કામ કરવાનું હતું. સાસુનાં મહેણાં ચાલ્યાં ને જુલમ શરૂ થયો.

પ્રેમકોર માંદી થાય તો કહેશે ઢોંગ કરેછે. સાસુના ચડાવવાથી એવાકૂ વર તેને ઠોકે. વરવાઢ અને કજીઆ ચાલ્યા. પ્રેમકોરનો બાપ પાંચ સાત હજારનું ધરેણું જમાઇને આપેતો લડાઈ પતાવવી એવી ઇચ્છા તેજીબાઇની જણાઇ. બીજા વચમાં પડી પતાવે ત્યારે થોડી વખત જેમ તેમ ચાલે ને વળી પાછી લડાઇ ઉઠાવે. જેને કજીઓ કરવો હોય તેને કજીઆનું બાનુ સહજ જડે છે. આ વાત થોડા ફેરથી ઘણી સાસુને, અને ઘણા જમાઇને લાગુ પડે. થોડા ફેરફારથી એટલે તેજીબાઇને બદલે સાસુનું નામ ગંગા કે રામકોર કે કાંઇ બીજું હોય. પાંચ હજારને બદલે પાંચશે માગે, કે બે હજાર માગે, કે કોઇને કાંઇ બીજી તકરાર હોય. સાસુની શિખવણીથી વરે જેમ આ વાતમાં કર્યું તેમ આપણા દેશમાં સેંકડો ને હજારો વર કરેછે. વહેવાઇઓમાં, અને સાસુ વહુની વચ્ચે અનેક જાતના કજીઆ બ્રાહ્મણ, વાણીઆ, કણબી વગેરે નાતોમાં જોવામાં આવે છે. બધા એવા ન હોય, અવસ્થા ફેર હોય. પરંતુ આને નમુનાનો દાખલો ગણી શકાય. વર જાણે રાણીનો સાળો હોય તેમ હુકમ કરેછે. વહુ પણ વખતે એવી ભૂંડી હોય કે બધાને પૂરી પડે ને પીડે. તેમજ કુંવરબાઇનો વહેમ, કુટુંબમાં કલેશ, દેરાણી જેઠાણીનો ટંટો, જમના વહુની વાત, પડોશણ વચ્ચે કજીઓ, વગેરે જે દૃષ્ટાંતો આ પુસ્તકમાં લખ્યાં છે તે વાંચવાનું તથા તે ઉપર વિચાર કરવાનું આપણી સ્ત્રીઓથી બને તો દેશમાં સુખનો વધારો થાય. એ દાખલા કલ્પિત છે તથાપિ આપણા દેશમાં એવા ઘણા જોવામાં આવે છે, માટે આ ગ્રંથ બહુ કામનો છે.

પ્રકરણ ૧૨ મું.

રાજકોટની પ્રજાનું માનપત્ર. લીંબડીમાં બદલી. નિબંધમાળા. વિધવા બાઈ ધનકોરનાં પુનર્લગ્ન. કરસનદાસનું મૃત્યુ. કુટુંબ. નામનાને માટે ફંડ. વિચાર.

જેમ રાજકોટમાં બાળ રાજા હોવાથી તેનો કારભાર ઉપરી સરકારે હાથમાં લીધો હતો તેમ લીંબડી સંસ્થાનમાં પણ થયું હતું. ઇંગ્રેજ સરકારની તરફથી લીંબડીનું કામ ચલાવનાર કારભારીની બદલી થવાથી તે જગા ખાલી પડી. એનો પગાર વધારે હોવાથી સરકારે કરસનદાસને તે આપી. આ વાત જાણી રાજકોટ સંસ્થાનના રૈયત દલગીર થઈ. તેમની વતી તેમના આગેવા-

નોએ કરસનદાસને જતી વેળા માનપત્ર આપ્યું. એ ઉપર ૧૦૫ સહીઓ છે. એ પત્રમાં કરસનદાસના જવાથી નાખુશી થઈ તે દર્શાવી તેનાં સુકૃત્યો જણાવ્યાં છે.

સને ૧૮૭૦ ના એપ્રિલ માસની ૨૭ મી તારીખે રાજકોટ સંસ્થાનનો કારભાર છોડી કરસનદાસ લીંબડી સિધાવ્યા. આ સંસ્થાનમાં એમનાં કરેલાં કામની પૂરી હકીકત મને મળી નહિ. પરંતુ એટલું કહી શકાય છે કે અહીં પણ એમણે રાજ્યનો બંદોબસ્ત, ઈન્સાફ, અને સુધારો કરવામાં બની શકે તેટલી કાળજી રાખીને મહેનત કરી, અને લોકપ્રિય થયા. લીંબડીમાં વસનાર એક પુરૂષ એમના વિશે નિચે પ્રમાણે લખે છે—

"કરસનદાસનો સ્વભાવ બહુજ દયાળુ હતો. એકવાર એક અપરાધીને પચ્ચીસ ફટકા મારવાનો હુકમ કરસનદાસે કીધો હતો. કેદીને થયેલી સજા અમલમાં આણવા તુરંગની જગો પર લઇ ગયા. કેદી નબળાં બાંધાનો અને ધરડો હોવાથી[1] ફટકાના મારે રડવા લાગ્યો. એટલામાં કરસનદાસ ઘોડાગાડીમાં બેસીને તેજ રસ્તે પસાર થયા. તેમનાથી આ કેદીનું રૂદન સાંખી નહિ શકાયાથી તુરત તેને માફી બક્ષી છોડી મૂક્યો હતો.[2] એક વાર સાંજના કોરટમાંથી પોતાને બંગલે ગાડીમાં બેસીને જતા હતા. તેવામાં એક બુઢી બોરત મારગમાં ઘોડાગાડી અટકાવીને ગાડીની સામા આવી ઉભી રહી. સિપાઇઓએ ધકા મારીને તે ડોશીને દુર કરવા માંડી એટલે કરસનદાસે તરત તેમ કરતાં સિપાઇઓને અટકાવી તે ડોશીને પોતાની પાસે બોલાવી ધીરજથી તમામ હકીકત સાંભળી લીધી; પછી તે બાઇને સમજાવી દિલાસો આપીને કહ્યું કે તેણીએ કોરટના વખતે આવી અરજ ગુજારવી, કે તુરત તેપર ધ્યાન આપવામાં આવશે. પછી તે ડોશી આશીરવાદ દેતી પોતાને મારગે ચાલી ગઇ. આટલા વખત સુધી બી. કરસનદાસ બજારમાં ગાડીમાંજ અટક્યા હતા. આ તમાસો જોનારા માણસોએ ખુશાલીનો પોકાર ઉઠાવી કરસનદાસ પર પ્યાર બતાવ્યો હતો.

કરસનદાસજીને એકાંત વાસ બહુ ગમતો હતો. પોતાને રહેવાનું મકાન

૧એ વાત સજા કરતા પહેલાં ધ્યાનમાં લેવી જોઇતી હતી. ૨ જીલ્લામાં સજા કરનારને તે સજા ફેરવવાનો અધિકાર નથી.

શહેર બહાર એક ખુશનુમા બગીચામાં હતું. ત્યાં એકાંત બેસવાને સારૂ એક ભભકાદાર બંગલી બંધાવી હતી. તે મહેલને જોડી દીધી હતી. તે બંગલીના માળ પર એકાંત ઓરડામાં પોતે ઘણીખરી વાર બેસી રહેતા હતા. ઝાઝીવાર તેઓ ત્યાં કને બેસીને પુસ્તકો રચવાનું, સ્ત્રીબોધ વિગેરે ચોપાન્યાંમાં વિષયો લખવાનું, વિચાર કરવા વિગેરે બાનગી કામ કરતા હતા. કોરટમાં પણ કલાક બે કલાક પોતે બાનગી દીવાનખાનામાં બેસતા હતા. તેમને માણસોના ધોંધાટથી અડચણ ન થાય તેટલા સારૂ નિચે પોલીસની ચોકી રાખતા હતા, જે ગાડાં તથા માણસોને વધારે બોલતા અટકાવતા હતા.

કોરટમાં વાદી અને પ્રતિવાદી બંનેને ઘરબેઠે પાર પાડવાને સમજુતી આપતા હતા. જરા જરામાં અદાલતોમાં લડવાથી બંનેને નુકશાન જાયછે, એમ જાહેરમાં બોલતા હતા.

કોરટમાં બેઅદબી બોલવાથી એક વાણીઆને રૂપીઆ દશનો દંડ કીધો હતો; પરંતુ તે શખ્સ ગરીબ હતો તેથી દંડ પાછો આપવા માંડ્યો. ત્યારે તે વાણીઆએ આગ્રથી સાહેબને કહ્યું કે 'ના સાહેબ રૂપીઆ (દંડના) હું કદાપી પાછા લેનાર નથી. આપ જેવા મહાન પુરૂષે દશ રૂપિઆનું વચન નાંખ્યું, ને હું તે રૂપિઆ પાછા રાખું! નાના સાહેબ આમ કદાપી બનનાર નથી. જો આ દશ રૂપિઆ ન રાખો તો તમને મારા સમછે.' પછી કરસનદાસે તેના વકીલ મારફતે સમજાવી દંડ પાછો આપ્યો ને તે શખ્સની ભોળાઇ ઉપરથી હસ્યા.

કરસનદાસની સાથે ઠાકોર સાહેબને એટલી તો દોસ્તી હતી કે ઘણી વાર સુધી કોરટમાં બેસાડીને ઠાકોર સાહેબને કોરટનું કામ સમજાવતા હતા. લોકો આજ કહેછે કે જો કરસનદાસ જીવતા હોત તો કયારનું રાજ ઠાકોર સાહેબને સોંપાવ્યું હોત ને વિલાયત સુધી ઠાકોરને જવાની જરૂર ન પડત.

લીંબડી તાબાના "પચ્છમ" ગામના લોકોએ એક ફંડ કરી કરસનદાસના નામ ઉપરથી "કરસનદાસ લાયબ્રેરી" નામની એક પુસ્તકશાળા સ્થાપવા રજા માગી. કરસનદાસે આ બાબત ઉપકાર માની પોતાના નામને બદલે "નેટીવ લાયબ્રેરી" રાખવાને કહ્યું. આ ઉપરથી નક્કી થાયછે કે કરસનદાસ વધારે માન લેવાને નહિ ચહાતા હતા.

કરસનદાસ ગુસાંઇ મહારાજની હવેલીમાં ઘણી વાર જતા હતા. એક વાર પોતે ગયા ત્યારે દરશન બંધ હતાં. પુજારીઓએ ગાદી નાંખી બેસવા

વિનંતી કીધી. ત્યારે કરસનદાસે તેમ કરવાને ના પાડી અને દરશન કરી પાછા વળ્યા. સાંભળ્યા પ્રમાણે અત્રેની મહારાજાની હવેલીના એક લીસ્ટમાં કરસનદાસે એક રકમ ભરી હતી, ને તે વખતે કહ્યું કે, મહારાજાની સાથે મારે કાંઇ પણ વેર નથી. હુંતો તેમનો મુમેચ્છક છું.

એક વાર પોતાને બંગલે "એક પરદેશી માણભટ આવ્યો હતો તેને બોલાવી એક રાત કથા મંડાવી હતી. પ્રસંગે તેને મહાભારતમાંથી પદ્મ પુછતા હતા. તે ભટને પચાશ સાઠ રૂપિઆ કરી આપ્યા.

કેળવણી ખાતામાં પણ તે અચ્છી કોશીશ કરતા. અત્રેની એંગ્લો વર્નાકયુલર સ્કુલના મકાનમાં તારીખ ૨૨મી જાન્યુઆરી સને ૧૮૭૦ની સાંજના ચાર વાગતાં દીકરીઓનો એક મેલાવડો કરી પરીક્ષા લઇને પોતા તરફથી ઓઢણાં કાપડીઓ વિગેરેનું ઇનામ વેંચ્યું હતું.

સન ૧૮૭૦ ની તા.૨૬મી જુને તેમને અત્રેની પુસ્તકશાળાના ઓનરરી પ્રેસિડેન્ટ નીમવામાં આવ્યા હતા. તારીખ ૧૫ જાન્યુઆરી ૧૮૭૧ના સાંજના સાડાચાર વાગે એંગ્લો વર્નાકયુલર સ્કુલના મકાનમાં પુસ્તકશાળાની બાબતની બેઠકમાં કરસનદાસજીએ પુસ્તકશાળાની આપણા ભરતખંડમાં કેટલી અગત્ય છે તે બાબત ભાષણ કીધું હતું. એ વખતે અત્રેના ઠાકોર સાહેબ પણ હતા.

અત્રેની લાઇબ્રેરીમાં એમણે કીમતી બક્ષીશ કીધી છે. ઘણા પુસ્તકોનો ભાગ એમના તરફથી મળ્યો છે. પોતાના આનગી ન્યુશપેપરો આપતા તથા લાઇબ્રેરીના "પેટરન" હતા.

મ્યુનિસીપાલ ખાતું એમના વખતમાં ઉદય પામ્યું છે. ઠેકાણે ઠેકાણે વિલાયતી નકસીદાર રંગીત થાંભલામાં આઠ બાપના ભભકાદાર ફાનસમાં કેરોસીનથી રોશની થતી હતી. કર, જગાત કાંઇ પણ વધારે નહિ હતા.

સંદેશા મોકલવાને લીંબડીથી સાતગાઉ વઢવાણ જવું પડતું હતું, (લોકોને), સમય અત્રે તારઓફીસ નહિ હતી. તે પરથી અત્રે એક તારઓફીશ બંધાવી આપી. વઢવાણથી લીંબડી સુધી તાર લાવવાની સરકારે મંજુરી આપી. (આજે તો ઠેઠ ધોલેરા સુધી તારલાઇન ગયેલી છે.) તે શિવાય પોસ્ટ ઓફીશ અને સિપાઇઓને સારૂ શેહેરમાં વિલાયતી ફેશનની ગેટો બંધાવી આપી હતી. કારણ-ચોર,લુચ્ચા ને ગંઠીયા વિગેરેનો જાપતો રાખવાને પોલીશથી વધારે બની આવે. આ શિવાય ઠાકોર સાહેબને વાસ્તે એક સુશોભિત મે-

હેલ બંધાવી દીધો છે. એ એવો તો ભભકાદાર અને પેરીસની ઇમારતની ઢબથી બાંધ્યો છે કે તે ઘણો સરસ લાગે છે. આ ઉપરથી જણાય છે કે ભાઇ કરસનદાસને વિલાયતી રોનકવાળી ઇમારતો બંધાવવાનો શોખ બહુ હતો. શહેરના એક ભાગમાંથી પચાસ સાઠ હાટ પડાવી નાંખ્યાં હતાં. કારણ તે ઠેકાણે તેમનો વિચાર એક સુંદર મારકીટ બંધાવવાનો હતો. ને તે બાબતનો "પ્લાન" (નકશો) પણ તૈયાર કરાવ્યો હતો. પરંતુ માઠા ભાગ્યે તેમનું અકસ્માત મૃત્યું થવાથી તે કામ અટકી પડયું.

રાજકોટના વાણીઆએ જેમ કરસનદાસને ન્યાતમાં લીધા હતા, તેમજ અત્રેના શ્રાવક વાણીઆએ ન્યાતમાં લીધા હતા. અત્રેના સંઘવીના કુટુંબમાં વિવા હોવાથી એક વાર જમવા આવ્યા હતા. તે વખતે મેશ્રીનો રીતે નાહી પીતાંબર પેહેરીને દેશી રીવાજ મુજબ પાટલા પર થાળી મેલીને ઘણા વાણીઆઓ સાથે જમ્યા હતા.

શેઠ કરસનદાસ પોતાના બગીચામાં સવારસાંજ એક દ્રાક્ષના માંડવાની કરેલી બેઠક નિચે પોતાની સ્ત્રી તથા છોકરાંઓ સાથે સુંદર રંગીત બેંચ ઉપર બેસતા હતા. તેવા બાનગી વખતમાં પણ ચોપડી અથવા વર્તમાનપત્ર હાથમાંથી મેલતા નહિ હતા.

જ્યારે આપણે તેમના મકાનમાં જઇએ ત્યારે કાંતો પુસ્તકો ગોઠવતા કે પુસ્તકો લખતા અથવા એકાગ્રચીત્તે ચોપડી ચોપાનિયાં વાંચતાં તેમને જોઇશું.

ગૃહસ્થપણાનો વિચાર તેમને જોયાથી તરત આવતો હતો. ઠેઠ મુંબાઇથી ડાક રસ્તે લુગડાં ધોવરાવીને મંગાવતા તથા એવા વિગેરે જે અત્રે નહિ મળે તેવી ચીજ પણ એટલે છેટેથી મંગાવતા હતા.

જ્યારે પોતે માંદા પડ્યા ત્યારે દેશી તેમજ ઇંગ્રેજી શિખેલા વૈદોની સલાહ લેતા હતા. હરપનો રોગ ભયંકર ગણાતો નથી તેથી ભાઈ કરસનદાસના મનમાં પણ હું અચાનક મરણ પામીશ એમ નહિ હતું.

મરવાની બે કલાક અગાઉ અત્રેના દાકતર જે પારસી છે તેને તથા બીજા પોતાના મિત્રોને પાસે બોલાવી કહ્યું કે ' ભાઈ મારા મરણની ક્રીયા મારા કુટુંબીઓ જે પ્રમાણે કરવા માગે તે પ્રમાણે કરવામાં નમ. વાંધો લેશો માં. મારે ગુસાંઈ મહારાજોની તથા વૈષ્ણવોની સાથે કાંઈ

પણ વેર નથી. મેં ફક્ત તેમના અને વૈષ્ણવ ધર્મ (વલ્લભી) ના ભલા સારૂ, અને સુધારા સારૂ આટલી તનમને રંજ ખેંચી છે. તેને બદલે એ લોકોએ મને સંતાપવામાં કાંઇ પણ બાકી રાખી નથી. આ તેમના અપકાર માટે હું તેમને માફી આપું છઉં, તથા મારા અંતઃકરણમાં કાંઈ પણ લાવતો નથી. મારા મરણ પછવાડે તમે આ જાહેર કરજો.'

તા. ૨૮ અગસ્ટ ૧૮૭૧ના સવારના નવ વાગે ભાઈ કરસનદાસ સ્વર્ગવાસી થયા. આ વખતે લીંબડીના લોકો, હિંદુ મુશલમીન વિગરે તમામ જાતના, ઘણાજ ઉદાશ થયા હતા. જાણે પોતાનું પાસેનું એક સગુ ગુજરી ગયું હોયની! આશરે ત્રણ હજાર માણસો પાયદસ્તે ગયા હતા. તે દિવસે તમામ શહેરમાં હડતાળ પાડવામાં આવી હતી. તમામ ઠેકાણે બેચેની પથરાઇ હતી. લોકોએ શોકનો પોશાક પહેર્યો હતો. સ્ત્રી પુરૂષોનાં ટોળાં મળીને તેમની તારીફ તથા દીલગીરી કરતા હતા. (આ અતિશયોકિત નથી.)

આજ પણ તેમનાપર એટલોજ પ્યાર બતાવેછે. એક નહાના છોકરાને પુછશો તે પણ તેને સંભારતા જણાશે."

રાજકાજ અને ઇન્સાફને જોઇતો વખત આપ્યા કેડે બાકીનો કાળ ખુશામતીઆનાં જૂઠાં વખાણ સાંભળવામાં, ગપ્પા મારવામાં, અને આળસમાં ગુમાવ્યાને બદલે પુસ્તકો વાંચવામાં કરસનદાસ કાઢતા એ ઉપલા સાક્ષીથી જણાય છે. અજ્ઞાન રાજા અજ્ઞાન બાવાસોની સોબતથી બરાબ થાયછે, તેમ વખાણના અને ધનના લોભી કારભારીઓ ખુશામતીઆ અને લાંચીઆના સંગથી બગડે છે. એમની મુલાકત અને વાતોનું યથાર્થ વર્ણન લખાય તો બેશક રમુજી તથાપિ પરિણામે બેદકારક લાગે. પોતાની નવરાસનો વખત કરસનદાસે લોકને ઉપયોગી થાય તેવા કામમાં ગાળ્યો. એ વેળામાં તેણે "નિબંધમાળા" નામે પોતાના છેલ્લા પુસ્તકની ગોઠવણ કરી. આ ચોપડીની પ્રસ્તાવના એમણે લીંબડી મધે સને ૧૮૭૦ના નવેમ્બર માસમાં લખી તે પરથી, તથા એના નામ પૃષ્ટ ઉપરથી જણાય છે કે આ પહેલો ભાગ હતો. બીજો ભાગ મને મળ્યો નથી. હું ધારૂંછું કે એકાએક મૃત્યુ થવાથી તે કરવાનો એમને વખત મળ્યો નહિ. પાછલા વખતમાં એમણે વર્તમાન પત્રોમાં, અને માસિક ગ્રંથોમાં, અને ચોપાનિયાંમાં લખાણ કરેલાં તેમાંથી તારવી કાઢી અને સુધારી જેમ "સંસાર સુધા" અને "કુટુંબ મિત્ર" પ્રગટ કર્યા તેમજ આ "નિબંધ-

માળા" કરી. "વર્ત્તમાનપત્રોમાં કરેલું લખાણ પુસ્તકની પંક્તિમાં ઉભી શકે નહિ તે છતાં," ઉપલાં ત્રણ પુસ્તકો તેઓ ઉપરથી બનાવ્યાં. આ વાક્ય ક રસનદાસની નમ્રતા દેખાડે છે. મને તો એ ત્રણે પુસ્તક સારાં લાગે છે. એમનું વર્ત્તમાનપત્રોમાં અને ચોપાનિયાંમાં કરેલું લખાણ એમનાં પુસ્તકનાં લખાણથી ઉતરતી જાતનું નથી. ગૂજરાતી ભાષાનો વધારે અભ્યાસ કરવાથી, અને કાઠીઆવાડમાં રહેવાથી એમની ભાષા સુધરી, એટલે પ્રથમનાં લખાણમાં સુધારો કરવો પડ્યો, પણ તેનો ભાર વર્ત્તમાન પત્રને માથે મૂકાય નહિ. એમની ભાષામાં હજીએ કેટલીક ખોડ છે જેમકે "ઉભી શકે નહિ." એમાં વ્યાકરણ દોષ અને રૂઢી દોષ છે. આપણા લોકની ઘણીક સંસારી અને ધર્મની બાબતોનું આબેહુબ બ્યાન અને તે ઉપર પોતાના વિચારે જણાવ્યા છે. એના સમયમાં લોકની હાલત કેવી હતી તે જોવાને આવતા જમાનાના લોકને એ પુસ્તકો દર્પણ છે. ગૂજરાતી વર્ત્તમાન પત્રોની ભાષા, તેનાં લખાણ અને તેના એડિટરોની અવસ્થા કેવી હતી તે "નિબંધમાળા" ને ૬૫ મે, અને ૮૯ મે તથા "કુટુંબ મિત્રને" પાને ૯૩ થી ૯૯ સુધી વાંચેથી જણાશે. સારી કેળવણીવાળા, સુવિચાર અને સદ્‌ગુણવાળા યોગ્ય અધિપતિઓની હજી ઘણી ખોટ છે. નિબંધમાળાના ૧૦૪ વિષયો તેમનાં જન્મ કાળને અનુક્રમે ગોઠવ્યા છે. સને ૧૮૬૦ ના જૂન સુધી આવી પહોંચ્યા છે. બીજો ભાગ તૈયાર કરવા જીવ્યા હોત તો કેવું સારૂં થાત !

બ્રાહ્મણ, વાણીઆ વગેરે જાતિઓમાં વિધવાને ફરી પરણવાની મના છે તે ગેરવાજબી છે; એથી ગર્ભપાત અને બાળહત્યા થાયછે; વળી હિંદુશાસ્ત્રમાં તેમને પુનર્વિવાહ કરવાની રજા છે. માટે એ બંધી ન્યાય, વિવેક, અને શાસ્ત્ર વિરૂદ્ધ છે, એવો અભિપ્રાય કરસનદાસ અને તેના સુધારાવાળા ભાઈબંધોનો હોવાથી તેઓ વિધવા પુનર્લગ્ન થયલું જોવાને ઇચ્છતા હતા. કેટલાંક વરસપર દીવાળી નામે રાંડીરાંડ ગરીબ બ્રાહ્મણી તેમને મળી. તેને માટે જેમ તેમ કરી ફોસલાવી પટાવી કોઈ ગંડુ બ્રાહ્મણને ઉભો કર્યો. એમ મુંબાઈના ગૂજરાતી બ્રાહ્મણોમાં પહેલવેલો પુનર્વિવાહ થયો. પરણનાર જોડું સુખી થયું નહિ, ને પરણાવનારા પછી દિલગીર થયા. પેલો ગંડુ બ્રાહ્મણ સમજ્યો હતો કે હવે મારે બેઠા ખાવાનું અને મોજ મારવાનું છે. તેને પરણાવનારા કહે એ તારી ભૂલ છે. તું ઉદ્યોગ કરવા રાજી હોય તો અમે તને છાપખા-

નામાં નોકરી અપાવીએ. તે આદમી કહે મારે મહેનત કરવી હોત તો ન્યાત જાતથી દૂર રહી આ કામ શાને કરત. થોડા વખત સુધી તો ચાંલ્લામાં આવેલા નાણા ખરચી ખાધાં. ખરચી ખૂટી એટલે બિચારી બાઇને ધીબાવવા લાગ્યો. બાઈ પરણાવનારને ઘેર આવી રડે. પેલા આદમીએ તેને કાઢી મૂકી ને પોતે પાછો ન્યાતમાં ભળ્યો. એમ આ કામ બેદકારક થયું. અનુભવ વગર એવી ભૂલ થાય તેમાં નવાઈ નથી. એથી લોકમાં હાંસી થઈ, પણ ચેતવણી મળી કે હવે પછી જોઈ વિચારીને કામ કરવું. આ કામમાં પહેલીવાર ફતે ન મળવાથી સુધારાવાળા નાઉમેદ ન થયા. કામ સારૂં જાણી મંડ્યા રહ્યા. કરસનદાસની બદલી લોંબડી થયા પછી સારો લાગ હાથ આવ્યો. થોડા દહાડાની રજા લેઈ તેઓ એકાએક મુંબાઈ ગયા. જતી વખતે મારે ઘેર ઉતર્યા, પણ શા કામે મુંબાઈ જવું થયું તે કહ્યું નહિ. ગુપ્ત રાખવાની જરૂર પણ હતી. મુંબાઈ જઈને મોટું કામ કર્યું. વાણીઆમાં પહેલું પુનર્લગ્ન કરવાનું માન બાઈ ધનકોરને છે. કપોળ વાણીઆના મુખ્ય શેઠ અને મુંબાઈના નગરશેઠના ઘરની એ કન્યા બિચારી પરણ્યા પછી થોડા વખતમાં વિધવા થઈ. આથી તેને પરિતાપ ઘણો થયો. મોટા વૈભવમાં ઉછરેલી તેને એકદમ વૈરાગણ થઈ જવું કેમ ગમે? ગમે કે નહિ પણ અન્યાયો અને નિર્દય રૂઢીએ તેને વૈરાગ પાળવાની જરૂર પાડી. બળાત્કારે વૈરાગ આવતો નથી. ૫૦ અને ૬૦ વરસના ડોસાને સંસાર ભોગવવાનું મન થાયછે તો બાળકી ધનકોરને કેમ ન થાય? બીજી છોડીઓને અને સ્ત્રીઓને સુંદર શણગાર અને વસ્ત્ર પહેરી મોહાલતી જોઈ તેનો જીવ બળે. હૈયાશોકથી બાપડી દુબળી થઈ ગઈ. અન્ન ભાવે નહિ, તેથી કેટલાક વખત સુધી નિત્ય પૈસાના દહીંને આધારે જીવી. એની મા પણ બિચારી વિધવા થઈ હતી. તેનો જીવ એને જોઇને દાઝે. વગર અપરાધે સજા ભોગવતી ધનકોરને જોઈ સૌને દયા આવે, પરંતુ ક્રૂર રૂઢીના એ શિકારને કોઈ છોડાવે નહિ. માધવદાસ રઘનાથદાસ નામે એની ન્યાતના આબરૂદાર અને સુજ્ઞ વિચારના વેપારીને એ દુખી અબળા ઉપર દયા આવી. દયાથી પ્રીતિ ઉત્પન્ન થાયછે. શેઠ માધવદાસની સ્ત્રી ગુજરી ગઇ હતી, પરંતુ તેને કુંવારી કન્યા મળવામાં જરાએ હરકત નહતી. એ ભાઇ કરસનદાસ મુળજીના દિલોજાન દોસ્ત હતા, અને વિધવા પુનર્વિવાહના વાજબીપણા વિશે તેમની પાકી ખાતરી હતી. જે વિપત્તિ પડે તે સહીને આ

વિધવાને બંધનમાંથી છોડાવવાનું મોટું કામ એમણે પોતાના મિત્ર કરસનદાસની સલાહથી માથે લીધું. પ્રથમતો વિધવાએ પુનર્લગ્ન કરવામાં દ્વેષ નથી એની સમજણ પાડી આ નરે ધનકોરનું મન મનાવ્યું. આ કામમાં મદદ કરવાને કરસનદાસ લીંબડીથી મુંબાઇ આવ્યા. એમણે પોલીસનો ગુપ્ત બંદોબસ્ત કર્યો કે હુલ્લડ ન થાય. જુક્તિથી ધનકોરને લગ્ન કરવાને સ્થળે કોઇ ન જાણે તેમ આણી તથા ઝટપટ સુધારાના સાથીઓને ભેળા કર્યા. એમ વિઘ્ન થવાનાં કારણ દૂર કરી છગોક એ જોડાંને પરણાવ્યું.

મોટા માનવંતા ઘરની વિધવાના આબરૂદાર ગૃહસ્થ વેરે પુનર્લગ્ન થવાથી મુંબાઇના વાણીઆમાં હાહાકાર થયો, કપોળમાં દલગીરી અને ગુસ્સો વ્યાપ્યાં, અને પરણનારનાં સગાંવહાલામાં કલાહપીટ થઇ રહી. ક્રોધના આ વેશમાં કોઇ દુશ્મને કરસનદાસને માર્ગમાં રોડી મારવાને મારા મોકલ્યા. આ દુષ્ટ ઈરાદાની સૂચના તેને સુભાગ્યે આગળથી થવાથી તે રસ્તે જતાં પોતાની જોડે સારા પારસી મિત્રને રાખ્યા હતા. શહેરમાંથી વાલકેશ્વર જતાં રસ્તામાં એ મારા મળ્યા પણ તેમણે ડરથી કે બીજા કારણથી પોતાની ધારણા અમલમાં આણી નહિ, તેથી કરસનદાસ ક્ષેમકુશળ પોતાને ઉતારે પોહોંતા. આ શુભ કામ પારપાડી એઓ પાછા લીંબડી ગયા. એમના જન્મારાનું છેલ્લું મોટું કામ આ હતું.

આ રૂડાં જોડાંને હિમ્મત અને સલાહ આપવાને કરસનદાસે લીંબડીથી કાગળો લખ્યા. તેમાંના કેટલાક અહીં પ્રગટ કરૂંછું. લગ્ન થયા પછી ન્યાતે એમની જોડે રીસાઇને બધો વહેવાર બંધ કર્યો. આ સંકટમાં કોઇ મતલબીઆએ ન્યાતના આગેવાનો ઉપર ફોજદારી કરવાની સલાહ આપી. તે પ્રમાણે ફોજદારી કરી પણ તેથી કાંઇ વળ્યું નહિ.

"ખારા ભાઈ માધવદાસ—

બ્રેસ્પતવારે રાતે નિકળેલા શનીવારે સવારના ૧૧ વાગતે લીંબડી સલામત પોહોંચ્યા છઇએ. અમે નિકળ્યા પછીના કંઇ સમાચાર હોય તો તે જરૂર લખ્જો. અમારો જીવ વળગી રહ્યો છે. તમારાથી લખવા ન બને તો ધનકોરબાઇ પાસે લખાવજો. અમારા રૂપીઆ તમે જમે કરવા હશે. ગામમાં રહેવા ગયા કે નહિ તે લખજો. નાત અથવા મહાજન એકઠું થશે કે નહિ અથવા તે લોકો શું કરવા ધારે છે તે પણ લખજો. તેમજ કોઇ મંગ-

ળદાસ કેવી રીતે વરતે છે તે પણ જણાવજો. ને બીજું કંઇ બોલાતું અથવા સંભળાતું હોય તે લખજો. જેવી હીંમતથી કામ કર્યું છે તેવીજ હીંમત છેવટ સુધી રાખજો. ધનકોરબાઇને પ્યારથી અને તજવીજથી રાખજો. એમનું કોઇ વાતે મન કચવાવશો મા. એમની હીંમત અને ચતુરાઇ માટે તમે જે કરશો તેટલું થોડું છે. અમારા ઘરમાં સહુ સારી પેઠે છે. ધનકોરની હીંમતથી ઘણા અજબ થયા છે. આ સાથે ધનકોરબાઇ ઉપર જૂદો પત્ર લખ્યો છે તે વંચાવજો. હાલ એજ.

લીંબડી તા. ૮મી મે સોમવાર. લી. કરસનદાસ મુળજી.

પ્યારાં બાઈ ધનકોર. સોમવાર લીંબડી

ઉપરના કાગળથી અમારા પુગવાના સમાચાર જાણશો. ધીરજ અને હીંમતથી રેહેજો. કોઇ વાતે ધબરાશો મા. નિકળતી વખત તમારી છાતી ભરાઇ આવી તે જોઇ મારી પણ ભરાઇ આવી, પણ સરકારી ચાકરી માટે ટાઇમસર હાજર થવું જોઇએ. નહિ તો જરૂર હું એકાદ મહીનો રેહેત. પણ મારા વગર ધબરાશો મા. માધવદાસ તમને કોઇ વાતે દુખવશે નહિ; તેમજ બીજા મિત્રો તમને સલાહ અને સબુરી આપશે. તમારી હીંમત અને ચતુરાઇ માટે હું તમને ખરા અંતઃકરણથી ચાહું છઉં, અને હવેથી તમો ધણીધણી-આણીના સુખ દુખમાં મારો ભાગ છે એમ ખાતરીથી જાણજો. આપણી વચ્ચે જે નવો સંબંધ બંધાયો તે હવે પરમેશ્વર કરશે તો કોઇ કાળે આ દુનિયામાં છૂટશે નહિ, અને એવો પણ વખત આવશે કે જ્યારે આપણે ભેગા રેહેશું અને બાકીની જીંદગી પુરી કરશું. તમારા ધણીની રજા લઇને કાગળ લખતાં રેહેજો. તમારા કાગળથી સંતોષ ઉપજશે. વધારે લખી શકતો નથી. ગોમીને હેતથી બોલાવજો.

કરસનદાસ મુળજી.

લીંબડી તા. મે ૧૮૭૧. સોમવાર.

પ્યારા ભાઈ માધવદાસ તથા પ્યારાં બાઈ ધનકોર—

તમારો કાગળ એક ગયા બુધવારનો લખેલો પોહોંચ્યો છે. તથા ધનકોર બાઇનો સુકરવારનો લખેલો પોહોંચ્યો છે. તમે હીંમત ભરેલી ખુશીમાં છો

તે જાણી મને ઘણો સંતોષ થયો છે. જો અને તેના સમાચાર જરૂર લખતા રેહેશો; આળસ કરશો મા, કેમકે એવી બાબત બીજો કોઇ લખનાર નથી. બીજું સોનાની બંગડી ભાઇ ઠાકરસીની અમે લાવ્યા હતા તે પાછી મોકલી હશે અગર નહિ મોકલી હોય તો મોકલી તેની પોહોંચનો જવાબ મંગાવી અમને બીડજો. અમારી તરફના ચાંદલાની બંગડી શેઠ લખમીદાસને કરવા કહેલ છે તે આપે તો કબૂલ રાખશો એવી આશા છે. આ સાથે અમોએ કબૂલ કરેલો ફોટોગ્રાફ અમારી ધણીઆણીનો મોકલ્યો છે, તેમજ મારો ફોટોગ્રાફ તમને આપ્યો તે સારો ન હોવાથી બીજો મોકલ્યો છે. તમે બંનેના ફોટોગ્રાફ પડાવી જરૂર મોકલજો.

બીજું અમારા ભાણેજ કેસવદાસના ઓચરીઆ ભાઇ મુળજી ઠાકરસિ આપીઆવ્યા છઇએ તેનું શું થયું તે તજવીજ કરી જવાબ લખજો. મુળજીભાઇ કાગળ લખવામાં આળસુ છે માટે તમે ચીવટ રાખી જેવો હોય તેવો ખુલાસો લખજો.

લી. કરસનદાસ મુળજી.

આના પછી કેટલાક કાગળો ભાઇ માધવદાસ રઘનાથદાસ ઉપર લખેલા છે; પરંતુ તેઓને પ્રગટ કરવાનો સમય હજી આવ્યો નથી. સને ૧૮૭૧ના મે માસમાં ભાઈ માધવદાસે કપોળ જ્ઞાતિના નાયકો ઉપર મુંબાઇના મુખ્ય માજીસ્ટ્રેટની કોર્ટમાં ફોજદારી કરી તેના સંબંધમાં કરસનદાસ મુળજીના એ પત્રો છે. એમાં કપટીનાં કાવતરાં સંબંધી છે તે હાલ જાહેર થઇ શકે તેમ નથી, કેટલાંક વરસ પછી થઇ શકશે. કરસનદાસ મુળજીની પણ કેટલીક શિખામણ યોગ્ય નથી.

કરસનદાસને હરસનો રોગ ઘણાં વરસથી હતો. ઇંગ્લાંડ ગયાની પહેલાં પણ વખતે વખતે મસામાંથી ઝાડાની વાટે લોહી નીકળતું. ઇંગ્લાંડમાં એ આજાર બંધ પડ્યો, પણ સ્વદેશ આવ્યા પછી તેણે ફરીને દેખાવ દીધો. લીંબડીમાં આવ્યા પછી એનું જોર વધ્યું. સને ૧૮૭૧ના આગસ્ટ માસમાં વધારે લોહી જવા લાગ્યું ને તેથી નબળાઇ વધારે થઇ. દરબાર તરફના દવાખાનાં ના દાકતર પેસ્તનજી જમસેદજીએ પોતાથી બને તેટલા ઉપાય કર્યા, અને દેશી વૈદ્યોનું ઓસડ પણ કરસનદાસે અજમાવ્યું એવી મને ખબર મળી છે. પરંતુ

કશાથી રોગને શહે લાગી નહિ. લોહી બહુ પડ્યું; અંદરથી સોજો આવ્યો, અન્ન ઉપર રૂચી રહી નહિ ને ઊઠવાની શક્તિ ગઇ. આગળ કેટલીક વાર મી. પેસ્તનજીની દવાથી ફેર પડ્યો હતો, પણ આ વેળા તેમ ન થવાથી બિમારીનું તથા કરેલા ઉપચારનું વિગતવાર વર્ણન લખ્યાવી કરસનદાસે મુંબાઇના દાકતર આત્મારામ પાન્ડુરંગ ઉપર મોકલ્યું, અને એક કાગળ પોતાના મિત્ર શેઠ સોરાબજી શાપુરજી બંગાળી ઉપર તા. ૧ લી આગસ્ટે લખ્યો. એ અંગ્રેજીમાં પેન્સિલે લખેલો છે. એપરથી જણાય છે કે આ મંદવાડ કારી છે એવું પોતે ચેત્યા હતા. એમાં એમણે પોતાનાં કુટુંબની સંભાળ લેવાની તથા તેમને ન્યાતમાં દાખલ કરાવવાની કોશીશ કરવાને આ ભલા પારસી ગૃહસ્થને વિનંતિ કરી. કરૂણા ઉપજાવે એવા વચનમાં કરસનદાસ લખે છે કે "પરમેશ્વરની ખુશી મને તેની હજુરમાં બોલાવી લેવાની હશે તો મને નક્કી છે કે તમે મારા કુટુંબને સંભાળશો. તેમની જ્ઞાતિ સંબંધી અડચણો દૂર કરવાનું કામ પણ હું તમને સોંપું છું. પરમેશ્વર તમને એમાં સાહે કરશે. મારા શરીરની નબળાઇ ઉપર નજર કરી આમ લખવું પડે છે." પુનર્વિવાહના સબબથી પોતાના મિત્ર માધવદાસને વેપારમાં નાણા સંબંધી હરકત પડવાનો સંભવ જણાયાથી કરસનદાસે તેમને ૩૪૦૦૦) ધીર્યા હતા તે પોતાની સ્ત્રિને માટે પાછા લેવાની અરજ પણ એ કાગળમાં છે.

દાકતર આત્મારામ તો આવી શકયા નહિ, પણ તેમણે અને ઑનરેબલ સોરાબજીએ મળી કાબિલ દાકતર પાન્ડુરંગ ગોપાળને મોકલ્યા. એમ્બો શેઠ સોરાબજીનું પત્ર લઇ અમદાવાદમાં મારે ઘેર આવ્યા ત્યારે મને કરસનદાસના મંદવાડની ખબર થઇ. ચોમાસાના દિવસ હતા, અને વઢવાણ સુધી રેલવે એ વેળા ન હોવાથી જવાની અડચણ ઘણી હતી. મિયાનો કરી દાકતરને તાકીદથી લીંબડી પોહોંચાડ્યા. પણ અફસોસ! ઘડી ભરાઇ ગઇ હતી તેથી એમનો હુનર મોતને ખાળી શકયો નહિ. એમના પોહોંચ્યા પહેલાં ડાબી જાંઘ અને ધગડાંની અંદરનો ભાગ પાકવાથી પરૂ એટલું પસર્યું હતું કે તેથી કરસનદાસ છેક નિર્ગત થઇ ગયા હતા. નાડી એટલી ધીમી ચાલતી હતી કે તેનું ધડકવું ગણાય નહિ. ચામડી પીળચટ્ટિ જણાતી હતી, ને વાત કરવી કઠણ પડતી હતી. મુંબાઇથી આવેલા દાકતરને જોઇ કરસનદાસને જરા હિમ્મત આવી. જાગરત થઇ તેની જોડે વાત કરવા લાગ્યા. દાકતર પાન્ડુરંગને જણાયું

કે ઉપાય ચાલવાના નથી અને કરસનદાસની જીંદગી બચાવી નહિ શકાય, તથાપિ એ વાત તેમને કહેવાય નહિ. તેમને ધીરજ અને આશા આપ્યાં, પણ કરસનદાસ સમજુ પુરૂષ હતા. અંતકાળ પાસે છે એમ જાણી તેણે લીંબડીના પારસી દાકતરને તથા કેટલાક મિત્રને પાસે બોલાવી કહ્યું કે "ભાઇ મારા મરણની ક્રિયા મારાં સગાં જે પ્રમાણે કરવા માગે તે પ્રમાણે કરવામાં તમે વાંધા લેશો માં. મારે ગુસાંઇ મહારાજની તથા વૈષ્ણવો સાથે કાંઇ પણ વેર નથી. મેં તેમના ભલા માટે તથા સુધારા સારૂ મહેનત કરી. મારા સામાવાળીઆને હું માફ કરૂંછું. મારા મરણ પછવાડે આ તમે જાહેર કરજો."એ પ્રમાણે લીંબડીથી લખેલા એક પત્રમાં છે. દાકતર પાન્ડુરંગે મને લખ્યું છે કે, જે દહાડે તેઓ લીંબડી પોહોંચ્યા તે દહાડે સાંજરે કરસનદાસને પોતાની તબીએત વધારે બગડેલી જણાયાથી મને પોતાની પાસે બોલાવી કહ્યું કે "મેં મારૂં વસિયતનામુ (વીલ) કર્યું છે, અને મારી મિલકત સંબંધી ઠરાવ કર્યા છે. હવે હું એટલું ઇચ્છુંછું કે મારા મિત્રોને મારી છેલ્લી સલામ કહેજો. હું ધારૂં છું કે મેં મારા ઓછા જ્ઞાનવાળા દેશી ભાઇઓ પ્રતિ મારી ફરજ બજાવી છે. એમ કરવામાં મેં કોઇને મારા દુશ્મન કર્યા તો તેમ કરવાનો મારો હેતુ નહતો. સારૂં અને પરોપકારી કામ કરતાં તેમ થયું. એ માટે હું પરમેશ્વર પાસે જ્ઞાન અને દયા માગું છું. મારા મિત્ર અને શત્રુ બેઉને માટે હું પ્રાર્થના કરૂં છું કે તેમના ઉપર કૃપા કરે." એટલું બોલી તેણે પોતાની નારોને નજીક તેડી, ચિંતાતુર દૃષ્ટિએ તેને નિહાળી, અને છેલ્લા આશીર્વાદ દીધા. ત્યારપછી ભાન રહ્યું નહિ; સનેપાત થયો. મધરાતે તે સમ્યો ને અચેત શાંતિ થઈ. બીજે દહાડે સવારે (તા. ૨૮મી આગસ્ટ ૧૮૭૧) તેમનો પ્રાણ ગયો.

એમ પોતાની ઉમ્મરના ૩૯ મા વરસમાં (૩૮ વરસ એક માસ ને બે દિવસે) આ ઉત્તમ કપોળ કરસનદાસ મુળજીનો પવિત્ર આત્મા આ ક્ષણિક દુનીઆ છોડી પોતાના કિરતારને શરણે ગયો. એનાં આત્માને પવિત્ર કહેવાનું કારણ એ કે એણે જુંબાઇમાં કે હરકોઈ બીજે ઠેકાણે કુકર્મ કરેલાં જાણમાં કે સાંભળ્યાં નથી. એમને વિશે કોઈ અનીતિનો આરોપ એના વેરીઓએ પણ મૂકેલો મને સાંભરતો નથી. કાઠીઆવાડમાં રાજકારભાર હાથ આવ્યા પછી ધનાદિકની લાલચ ઘણી છતાં એઓ ચોખ્ખા રહ્યા એ મોટી સાબાશીછે. એમના રૂડા સ્વભાવ અને ગુણોનું વર્ણન આ પુસ્તકમાં પ્રસંગોપાત આવી ગયુંછે માટે ફરી કરતો નથી.

એમનાં મરણની ખબર થતાં આખું લીંબડી ગામ શોક કરવા લાગ્યું. એ માઠા સમાચાર ફેલાતા ગયા તેની જોડે દિલગીરી ફેલાતી ગઈ. કાઠીઆવાડના પોલિટિકલ એજંટે, તથા સરકારે ખેદ જણાવી એને માન આપ્યું.

જાહેરનામું

"લીંબડીના સ્પેશીયલ આશીસ્ટંટ સાહેબ આજમ કરસનદાસ મુળજી આજ સવારના નવ વાગતાં સ્વર્ગવાસ થયા એવી ખબર તારે મારફતે આવતાં અમે ઘણાજ દીલગીર થયા છઇએ.

આ બાહાદુર અમલદાર આ પ્રાંતમાં આવ્યા પછી તેમને જે જે કામો સોંપવામાં આવેલાં તે એવી ખબરદારી તથા દીલ્લોજનપણાથી તેમણે બજાવ્યાંછે કે, તેમના ઉપરીઓની તેમણે પ્રસંતા મેળવીછે. સંસારી બાબતમાં તેમના મલતાવડા ગુણ તથા કાઠીયાવાડમાં તમામ જાતના દેશી લોકો જે વખાણ તથા પ્રીતી તેમના તરફ બતાવતા તે વાતથી તેમની યાદગીરી ચીરંકાળ રેહેવાની.

સુધારાના સાથી તરીકે તેમણે કરેલાં કામ પ્રખ્યાતછે. તેમના ગુજરવાથી સરકારને એક હોંસીલા અમલદારની ખામી પડીછે. નાની ઉમરમાં તેમનું મૃત્યુ થવાથી તેમના દોસ્તો તથા અમે અફસોસી કરીયે છઇએ.

તેમની યાદગારીના માનદાખલ આજનો દિવસ તમામ કચેરીઓ બંધ કરવાનો અમે હુકમ કરીએ છઇએ.

કાઠીયાવાડ પોલીટીકલ એજંશી. } ડબલ્યુ. ડબલ્યુ. આંડરસન.
તારીખ ૨૮મી આગષ્ટ સને૧૮૭૧ ઈસ્વી. } પોલીટીકલ એજંટ."

આ માઠા સમાચાર મુંબાઈ સરકારને પોહોંચતાં તેમણે પણ ગવરમેંટ ગેઝિટમાં શોકનુ જાહેરનામુ પ્રગટ કર્યું. એ આ પુસ્તકના ઇંગ્રેજી ભાગમાં દાખલ કર્યું છે.

આ પ્રખ્યાત સુધારાવાળાના અકાળ મૃત્યુથી વર્તમાનપત્રોએ દિલગીરી જણાવી અને પોતાના દેશનું ભલું ઇચ્છનારા જ્ઞાનગી ગૃહસ્થો તેમાં સામિલ થયા. એમના અનાથ છોકરા, અને વિધવા નારી પોતાના પ્યારાને લીંબડીમાં મૂકીને મુંબાઈ જવાને અમદાવાદ આવ્યાં તેવારે એમનાં દયામણાં મુખ

જોઇને મારૂં હૈયું ભરાઈ આવ્યું. લીંબડીની સુંદર વાડી, બંગલો, બે ઘોડાની બગી, સાહેબી, અને રાજ વૈભવ મૂકી મુંબાઇના કોઈ માળામાં રહેવાને, અને ન્યાતમાં પાછાં પેસવાને અજ્ઞાન અને નીચ બુદ્ધિના જડસા માણસોની પળસી કરવાને, જે બહાદૂર નર પોતાનો ટેક કદી છોડે નહિ તેની નારી અને તેનાં બાળકને, જતાં જોઇ મારૂં દિલ બહુ દાઝ્યું. મુંબાઇથી એક મિત્ર એમના પરિવાર વિશે લખે છે કે–

" આપના તરફથી આજ રોજ પત્ર આવ્યો તે પહોંચ્યો છે તે વાંચી સમાચાર જાણ્યા. ભાઈ કરસનદાસને ત્રીજી વખતની અસ્ત્રી તેને પહેલવહેલો એક છોકરીનો જન્મ થયો હતો તે છોકરી વરસ ત્રણની થઈ ને મહારાજ લાઇબલ કેશ પુરો થયો ત્યારે પછી ગુજરી ગઈ. ત્યારબાદ એક છોકરો અવતરેલો. ભાઈ કરસનદાસ ઈગ્લાંડ ગયા તે પછી તે છોકરો માસ આઠેકનો થઇને અત્રે ગુજરી ગયો. ત્યારબાદ ભાઈ કરસનદાસને બીજા ચાર છોકરા જૂદી જૂદી વખતે થયા, અને તે ચારે છોકરા ભાઈ કરસનદાસ સ્વર્ગવાસ થયા ત્યારે હયાત હતા, ને હાલ પણ છે. ભાઈ કરસનદાસ ગુજરી ગયા તે વખત તેમની અસ્ત્રીને ગર્ભ હતો, તે કરસનદાસના ગુજરી ગયા પછી તે છોકરી અવતરી અને તે છોકરી હાલમાં પણ હયાત છે. લીંબડીના રાજ તરફથી કાંઈ બંદોબસ્ત થયો હોય એવી વાતો ચાલતી હતી. પણ કાંઈ થયું હોય એવું મારા જાણવામાં નથી આવ્યું. તેમજ શેઠ સોરાબજી પણ એ વીશે કાંઈ જાણતા નથી, પણ શેઠ મજકુર કહેછે કે ભાઈ કરસનદાસના સેક્રેટરી ભાઈ ભગવાનલાલને પુછવાથી માલમ પડશે. ભાઈ કરસનદાસની અસ્ત્રી તેમના મરણ પછી મુંબાઈ માસ એક થએથી આવ્યાં, અને અત્રે વરસ એકથી તે વરસ દોઢ સુધી નાતમાં દાખલ થવા સારૂ ઘણીક મેહેનત કરી પણ કાંઈ વળ્યુ નહિ. પછી ભાઈ કરસનદાસની અસ્ત્રીએ શેઠ સોરાબજીને નાતમાં દાખલ થવા સારૂ અતીશે કંટાળો આપવા માંડયો તેથી શેઠ સોરાબજી સાપુરજી બંગાળી તથા શેઠ ડોસાભાઈ ફરામજી કડાકા બે જણ મળી અત્રેના માજન શેઠ ગોપાળદાસ માધવદાસની પાસે ગયા અને તેમને ઉપલા પારસી ગ્રહસ્થોએ સમજાવ્યું. માટે ઉપલા બંને શેઠીઆઓની સરમ ન છંડાઈ તેથી માઝનના શેઠે ભાઈ કરસનદાસના કુટુંબને નાતમાં દાખલ કરવાને કબુલત આપી, અને ત્યાર બાદ કેટલીએક ભાંજગડે ભાઇ કરસનદાસના કુટુંબને દેશુધ પ્રાચીત કરાવાની તથા દંડની સજા કરીને નાત-

માં દાખલ કીધાં. ભાઈ કરસનદાસના મરણ વખતે તેમની સ્ત્રીની ઉમર પચાસથી તે છવીસ વરસની હતી, અને વડા છોકરાની ઉમર તે વખત સાત વરસની હતી, અને સઉથી નાના છોકરાની ઉમર તે વખત વરસ એકથી સવા વરસની હતી."

નાતની બાબત આનરેબલ સોરાબજી લખેછે કે કરસનદાસની મરતી વખતની ઇચ્છા પાર પાડવામાં તેને જસ મળ્યો તેને માટે તેઓ શેઠ ગોપાળદાસ માધવદાસના આભારી છે. પોતાના દોસ્ત મી. ડોસાભાઈ કરાકાને લેઇ તેઓ મુંબાઇના મહાજનના શેઠને આ વિશે વિનંતી કરવા ગયા તેવારે તે શેઠ કરસનદાસના કબિલાને ન્યાતમાં દાખલ કરાવવાનું વચન આપ્યું તે કેટલુંક જોખમ વેઠીને તેમણે પાળ્યું. જૂના વિચારના છતાં બીજા સુધારાનું ડોળ ધરાવનારા હિચકારાઓ કરતાં આ કામમાં શેઠ માધવદાસે હિમ્મત દેખાડી પોતાની જીભે બોલેલા બોલ ખરા પાડી માન મેળવ્યું.

જે પુરૂષે સ્વજાતિ અને સ્વધર્મિ લોકમાં થતો દુરાચાર દૂર કરવાને અને સ્વદેશનું ભલું કરવાને ઘણી કાળજી રાખી અને ઘણો શ્રમ વેઠયો તેની યાદગીરી રાખવી યોગ્ય છે, એવું કેટલાક સદ્‌ગૃહસ્થોનાં ધ્યાનમાં આવ્યાથી તેમણે કરસનદાસ મુળજીની યાદગીરીને માટે વિચાર કરવાને તથા ઉધરાણું કરવાને કમિટી કરી. એ કમિટીના પ્રમુખ શેઠ લખમીદાસ ખીમજી, સેક્રેટરી શેઠ સોરાબજી શાપુરજી બંગાળી, અને ખજાનચી ડા. મથુરાંદાસ લવજીને નિમ્યા. એ કમિટીએ ટીપ કરી તેમાં ૩૨૬૫ રૂપીઆ ભરામા.* એમાંથી ત્રણ હજારની ચાર ટકાના વ્યાજની સરકારી લોન લીધી, ને તે મુંબાઇની યુનિવર્સિટિને મોકલી કમિટીએ વિનંતિ કરી કે એમાંથી દર વરસે ૩૧૦૦) નું ઇનામ નીતિ અથવા સંસાર સંબંધી જે ગ્રાજ્યુએટ સર્વોત્તમ નિબંધ ઇંગ્રેજીમાં લખે તેને આપવું. એ ઇનામ સંબંધી નિયમ ઠરાવવાનો અધિકાર સેનેટને આપ્યો, પરંતુ એ ઇનામનું નામ "કરસનદાસ મુળજી ઇનામ" પાડયું. યુનિવર્સિટિની સેનેટ સભાએ એ અરજ કબૂલ કરી.

* એ નાણા ભરનારના નામ તથા દરેકની રકમની નોંધ નીચે કરી છે.

નામ	રૂપીઆ	નામ	રૂપીઆ
શેઠ લખમીદાસ ખીમજી.....	૨૫૦	શેઠ ખટાઉ મકનજી...	૨૦૦
બીજા શેઠ કાસાભાઈ ધરમસી...	૨૦૦	મી. જે. પી. નેગ્રેપાન્ટ... ...	૧૫૦

કરસનદાસ મુળજીનું આ જન્મ ચરિત્ર લખવાને મને કેટલાંક પુસ્તકો અને લેખ મળ્યા છે તેમાંના કેટલાકમાં જૂના કવિયો અને ભાટ ચારણની ખોટી રીત પ્રમાણે કરસનદાસની અતિશયોક્તિએ સ્તુતિ કરી છે. વળી એમના મરણના શોકને માટે પણ તેવાજ પ્રકારની કવિતા છે. આ ગ્રંથમાં એને દાખલ કરવી એ મને ઠીક લાગ્યું નહિ. એ રચનારને તથા કરસનદાસ મુળજી ના બીજા બધા ચાહનારાને મારી વિનંતિ એછે કે, એ પુરૂષે જે કર્યું છે અને કહ્યું છે તે પ્રમાણે વર્ત્તો, અને એના ગ્રંથોને ફરી છપાવી સોંઘે મૂલે વેચો તથા નિશાળના છોકરા છોકરીઓને ઇનામમાં વહેંચો. એના કેટલાંક પુસ્તકો નાનાં છે, કેટલાંક મોટાં છે, ને બધાં ઉપયોગી સુબોધકારી છે. સને ૧૮૬૫માં મુંબાઇના ગવર્નર સર બાર્ટલ ફ્રેરે મુંબઇની કન્યાશાળાએ। સંબંધી ભાષણ કર્યું

શેઠ લીમજીભાઈ જમસેદજી ...૧૦૦	શેઠ હા. નવરોજજી સકલાતવાળા...૨૫
સર મંગળદાસ નથુભાઈ... ...૧૦૦	,, રૂસતમજી બાહાદુરજી દાકતર. ૨૫
મેસર્સ આકલાન્ડ પ્રેન્ટીસ.....૧૦૦	,, બોજા કાસમભાઈ નાયભાઈ...૨૫
મી. ડબલીયુ વેડરબરન.... ....૧૦૦	,, બોજા આદમભાઈ હબીબભાઈ.૨૫
મી. જે. એન. ગ્રાહામ.....૧૦૦	,, નવરોજજી ફરદુનજી..... ...૨૫
શેઠ સોરાબજી શાપુરજી બંગાળી.૧૦૦	,, મથુરાંદાસ ગોકળદાસ.... ....૨૫
મી. આર. સી. એક્ટીયર... ...૧૦૦	,, રસતમજી એદલજી... .. ...૨૫
શેઠ બોજા જેરામભાઈ પીરભાઈ.૧૦૦	,, નારણદાસ કલ્યાણદાસ.. ...૨૫
ગોકળદાસ તેજપાળ સ્કુલના માસતરો..... .....૧૭૦	,, કાનજી દુવારકાંદાસ ૨૫
,, બોજા થારાભાઈ ટોપણ.....૭૫	,, હોરમસજી દાદાભાઈ પ્લીડર ...૨૫
,, બોજા રેમુભાઈ હબીબભાઈ...૭૫	,, રામદાસ પીસનજી.....૨૦
,, કુરામજી એદલજી દાવરે ૫૦	,, મેહેરવાનજી બેરામજી.....૨૦
,, ડોસાભાઈ હોરમસજી કામા ..૫૦	,, બોજા દેવજી ગુલામહુસન ...૨૦
મી. મલ્લ... ... .૫૦	,, મારવાડી બેતસીદાસ હરમુખરાય૨૦
સર કાવસજી જહાંગીર રેડીમની...૫૦	,, બોજા કરીમ બભરામ... ...૨૦
શેઠ રઘનાથ નારાયણ ૫૦	,, દીનશાભાઈ એદલજી... ...૧૭
,, જહાંગીર રૂસતમજી... ...૫૦	,, એમણ કાસમ હાજી મીઠા... ૧૫
,, બેરામજી ફરદુનજી ૫૦	,, ઘેલાભાઈ પુરસોતમ..... ..૧૫
,, નાનજી મોરારજી ૫૦	,, મનસુખરામ સુરજરામ ૧૫
,, મોરારજી ગોકળદાસ ૫૦	,, વનરાવન પુરસોતમદાસ ૧૫
,, ભાઈશંકર નાનાભાઈ. ૫૦	,, સુંદરરાવ રઘનાથદાસ... .....૧૧
,, બોજા સાલેમહમદ ગુલામ હુસેન.૩૧	,, ભીમજી કાનજી..... ...૧૧
,, જમસેદજી નસરવાનજી ટાટા..૨૫	,, ડબલીયુ સોરાબજી... ... ...૧૦
	,, અરદેસર ફરામજી મુસ... ...૧૦

તેનું ભાષાંતર કરસનદાસે કર્યું છે તે એની નાનામાં નાની ચોપડી અને ધ્વ્લાંડમાં પ્રવાસ એ એની મોટામાં મોટી ચોપડી જણાય છે. એના મિત્રોએ એના ગ્રંથો છપાવી સોંઘી કિંમતે વેચવાની ગોઠવણ કરવી જોઇએ. મિથ્યા શોક કર્યાને બદલે એ કરવું સારૂં છે. એની વિધવા સ્ત્રી કે બાળક પુત્રો એ પુસ્તકો છપાવે એ મને સંભવતું નથી. મરણ પામેલા ઉત્તમ ગ્રંથકારોના ગ્રંથો છપાવવાને મંડળી સ્થાપવી જોઇએ. મરહુમ પરોપકારી શેઠ ગોકલદાસ તેજપાલની મોટી દોલતથી જે ધર્માદા ખાતાં થયાં છે તેમાં એક બુક ફંડ હોત તો બહુ લાભ કારી થાત! હજીએ કોઇ ધનાઢ્ય ગૃહસ્થ કે શ્રીમંત રાજ્યવંશી એવું કરે તો દેશને ફાયદો ઘણો થાય. ઘણા ગૃહસ્થોની મંડળી મળીને પણ એ કામ થઇ શકે. એથી વિદ્વાને બહુ ઉત્તેજન મળે. કરસનદાસનાં કેટલાંક પુસ્તકો રસિક અને સુબોધકારી છે. નિશાળોમાં ઇનામ આપવાને તથા કુટુંબમાં વાંચવાને ઘણા યોગ્ય છે. ભાષા પણ સુધારી છે. આ વખાણ થોડાં નથી. હાલ ગદ્યમાં કે પદ્યમાં પુસ્તકો પ્રગટ થાયછે તેમાંનાં થોડાંજ મા, બેન, અને દીકરીની

,, મી. ફ્રે. ટ્રી. લીલી.....૧૦
,, દેવજી ગોવિંદજી..... .....૧૦
,, નારણદાસ રણછોડદાસ... ...૧૦
,, ગંગાદાસ કીશોરદાસ..... ...૧૦
,, વગર નામે કોઇ સુધારાનો સાથી.૧૦
,, શેઠ લીલાધર ગોવનજી.. ...૧૦
,, મુળજી ભવાનીદાસ ૧૦
,, અમબ્બારામ કેવળદાસ ૧૦
,, કાનદાસ તાપીદાસ ૧૦
,, જમસેદજી કાવસજી ૧૦
,, પાન્ડુરંગ ગોપાળ દાકતર.....૧૦
,, ઇરામજી નવરોજી દાકતર... ૧૦
,, ખોજા વીસરામ અભરામ.....૧૦
,, ત્રીભોવનદાસ વેણીદાસ... .. ૧૦
,, પ્રાણજીવનદાસ વાધજી ૫
,, મુનશી મનસુખલાલ મુગટલાલ. ૫
,, લાલદાસ ધારશી.....૫
,, ગોકળદાસ કાનદાસ.....૫
,, ઘેલાભાઇ હરીદાસ... .....૫
,, લખ્મીદાસ પુરશોતમદાસ.....૫
,, નરોતમ વણારશી... ....૫
,, નરોતમ હરજીવન..... .....૫
,, સોમનારાયણ નરનારાયણ... ...૫
,, બેજનજી મનચેરજી... ... ...૫
,, કલ્યાણદાસ શીવલાલ... .....૫
,, સદાનંદ બાલકીસન..... ..૫
,, ગીરધરલાલ દયાળદાસ..... ...૫
,, મનચેરજી મહેરવાનજી... .....૫
,, દાદાભાઇ ઉકરજી..... .....૫
,, જીવાશંકર મયારામ.....૫
,, પરશોતમ મયાશંકર.....૫
,, રસતમજી કાવસજી.....૫
,, જવેરીલાલ ઉમીઆશંકર... ...૫
,, રણછોડભાઇ ઉદેરામ... ... ...૫
,, રતનજી સાપુરજી..... .....૫
,, લખ્મા જેનારાયણ..... ... ...૫
,, ડાહ્યાભાઇ હરજીવનદાસ ૪
,, તુળસીદાસ હરજીવનદાસ... ...૪
,, જેરામ દામોદર..... ... .૨
,, માધવજી ભીમજી..... .....૨

આગળ વાંચી શકાય. અયોગ્ય શૃંગાર રસથી ઘણાક ગ્રંથ બગડેલા જોવામાં આવે-છે. કરસનદાસ મુળજીનાં પુસ્તકો નિરપરાધી, હિત શિક્ષાથી ભરપૂરે, અને મનો-રંજક છે. એ પુસ્તકોને જીવતાં અને ફરતાં રાખવાથી કરસનદાસનું નામ અમર થશે.

પોતાના ગ્રંથો વિષે રાજકોટથી લખેલો કરસનદાસ મુળજીનો કાગળ અહીં પ્રગટ કરવા જોગ છે. એમાં વરસની ભૂલ દેખાતી છે. સને ૧૮૬૫ માં તથા ૧૮૬૮ માં જે પુસ્તકો એમણે પ્રગટ કર્યાં તે વાતની ખબર એમને ૧૮૬૨ માં પડે નહિ. ૮ ને ઠેકાણે ૨ ભૂલમાં લખાઈ ગયાછે.

રાજકોટ તા. ૧૧ નવેંબર ૧૮૬૨? (૧૮૬૮)

પરમસ્નેહી રાજેશ્રી મનસુખરામ ભાઈ,

આપના પત્રનો જવાબ લખતાં વાર લાગી માટે દલગીર છઉં. રોકાણના સબબથી અવકાશ મળતો નથી. અત્રેના માહાજન વિષે ભાઈ દલપતરામે હકીકત લખી હશે તેથી વાકેફ થયા હશો. હવે અહીંના વાણીયાઓ બીન હરકતે યુરોપ જઈ શકશે, અને તે બાબદ તેમની જ્ઞાત કેળવણી શિક્ષા રાજકોટ ગોંડળ વગેરેના તાલુકામાં કરનાર નથી. એ પરિણામથી સર્વ મિત્રો ખુશી થયા હશેજ, કેમકે ઈશ્વરે મારી ધીરજનો બદલો આવી સારી રીતે આપ્યો છે. ગ્રંથ પ્રગટ કરવામાં અને દેશ કલ્યાણના કામમાં આપનો ઉદ્યમ ચાલુ જોઇને મને ઘ-ણોજ સંતોષ થાયછે. આપે મારાં લખેલા તથા પ્રસીદ્ધ કરેલા પુસ્તકોની ટીપ ભાઈ દલપતરામ મારફત માંગી તે પ્રમાણે આ પત્ર પાછળ ટીપ લખી મોકલી છે. તે ટીપ મધે ગુજરાતી તથા ઈંગ્રેજી કોશની બીજી આવૃતી તથા સંસાર સુખની બીજી આવૃતી છપાઈ ચુકી છે અને પંદર દાહાડામાં બાહાર પડશે માટે દાખલ કરેલ છે. યુરોપની મુસાફરી બીજી વારની છાપવાની ગોડવણ ચાલેછે તે દાખલ કરી નથી. તેમજ બીજા એક બે પુસ્તકો છપાય છે તે દા-ખલ કરેચા નથી. મારૂ લખાણ તમારાં ઉંચા લખાણને જુગે તેમ નથી, પણ મારી શક્તી પ્રમાણે આપણા દેશીઓના જે સેવા કરી શક્યો છ તેજ સંતોષ છે. આજની ટપાલ સાથે મિત્ર ભાવે માત્ર મિત્રનાજ ઉપયોગ માટે ચોપા-નીઓ મોકલ્યા છે તે પોહોચશે. આપની સ્નેહ અને સમાગમ વારંવાર સાં-ભરે છે. અહી તરફનું કામ કાજ લખતા રહેશો. હાલ એજ વીનંતી.

લી. આપનો સ્નેહી

કરસનદાસ મુલજી

	પુસ્તક.	વરસ.	નકલ*
૧	ઇંગ્લંડમાં પ્રવાસ ગુજરાતી (બેવાર)	૧૮૬૬–૭	૧૭૫૦
૨	તેજ મરાઠીમાં.	૧૮૬૭	૭૫૦
૩	પ્રવાસ પ્રવેશક.	૧૮૬૪	૧૦૦૦
૪	તેજ ઇંગ્રેજીમાં.	૧૮૬૭	૫૦૦
૫	નીતિવચન બેવાર.	૧૮૫૯–૬૫	૧૦૦૦
૬	સંસાર સુખ બેવાર.	૧૮૬૦–૬૮	૧૦૦૦
૭	કુટુંબ મિત્ર.	૧૮૬૭	૫૦૦
૮	ગુજરાતી અને અંગ્રેજી કોષ બેવાર. ...	૧૮૬૨–૬૮	૪૫૦૦
૯	મહારાજ લાઇબિલ કેસનો રીપોર્ટ.	૧૮૬૨	૧૫૦૦
૧૦	તેજ ઇંગ્રેજીમાં.	૧૮૬૨	૧૦૦૦
૧૧	મહારાજ વિષે ચોપાન્યુ અંગ્રેજી.	૧૮૬૧	૫૦૦
૧૨	મહારાજનો ઇતિહાસ ઇંગ્રેજી†.	૧૮૬૫	૭૫૦
૧૩	વેદ ધર્મ ચોપાનીયું.	૧૮૬૭	૫૦૦
૧૪	ભેટ પોથી*	૧૮૬૩	૫૦૦
	(out of print)		
૧૫	દેશાટણ નિબંધ‡	૧૮૬૩	૧૦૦૦
૧૬	નીતિ સંગ્રહ.	૧૮૫૬,	૫૦૦
૧૭	નીતિ બોધક ત્રણ અંક ચોપાન્યુ.	૧૮૫૭	૧૫૦૦
૧૮	રામમોહનરાય ચોપાન્યુ.	૧૮૫૮	૭૫૦
૧૯	વિધવાની અરજી* ચોપા૦	૧૮૬૦	૭૫૦
૨૦	મહારાજ વિષે ચાબકા* ચોપા૦	૧૮૬૦	૧૦૦૦
૨૧	સુધારો અને મહારાજ ચોપાન્યુ.	૧૮૬૧	૧૦૦૦
૨૨	હિંદુઓનો અસલ ધર્મ કેમ ચુથાયો *?... ...	૧૮૬૧	૧૦૦૦
૨૩	અમુલ્ય વાણી સર બાર્ટલનું ભાષણ.	૧૮૬૫	૧૦૦૦
		કુલ નકલ.	૨૪૨૫૦.

*આવી નીશાનવાળા ચાર પુસ્તક મારા લખેલા નહી પણ પ્રસિદ્ધ કરેલાં.
‡આવી નીશાનીવાળાં પુસ્તક મારાં લખેલા અને બીજા પ્રસિદ્ધ કરનાર.
†મહારાજનો ઇંગરેજી ઇતિહાસ મારો લખેલ તથા રચેલ પણ ઇંગલાંડમાં એક ઇંગરેજ વિદ્વાને સુધારેલો."

સત્ય પ્રકાશ ૧૮૫૫ થી ૧૮૬૦.

તેમાં ૧૮૫૭ ના ૧૦ મહીના મહીપતરામ તથા ઝવેરીલાલ; ૧૮૫૮ના ૯ મહીના ત્રીભોવનદાસ, મારે હાથે કુળ અંક ૧૯૮ તેની ૬૨એકની ૫૦૦ નકલ.

રાસ્ત ગોફતાર‡

૧૮૫૮ના ૯ માસ;૧૮૬૧ તથા ૧૮૬૨; ૧૮૬૩ના બે માસ. મારે હાથે કુલ ૧૫૦ અંક, ૬૨એકની ૧૨૦૦ નકલ.

સ્ત્રી બોધ‡

૧૮૫૯ ના એપ્રીલથી ૧૮૬૧ ના મે સુધી–અંક (૨૫),૬૨એકની નકલ. ૧૦૦૦

મહારાજ લૈબલ કેસથી જે શિક્ષામણ મળી છે તે ભૂલવી ન જોઇએ. એ કેસથી થોડા વખત સુધી દુષ્ટ ગુરૂઓને શેહે લાગી, પણ તેથી તેમના માર્ગનો અને તેમનાં કુકર્મોનો નાશ થયો નથી, તેમનું તેમ પાછું ચાલવા માંડ્યું છે, એ મોટાં કામમાં તન મન અને ધન ખરચી જેમણે સ્વદેશીઓ ઉપર ઉપકાર કર્યો તેમનો શ્રમ મિથ્યા ગયો હોય એમ જણાય છે. એ કેસની અસર ધસાઇ જવા આવી છે, માટે ફરીને ઊઠવું જોઇએ. અધમ થઇ ગયલા, દુર્વ્યસની, અને અજ્ઞાન ગુરૂઓથી કોઇ કાળે સુધારો થવાનો નથી. વિષયી અને મૂર્ખ ગુરૂઓનો ત્યાગ કરી તેવો ધર્મ સમાજ સ્થાપવાની જરૂર છે, સોલાં બીજથી સારાં વૃક્ષ ઉગે નહિ, માટે સદ્ધર્મનાં શુદ્ધ બીજ વાવવાં જોઇએ. જેજે સુધારા ભલા ફરસતદાસ મુળજીએ ચાહ્યા છે તે સર્વે એથી માત્ર પાર પડશે. જે કામનો એમણે આરંભ કર્યો તે પાછળ મંડ્યા રહીશું તો ફરસતદાસનો હેતુ પાર પડશે.

---

‡પરિશિષ્ટ.

માન પત્ર. ૧ (મુંબાઇથી ગુજરાત જતી વખત.)

ભાઇસાહેબ કરસનદાસ મુલજી. સત્ય પ્રકાશના અધીપતિ.

સાહેબ, તા. ૧૪મી ડિસેંબરને દિવસે બુદ્ધિવર્ધક હિંદુ સભાની ખાસ મુલાકાત થઇ હતી તે વખત તમો સાહેબને માનપત્ર આપવાનો ઠરાવ થયો હતો. તે ઠરાવ અમલમાં લાવવાને સેવક ઘણી ખુશીથી રજા લેછે.

તમો સાહેબે ચાર વરસ સુધી બુ૦ હિ૦ સભાના કારોબારી દાખલ એંક દીલથી મેહનત લઇને કામ ચલાવ્યું અને નીતિ તથા વિદ્યા પ્રકરણ વિગેરે આપણા લોકોને અપમાન પેંચાડનારી રસમો વિરૂધ નિબંધો વાંચ્યા, અને ભાષણો કરેયાં તેને વાસ્તે તથા આપણા લોકોના કલ્યાણ અર્થે સત્ય-પ્રકાશ નામનું વર્તમાન પત્ર પ્રગટ કરી મેહનતથી આજદિન લગી ચલાવ્યું તેને માટે તમારો ઉપકાર માની ઘટતું માન આપવાનો આ પ્રસંગ જવા દેવાને સભા વાજબી ધારતી નથી.

મુંબાઇ છોડી તમે ડીસે જાઓછો તેથી કરીને સભા ઘણી દલગીર છે; પરંતુ તમારા ગયાથી ત્યાંના લોકોની હાલતમાં જે લાભકારક ફેરફાર થશે તેનો વિચાર કરેયાથી જરા સભાને સંતોષ થાયછે. છેવ્વે ઇશ્વર આગળ સભાની એટલીજ પ્રાર્થના છે કે તે સાહેબ તમને તનદુરસ્ત રાખી થોડા દિવસમાં અત્રે પાછા આવવાને શક્તિવાન કરે અને અંહિના તમારા પરમપ્રિય મિત્રો સાથે જે દેશ કલ્યાણના કામમાં તમે રોકાયા હતા તે કામ પારે પાડવા સારૂ જલદીથી તમારો મુલાકાત લેવડાવે તથા જે હેતુથી તમો જાઓ છે તે હેતુ પારે પાડે. મુંબાઇ તા.૨૭મી ડીસેમ્બર ૧૮૫૬.

લા૦ તમારો આજ્ઞાંકિત સેવક

કરસનદાસ માધવદાસ.

બુ૦ વ૦ હિ૦ સભાનો સેક્રેટરી.

---

‡ આ પરિશિષ્ટમાં પ્રગટ કરેલાં માનપત્ર તથા સત્યપ્રકાશ અને રાસ્તગોફતારમાં છપાયલા વિષયો કરસનદાસ મુળજીએ લિથોગ્રાફ કરાવી મિત્રમાં વહેંચવાને ચોપડીઓ બંધાવી હતી. લિથોગ્રાફ કરાવતી વેળા જોડણી સુધારેલી જણાયછે, ભાષામાં સુધારો કરેલો કે નહિ તે હું કહી શકતો નથી.-ગ્રંથ કર્તા.

ઉત્તર—અમદાવાદ તા. ૨૭ મી જનેવારી ૧૮૫૭

ભાઈ સાહેબ, કરસનદાસ માધવદાસ, બુદ્ધિ વર્ધક હિંદુ સભાના સેક્રેટરી.

સાહેબ,—તમારો તા. ૨૭ મી ડીસેંબરનો લખેલો પત્ર મને પોંચ્યો છે, તેની પોંચ મોટા માન સાથે કબુલ કરવાની હું રજા લઉં છઉં.

બુદ્ધિ વર્ધક હિંદુ સભા તથા સત્યપ્રકાશ સંબંધી મેં જે થોડી મેહેનત કરી છે તેને માટે તમોએ બુદ્ધિવર્ધક હિંદુ સભાની તરફથી ઘણી ઉદાર રીતે મોટો ઉપકાર માન્યો છે તેથી તમારી મારી ઉપર ઘણી મેહેરબાની થઈ છે; પણ શેઠજીને કેહેવાની હું રજા લઉં છઉં કે આપણા દેશીઓના કલ્યાણ અર્થે જે કાંઈ જુજ મેહેનત મારાથી થઈ છે તે કરવાનો મારો ધર્મ હતો એમ હું જાણું છઉં.

બુદ્ધિ વર્ધકના સભાસદોએ ત્રણ અથવા ચાર વરસ સુધી મને કારોબારી દાખલ પસંદ કરીને જે માન આપ્યું છે તેને માટે મારા ઉપર તેમનો ઉપકાર થયો છે અને તે ઉપકાર તમારે મારી તરફથી બુદ્ધિ વર્ધક હિંદુ સભાને મેહેરબાની કરીને કહી સંભળાવવો અને કેહેવું કે થોડી મુદત સુધી હું તમારાથી જુદો પડ્યો છઉં તોપણ સભા સંબંધી મારાથી ઘટતી સેવા થશે તે કરવાને હું ભુલનાર નથી.

ઈશ્વર પાસે મારી નિરંતર પ્રાર્થના છે કે બુદ્ધિ વર્ધક હિંદુ સભાના સભાસદોએ આપણા દેશના કલ્યાણ અર્થે જે મોટું કામ માથે લીધું છે તેમાં તેઓ સફળ થાય તથા જે પરોપકારી ગૃહસ્થો એવા કામને આશ્રો આપે છે તેઓ સદા આશ્રો આપતા રેહ્યા.

લા. તમારો આજ્ઞાંકિત સેવક

કરસનદાસ મુલજી.

માનપત્ર. ૨ (વિલાયત જતી વખત)

બુદ્ધિ વર્ધક સભા તરફથી—મુંબઇ; તા.૧૨મી માર્ચ ૧૮૬૩.

ભાઇ સાહેબ કરસનદાસ મુલજી જોગ

પ્રિય મિત્ર, તમે બુદ્ધિ વર્ધક સભામાં કારોબારી દાખલ ઘણી વખાણવા જેવી રીતે કામ બજાવી જ્યારે ડીસે ગયા હતા ત્યારે તમને આ સભાની

તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું અને તમો પાછા આવીને દેશ કલ્યાણના કામમાં સામેલ થાઓ એવી આશા રાખવામાં આવી હતી. તે આશા ઈશ્વર કૃપાથી જલદી પુરી પડી અને ત્યારથી તમો પાછા સામેલ થયા; પણ વળી હાલ તમે મોટી હિંમત પકડી ઈંગ્લંડ જાઓછો તેથી સભા આ વખતે તમારા પરીશ્રમને સારૂ જે માન તમને યોગ્ય છે તે આપવાને બીજી વાર મોટી ખુશીથી રજા લેછે.

તમે લાંબી મુદત થઇ બુદ્ધિ વર્ધક સભામાં કારોબારી દાખલ ઘણી ઉલટથી કામ કીધું તથા સંસારી, શાસ્ત્રીય અને નીતિના જુદાજુદા વિષયો ઉપર ઘણાં ઉપયોગી ભાષણો કીધાં તેથી તથા નજદીક બે વરસ સુધી સભાના સેક્રેટરી દાખલ પોતાના લાભ તરફ નજર ન રાખતાં વખત રોકીને જે મેહનત લીધી તેથી સભા આ વખતે તમારો મોટો આભાર માનેછે.

એ શિવાય દેશીઓનું કલ્યાણ અને સંસારી તથા ધર્મ સંબંધી સુધારો કરી ઉંચી સ્થિતિમાં લાવવા સારૂ "સત્યપ્રકાશ" અને "રાસ્તગોફતાર તથા સત્યપ્રકાશ"માં નિસ્પ્રેહે સ્વતંત્રતાથી તથા જાહેર હિંમતથી લખી વેહેમોનો નાશ કરવાને પ્રયત્ન કીધો, વાંચવાનો શોખ વધારેયો અને લોકોમાં વિચાર કરવાનો ટેવની રૂચી ઉત્પન કીધી તથા જગત પ્રસિદ્ધ મહારાજ લાઇબેલ કેસથી જે અનીતિ જાહેર પાડીને લોકોની આંખ ઉઘાડી તેથી ગુજરાતી તથા કચ્છી લોકો ઉપર તમારો મોટો ઉપકાર થયોછે જેથી સભાને કાંઇ થોડી ખુશી ઉત્પન થતી નથી, અને વધારે ખુશાલી એથી ઉપજેછે કે વિલાત જેવા દુર દેશ તરફ જવાની હરકત કાહાડી નાખવાની જે સભાની મતલબ તે તમ સરખા કારોબારીથી પાર પડેછે અને એ વિષે તમે સભામાં આગળ ભાષણ કીધું હતું અને તે પ્રમાણે તમે આજે પોતેજ વર્તવાને તૈયાર થયાછો એ કાંઈ નાહાની સુની વાત નથી.

તમારા જેવા લાયક અને ઉપયોગી કારોબારીના વિયોગથી સભાને મોટી દલગીરી ઉત્પન થાયછે તથાપિ આ એક સંતોષની વાત છે કે તમ સરખા ચંચળ ગૃહસ્થ વિલાત જઇને તે તરફનો સારો અનુભવ મેળવી આ દેશના લોકોની હાલત સુધારવામાં સારી પુશ્રી આપશો. છેલ્લે સર્વ શક્તિમાન ઇશ્વર પાંસે અમારી એટલી પ્રાર્થના છે કે જે કામને અર્થે તમો તે દેશ જાઓછો તેમાં પાર પડો અને નિરવિઘ્ને સુખાકારીથી પોતાને વતન પાછા

આવી તમારા કુટુંબ તથા મિત્રોને આનંદથી મળો.

લા. તમારા સદા હેતકારી મિત્રો
(સહી.) કાહાનદાસ મંછારામ. પ્રમુખ
,, વીરચંદ દીપચંદ
,, નારણદાસ કલ્યાણદાસ.
,, હરીવલ્લભદાસ બાળગોવંનદાસ
,, નાનાભાઈ હરીદાસ
,, ગીરધરલાલ દયાળદાસ
,, ત્રીભોવનદાસ દ્વારકાદાસ
,, દલપતરામ પ્રાણજીવનદાસ સેક્રેટરી

ઉત્તર.—લંડન; તા. ૧૮મી એપ્રીલ ૧૮૯૩

બુદ્ધિવર્ધક સભાના કારોબારી જોગ

પ્રિય મિત્રો, આસરે ૬ વરસ ઉપર હું જ્યારે દીસા તરફ ગયો ત્યારે અને હાલ ઈંગ્લંડ જવા નિકળ્યો તે પ્રસંગે બુદ્ધિવર્ધક સભાની કારોબારી મંડળીએ મહેરબાની કરીને જે માન આપ્યું છે તે માટે હું તેમનો ઉપકાર માનવાની રજા લઉં છઉં.

બુદ્ધિવર્ધક સભાના કારોબારી દાખલ તથા સેક્રેટરી દાખલ મેં જે કાંઇ જુજ મહેનત મારી પુરસદની વેળાયે લીધી છે તથા મારી યથાશક્તિ પ્રમાણે સભા આગળ થોડાં ભાષણો કરયાંછે તેમાં મેં મારી ફરજ બજાવ્યાં ઉપરાંત કાંઇ વધારે કીધું હોય એમ હું માનતો નથી. જે શુભ હેતુથી એ સભા ઉભી કરવામાં આવીછે તે ધ્યાનમાં લેતાં મને એમ લાગેછે કે એવાં કામ પછવાડે જેટલો વખત રોકવો જોઇએ તેટલો વખત રોકવાને મારાથી બની શકયું નથી તે માટે હું દલગીર છઉં.

સત્યપ્રકાશ અને રાસ્તગોફતાર તથા સત્યપ્રકાશ એ પત્રો સ્વતંત્રપણે અને જાહેર હિંમતથી ચલાવવા વિષે તમે જે માન આપોછો તેમાં ફકત હું તમારી મહેરબાની સમજુ છઉં; કેમકે એ પત્રો ચલાવવામાં એક જાહેર લખનાર દાખલ ફકત મેં મારી ફરજ બજાવીછે. તે ફરજ બજાવતાં ધર્મને નામે કમકમાટ છુટે એવી જે અનીતિ ચાલતી હતી તે ઉઘાડી પાડતાં નિપજેલાં પરિણામને માટે હું ઇશ્વરનો અતિ ઘણો આભારી થયો છઉં. આપણા હિંદુ

મિત્રોમાં ચિન વિલાત જવા વિષે જે વેહેમ બેઠોછે તે દુર થવા વિષે આપણી સભા આગળ આસરે દસ વરસ ઉપર મેં નિબંધ વાંચ્યો હતો અને તે પ્રમાણે ચાલવાની મને હાલ જોગવાઇ મળેથી હું ખુશી થયો છઉં અને આશા રાખું છઉં કે ઇંગ્લંડ જેવા સોહામણાં અને સુધરેલા દેશમાં જવા આવવાનો વેહેમ જલદીથી દુર થશે.

કેટલીક મુદત સુધી બુદ્ધિવર્ધક સભાના કારોબારીઓથી દુર થવાને લીધે હું દલગીર છઉં. તમારા જેવા ચંચલ અને પરોપકાર બુદ્ધિના કારોબારીઓથી એ સભા દીનપર દીન વધારે અગત્યની થતી જશે અને અજ્ઞાન રૂપી અંધારૂ દુર કરવાની સુભ મેહેનતમાં વધારે ને વધારે ફતેહ મેળવતી જશે એવી હું આશા રાખું છઉં અને છેલ્લે હું ઇશ્વર પાસે માગી લઉં છઉં કે જે માન અને મમતા તમે મારા વિષે રાખોછો તે માન અને મમતાને હું વધારે લાયક થાઉં.

લા. સદાનો પ્રિય મિત્ર

કરસનદાસ મુળજી

માન પત્ર. ૩

વિલાયત જતી વખત બોજા ગૃહસ્થોએ આપેલું.

મુમઇ તા. ૧૧ મી મારચ ૧૮૬૩. ભાઇજી સાહેબ કરસનદાસ મુળજી—

તમોએ દેશીઓની સંસારી હાલત સુધારવા સારૂ ભલી અને હિંમત ભરેલી મેહેનત લીધી તે જોઇને હમો, તમારા આભાર સાથે ઘણા ખુશી છઇએ; અને તે બાબદ હમારી મંડળી આ માનપત્ર સાથે એક હજાર રૂપીયાની નાહાની રકમ તમોને ભેટ કરેછે તે તમો મેહેરબાની કરીને કબુલ કરશો હેવી હમોને ઉમેદ છે; અને તમોએ દેશીઓને વાસ્તે કેહેવી મેહેનત લઇને મોટી મુસીબત ભોગવીને શું શું કીધું છે તે વિષે બે સબ્દનો બોલવાની હમો રજા લઇએ છે.

"સત્યપ્રકાશ" નામનું ન્યુસપેપર આસરે સાત વરસ ઉપર તમોએ પ્રગટ કરવા માંડ્યું અને એ પત્રમાં એડિટર તરીકે દેશીઓના હક સંભાળવા તથા જાળવવા તથા દેશીઓની સંસારી બાબદ સુધારવા સારૂ જે તમોએ અપક્ષપાત, ખરા અને વાજબી વિચારો જાહેર કરવામાં કોઇની નિશબત, તાબેદારી, બિહિક તથા લાલચ રાખી નહી એ વાત મોટા ઉપકાર સાથે તમોને આ

વેળા જણાવવાને હમો હમારી આઇનિ ફરજ સમજીએ છઇએ; અને જેવી રીતે તમોએ સત્યપ્રકાશમાં તમારા કીંમતી વિચારો જાહેર કરેલા તેવીજ રીતે જ્યારે તમારો રાસ્તગોપતારે સાથે સંબંધ થયો ત્યારે પણ તમોએ ભલી સુચના બતાવવામાં કસી કસુર રાખી નહીં.

હમો એક તરફથી કેહેવાને બગાર દલગીર છઇએ કે તમારી ભલી અને નેક સુચનામાં તમને અટકાવવાને મહારાજે મોટી મેહેનત સાથે તમોને ડાબી નાખવાની તજવીજ કરી; પણ બીજી તરફથી કેહેવાને હમો ઘણા ખુશી છઇએ કે પરમેશ્વરની મેહેરબાનીથી તમારી નીતિની ફોજે સત્યની તરવારથી મહારાજ જેવા મોટા શત્રૂને ઇનિસાફની દરબારમાં તથા આલમની હજુરમાં જઈ કરીને કૃતેહમંદી સાથે સત્યની ધજા ચળકતી કરી તેનો ઘટતો બદલો ઇશ્વર આપે એવી અમારી દુઆ છે.

છેલ્લું હિંદુઓના વેહેમ ભરેલા વિચારો તોડવાને જે જે કોશીસો તમે કરી છે તે વખાણવા જોગ છે. હિંદુઓ કલકતે, જગન્નાથ, મક્કત અને બીજા દુરના દેશોમાં જાયછે પણ ચીન વિલાયત જવાને ધર્મનું બાહાનું વચમાં આવે છે તેની પડતી નથી; પણ તમે પોતે એ વેહેમ દુર કરવા હિંમત ચલાવી વિલાયત સરખા સુધરેલા દેશમાં જવાને તૈયારી કરી છે તેનો હમો ઘણા ખુશી સાથે તમોને તમારી મુસાફરી કરવાની છેલ્લી સલામ કરીએ છઇએ; અને જેવી માન ભરેલી કિર્તીથી તથા દેશીઓના સારા વિચારથી આ દેશનો કિનારો (તમો) છોડોછો તેવીજ કિર્તીથી તમારૂ કામ કૃતેહમંદી સાથે બજાવી ટૂંક મુદતમાં પાછા સહી સલામત તમારા વ્હાલા કુટુંબ પરિવારમાં તથા મિત્રોમાં આવી મળો એવી દુવા હમો તે કીનાર પાસે માગીએ છઇએ, અને દેશીઓના હક જાળવવાની જેવી કોશીસ તમોએ અત્રે કીધી છે તેવીજ કોશીસ ઇંગ્લંડ મધ્યે કરશો એવી હમો ઉમેદ રાખીએ છઇએ.

લા. સેવક.

પીરમહમદ કાસમભાઈ વગેરે.

ઉત્તર. લંડન; તા. ૧૮ મી એપ્રીલ ૧૮૬૩

શેઠજી સાહેબો પીરમહમદ કાસમભાઈ વગેરે.

સુધારા સાહેબો, દેશીઓના સુધારા સંબંધી મારી જુકિત મુજબ મેં જે

કાંઈ થોડી મેહેનત લીધી છે તેના બદલામાં તમો મેહેરબાની તથા પ્યારની રાહે જે માન તથા ભેટ આપોછો તે માટે હું તમારો ઉપકાર માનુ છઉ. એ માન તથા ભેટને હું પૂરો લાયક છઉં એમ હું માનતો નથી તે છતાં મોટા ઉપકાર સાથે કબુલ રાખવાની રજા લઉં છઉં.

સત્યપ્રકાશ પત્ર પ્રગટ કીધું તથા એ પત્ર અને રાસ્તગોફ્તારે પત્ર ચલાવ્યાં તેમાં વર્ત્તમાનપત્રના અધિપતિ લેખે ફકત મેં મારી ફરજ બજાવી છે; તે ઉપરાંત મેં કાંઈ વધારે કીધું નથી તે છતાં તમે માન આપોછો તેમાં હું તમારી મેહેરબાનીજ સમજુ છઉં.

મને મારી નબળી કોશેસમાં અટકાવવાની જે તજવીજ થઈ હતી તે સર્વ રદ થઇછે અને ઇશ્વરે આખરે સત્યની તથા સુધરાઈ ફતેહ કીધી છે અને મને મોટા સંકટમાંથી તે સાહેબે દુર કીધો છે માટે તે સાહેબનો મારી ઉપર બહુજ ઉપકાર થયો છે. જે પરિણામ નિપજ્યું છે તે ઉપરથી મારી વધારે ખાતર જમા થઈ છે કે જેઓ સત્યને વળગી રેહ્યા છે તેમને ઇશ્વર છોડતો નથી પણ સાહ્ય થાયછે.

હિંદુઓ જંમબારે, મરકત અને બીજા દુરના દેશોમાં જાયછે અને ચીન વિલાત જવાનો બોટો વેહેમ લઈ બેઠા છે પણ હું આશા રાખું છઉ કે એ વેહેમ દુર થવાનો વખત પાસે આવ્યો છે. સેવટે હું ઇશ્વર પાસે માગુ છઉં કે તમે મારા વિષે જે મેહેરબાની તથા પ્રીતિ રાખોછો તેને હું વધારે લાયકનો થાઉં.

લા. તમારો સદાનો સેવક.

કરસનદાસ મુળજી.

માનપત્ર. ૪

ભાઈજી કરસનદાસ મુલજી. મુંબઈ; તા. ૧૨ મી માર્ચ ૧૮૫૩

પ્યારા સાહેબ, જત આ શેહેરના દેશી અધીપતિઓ તથા જાહેર લખનારાઓની સંપમાં તમો કેટલાંક વરસો સુધી આખર અને માન ભરેલી રીત રહ્યા બાદ ઇંગ્લંડના મેલની આવતી ઇસ્ટીમરમાં યુરોપ તરફ સધાવીને તેઓની સંપમાંથી દુર થનાર છો તે ઉપરથી હમો હેઠળ સહી કરનારા તમારા ભાઇબંદ લખનારાઓ તમારાથી છુટા પડતી વખતે પોતાની દલગીરી તથા તમારે વિષેનું માન જાહેર કરવાને આ જોગવાઈ હાથ ધરેછે.

દેશી વર્તમાન પત્રો, ચોપાનિયાં, ઈસ્તિહારની તેમ દેશના કલ્યાણ અને સુધારા તરફ ટાંકી છે. દેશી ભાષા અને ભાષામાં જ્ઞાન આપવાનાં સાધનો સુધારો કરીને દેશી પ્રજામાં વાંચવાનો શોખ પેદા કરવો તથા તેઓની રાજ દુવારી, સંસારી અને નીતિ સંબંધી હાલતમાંની ખામીઓ દેખાડી આપીને તે હાલતને સુધારવી એ સર્વ દેશી ભાઇબંધોની તેમ અને મુરાદ છે. તે મુરાદને ધ્યાનમાં રાખીને તમોએ જેટલી મુદત હમારી સંપમાં ગુજારી તેટલી મુદત સુધી તમોએ તમારો ઓહદો બજાવ્યો હતો એવું કેહેવાના તમોએ એકથી વધારે દાખલા આપ્યા છે.

તેવા દાખલાઓમાં મહારાજ લાઇબિલ કેશનો પ્રખ્યાત મુકદમો સઉથી તાજો અને મોતેબર દાખલો છે. એ મુકદમાને વખતે તમારા દેશીભાઇઓના લાભ ધ્યાનમાં રાખીને એક અજ્ઞાન ટોળાના ગુસ્સાનો ડર ન રાખતાં સુધારાને અરથે તમોએ એક અધિપતી તરીકે અને નીતિવાન પુરૂષ તરીકે જે જાહેર હિંમત અને અપક્ષપાતપણું દેખાડયું હતું તેમ કરતાં મોટી ચીંતા અને ઇંતેજારીમાં ઘણો વખત ગુજારી રજ ખેંચી હતી તેને માટે અમે એકઠા મળીને તમોને ઘટતી સાબાસી આપવાને પછાત પડતા નથી. એ મુકદમાને આગળ ચલાવી તમો ફતેહ પામ્યાછો પણ ખરેખર તેમાં સચાઈ તથા સુધરાઈની ફતેહ થઈ છે અને તેથી મુઠીભર મહારાજાના જુલમ તળે જે હજારો આદમીઓ પોતાનાં વેહેમ અને મુરખાઇને લીધે મોટાં સંકટ અને અપમાન ભોગવતા હતા તેમાંથી તેઓ છુટવાને લીધે એ મુકદમાની સારી અસર જેમ વખત જશે તેમ વધારે પિછાનવામાં આવશે. એ મુકદમો ચલાવી તમોએ વઇશ્નવ પંથ વાળાઓની કીંમતી સેવા બજાવી છે. અને તેને માટે આ ખાસ માનને તમો યોગ્ય થયાછો.

દેશી લખનારાઓ પોતાની ઊપર કેહેલી શુભ કોશેસમાં ફતેહ પામવા લાગ્યાછે, અને તેથી કરીને દેશી પત્રોની આબરૂ વધી છે; આગળના કરતાં તેઓનો હેલાયો, વગ, મામો તથા દરજા હાલ થોડા થોડા સુધરયા છે. એ સારા પરીણામને માટે હમોને ખુશાલી ઉપજે છે, તથા એ સારૂ પરીણામ નીપજાવવાની કોશેસમાં તમોએ જે ભાગ લીધો છે તેને માટે તમોને ઘટતું માન આપીએ છઇએ. તે સાથે તે કોશેસો જારી રાખવાનું સર્વ ભાઇબંધોને બની આવે એવું હમો એક મતથી ઈછીએ છઇએ.

હમણા તમોએ ઈંગ્લંડ તરફની દુરની સફર માથે ઉઠાવી છે, એ પણ તમારી જાહેર હીમતનો અને શુભ સુધારાની પેહેલ કાહડવાની આયસનો એક દાખલો છે. કેમકે આ વાત તો ખરી છે કે વાણીઆ લોકોમાંથી ઈંગ્લંડની સફર તમોજ પેહેલ વેહેલી કરી આવશો. તમારી એ મુસાફરીમાં હમો સલામતી ચાહીએ છઇએ અને દુવા માંગીએ છઇએ કે તમો તમારી ઊમેદમાં પાર પડીને જલદીથી તનદરોસ્તી અને સલામતી સાથે તમારા દોસ્ત આસ્નાઓને પાછા આવીને મળો-એજ અરજ.

હમો છઇએ.

તમારા નમનતાઈ ભરેલા સેવકો.

પીરોજશા મેહરજી—મુંબઈ સમાચારના અધીપતી.
એદલજી ફરામજી—જામે જમશેદના ,,
કાવસજી મેરામજી—સમાચાર દરપણ ,,
દાદાભાઈ કાવસજી—અખ-બારે સોદાગર ,,
ચાબુકનો અધીપતી—મુંબઈ ચાબુક ,,
કેખસરો નવરોજજી—રાસ્તગોફતાર ,,
અને સત્ય પ્રકાશ તથા સ્ત્રી બોધ ,,
ધનજીભાઈ નવરોજજી—બામદાદ ,,
જહાંગીરજી મેરવાનજી—જ્ઞાન પ્રસારક ,,
દલપતરામ પ્રાણજીવન—બુદ્ધિવર્ધક ગ્રંથ ,,
ત્રીભોવનદાસ દ્વારકાદાસ—સત્ય દીપક ,,

(તેનો ઉત્તર)

લંડનથી તા. ૧૮ મી એપ્રિલ સન ૧૮૬૩

ભાઈજી—પીરોજશા મેહરજી વગેરે.

પ્યારા સાહેબો—તમો ભાઇબંધોથી હું છુટો પડ્યો તે વિષે તમોએ દલગીરી જણાવી તથા મારે વિષે માન ભરેલી સોચના જાહેર કીધી તે માટે હું તમારો ઉપકાર માનવાની રજા લઉં છઉં.

દેશી વર્તમાન પત્રો તથા ચોપાનિયાની જે નેમ છે તે નેમ પ્રમાણે મેં મારી ફરજ બજાવ્યાં કરતાં કાઇ વધારે કીધુ હોય એમ હું માનતો નથી. તે છતાં તમો જે માન આપોછો તેમાં હું ફકત તમારી મેહરબાનીજ જાણું છઉં.

મહારાજ લાયબલ કેસમાં મને જે ચિંતા તથા ઇતેજારી ભોગવવી પડી હતી તેનો બદલો ઈશ્વરે વાળી આપ્યો છે અને તે ઉપરથી મારી વધારે ખાતર જમા થઈ છે કે જેઓ સત્યની તરફ રહેછે અને પૈસાના અણઘટતી લાલચ રાખ્યા વગર પ્રમાણીકપણે પોતાના જાહેર ઓહદાની ફરજ બજાવે છે, તેઓને ઈશ્વર છોડતો નથી. એ મુકદમામાં મહે જે ફતેહ થઇછે તે મારી પોતાની થઈ હોય એમ હું ગણતો નથી. એ ફતેહ સુધારાની અને સત્યની થઇ છે અને તેથી જાહેર લખનારાઓને પોતાનુ સ્વતંત્રપણુ વાપરવાને વધારે હિંમત મળીછે એમાં ખરેખર ઈશ્વરનો ઉપકાર થયો છે.

દેશી લખનારાઓ પોતાની ભલી કોશિસમાં કેટલે એક દરજ્જે ફતેહ મળવવા લાગ્યાછે એ મોટી ખુશીની વાત છે. એ ભલી કોશિસ જારી રાખવાની તમો ભાઇબંધોની મુરાદ સર્વ શકતીમાન ઇશ્વર પાર પાડે એવી એ કિરતાર પાસે મારી પ્રાર્થના છે.

મારી ઈંગ્લંડ તરફની મુસાફરી વિષે તમે જે મુબારકબાદી આપોછો તે માટે હું તમારો આભાર માનું છઉં અને આશા રાખું છઉં કે હિંદુઓમાં ચિન વિલાત જવા વિષે જે ખોટો વહેમ ઘોડો છે તે જલદી દુર થશે. સેવટે હું ઇશ્વર પાસે માંગું છઉં કે જે માન અને પ્યાર તમો મારે વિષે રાખો છો તે માન અને પ્યારને હું વધારે લાયક થાઉં

લા. તમારો નમનતાઇ ભરેલો સેવક

કરસનદાસ મુળજી.

(સત્ય પ્રકાશ તા.૪થી જનેવારી ૧૮૫૭માંથી)

જે ચંચલ ચતુર લોકો ઉપકારી પુરૂષ આ પત્ર આરંભથી તે આજસુધી ચલાવતો હતો, તેને સરકારે ડીસામાં મ્હોટી ચાકરી આપ્યાના સબબથી, આ પત્રનું કામ છોડી દેવું પડ્યું છે. ભાઇ કરસનદાસ મુળજીને એઓની રૂડી બુદ્ધિ અને વખાણવા લાયક હોંશનો ઈશ્વરે સારો બદલો આપ્યો. એથી કોઈ પણ ખુશી થયા વિના રહેશે નહીં, તોયપણ મુંબાઇના ગુજરાતી હિંદુઓને એઓના ગયાથી ટોટો છે. એના જેવા ઉપયોગી લોકોને અર્થે મેહેનતનું અને સારા કામમાં હિંમતવાળા આપણી મુંબઇમાં આપણા ગુજરાતીમાં થોડાજ છે. પોતાના દેશના કલ્યાણ સારૂ ભાઈ કરસનદાસે પૈશા તથા પોતાના

શરીરના સુખનું નુકશાન ઘણી વાર ખમ્યુંછે. એ કાંઈ થોડી સાબાશીની વાત નથી. અમે એટલું ઇછીએ છીએ કે પરોપકારી કામ પોતાના નવા રેઢાણામાં જારી રાખે અને ત્યાંની ફળવંતી જમીનમાં સુધારાના બી રોપે કે જેના લાખો સુખ રૂપી ફળ થાય.

ખરી વાત છે કે આપણામાં સઘળા લોકોએ એના સદ્‌ગુણ પારખ્યા નથી. ઘણાઓએ એ ભાઇનું લુંડું ચાહાયું હતું તથા એઓને દુખ દેવાનો વિચાર કરતા હતા પણ ઇશ્વર કૃપાથી એમના વેરીઓના મોહો સર્વ પ્રકારે ફીકાં પડ્યાંછે. આપણી જાતીમાંના કેટલાક એઓની પરોપકારી મેહેનતથી ઘણા ખુશી થયાછે. તેઓએ એ ભાઇની પાડ માનવાને તથા એઓને આભર આપવાને ગઇ તારીખ. ૨૫મી ડિસેંબરે મીજબાની આપી હતી. ત્યાં એના ગુણગાનારા દેશી ભાઇઓએ એને તથા ડાકતર ધીરજરામ દલપતરામને માન આપવાને સભા ભરી હતી. તેનું ટુંકું બ્યાન અમો અમારા વાંચનાર આગળ મુકવાની રજા લેઇયે છીયે.

એ સભા બાનગી હતી તેથી ત્યાં બિરાજનારા સાહેબોનાં નામ આ ઠેકાણે લખવાને ચાહાતા નથી. સભાપતિ ગંગાદાસ કીસોરદાસે ઉઠીને કહ્યું કે મીજલસના સાહેબો આજ દીને આપણે જે કામે મળ્યાછિયે તેવા કામે આપણા ગુજરાતી લોક કો કાળે મળ્યા નથી. આવી સભા આજે પેહેલીજ થઇછે. આપણે સદ્‌ગુણી તથા આપણા દેશનો કલ્યાણ ઇચ્છનાર તથા તે કરવા સારૂ મેહેનત લેનારને આપણે આભર આપવાને મળ્યાછિયે. (સાબાશી મળેછે) ભાઇ કરસનદાસ તમો અમને મુકી દૂર જાઓછો તેથિ અમે ઘણા દીલગીર છિયે. જે વાતની આપણા લોકમાં ઘણી ખોટ હતી અને જેથી આપણા લોકને મ્હોટી લાજ લાગી હતી તે ખોટ તમે પુરી પાડીછે, અને તે લાજ તમે દુર કરી; એટલે આપણા લોકમાં વર્તમાન પત્ર નોહોતું તે તમે ઘણી હિંમતથી ઊભું કીધું એ કરવામાં તમને ઘણું દુખ પડ્યું છે.—ઘણું નુકશાનથયુંછે. આપણા લોકોના દુરગુણો આપણા લોકોની અનીતિ ભરેલી રથમો છોડી દેવરાવવા સારૂ તમે ઘણું લખ્યુંછે, તેથી કેટલાએક મુરખ લોકોએ ગુસ્સે થઇને તમારા શરીરને નુકશાન કરવા ઇછિયું. કેટલાએકે તમોને નાત બહાર મુકવાને ધારયું અને મેહેનત કરી (સાંભળો સાંભળો) પરંતુ તમે જરા પણ બીહીનાં નહીં—તમો જરાપણ ગભરાયા નહીં—સાબાશ છે તમને

તમે આંધળા લુલાઓનાં ગુજરાનને સારૂ ફંડ ઉભું કરવાને ઘણું ઘટતી રીતે લખ્યું છે. લોકોના મન નીતિ તથા સર્વ શક્તિમાન પરમેશ્વરની ભક્તિ માર્ગે લગાડવાને ઘણી મેહેનત કરી છે તેથી અમે ઘણા પ્રસન્ન થયા છીયે—એથી તમોએ આપણા દેશ ઉપર મ્હોટો ઉપકાર કરયો છે. અમારી પ્રાર્થના એ છે કે પરમેશ્વર તમને સુખાકારી અને ધન બખસે અને એ સર્વથી પણ જે તમે વધારે ચાહોછો તે એટલે તમારા આત્માનો ઓદ્ધાર કરે. અમો આશા રાખીયે છીએ કે સદ્‌ગુણ તથા સુધારાના ઝાડ તમે તમારા નવા રેહાણમાં રોપશો અને ઉછેરશો. ભાઇ ધીરજરામ તમે પણ ઘણું હિંમતનું કામ કરયું છે.—આપણા લોકોના વેહેમને લીધે મેડીકલ કાલેજમાં જવાની ઘણી ધાસ્તી હતી; નાત બાહાર મુકવાની મુરખ લોકો ઘણી બીહીક દેખાડતા હતા તેથી ન બીહીને તમે તે કાલેજમાં પેઠા અને તેથી ત્યાંનો અભ્યાસ પુરો કીધો—એ રીતે ગુજરાતી તથા કચ્છી હિંદુઓને માટે વિદ્યા તથા દોલતનો મ્હોટો રસ્તો ખુલ્લો કરયો માટે તમારો ઉપકાર માનિયેછિયે.—તમારા ધીમા સ્વભાવ તથા સારી ચાલથી ઘણા ખુશી થયા છીયે.—વળી તમે પરગજુ કામ કીધાં છે—તમે ઘણી મેહેનત લઇ સુરતમાં ઇનફંટ સ્કૂલ કાહાડીછે—આપણા લોકોની ચાલ પ્રમાણે તે શેહેરમાં પણ બચ્ચાંઓ નિશાળમાં ધુળ કાદવને ભીનામાં બેસે છે—મેહેતાજીઓ દુરગુણીછે ત્યાં તમે સુધરેલી રીતે શીખવવાની રીત બતાવી તેથી અમો ઘણા આનંદ પામ્યા છીયે અને ઇછીયે છીયે કે ઇશ્વર તમારૂં કલ્યાણ કરે.

તારપછી બીજા ઘણા પુરૂષોએ હેવાંજ ઘણાં ભાષણો કરયાં, તેઓના જવાબમાં ભાઈ કરસનદાસે એક સુંદર ભાષણ વાંચ્યું—વાંચતાં વાંચતાં એઓની આંખમાંથી આંસુ પડ્યાં તથા બીજાઓના મન ઉપર પણ ઘણી અસર થઈ. એ ભાષણ ઘણું સરસ છે, પણ જગાની તંગાઇને લીધે આ ઠેકાણે દાખલ કરી સકતા નથી. તેથી સમાપ્તિનો થોડો ભાગ નીચે લખ્યો છે.

"છેલ્લું હું ઇશ્વર પાસે માગુછું કે હે ઇશ્વર તું મારા મિત્રોના હકમાં લાભ થાય તેમ કર—તેઓ પોતાના દેશના કલ્યાણ અરથે પોતાથી બનતી મેહેનત કરેછે એમાં તુ તેઓને સદા સહાય થા—તેઓ પાસે દેશને લાભ થાય એવાં કામો હમેશ કરાવ—તેઓએ જે માહાભારત કામો માથે લીધાં છે તે સારી રીતે ચલાવ અને હે ઇશ્વર હેવી તારી સહાયતા આપ કે હું મારા મિ-

ત્રોથી થોડોક કાળ દુર પડું તોપણ જેવી મમતા ને જેવી પ્રિતિ હમણાં અમારી વચે છે એવી મમતા અને તેવી પ્રિતિ હમેશ સુધી કાયમ રેહે તથાસ્તુ.''

પછી ડાકતર ધીરજરામ દલપતરામે ધટતો જવાબ આપ્યો તથા જે મિત્રોએ એમોને મદદ કરી હતી તેમોનો ઉપકાર માન્યો.

છેલ્લે પ્રમુખે ઉઠીને કહ્યું કે આ મેજપર સાકરની રકાબી ભરીને મુકી છે તેમાંથી આપણ સરવે ઉઠીને ભાઈ કરસનદાસની તન દરોસ્તીને સારૂ ગળ્યાં મોહોં કરીયે. તેમ સરવેયે કીધું—પછી તેમજ ભાઈ ધીરજરામની તનદરોસ્તી સારૂ કીધું. પછી જે શેઠિયાઓએ બુદ્ધિવર્ધક હિંદુ સભાને—સત્યપ્રકાશને—બુદ્ધિવર્ધક ગ્રંથને-તથા બીજા સુધારાના કામને મદદ કરી છે, તેમોની તનદરોસ્તીનાં ગળ્યાં મોહો કરયાં.—પછી આપણી રાણી વિક્ટોરિયાની સુખાકારીને સારૂ અને છેલ્લે આપણા દેશની આબાદીને સારૂ એ થઈ રહ્યા બાદ સર્વ મિત્રો ભોજન કરવા બિરાજ્યા.

(તા. ૬ ઠી ડીસેંબર સન ૧૮૫૭ રાસ્ત ગોફતારમાંથી)

વાણીઆઓમાં સુધરાઈ.

સત્ય પ્રકાશ પત્રને વાસ્તે હમો અસલથી સારૂં મત ધરાવીએ છે કાંએ જે સુધરાઈની આગેવાની કરવામાં તે પેહેલ વાંધેનું પત્ર ગણાએ છે. એ પત્રને જનમ આપનાર તથા કેટલુએક સુધી તેને ભારી ઇજત અને હીંમત સાથે પ્રવર્તાવનાર ભાઈ કરસનદાસ મુળજી પાછા અત્રે પધારી પોતાનાં હઈડાંથી વાહાલાં પત્રને પાછું પોતાની ગોદમાં લીધું છે અને સત્યપ્રકાશના એક વાર આગળની માફક વળી ઘણુ વખાણવા લાએક રીતે બાહાર પડેછે તેથી હમોને ઘણો આનંદ થાએછે. એ પત્રમાં વારે વારે હીંમતથી જે બીના લખાય છે તે હમો હંમેશાં ધ્યાન આપીને વાંચીયે છે અને જેવી ખુશી હમોને તારે ઉપજે છે તે કરતાં એવડી ખુશી ઉપજવાનું કારણ ગયા અઠવાડીઆમાં અમને મળ્યું છે.

જે ઘણી વ્હોડે લાંબી લાંબી વાતો કરે તથા બીજાઓને શીખામણ આપવી પડે ત્યારે ભારે ફીલસુફમાં ખપે પણ જ્યારે તેના પોતાના ઉપર કાંઈ આવી પડે ત્યારે પોતાના વિચાર પ્રમાણે નહીં ચાલે અને બાહેરના જુલમને

અથવા એવકુફ રેશમને તાબે થાય તેવા સખ્સ વીશ હજો સારૂ મત ધરાવી શકતા નથી. વાસ્તે જ્યારે હમોએ જોયું કે સત્ય પ્રકાશનો અધીપતી જેમ બીજાઓને ભલામણ કરેછે તેમજ પોતે ચાલવાને હીંમત પણ ધરાવે છે, ત્યારે હમો ઘણા ખુશી થયા અને તેને ઘટતી સાબાશીમાં એવડો ઉભરો થયો છે એવું અમો સમજીયે છે. હમારા વાંચનારાઓને બરાબર સમજ પાડવા વાસ્તે અમો કહીયે છે કે હીંદુઓમાં અને તેમાં અગત્ય કરીને વાણીઆઓમાં લગનની વેળાયે ઘણીએક બેહુદી તથા હીનપસ્તી લાગનારી તથા હીંદુ શાસ્ત્રથી તમામ ઉલટી ચાલ ચલાવ્યામાં આવેછે તે વીશ સત્યપ્રકાશમાં વારે વાર પોકાર કરવામાં આવતો હતો. હવે એ પત્રનો અધિપતી ભાઈ કરસનદાસ મુળજી માત્ર આટલો પોકાર કરીનેજ સંતોશ પાંમ્યો નથી. પણ જેમ તે કેહેછે તેમ કરી બતાવ્યું છે. ગયા અઠવાડીયામાં એ ભાઈનાં લગન હતાં તે વેળાએ તેણે પોતાનાં લગન હીંદુ શાસ્ત્ર માફકજ અને ઘણી સારી ને સાદી રીતે કીધાં હતાં. લગન થવાની દશબાર દીવસ અગાઉ વાણીયા લોક લગન લખવાને વેહેવાઈ ત્યાંહાં મ્હોટી ધામ ધુમથી વાંજતે ગાજતે જાયછે. પણ એ ચાલ મુંબઈ શીવાય બીજા ગામોમાં તથા શહેરોમાં ચાલતી નથી પણ મુંબઈના વાણીઆઓએ પોતાની ફીશીયારી દેખાડવા માટે મ્હોટાં દેલથી તથા કેટલાએક ખરચ કરીને લગન લખવા જાયછે. જાણવાને હમોને ખુશી લાગેછે કે આએ એવકુફ ચાલને ભાઈ કરસનદાસે પડતી મેલી બીજા ગામની માફક વેહેવાઇયે તેને ઘેર મુગા મુગા બ્રાહ્મણ સાથે લગન લખી મોકલ્યા. વળી લગન ઉપર વાણીયા લોકો જમણવારનો મ્હોટો ખરચ કરેછે. હીંદુઓમાં લગન ઉપર થોડા ઘણા લોકોને જમાડે તો મ્હોટું શરમ જેવું કેહેવાયછે—પણ હેવી ખોટી અને વગર કારણની શરમની સત્યપ્રકાશના અધીપતીયે દરકાર નહીં કરી અને પોતાના ધર્મની ક્રીયા પ્રમાણે ફકત વીશ પચીસ સ્ત્રીયોને જમાડી લગનનો બીજો અનઘટતો ખરચ કરવો નહીં એ અલબત હમારા ભાઇબંદે ઘણુંજ ડાહાપણનું કામ કરયું છે. લગનના વરામાં મ્હોટો ખરચ કરવો એ દરીયામાં પૈસા નાખી દેવા બરોબર છે. વળી હીંદુઓમાં બીજી હેવી પણ એક ઘણીજ હસી કાહાડવા જોગ અને મુરખાઈ ભરેલી ચાલ છે કે પરણનાર સખ્સ ગમે તેટલી મ્હોટી ઉંમરનો હોય તોપણ લગનના પાંચ સાત દીવસ દાગીના અથવા જરીયાનથી પોતાના બદનને ભરી નાંખેછે. કાનમાં કુંડળ લટકાવેછે. ગળામાં ય-

ચાસ અથવા સાહાડ તોલા ભારની સોનાની સાંકળીનાં જુડા નાખેછે. તથા કમરે કંદોરો લટકાવેછે. જો પાસે નહીં હોય તો ઉછીનું લાવીને પણ ખોટી મ્હોટાઈ દેખાડવાને તેમ કરવું જોઇયે અને પરણનાર સખસ ગમે તેટલી મ્હોટી ઉંમરનો હોય તોપણ તેવું કરવાને લજવાતો નથી. ભાઈ કરસનદાસે આએ ધીક્કારવા લાયેક ચાલ તરક કરીછે હેવું હમારા જાણ્યામાં આવ્યું છે. હીંદુ-ઓમાં સઉથી હસવા સરખી ચાલ એ છે કે લગનની વખતે ઉંટ જેવા મ્હોટા પણ પોતાને ભારી શણગાર કરી ઘોડાપર બેસે છે. પરણનાર ગમે તેટલી ઉંમરનો હોય તોપણ કસબી લપેટા તથા કીનખાબના જમા તથા કસબની પાઘડી સાથે દાગીનાથી શણગાર સજીને બાવાના બચ્ચાની માફક ઘોડા ઉપર સવાર થાય છે. મતલબ ચાર સારા લોક સાજનમાં ચાલે અને પુખ્ત ઉંમરે પોહોચેલો ઘોડા ઉપર એકલો બેસી સાજનની પાછળ હળવે હળવે ઘોડા ઉપર ડોલાં ખાય એ ઘણુંજ બેડોળ તથા શરમ ભરેલું લાગે છે. વર રાજાને ઉંચા રેશમની મ્હોટી છત્રી સાથે પંખા ઉંડાડવા જોઇયે છે. તેની આંખમાં કાળું અંજન આજવું જોઇયે છે. પણ એવું ફરમાન હીંદુ શાસ્ત્રમાં બીલકુલ નથી. સત્યપ્રકાશ પત્રના અધીપતીનો એવો વિચાર કે પરણનાર સખસે પગે ચાલી જવું જોઇએ તથા સાદા લુગડાં પેહેરવાં તથા દાગીના અંગ ઉપર રાખવાં નહીં જોઇયે તેજ પ્રમાણે તેણે પોતે કરી આલમને સારો દાખલો દેખાડ્યો છે. હમારા જાણવામાં આવ્યું છે કે કરસનદાસના હાવા ડેરાવની વાતની સાસરાવાળાને ખબર પડી તથા લોકોયે આગમજથી અનુમાન કીધું હતું. જેઓ સુધરાઈને આડે છે તથા સત્યપ્રકાશ પત્રથી ચોડાયલા છે, તેઓએ ભાઈ કરસનદાસને સાસરે જઇને ઘણી ઉશકેરણી કરી કે જો તે શણગાર કરીને ઘોડા ઉપર બેસે નહીં તો તેના લગન કરવા નહીં કાંયેજે કરસનદાસના કહ્યા પ્રમાણે લગન થશે તો નીચ વરણમાં ઘર ઘરાણું (પુનર વીવાહ) થાયછે તેવું કેહેવાશે!! એ ઉશકેરણીથી સામેવાલા ઘણા ઉશકેરાયા પણ હીંદુ શાસ્ત્રમાં તે વીશે કાંઇપણ ફરમાન નહીં હતું તથા દેશાવરો ખાતે લોકો ચાલીને પરણવા જાયછે એ વીચારથી તથા અદરાએલું જોડું ગણા મજબુત કારણ વગર છુટું પડી નહીં શકે એ વાતનો શીરસ્તો જાણીને સત્યપ્રકાશના બનાવનાર પોતાના વીચારમાં મગન રહ્યા અને લગનની ક્રીયાની બે ત્રણ કલાક આગમજ થી સગાં વાહાલાંઓએ ઘણો દાર ભીડાવ્યો તથા સુધરાઈને ઘણી ગાળો દીધી. તોપણ ઉંપલા

ભાઇબંધે પોતાનો વીચાર ફેરવ્યો નહી અને લગન સમાંધાનીથી ઉતરયાં. એ ઉપરાંત બીજી ઘણી એક નકામી અને નજીવી કીયાને પણ ભાઈ કરસનદાસે તરક કરી હતી.

શાબાશ—અમો કહીયે છે કે સામાજ જુવાન વાણીયા વીદ્યાર્થીને જો હેવીજ હીંમત સઘળા મ્હોડે સુધરાઇને આગળ વધવાને જેટલા વરસ લાગે છે તેટલા દાહાડા નહી લાગે. ભાઈ કરસનદાસની આએ હીંમત ભરેલી ચાલ વિશે વાણીઆની જાતના જુદા જુદા શેડીયાઓનો શો વીચાર છે તે જાણવાને અમો ઘણા ખંતી છીયે. આએ બાબદ લખતાં હમોને જણાવામાં આવ્યુ છે કે ઉપલા લગન થયા પછી ઘણા જણાવાએ તે ચાલ પસંદ કરી છે અને એ દાખલો ભાઈ કરસનદાસની ન્યાતનો બીજો એક ગૃહસ્થ થોડા દીવસમાં પરણવાનો છે તે પકડવાની ધારણા રાખેછ. હમો ઉમેદ રાખીયે છે કે તે પોતાની ધારણામાં મકામ રહેશે, અને પોતાના ઠેરાવ ઉપર બાહેરના જુલમની અસર થવા દેશે નહીં. હાવાં સારાં કામમાં શેઠ મંગળદાસ તથા શેઠ વરજીવનદાસ અને બીજા વાંણીયા શેઠોયે આએ સુભ કામમાં પોતાની મદદ આપવી જોઇયે છે અને તેમ કરવાથી તેઓને સારૂં કેહેવાશે. તેઓ જો મદદ કરશે તો તેઓને સારૂં કેહેવાશે અને જો તેમ નહીં કરશે તો જે માન મળવવાની જોગવાઈ તેઓને હાથ છે તે ખોશે અને સુધરાઈ જે એક વેળા સર થઈ તે હવે પોતાનાં પગલાં પાછળ નાખનાર નથી પણ આગળ વધારશે અને જેઓ તેની વીરૂદ્ધ હશે તેઓ બડબડતા રહી જશે.

આજમ મેહેરબાન કરશનદાસ મૂળજી, રાજસ્થાન રાજકોટના માજી ડેપ્યુટી સુપ્રીનટેન્ડેન્ટ.

સાહેબ,

આપને લીંમડી સંસ્થાનના સ્પેશિયલ પોલેટિકલ આસિસ્ટેંટની મોટા પગારની જગ્યા મળેલી જોઇને જો કે અમારા શરીરમાં હર્ષ વ્યાપી રહેાછે, તોપણ આપે રાજકોટ સંસ્થાનના ડેપ્યુટી સુપ્રીનેંટેંડેંટ સાહેબના હુદ્દા ઉપર રહી નિસ્પૃહપણે અમો સર્વ રૈયતનાં કલ્યાંણને અર્થે અતિ શ્રમ લઇને અમને

સંતુષ્ટ રાખીછે તથા અમારી પ્રીતી એટલી તો સંપાદન કરીછે કે, આ વખતે આપની બદલીને લીધે થતા સંતોષ સાથે હમારા મનમાં ખેદ ઉત્પન થઇને અમારૂં હૃદય ભરાઈ આવેછે, અને તેનો ઉભરો અમારી અલ્પમતિ પ્રમાણે અમારાથી આ જગે દર્શાવ્યા વિના રહેવાનું નથી.

આપ જ્યારે આ સંસ્થાનનો ઉપ્પુટી સુપ્રીનટેન્ડેન્ટ સાહેબના હુદ્દા ઉપર બીરાજમાન થયા ત્યારે અમે મોટી ઉમેદ બાંધી હતી અને તે ઉમેદ બર આવી જોઈ અમો ઘણા ખુશી થયા છીએ. આપે આશરે અઢી વર્ષ સુધી એ હુદ્દાની લગામ પોતાના હાથમાં રાખી, એ ટુંકી મુદતમાં મ્યુનિસિપાલિટિમાં, કેળવણી ખાતામાં, ઇનસાફ ખાતામાં, પોલીસ અને જેલ ખાતામાં નવેશરથી ગોઠવણ કરી એટલો તો સુધારો કીધો કે, જે આ પ્રાંતના લોકો, જેમણે બીજો પ્રદેશ જોયો નથી, તેમના ધારવામાં પણ નહીં હતો, અને તેથી આપની યોગ્યતા જણાઈ આવેછે. એ ટુંકી મુદતમાં આપે વટમાર્ગુઓને ઉતરવા સારૂ ધર્મશાળા, કેદીઓને વાસ્તે જેલ, સ્વારોને રેહેવા મટે લાઈન, પુરાની ઉત્તમ બાંધણી, તેમાં નિશાળનું નમુનદાર મકાન, ગામમાં કન્યાશાળાનું મકાન અને પરગણામાં નિશાળોનાં જોઈએ તેવાં મકાનો બનાવ્યાં; તેની સાથે રાજકોટમાં કન્યાશાળાને લગતી એક વાંચનશાળા સ્થાપી તેમાં ઘણાખરાં ઇંગ્રેજી, ગુજરાતી તથા મરાઠી વર્તમાન પત્રો, પુસ્તકો અને સોપાનીયાં પોતાને ખરચે પુરાં પાડી લોકોનાં મન પ્રકાશિત કરવામાં આપની જે અસલથી ઉલટ, તેનો ઉદારતાથી આ ઠેકાણે ખર્ચ કર્યો; તેમજ ગામમાં બકાલાની અને પુરામાં દાણાની મોટી રોનકદાર મારકીટો મોટા ખરચે બાંધી અને વેપારીઓનાં જુનાં હાટો બદલાવી રસ્તા પહોળા કરાવી એક નમુનાના નવા બંધાવી કેરોશીન તેલના દીવાનાં સુંદર ફાનસોના સ્તંભ રોપીને એ પુરાનો એવો તો રમણીય અને રોનકદાર દેખાવ કીધો છે કે, જેથી આખા શેહેરનું સ્વરૂપ બદલાઈ જઇને કાઠીઆવાડનાં બીજાં રાજસ્થાનોને નકલ કરવાની મનમાં અસર થઈ એ સુધારો પોતાના શેહેરોમાં દાખલ કરવા મંડ્યાં છે, એ કાંઈ નાંની સુની વાત નથી, અને તેથી આપનું નામ આ સેહેરની શોભાની સાથે હંમેશાં જોડાયલું રેહેશે; એ ઉપરાંત લોકોનાં મન સુધારવાને જે બીજા ઉપાયો લીધાછે તે સઘળું લખતાં લંબાણ થઈ જવાની ધાસ્તીથી અત્રે જણાવતા નથી.

અર્થશાસ્ત્રના નિયમોને પ્રતિકૂળ એવા જે ધારા તથા હરકતો તે દૂર

કરી વ્યાપારને અનુકૂળ અને સાહાયકારક એવા રસ્તા વગેરેની બાબતોમાં ઉપાયો લઈને તથા જકાતમાં ફેરફાર કરીને વ્યાપારને એટલું ઉત્તેજન આપ્યું છે કે જેથી આજે આ શહેર આબાદી ઉપર આવ્યું છે.

જેમ આપનાં ઉપરનાં કામો વખાણવા લાયક છે તેમજ ઇન્સાફના કામમાં પણ આપની વર્તણુક ઓછી સ્તુતી પાત્ર નથી. આપના ઇન્સાફ ઉપર કાંઈ પણ મત આપવાને જે કે અમે કેવળ અસક્ત છીએ તોપણ તે વિશે અમારા મનમાં જે વિચારો ઉત્પન્ન થાયછે તે આ પ્રસંગે જણાવવાને યોગ્ય ધારીયે છિએ. ઇન્સાફનાં કામમાં આપનો શાંત સ્વભાવ, ધીરજની સાથે બારીક તપાસ, ન્યાય સંબંધી સારૂં જ્ઞાન, દેશી રીતભાત અને રિવાજ ઉપર લક્ષ, નિસ્પૃહપણું અને તેની સાથે ભળેલી દયા તથા સહુ ઉપર સરખી નજર, એ સર્વને લીધે પક્ષકારો ક્વચિતજ નારાજ થતા, અને એજ આપના અદલ ઇન્સાફની વિશેષ ખુબી દેખાડી આપેછે. આપના અદલ અને નિસ્પક્ષપાત ઇન્સાફને લીધે વ્યાપારમાં પણ વધારો થયો એ થોડા ઉપકારની વાત નથી.

સેહેરમાંથી ગલીઓ દુર કરી રસ્તા સાફ રખાવ્યા છતાં તથા પાંણીનો છંટકાવ હોવા છતાં ગયે સાલ કોગળીયાના વરદે તેનાં દુષ્ટ પગલાં કીધાં, પણ તે પ્રસંગે આપે ઝડપ બતાવી સેહેરની આસપાસ તથા નદી કુવા વીગેરેનાં પીવાનાં પાણી સ્વચ્છ રાખવા વધારે તાકીદનો બંદોબસ્ત કરયો અને ત્વરાથી ઠામેઠામ દવા પુગાડવી સરૂ કરી, અને એવા ઉપાય લીધા કે જેથી એ યમદુતે ઝાઝો નાશ ન કરતાં પોતાનાં પાછાં પગલાં કીધાં, અને ત્યારથી શહેરની આરોગ્યતામાં કાંઈપણ ખલેલ પડી નથી.

ઉપર લખેલાં જેલ, લેન, રસ્તાની સુધરાઈ તથા જકાતનો ફેરફાર કરવામાં જે કે આપની મુખ્ય મેહેનત છે તોપણ અમારે આ પ્રસંગે જણાવતાં ચુકવું ન જોઇએ કે તેઓના બીજા માજી ડેપ્યુટી સુપ્રીનટેન્ડેંટ મેહેરબાન કરણાજી સાહેબના વખતમાં વવાયાં હતાં; તેમજ જે કે બીજાં કામોમાંનાં ઘણાંખરાંની યોજના સૂચના અને સલાહ આપના તરફથી થયેલ, તોપણ ઉપરી અમલદારોએ તેમાં મદદ તથા સુધારણુક કરવાને જે હોંસ બતાવી છે માટે તેમનો પણ થોડો ઉપકાર થયો નથી.

આપે ઉપર લખ્યા પ્રમાણે આપની હકુમતની મુદતમાં અમો રાજકો-

ટની રહીયતનું ભલું અંતઃકરણમાં રાખી તે રાજી રહે અને સરકારની મરજી સચવાય એવી રીતે અમલ બજાવ્યો, અને જે લોકો સરકારી અમલની રીત રવાઇમાની અસરથી નવા હતા તેમને તે અમલનો અનુભવ આપી યશ મેળવ્યો, અને તેનાં ફળ દાખલ ઈશ્વરે આપને આ વધારે ઇજ્જત અને પાયરીની જગો આપી એમ અમો સમજીએ છીએ, અને આશા રાખીયે છીએ કે આપ આ નવી જગ્યા પર ગયા છતાં અમારૂં હીત પોતાના દિલમાંથી દૂર નહીં કરતાં પ્રસંગ આવે ભલું કરવા ચુકશો નહીં.

હવે અમારી સર્વ શક્તિમાન ઈશ્વર પાસે એટલીજ પ્રાર્થના છે કે તે આપને આ નવા હોદાનું કામ બજાવવામાં સંપૂર્ણ આરોગ્યતા અને યશ આપે અને દીન બદીન આપની કીર્તિમાં, સુખમાં, પરિવારમાં અને આયુષ્યમાં વધારો કરે. તથાસ્તુ.

તા. ૧૦ માહે મે શન ૧૮૭૦

૧ પારેખ વજપાલ ઓધવજી સહી દા૦ પોતાના.
૧ પા૦ જેશંગ ધરમસી સહી દા૦ પોતાના.
૧ દોશી લખમીચંદ કેશવજી સહી દા૦ પોતાના.
૧ શા૦ અમીચંદ દેવચંદ સહી દા૦ વાળજી અમોચંદ.
૧ પા૦ સીરાજ પ્રેમચંદ સહી.
૧ શા૦ નેમચંદ નાનજી દા૦ પોતાના.
૧ શા૦ કપુરચંદ મુળચંદ દા૦ પોતાના.
બીજી ૧૧૮ સહીઓ જુદા જુદા નામોની.

00048266

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018